ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

સ્તબક-૪ ◆ ભાગ-૩



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

સ્તબક-૪ ◆ ભાગ-૩

❖ મૂળ ગ્રંથકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલનકારિકા ✪

રાખીબેન રમણલાલ શાહ

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

વૈરાગ્યકલ્પલતા ભાગ-૩ : સ્તબક-૪

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૧ ❖ વિ. સં. ૨૦૭૧ ✦✦ આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૧૪૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

ચિ. જેનિલ પ્રકાશભાઈ શાહ
પાટણ-મુંબઈ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૮૬

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com

✻ મુદ્રક ✻

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુ:ખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

ભાગ-૩

ચતુર્થ સ્તબક

अथ संसारिजीव उवाच–

શ્લોક :-

इतश्च पुर्यां नृगतौ विशाले,
सत्पाटके यद् भरताभिधाने ।
जयस्थलं नाम पुरं तदीशः,
पद्माभिधोऽभून्मघवा पृथिव्याः ।।१।।

હવે સંસારી જીવ બોલ્યો –

શ્લોકાર્થ :-

અને આ બાજુ નૃગતિ નામની નગરીમાં વિશાલ એવા ભરત નામના સત્પાટકમાં જે જયસ્થલ નામનું નગર છે. પૃથ્વીનો ઈન્દ્ર પદ્મ નામનો તેનો રાજા થયો. ।।૧।।

શ્લોક :-

जगन्मनोरोपितहर्षकन्दा,
नन्दाभिधा तन्महिषी बभूव ।
प्रवेशितोऽहं प्रियया तयाऽस्याः,
कुक्षौ सपुण्यः समये प्रसूतः ।।२।।

શ્લોકાર્થ :-

જગતના મનમાં રોપિત હર્ષના કંદ જેવી નંદા નામની તેની રાણી હતી. તે પ્રિયા વડે=તે ભવિતવ્યતા વડે, આની કુક્ષિમાં=નંદા નામની રાણીની કુક્ષિમાં, હું પુણ્ય સહિત પ્રવેશ કરાયો. ઉચિત કાળમાં હું જન્મ્યો. ।।૨।।

શ્લોક :-

ननन्द नन्दा तनयो ममाभूदिति
प्रवृद्धादभिमानसौख्यात् ।
प्रमोदकुम्भाभिधदासवाक्याद्,
राजाऽपि तुष्टः प्रददौ वसूनि ।।३।।

શ્લોકાર્થ :-

મને પુત્ર થયો એ પ્રકારે નંદા આનંદ પામી. પ્રમોદકુંભ નામના દાસ વાક્યથી પ્રવૃદ્ધ થયેલા અભિમાનસૌખ્યથી રાજા પણ તોષ પામ્યો. ધનને આપ્યું. ।।૩।।

શ્લોક :-

विनिर्मितो जन्ममहोत्सवो मे,
व्यधायि नन्द्युत्तरवर्धनाख्या ।
तिरोहिता प्रागभिधा ततश्च,
ममाऽप्यभूत् तत्तनयाभिमानः ।।४।।

શ્લોકાર્થ :-

મારો જન્મમહોત્સવ કરાયો. નંદી ઉત્તરમાં વર્ધન=નંદીવર્ધન, એ પ્રમાણે નામ કરાયું. અને ત્યારપછી પૂર્વનું નામ=સંસારી જીવ એ પ્રકારનું નામ, તિરોહિત થયું. મને પણ તેના પુત્ર તરીકે અભિમાન થયું. ॥૪॥

શ્લોક :-

सिञ्चन्निवाक्ष्णोरमृतं विलासै-
स्तातस्य मातुश्च तथा जनानाम् ।
धात्रीभिरुच्चैरथ लाल्यमान-
स्त्रिवार्षिकोऽभूवमनूनशर्मा ॥५॥

શ્લોકાર્થ :-

વિલાસથી પિતાના, માતાના અને લોકોના ચક્ષુના અમૃતને સિંચન કરતો હવે ધાત્રીઓ વડે અત્યંત લાલન કરાતો, ઘણા સુખવાળો ત્રણ વર્ષનો થયો. ॥૫॥

શ્લોક :-

इतश्च याऽन्तःपरिवारमध्ये,
बभूव मे धात्र्यविवेकिताख्या ।
असूत मज्जन्मदिने सुतं सा,
कृतं च वैश्वानरनाम तस्य ॥६॥

શ્લોકાર્થ :-

આ બાજુ જે અંતઃપરિવારમાં અવિવેકિતા નામની મારી ધાત્રી થઈ. મારા જન્મદિવસે તેણીએ પુત્રને જન્મ આપ્યો. અને તેનું વૈશ્વાનર નામ કરાયું.

જીવમાં અવિવેક નામનો પરિણામ વિદ્યમાન છે તેથી, હાથીના ભવમાં પુણ્ય બાંધ્યું તોપણ અવિવેકતાનાં નિષ્પાદક કર્મો પ્રચુર હતાં. આથી જ અવિવેકતાના

કારણે વૈશ્વાનર નામનો પુત્ર નંદીવર્ધનના મિત્ર તરીકે જન્મે છે જેથી અંતરંગ પુણ્ય, વૈશ્વાનર મિત્ર અને અવિવેકિતા તેની ધાત્રી વર્તે છે. ફક્ત પ્રસ્તુત સંસારી જીવે હાથીના ભવમાં જેમ પશ્ચાત્તાપ કરીને પુણ્ય બાંધ્યું તેમ મેઘકુમારના જીવે પણ સસલાની દયા કરીને પુણ્ય બાંધ્યું અને મેઘકુમારનો જીવ પણ રાજપુત્ર થયો અને નંદીવર્ધનનો જીવ પણ રાજપુત્ર થયો. છતાં નંદીવર્ધનમાં અવિવેકિતા= બાહ્ય પદાર્થો સાથે અભેદ બુદ્ધિરૂપ અવિવેકિતા, આપાદક ક્લિષ્ટ કર્મો પ્રચુર છે અને મેઘકુમારના જીવમાં અવિવેકિતા આપાદક કર્મો નષ્ટપ્રાય: છે તેથી રાજપુત્ર થઈને ભગવાનની દેશનાના બળથી મેઘકુમારના જીવમાં મહાવિવેક પ્રગટ્યો. જ્યારે નંદીવર્ધનના જીવમાં તેવી સામગ્રી હોવા છતાં લેશ પણ વિવેક પ્રગટ થતો નથી. તેમાં કારણ અવિવેકિતા આપાદક ક્લિષ્ટ કર્મોની પ્રચુરતા છે. **॥૬॥**

શ્લોક :-

विषादवैराततनिम्नपादो,
द्रोहाभ्यसूयाकठिनोरुजङ्घः ।
अक्षान्तिचित्तानुशयासमोरुः,
प्रलम्बपैशुन्यकटिप्रदेशः ।।७।।

શ્લોકાર્થ :-

વિષાદ નામનો વૈરાતત=વિસ્તાર, નિમ્નપાદવાળો, દ્રોહ અને અભ્યસૂયારૂપ બે કઠિન જાંઘવાળો, અક્ષાંતિ અને ચિત્તના અનુશયરૂપ અસમ= વિષમ, એવા ઊરુવાળો, પ્રલંબ પૈશુન્ય કટિપ્રદેશવાળો છે. ।।૭।।

શ્લોક :-

मध्यं दधानः परमर्मभेदसंज्ञं च कोष्ठाकलितप्रमाणम् ।
उरःस्थलेनातिविसंकटेन, तापेन दीप्तो दृढदुर्नयांसः ।।८।।

શ્લોકાર્થ :-

પરના મર્મની ભેદની સંજ્ઞાને ધારણ કરતો, કોષ્ઠાથી આકલિત

પ્રમાણવાળા મધ્યને ધારણ કરતો વૈશ્વાનર છે એમ અન્વય છે. અતિ વિસંકટ એવા ઉરઃસ્થલરૂપ તાપથી દીપ્ત દૃઢ દુર્નયાંવાળું છે=તેનું ચિત્ત હંમેશાં તાપથી બળે છે. ||૮||

શ્લોક :-

क्षारत्वमात्सर्यविरूपबाहुः
क्रूरत्वदीर्घोच्चशिरोधराभृत् ।
असभ्यभाषादिविकीर्णदन्तः,
चण्डत्वनिर्भर्त्सनशून्यकर्णः ।।९।।

શ્લોકાર્થ :-

ક્ષારત્વ, માત્સર્યરૂપ ખરાબ બાહુવાળો, ક્રૂરત્વરૂપ દીર્ઘ, ઉચ્ચ શિરાને ધારણ કરનારો, અસભ્ય ભાષાદિ વિકીર્ણ દાંતવાળો, ચંડત્વ અને નિર્ભર્ત્સનરૂપ શૂન્ય કર્ણવાળો. ||૯||

શ્લોક :-

हास्यो दधानश्चिपिटां च नासां,
स्थानाकृतिं तामसभावसंज्ञाम् ।
रौद्रत्वनैर्घृण्यसुरक्तनेत्रस्त्रि-
कोणदुष्टाचरणाख्यशीर्षः ।।१०।।

શ્લોકાર્થ :-

હાસ્ય=હસવાયોગ્ય ચિપિટ નાસાને ધારણ કરનારો અને તામસ-ભાવસંજ્ઞાવાળી સ્થાન આકૃતિને ધારણ કરતો, રૌદ્રત્વ અને નૈર્ઘૃણ્યમાં સુરક્ત નેત્રવાળો, ત્રિકોણ, દુષ્ટ આચરણારૂપ શિરવાળો. ||૧૦||

શ્લોક :-

असङ्गतापिङ्गलकेशभारो, विराधनासूत्रधृतत्रितन्तुः ।
मया प्रदृष्टोऽथ स विप्रसूनुर्दौःशील्यलीलानिरतः कुनीतिः ।।११।।

શ્લોકાર્થ :-

અસંગતારૂપ પીળા કેશના ભારવાળો, વિરાધના સૂત્રથી ધારણ કરાયેલા ત્રિતંતુવાળો, વિપ્રસૂનુ=બ્રાહ્મણનો પુત્ર, દૌઃશીલ્ય, અને લીલામાં નિરત કુનીતિવાળો, તે=વૈશ્વાનર, મારા વડે જોવાયો.

ક્રોધના તીવ્ર પરિણામરૂપ વૈશ્વાનર પૂર્વના શ્લોકોમાં બતાવેલા તે તે ભાવોથી અનુવિદ્ધ છે જે તેના દેહના અવયવ સ્વરૂપ છે તેમ બતાવેલ છે. **॥૧૧॥**

શ્લોક :-

निरीक्षिते तत्र बभूव पूर्वाभ्यासेन मे स्नेहविलासि चेतः ।
अपेक्षते स्वीयबलप्रकर्षान्न संस्तवस्नेहविधौ विशेषम् ।।१२।।

શ્લોકાર્થ :-

તે વૈશ્વાનર જોવાયે છતે પૂર્વના અભ્યાસથી મારું સ્નેહવિલાસી એવું ચિત્ત થયું. સ્વીયબલના પ્રકર્ષથી=પોતાના બલના પ્રકર્ષથી, સંસ્તવ અને સ્નેહની વિધિમાં વિશેષની અપેક્ષા નથી.

પૂર્વના ઘણા ભવો સુધી જીવે ક્રોધ, દ્વેષ આદિ ભાવોનો અભ્યાસ કર્યો છે તેથી બીભત્સ એવા વૈશ્વાનર પ્રત્યે નંદીવર્ધનનું સ્નેહવાળું ચિત્ત થાય છે. પોતાના બલનો પ્રકર્ષ હોવાથી=ક્રોધ પ્રત્યે સ્નેહના બલનો પ્રકર્ષ હોવાથી, જીવ તેની સ્તુતિ કરવામાં કે તેનો સ્નેહ કરવામાં તેના સુરૂપતા આદિ વિશેષની અપેક્ષા રાખતો નથી. આથી જ કુરૂપ એવા વૈશ્વાનર પ્રત્યે નંદીવર્ધનને સ્નેહ થાય છે. **॥૧૨॥**

શ્લોક :-

वशंवदं स्वस्य स मामवेक्ष्य,
जहाति पार्श्वं न कदापि दुष्टः ।
स्ववैरिसंसर्गमवेक्ष्य साक्षात्,
पुण्योदयो मित्रमतीव रुष्टः ।।१३।।

શ્લોકાર્થ :-

દુષ્ટ એવો તે=વૈશ્વાનર મને પોતાના વશ જોઈને ક્યારેય પણ પડખાને મૂકતો નથી. સ્વવૈરી એવા સંસર્ગને જોઈને સાક્ષાત્ એવો પુણ્યોદય મિત્ર રોષ પામ્યો.

વૈશ્વાનર નંદીવર્ધનનો સાક્ષાત્ મિત્ર નથી. પરંતુ મિત્ર જેવો ભાસે છે છતાં નંદીવર્ધન તેને વશ છે તેને જોઈને જીવના સાક્ષાત્ મિત્રરૂપ પુણ્યોદય સતત ક્ષીણ થાય છે. આથી જ ક્રોધ કષાયને વશ જીવનું પુણ્ય ક્રમસર ક્ષીણ ક્ષીણતર થઈને અંતે તે ભવમાં કે અન્ય ભવમાં નાશ પામે છે. **॥૧૩॥**

શ્લોક :-

दध्यौ च नासावुपदेशयोग्यो,
हिताभिधानादहिते विमूढः ।
करालमद्यापि न कालकण्ठो,
व्यालावलीनां वलयं जहाति ॥१४॥

શ્લોકાર્થ :-

અને વિચાર કર્યો=પુણ્યોદય મિત્રે વિચાર કર્યો. અહિતમાં વિમૂઢ એવો આ=નંદીવર્ધન, હિતના અભિધાનથી ઉપદેશને યોગ્ય નથી. કાલ-કંઠ=મહાદેવ, વ્યાલઆવલીઓના=સાપની આવલીઓના, વલયરૂપ કરાલને=સાપના સમૂહને, હજી પણ છોડતો નથી.

જેમ મહાદેવ સાપના સમૂહને છોડે નહીં તેવી પ્રકૃતિવાળો છે તેમ નંદીવર્ધનના પુણ્યોદયે વિચાર કર્યો કે વિમૂઢ એવો નંદીવર્ધન પણ પોતાની ક્રોધની પ્રકૃતિ છોડે તેમ નથી માટે ઉપદેશને અયોગ્ય છે. આથી જ મેઘકુમારના જીવ જેવું કાર્ય નંદીવર્ધનનું પુણ્ય કરતું નથી. **॥૧૪॥**

શ્લોક :-

न चाश्रितोऽसौ मम हातुमर्हो,
विनैव वेलां गुणवर्जितोऽपि ।

अक्षुब्धगम्भीरमहाशयस्य,

तृणादिसङ्घात इवाम्बुराशेः ।।१५।।

શ્લોકાર્થ :-

અને ગુણવર્જિત પણ આશ્રિત એવો આ=પુણ્યનો આશ્રિત એવો નંદીવર્ધન, મને=પુણ્યને, છોડવા માટે યોગ્ય નથી. અક્ષુબ્ધ ગંભીર મહાશયવાળા સમુદ્રને જેમ તૃણાદિનો સંઘાત છોડવા યોગ્ય નથી.

નંદીવર્ધનનું પુણ્ય બાહ્ય કાર્ય સાધે તેવું છે પરંતુ તત્ત્વને સ્પર્શે અને ઉત્તરોત્તર પુણ્યની વૃદ્ધિ કરે તેવું નથી. તેથી નંદીવર્ધન ગુણવર્જિત છે. વળી, તેનું પુણ્ય તેની અનુચિત પ્રવૃત્તિથી ક્ષીણ થવા છતાં જ્યાં સુધી ત્યાગને અનુકૂળ કાળ ન આવે ત્યાં સુધી તેની અનુચિત પ્રવૃત્તિને સફળ કરીને નંદીવર્ધનને સુખ આપવા માટે યત્ન કરે છે. **॥૧૫॥**

શ્લોક :-

इदं विचिन्त्य स्तिमितस्वभावो,

रुष्टोऽपि तस्थौ स ममान्तरेव ।

ततश्च वैश्वानरतश्च भास्वन्

मणिः फणीन्द्रो विषवानभूवम् ।।१६।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે વિચારીને સ્તિમિત સ્વભાવવાળો=શાંત સ્વભાવવાળો, રોષ પામેલો પણ તે=પુણ્ય, મારા અંદરમાં જ રહ્યો. અને તેથી=પુણ્યોદય રોષ પામેલો પણ મારા અંદરમાં રહ્યો તેથી, વૈશ્વાનરમાં રત એવો હું ભાસ્વર મણિવાળા સર્પરૂપ વિષવાન થયો.

મારો પુણ્યોદય પૂર્વમાં પ્રચુર હતો તોપણ મારી અનુચિત પ્રવૃત્તિથી ક્ષીણ થતો હતો છતાં ઉચિત વેળાની રાહ જોઈને નંદીવર્ધનને મૂકતો નથી. તેથી પુણ્યના બળથી વૈશ્વાનરમાં રત થયેલો નંદીવર્ધન સાક્ષાત્ ભાસ્વર મણિવાળા સર્પ જેવો જગતના જીવોને ડંસ દેનારો થયો. **॥૧૬॥**

શ્લોક :-

अवारितस्तेन तथैव वैश्वा-
नरेण दाहप्रकृतिः कृतोऽहम् ।
अक्षालितः शैल इवाम्बुदेन,
जातो यथा दाहकरः श्रितोऽपि ।।१७।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે સૂર્ય આશ્રિત પણ પર્વત પાણીથી જાણે નહીં ધોવાયેલો હોય તે પ્રમાણે જ તેના વડે=પુણ્ય વડે, નહીં વારણ કરાયેલો હું વૈશ્વાનરથી દાહ પ્રકૃતિવાળો કરાયો.

વિપર્યાસ આપાદક કર્મો પ્રચુર હોવાથી તદ્સહવર્તી અનુકૂળતા આપાદક પુણ્ય વડે કષાય કરવાથી નહીં વારણ કરાયેલો નંદીવર્ધન વૈશ્વાનરથી ક્રોધી પ્રકૃતિવાળો થયો, જ્યારે કેટલાક જીવો મંદ મિથ્યાદૃષ્ટિ હોય અને નંદીવર્ધન જેવું જ પુણ્ય હોય, જેમ મેઘકુમારના જીવનું તેવું જ પુણ્ય હતું તોપણ વિપર્યાસ આપાદક કર્મો નષ્ટપ્રાયઃ હોવાથી મેઘકુમારનું પુણ્ય કષાયનું વારણ કરીને તે મહાત્માને શાંત પ્રકૃતિવાળા કરે છે. જ્યારે નંદીવર્ધનનું પુણ્ય કષાયોને વારણ કરે તેવું નથી; કેમ કે અન્ય પ્રકારનું પુણ્ય વિદ્યમાન હતું તોપણ કષાય આપાદક પાપ સાથે વિદ્યમાન હતું. **॥૧૭॥**

શ્લોક :-

प्रक्रीडतो भीतिभृतोऽथ मत्तो,
बालाः कुलीना अपि रोषपूर्णात् ।
भजन्ति मामेष महाप्रभावः,
पुण्योदयस्यापि परस्य बुद्धः ।।१८।।

શ્લોકાર્થ :-

હવે કુલીન પણ બાળકો રોષથી પૂર્ણ એવા મારાથી ભયને ધારણ કરનારા સાથે રમતા મને ભજે છે એ પુણ્યોદયનો પણ મહાપ્રભાવ પરનો=વૈશ્વાનરનો, જણાયો.

નંદીવર્ધનમાં વિપર્યાસ વર્તતો હતો તેથી બાળકો ઉપર પુણ્યના ઉદયથી થતો પોતાનો પ્રભાવ નંદીવર્ધનને વૈશ્વાનરનો પ્રભાવ જણાતો હતો. તેથી તેનો ક્રોધ સાનુબંધ થતો હતો. જ્યારે વિવેકી જીવોને તો નિર્મળદૃષ્ટિ હોય છે તેથી પુણ્યના પ્રભાવને જાણીને પુણ્યના બીજભૂત કષાયના શમન માટે યત્ન કરે છે. **॥૧૮॥**

શ્લોક :-

वितीर्णतेजोमतिधैर्यवीर्य-
वैश्वानरप्रेमपरोऽथ पित्रा ।
दत्तोऽहमाचार्यवरस्य भाग्याद्,
विनोद्यमं शिक्षितवान् कलौघम् ।।१९।।

શ્લોકાર્થ :-

વિસ્તારણ પામતી તેજસ્વી મતિવાળો, ધૈર્યવાળો, વીર્યવાળો અને વૈશ્વાનરના પ્રેમમાં તત્પર એવો હું પિતા વડે આચાર્યવરને ભાગ્યથી અપાયો. ઉધમ વગર કલાના સમૂહને શીખ્યો. ।।૧૯।।

શ્લોક :-

सहेतुकं वाप्यहेतुकं वा,
समस्तबालैः कलहायमानः ।
वैश्वानरालिङ्गितमूर्तिरुच्चैः,
खेदाय तेषां च गुरोश्च जातः ।।२०।।

શ્લોકાર્થ :-

સહેતુક અથવા અહેતુક સમસ્ત બાળકો સાથે કલહને કરતો, વૈશ્વાનરથી અત્યંત આલિંગિત મૂર્તિવાળો તેઓને=બાળકોને, અને ગુરુને ખેદ માટે થયો. ।।૨૦।।

શ્લોક :-

प्रतिब्रुवाणो गुरुरप्यलम्भि,
मया तिरस्कारपदं परे के ।

महीभृतः पुत्र इति प्रतीते,

तथापि मय्येष जहौ न रागम् ।।२१।।

શ્લોકાર્થ :-

સામે બોલતા ગુરુ પણ મારા વડે તિરસ્કાર પદને પામ્યા. પર શું ? તોપણ રાજાનો પુત્ર છે એ પ્રમાણે પ્રતીત એવા મારા વિશે આ=ગુરુ, રાગનો ત્યાગ કરતા નથી.

રાજપુત્રના કારણે અને કળામાં કુશળતાના કારણે તેનું પુણ્ય કંઈક છે તેથી નંદીવર્ધન અવિનીત હોવા છતાં ગુરુ પણ તેના પ્રત્યે રાગ ધારણ કરે છે. જે તથાપ્રકારના પુણ્યનું જ કાર્ય છે. **॥૨૧॥**

શ્લોક :-

वैश्वानरस्यैव गुणोऽखिलोऽय-

मितीह रागो विधृतो मयोच्चैः ।

असावपि प्राणसमाय मह्यं,

रसायनं क्रूरमनो ददौ द्राक् ।।२२।।

શ્લોકાર્થ :-

વૈશ્વાનરનો અખિલ જ આ ગુણ છે એ પ્રમાણે અહીં=પુણ્યના કારણના વિષયમાં, મારા વડે અત્યંત રાગ ધારણ કરાયો=વૈશ્વાનરમાં અત્યંત રાગ ધારણ કરાયો. પ્રાણસમ એવા મને આણે પણ=વૈશ્વાનરે પણ, ક્રૂર મન નામનું રસાયન શીઘ્ર આપ્યું. ।।૨૨।।

શ્લોક :-

जगौ च मच्छक्तिभवं किलैतद्,

बलस्य वृद्ध्यै विततायुषश्च ।

गृहाण तत् त्वं परिभुङ्क्ष्व काले,

फलेग्रहिः स्नेहतरुर्ममास्तु ।।२३।।

શ્લોકાર્થ :-

અને કહ્યું ખરેખર મારી શક્તિથી થયેલું આ=ક્રૂર મન, બલની વૃદ્ધિ માટે અને વિસ્તાર આયુષ્યવાળો છે તે કારણથી તું=નંદીવર્ધન ગ્રહણ કર. અને કાલે ભોગવ=આ રસાયણનો ઉપભોગ કર. મારા સ્નેહનો તરુ એવો આ=ક્રૂર મન, ફળને આપનારો થાવ. ॥૨૩॥

શ્લોક :-

अत्रान्तरे कश्चिदवोचतेष्टं,
स्थानं त्वयाऽसौ गमितो ह्यनेन ।
वैश्वानरेणास्य विचारितोऽर्थो,
भाव्येष गत्वा नरके ततायुः ।।२४।।

શ્લોકાર્થ :-

એટલામાં કોઈક બોલ્યો. તારા વડે=વૈશ્વાનર વડે, આ=નંદીવર્ધન, ઈષ્ટસ્થાનમાં લઈ જવાયો. આ વૈશ્વાનર વડે આનો અર્થ વિચારાયો. આ=નંદીવર્ધન નરકમાં જઈને વિસ્તાર આયુષ્યવાળો થશે.

નંદીવર્ધનમાં જે પુણ્યનો ઉદય વર્તે છે તે શુભપરિણામથી થયેલું કર્મ છે અને તે કર્મ જીવને તે પ્રકારની બુદ્ધિ આપે છે કે આ કષાયો વૃદ્ધિ પામશે તો તું દુર્ગતિમાં જઈશ પરંતુ વિપર્યાસ આપાદક કર્મો પ્રચુર હોવાથી નંદીવર્ધનને તે અર્થ સંભળાયો નહીં. વળી, એના કષાયને તે અર્થનો બોધ થયો. તેથી તે હર્ષિત થાય છે અને વિચારે છે કે નરકમાં આ નંદીવર્ધન દીર્ઘ આયુષ્યવાળો થશે. **॥૨૪॥**

શ્લોક :-

गृहीतमेतन्मयकाऽस्य हस्ता-
दङ्गीकृता तस्य च चारुशिक्षा ।
भक्ष्या त्वयैकैकगुटी किलास्मात्,
संज्ञाप्यमानेऽवसरे मयेति ।।२५।।

શ્લોકાર્થ :-

આના હાથથી=વૈશ્વાનરના હાથથી, મારા વડે આ=ક્રૂર ચિત્ત સ્વીકાર કરાયું. અને તેની=વૈશ્વાનરની, સુંદર શિક્ષા સ્વીકાર કરાઈ. ખરેખર આમાંથી=મારા વડે અપાયેલ રસાયણમાંથી, મારા વડે=વૈશ્વાનર વડે, સંજ્ઞા કરતાં અવસરમાં એક ગુટિકા તારા વડે=નંદીવર્ધન વડે ભક્ષણ કરવી જોઈએ.

જીવમાં વર્તતો ઉગ્ર ક્રોધ કષાય જીવને સાર જણાય છે તેથી નંદીવર્ધનને તેનો કષાય શિક્ષા આપે છે કે ક્રૂર મન કરવું જોઈએ. વળી હું કહું ત્યારે તારે આ રસાયણની ગુટિકા ખાવી જોઈએ. તેથી નિમિત્તને પામીને નંદીવર્ધનમાં ક્રૂર ચિત્ત થાય છે. વળી, જેઓનો મિથ્યાત્વ મંદ છે તેઓનો પુણ્યોદય તેને કષાયો નહીં કરવા માટે જ પ્રેરણા આપે છે તેથી તેઓ નિમિત્તને પામીને પણ ક્રૂર ચિત્ત કરતા નથી પરંતુ કષાયોના શમનને જ યત્ન કરે છે. તેથી તે જીવોનો ઉપદેશક તે જીવોનો તે પ્રકારનો ક્ષયોપશમભાવથી યુક્ત પુણ્યોદય છે અને નંદીવર્ધનનો તેવા ક્લિષ્ટભાવ આપાદક કષાયથી અનુવિદ્ધ પુણ્યોદય છે અને તે કષાય જ તેનો ઉપદેશક ગુરુ બને છે, પુણ્યોદય ઉપદેશક ગુરુ બનતો નથી; કેમ કે પુણ્યથી થયેલી સફળતાને તે કષાયમાં યોજન કરે છે. **॥૨૫॥**

શ્લોક :-

अथो नियुक्तो विदुरो मदीयं,
न्यवेदयद् दुर्ललितं नृपाय ।
सर्वं कलाचार्यकुलीनबाल-
कदर्थनाद्यं स ततोऽतिदूनः ।।२६।।

શ્લોકાર્થ :-

હવે નિયુક્ત કરાયેલા વિદુરે કલાચાર્ય, કુલીનબાલની કદર્થના આદિ મારું સર્વ દુર્લલિત=અનુચિત પ્રવૃત્તિ, રાજાને નિવેદિત કરી. તેથી તે=રાજા, અતિ દુઃખી થયો. ।।૨૬।।

શ્લોક :-

पप्रच्छ चाकार्य कलागुरुं मे,
कलाः कुमारः कीयतीरभाणि ।
स प्राह सर्वोऽपि कलाकलापो,
वश्योऽस्य जातो न किमप्यथोनम् ।।२७।।

શ્લોકાર્થ :-

અને કલાગુરુને મારું અકાર્ય પૂછ્યું. અને કુમાર કેટલી કલાઓ ભણ્યો. તે=કલાગુરુ, કહે છે. સર્વ પણ કલાકલાપ આને વશ થયેલો છે, કંઈ પણ ન્યૂન નથી. ।।૨૭।।

શ્લોક :-

अपि प्रकृत्याऽमलमस्य रूपं,
न भाति वैश्वानरसंगतस्तु ।
इन्दोः कलङ्कादिव कर्दमाभा-
न्महोत्पलस्येव च कण्टकौघात् ।।२८।।

શ્લોકાર્થ :-

પરંતુ પ્રકૃતિથી અમલ રૂપવાળા એવા નંદીવર્ધનનું રૂપ કાદવ જેવા વૈશ્વાનરના સંગથી સુંદર ભાસતું નથી. જેમ કલંકથી ચંદ્રનું રૂપ અને કાંટાના સમૂહથી કમળનું રૂપ સુંદર ભાસતું નથી. ।।૨૮।।

શ્લોક :-

द्रुमा इवास्याप्रशमप्रवाहै-
रुत्खातमूलाः क्षयिणो गुणौघाः ।
तन्नैष यत्नः फलवानितीदं,
श्रुत्वा परं तापमवाप राजा ।।२९।।

શ્લોકાર્થ :-

ઉત્ખાતમૂલવાળાં વૃક્ષોની જેમ આના=નંદીવર્ધનના, ગુણોના સમૂહો અપ્રશમના પ્રવાહથી ક્ષય પામનારા છે. તે કારણથી આ યત્ન ફલવાન નથી એ પ્રકારે આ સાંભળીને રાજા પરમ તાપને પામ્યો. ॥૨૯॥

શ્લોક :-

आह्वास्त वैश्वानरपापमित्र-
त्यागाय मामेष च वेदकेन ।
स प्राह राजन्नपि हापितोऽस्य,
गतिः स वैश्वानर एव नूनम् ।।३०।।

શ્લોકાર્થ :-

વૈશ્વાનર પાપમિત્રના ત્યાગ માટે વેદક વડે મને જ બોલાવાયો=અનુસુંદર ચક્રવર્તી કહે છે કે નંદીવર્ધનને જ બોલાવાયો. તે=વેદક કહે છે. હે રાજન ! વળી, આની ગતિ=વૈશ્વાનરની ગતિ, નંદીવર્ધન વડે હરણ કરાવાઈ છે ખરેખર તે=નંદીવર્ધન, વૈશ્વાનર જ છે. ॥૩૦॥

શ્લોક :-

अयं हि वैश्वानरपापमित्र-
सङ्गेन वैश्वानर एव जातः ।
बलादतो मोचयितुं न शक्यो,
मृग्यः परं शान्तिविधावुपायः ।।३१।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, આ=નંદીવર્ધન, વૈશ્વાનર પાપમિત્રના સંગથી વૈશ્વાનર જ થયો છે. આથી=નંદીવર્ધન સાક્ષાત્ વૈશ્વાનર થયો છે આથી, બલથી પણ મુકાવવા માટે શક્ય નથી. પરંતુ શાંતિની વિધિમાં=તેના તરફથી થતા કોલાહલની શાંતિની વિધિમાં, ઉપાય શોધવા યોગ્ય છે. ॥૩૧॥

શ્લોક :-

श्रुत्वा नृपो वेदकवाचमेनां,
गुरोर्मतां हृद्गहने निमग्नः ।
जगावथोच्चैर्विदुरोऽस्त्युपाय-
ज्ञाताऽत्र जैनो नृपसिद्धपुत्रः ।।३२।।

શ્લોકાર્થ :-

ગુરુને સંમત આ વેદકની વાણીને સાંભળીને રાજા હૃદયગહનમાં નિમગ્ન થયો. હવે વિદુર અત્યંત બોલ્યો. અહીં હે રાજા ! જૈન સિદ્ધપુત્ર ઉપાયજ્ઞાતા છે. ||૩૨||

શ્લોક :-

हृष्टस्तमाकार्य नृपोऽथ हेतुं,
पप्रच्छ पुत्रस्य कुसंगमुक्तेः ।
बुद्ध्या स विज्ञाय जगौ य एको,
हेतुस्तमत्रावहितो ब्रवीमि ।।३३।।

શ્લોકાર્થ :-

હવે હર્ષિત થયેલો રાજા તેને બોલાવીને=સિદ્ધપુત્રને બોલાવીને, પુત્રની કુસંગતિની મુક્તિના હેતુને પૂછ્યું. બુદ્ધિથી જાણીને તે=સિદ્ધપુત્ર, બોલ્યો. અહીં જે એક હેતુ છે=કુમારની કુસંગતિની મુક્તિમાં જે એક હેતુ છે, અવધારણ કરાયેલો એવો હું તે હેતુને કહું છું. ||૩૩||

શ્લોક :-

विनिर्गतोपद्रवराशिचेतः-
सौन्दर्यमत्रास्ति पुरं प्रसिद्धम् ।
लोकं वसन्तं किल भाविभद्रं,
न तत्र मुष्णन्ति कषायचौराः ।।३४।।

શ્લોકાર્થ :-

અહીં=જગતમાં, ભાવિભદ્ર લોકની વસતીવાળું, ચાલ્યા ગયા છે ઉપદ્રવોના રાશિ જેમાં એવું ચિત્તસૌંદર્ય નામનું નગર પ્રસિદ્ધ છે=જે જીવોના ચિત્તમાં ઉપદ્રવો શાંત થયા છે તેવું સ્વાસ્થ્યવાળું ચિત્ત એ ચિત્તસૌંદર્યનગર છે. ત્યાં=ચિત્તસૌંદર્યનગરમાં, કષાયરૂપી ચોરો લૂંટતા નથી. ॥૩૪॥

શ્લોક :-

अनारतं विस्तृतसौरभं तत्,
कल्याणवल्लीकुसुमैर्गुणौघैः ।
अलंकृते शीतलशीलगेहै-
र्न तत्र तापो लभतेऽवकाशम् ।।३५।।

શ્લોકાર્થ :-

કલ્યાણરૂપી વેલડીઓના કુસુમોરૂપી ગુણના સમૂહોથી સતત વિસ્તૃત સૌરભવાળું એવું તે ચિત્તસૌંદર્યનગર છે. શીતલ એવા શીલનાં ઘરોથી અલંકૃત હોતે છતે ત્યાં=ચિત્તસૌંદર્યનગરમાં તાપનો અવકાશ પ્રાપ્ત થતો નથી. ॥૩૫॥

શ્લોક :-

विवेकभानोरुदयाविरामात्,
कदाऽपि तस्मिन् न तमःप्रचारः ।
अक्षीणसद्बोधनिधावशोके,
न तत्र दारिद्र्यकथाऽपि लोके ।।३६।।

શ્લોકાર્થ :-

વિવેકરૂપી ભાનુના ઉદયના અવિરામથી ક્યારેય પણ તેમાં=ચિત્તસૌંદર્યનગરમાં, અંધકારનો પ્રચાર નથી. અક્ષીણ સદ્બોધરૂપી નિધિ હોતે છતે અશોક એવા તે લોકમાં=શોક વગરના તે લોકમાં, દારિદ્ર્યની

કથા પણ નથી.

ચિત્તસૌંદર્યનગરમાં ભેદજ્ઞાન સતત પ્રવર્તે છે. તેથી મૂઢતારૂપ અંધકાર ત્યાં નથી. અને ક્ષય ન પામે તેવું જિનવચનાનુસાર સૂક્ષ્મ સૂક્ષ્મતર બોધરૂપ નિધાન ત્યાં વિદ્યમાન છે. તેથી શોક વગરના તે જીવોમાં ભાવ દારિદ્ર્યની કથા નથી. **॥૩૬॥**

શ્લોક :-

भूमीपतिस्तत्र शुभाशयाख्यो,
बिभर्ति राज्यं जितराजराजिः ।
सतां हिताप्तावहितव्यये च,
कृतोद्यमो दुष्टविनिग्रहे च ।।३७।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે ચિત્તસૌંદર્યનગરમાં, સંત પુરુષોની હિતની પ્રાપ્તિમાં, અહિતના વ્યયમાં અને દુષ્ટના નિગ્રહમાં કૃતઉદ્યમવાળો શુભાશય નામનો રાજા જિતરાજ રાજીવાળો રાજ્યને ધારણ કરે છે.

જેઓનું ચિત્ત સુંદર છે તેઓમાં શુભાશય પ્રગટે છે જે આત્મહિતની ચિંતા કરાવે છે, કર્મજન્ય અહિતના વ્યયમાં પ્રયત્ન કરાવે છે અને દુષ્ટ એવા કષાયોના નિગ્રહમાં ઉદ્યમ કરાવે છે. **॥૩૭॥**

શ્લોક :-

अलंकरोत्येष कलङ्कमुक्तः,
क्रीडावशेनापि हि यं प्रदेशम् ।
ततः प्रणश्यन्त्यरयोऽन्तरङ्गा,
मृगारिसंसर्गिवनादिवेभाः ।।३८।।

શ્લોકાર્થ :-

કલંકથી મુક્ત એવો આ=શુભાશય, ક્રીડાના વશથી પણ જે પ્રદેશને અલંકૃત કરે છે=જે પ્રદેશમાં જાય છે ત્યાંથી અંતરંગ શત્રુઓ નાશ પામે છે. જેમ સિંહના સંસર્ગી એવા વનથી હાથીઓ દૂર જાય છે.

સાક્ષાત્ જ્યાં શુભાશય વર્તે છે ત્યાં તો કષાયરૂપી શત્રુઓ નિવાસ કરતા નથી. પરંતુ કોઈક રીતે શુભાશય તત્ત્વ સન્મુખ પ્રવર્તે છે. ત્યારે તે શુભાશયના ગમનથી તે સ્થાનમાં વર્તતા કષાયરૂપી શત્રુઓ નાસી જાય છે. ॥૩૮॥

શ્લોક :-

धृतिस्मृतिह्रीकरुणाशमाद्यैः,
कोशोऽस्य पूर्णो गुणरत्नवृन्दैः ।
विशालशीलाङ्गरथैरजस्रं,
प्रवर्धतेऽस्याप्रतिपन्थिलक्ष्मीः ।।३९।।

શ્લોકાર્થ :-

ધૃતિ, સ્મૃતિ, લજ્જા, કરુણા, ક્ષમાદિ ગુણરત્નના વૃંદોથી આનો= શુભાશય રાજાનો, કોશ પૂર્ણ છે. વિશાલ શીલાંગરૂપી રથોથી સતત આની અપ્રતિપંથી લક્ષ્મી વધે છે=જે લક્ષ્મીની પ્રતિપંથી અન્ય લક્ષ્મી નથી એવી અસાધારણ લક્ષ્મી વધે છે. ।।૩૯।।

શ્લોક :-

सुरासुरस्त्रैणमहाविलासा-
प्रकम्प्यचित्तेऽपि हि साधुलोके ।
आसक्तिदात्री स्थिरताऽभिधाऽस्य,
सौन्दर्यलक्ष्मीनिधिरस्ति देवी ।।४०।।

શ્લોકાર્થ :-

સુર, અસુરની સ્ત્રીઓના મહાવિલાસથી અપ્રકંપ્ય ચિત્તવાળા સાધુ-લોકમાં આસક્તિને ધારણ કરનારી આની=શુભાશયની, સૌંદર્યલક્ષ્મીની નિધિ એવી સ્થિરતા નામની દેવી છે. ।।૪૦।।

શ્લોક :-

भाति प्रतीकेऽपि निरूपितेऽस्या,
भस्मैव रूपं सुरसुन्दरीणाम् ।

प्रतिप्रतीकं तु निरूपितेयं,
वेद्यान्तरं शून्यमिवातनोति ।।४१।।

શ્લોકાર્થ :-

આનું=સ્થિરતાનું, પ્રતીક પણ નિરૂપણ કરાયે છતે=સ્થિરતાનું ચિત્ર પણ નિરૂપણ કરાયે છતે, સુરસુંદરીઓનું રૂપ ભસ્મ જ ભાસે છે. વળી, પગલે પગલે નિરૂપણ કરાયેલી આ=સ્થિરતા, વેદ્યાંતરને શૂન્યની જેમ વિસ્તાર કરે છે.

સ્થિરતા કેવા સ્વરૂપવાળી છે તેનું ચિંતવન માત્ર કરવામાં આવે તો સુરસુંદરીઓનાં રૂપ તેની આગળ ભસ્મ જેવાં જણાય છે. વળી પગલે પગલે સ્થિરતાનું જેઓ અવલંબન લે છે તેઓને શુદ્ધ આત્મગુણોમાં સ્થિરતાથી અન્ય એવું વેદ્યાન્તર શૂન્ય જેવું ભાસે છે. **॥૪૧॥**

શ્લોક :-

पुत्री तयोरस्ति निधिर्गुणाना-
मुत्पत्तिभूमिर्बहुविस्मयानाम् ।
सुधौघवन्निर्मिततापशान्तिः,
क्षान्तिर्गतभ्रान्तिरुदारकान्तिः ।।४२।।

શ્લોકાર્થ :-

તે બેની=શુભાશય અને સ્થિરતાની, ગુણોની નિધિ, બહુ વિસ્મયોની ઉત્પત્તિભૂમિ, સુધાના સમૂહની જેમ નિર્મિત કરાયેલી તાપની શાંતિવાળી, ગતભ્રાંતિવાળી, ઉદાર કાંતિવાળી ક્ષાંતિ નામની પુત્રી છે.

જીવમાં વર્તતો શુભાશય જીવને આત્માની નિરાકુળ પ્રવૃત્તિમાં યત્ન કરાવે છે. આત્માની નિરાકુળ પ્રવૃત્તિમાં જ્યારે જેટલી સ્થિરતા આવે તેટલી સ્થિરતાને કારણે જીવમાં ક્ષાંતિની પરિણતિ પ્રગટે છે. જે સર્વ ગુણોની નિધિ જેવી છે. આત્મામાં જેટલી ક્ષયોપશમભાવની લબ્ધિઓ થાય છે કે જેટલી પુણ્યપ્રકૃતિઓજન્ય જેટલી સદ્ગતિઓની પ્રાપ્તિ થાય છે કે ચક્રવર્તીપણું કે તીર્થંકરપણું આદિ પ્રાપ્ત થાય છે તે સર્વ વિસ્મયોની ઉત્પત્તિભૂમિ ક્ષમા છે. વળી, આ ક્ષાંતિ આત્માના

કષાયના તાપને શમન કરનાર છે. આત્માના પારમાર્થિક સ્વરૂપમાં ભ્રાંતિ વગરની અને જીવની ઉત્તમ પ્રકૃતિરૂપ ક્ષમાની પરિણતિ સ્વરૂપ છે. જે ઉપકારી ક્ષમાદિના ક્રમથી ધર્મક્ષમા સુધી ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે અને અંતે ક્ષાયિકભાવની ક્ષમાની પ્રાપ્તિ કરાવે છે. **॥૪૨॥**

શ્લોક :-

निरीक्षणस्यापि हि मूल्यमस्या-
श्चिन्तामणिर्नार्हति भूरितेजाः ।
आलिङ्गनं यस्तु विधास्यतेऽस्याः,
स शक्रचक्रादपि पीनपुण्यः ।।४३।।

શ્લોકાર્થ :-

આના=ક્ષમાના, નિરીક્ષણનું પણ મૂલ્ય ભૂરિતેજવાળો ચિંતામણિ આપી શકતો નથી. વળી, આને=ક્ષાંતિને જે આલિંગન આપશે તે શક્રચક્રથી પણ પુષ્ટ પુણ્યવાળો છે.

જેઓને પાંચ પ્રકારની ક્ષમાના પારમાર્થિક સ્વરૂપનો બોધ થયો છે તેવા નિર્મળ સમ્યગ્દૃષ્ટિજીવોથી થતા ક્ષમાના નિરીક્ષણનું મૂલ્ય ચિંતામણિ રત્ન પણ આપવા સમર્થ નથી. વળી, જેઓને ક્ષમાની પરિણતિનો જેટલો જેટલો સ્પર્શ થાય છે તેઓ પુષ્ટ પુણ્યવાળા બને છે તે શક્ર વગેરે કરતાં પણ અધિક પુણ્યશાળી છે; કેમ કે ક્ષમાના પરિણામથી જે સુખ થાય છે તે સુખ શક્રને પણ નથી. **॥૪૩॥**

શ્લોક :-

स्नेहाञ्चिता दृग्लहरी यदस्या-
श्चरीकरीति प्रशमस्थितानाम् ।
शैत्यं सुधाचन्दनचन्द्रमुख्यैर्न
जायते तत्किल तापभाजाम् ।।४४।।

શ્લોકાર્થ :-

આની=ક્ષમાની, સ્નેહથી અંચિત દૃષ્ટિની લહેરી પ્રશમસ્થિત જીવોને

જે શૈત્યને કરે છે, તે શૈત્ય ખરેખર તાપવાળા જીવોને સુધા, ચંદન, ચંદ્ર વગેરે વડે થતું નથી.

સુધાદિ પદાર્થો બાહ્ય શીતલતાને આપે છે જ્યારે પ્રશમ પરિણતિવાળા જીવોના ચિત્તને ક્ષાંતિના સ્નેહની લહેરીઓ સતત અત્યંત શીતલતાને આપે છે. **॥૪૪॥**

શ્લોક :-

बिभर्ति चेयं नृपते ! स्वभावाद्,
वैश्वानरेण प्रतिपक्षभावम् ।
इमां कुमारः परिणीय कन्या-
मनोदितो हास्यति पापमित्रम् ।।४५।।

શ્લોકાર્થ :-

હે રાજા ! સ્વભાવથી જ આ=ક્ષાંતિ, વૈશ્વાનર સાથે પ્રતિપક્ષભાવને ધારણ કરે છે. આ કન્યાને પરણીને નહીં કહેવાયેલો કુમાર પાપમિત્રનો ત્યાગ કરશે. ।।૪૫।।

શ્લોક :-

उक्त्वेति संमुद्रितवाचि तत्र,
दृष्टे मुखे बुद्धिधनस्य राज्ञा ।
बहिर्विवाहव्यवसायमस्य,
प्रोद्धर्तुमाह स्म निमित्तवेदी ।।४६।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે કહીને સંમુદ્રિતવાણીવાળા તે હોતે છતે=મૌનપરિણતિવાળા સિદ્ધપુત્ર હોતે છતે, રાજા વડે બુદ્ધિધનનું મુખ જોવાયે છતે આના=રાજાના, બહિર્વિવાહના વ્યવસાયને ત્યાગ કરવા માટે નિમિત્તવેદીએ કહ્યું. ।।૪૬।।

શ્લોક :-

अलं तवानेन नृप ! श्रमेण,
शक्तो विधौ न ह्ययमन्तरङ्गे ।

कन्यां स्वयं कर्मविलासनुन्नः,

शुभाशयो दास्यति ते सुताय ।।४७।।

શ્લોકાર્થ :-

હે રાજા ! તારા આ શ્રમ વડે સર્યું. हि=જે કારણથી, અંતરંગ વિધિમાં આ સમર્થ નથી=બહિર્વિવાહનો વ્યવસાય સમર્થ નથી. કર્મ-વિલાસથી પ્રેરાયેલો શુભાશય તારા પુત્ર માટે સ્વયં કન્યાને આપશે.

જ્યારે નંદીવર્ધનના જીવનાં ક્ષમાને અનુકૂળ ક્ષયોપશમભાવવાળાં કર્મો થશે. તેનાથી પ્રેરાયેલો નંદીવર્ધનના ચિત્તમાં શુભાશય થશે અને શુભાશય ક્ષમાદિ ભાવોને અનુકૂળ યત્ન કરાવીને નંદીવર્ધનને ક્ષમાની પ્રાપ્તિ કરાવશે. **॥૪૭॥**

શ્લોક :-

कार्यो विषादो न तदत्र राजन्,

ग्राह्या किलैका भवितव्यतैव ।

अर्थे ह्यशक्ये खलु यः प्रयासं,

करोत्यसौ यास्यति हास्यभावम् ।।४८।।

શ્લોકાર્થ :-

તે કારણથી હે રાજા ! આમાં=નંદીવર્ધનને ક્ષમાની પ્રાપ્તિમાં, વિષાદ કરવો જોઈએ નહીં. ખરેખર એક ભવિતવ્યતા જ ગ્રહણ કરવી જોઈએ= નંદીવર્ધનની તેવી ભવિતવ્યતા જ તેને આપશે એ પ્રમાણે ગ્રહણ કરવું જોઈએ. हि=જે કારણથી, ખરેખર અશક્ય અર્થમાં જે પુરુષ પ્રયાસને કરે છે તે હાસ્યભાવને પામશે.

જ્યારે નંદીવર્ધનની તેવી ભવિતવ્યતા હશે ત્યારે તેનાં કર્મો અલ્પ થશે. ક્ષયોપશમભાવને અભિમુખ થશે ત્યારે તેનામાં ક્ષમાની પરિણતિ પ્રગટ થશે. અત્યારે ઉપદેશથી તે ભાવો તેમાં થાય તેમ નથી. તેથી અશક્ય અર્થમાં પ્રયાસ કરવાથી હાસ્યપદસ્થિતિની જ પ્રાપ્તિ છે. **॥૪૮॥**

શ્લોક :-

छन्नोऽपि पुण्याभ्युदयोऽस्य शश्वद्,
वैश्वानरानर्थमपाकरोति ।
मणिर्यथा मुष्टिधृतस्तदेत-
दवेहि खेदस्य च भेषजं ते ।।४९।।

શ્લોકાર્થ :-

આનો=નંદીવર્ધનનો, પ્રચ્છન્ન પણ પુણ્યનો અભ્યુદય શાશ્વત્ વૈશ્વાનરના અનર્થને દૂર કરે છે, જે પ્રમાણે મુષ્ટિમાં ધારણ કરાયેલો મણિ. તે કારણથી તારા ખેદનું આ ઔષધ તું જાણ.

નંદીવર્ધન અંતરંગ રીતે ક્લિષ્ટભાવવાળો છે તેથી તેનું પુણ્ય પ્રગટ નથી, પરંતુ પ્રચ્છન્ન છે. છતાં જ્યાં સુધી પુણ્ય છે ત્યાં સુધી હાથમાં રહેલા મણિની જેમ તે પ્રચ્છન્ન પુણ્ય વૈશ્વાનરના અનર્થોને દૂર કરે છે.

નંદીવર્ધન કષાયને વશ થાય છે તોપણ તેને સફળતા આપીને તેનો પુણ્યોદય તેને સુખી કરે છે. તે હે રાજન્ ! તું તારા ખેદને દૂર કરવાનું ઔષધ જાણ.

ખેદનો ત્યાગ કરીને નંદીવર્ધનની ચિંતાને દૂર કર. એ પ્રમાણે જિનમતના જાણનારા કહે છે. **॥૪૯॥**

શ્લોક :-

वाचेति नैमित्तिकपुंगवस्य,
पूर्वं विषण्णो मुदितश्च पश्चात् ।
निर्वापितो वारिमुचा पिता मे,
दवानलप्लुष्ट इवाद्रिरासीत् ।।५०।।

શ્લોકાર્થ :-

આ પ્રકારની નૈમિત્તિક પુંગવની વાણીથી પૂર્વમાં વિષાદ પામેલ અને પાછળથી આનંદિત થયેલ મારા પિતા દાવાનલથી પ્લુષ્ટ એવો પર્વત વરસાદ વડે શાંત થાય તેમ શાંત થયા. ।।૫૦।।

શ્લોક :-

ज्ञात्वाऽथ मां भूपतिरप्यशक्य-
प्रतिक्रियं दीप्तदुरन्तमोहात् ।
परीक्षितव्यो भवता कुमार
इति प्रतीतौ विदुरं युयोज ।।५१।।

શ્લોકાર્થ :-

હવે રાજાએ પણ દીપ્ત દુરંત મોહને કારણે અશક્ય પ્રતિકારવાળા મને જાણીને તારા વડે, કુમારની પરીક્ષા કરવી જોઈએ, એ પ્રકારની પ્રતીતિમાં વિદુરને નિયોજિત કર્યો.

નંદીવર્ધનમાં અત્યંત અનુચિત પ્રવૃત્તિ કરાવે એવો મોહ છે એટલું જ નહીં પણ તે મોહ અત્યંત દીપ્ત છે તેથી અશક્ય પ્રતિકારવાળો છે એ પ્રમાણે જાણીને રાજાએ વિદુરને તેનું નિરીક્ષણ કરવા અર્થે યોજન કર્યું; કેમ કે પુત્ર પ્રત્યેનો રાગ રાજાને તે પ્રકારની પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરે છે. **॥૫૧॥**

શ્લોક :-

दिने द्वितीयेऽथ स मामुपेतो,
किं नागतो ह्यस्त्वमितीरितश्च ।
परीक्षितुं मां स्वविलम्बहेतुं,
जगौ श्रुतं दुर्जनसंगदोषम् ।।५२।।

શ્લોકાર્થ :-

હવે બીજા દિવસે તે મારી પાસે આવ્યો. કાલે તું કેમ ન આવ્યો ? એ પ્રમાણે પુછાયેલા તેણે મારી પરીક્ષા કરવા માટે સ્વવિલંબના હેતુ રૂપ સંભળાયેલ દુર્જનસંગના દોષને કહ્યું.

નંદીવર્ધન દુર્જનના સંગનો ત્યાગ કરે છે કે નહીં તેની પરીક્ષા કરવા અર્થે વિદુ કાલે પોતે નહોતો આવ્યો તેના હેતુરૂપે દુર્જનસંગના દોષની કથાને કહે છે. **॥૫૨॥**

શ્લોક :-

उक्तं मया वर्णय तं ममापि,
श्रवःसुधापारणमार्यवर्य ।
इतीरितः स्पर्शनदुर्जनस्य,
दोषप्रबन्धं विदुरो बभाषे ।।५३।।

શ્લોકાર્થ :-

મારા વડે=નંદીવર્ધન વડે કહેવાયું. હે આર્યવર્ય ! મને પણ કાનના સુધાના પારણવાળા તેને=સંભળાયેલ દુર્જનસંગના દોષને, વર્ણન કર એ પ્રમાણે કહેવાયેલ વિદુર સ્પર્શનરૂપ દુર્જનના દોષપ્રબંધને બોલ્યો. ।।૫૩।।

શ્લોક :-

क्षितिप्रतिष्ठे नगरेऽत्र कर्म-
विलासराजोऽस्ति महाप्रतापः ।
उभे महिष्यौ पुनरस्य मुख्ये,
एका शुभश्रीरशुभालिरन्या ।।५४।।

શ્લોકાર્થ :-

અહીં=સંસારમાં, ક્ષિતિપ્રતિષ્ઠ નગરમાં=પૃથ્વીમાં પ્રતિષ્ઠિત એવા ભવરૂપી નગરમાં, કર્મવિલાસ નામનો મહાપ્રતાપી રાજા છે. વળી, આને મુખ્ય બે મહિષીઓ છે એક શુભશ્રી અને અન્ય અશુભઆલિ.

સંસારમાં જીવો ઉપર સામ્રાજ્ય ચલાવનાર કર્મવિલાસ છે તેમાં શુભકર્મોવાળા જીવોમાં શુભશ્રીરૂપ પરિણતિ છે. અને અશુભકર્મોવાળા જીવોમાં અશુભની હારમાળા જેવાં કર્મો છે. **।।૫૪।।**

શ્લોક :-

तदङ्गजौ द्वौ च मनीषिबालौ,
जातौ कुमारौ प्रविलेसतुस्तौ ।

दृष्टोऽन्यदा देहवनेऽथ ताभ्यां,
कश्चित्पुमान् पाशकबद्धदेहः ।।५५।।

શ્લોકાર્થ :-

અને તેના મનીષી અને બાલ બે પુત્રો છે. થયેલા કુમાર અવસ્થાવાળા તે બંને વિલાસ કરતા હતા. હવે અન્યદા દેહરૂપી વનમાં તે બંને દ્વારા પાશક બંધના દેહવાળો કોઈક પુરુષ જોવાયો.

શુભકર્મ અને શુભકર્મોની હારમાળાથી જીવ બુદ્ધિમાન થાય છે અને અશુભકર્મોની હારમાળાથી જીવ બાલ થાય છે. તે બંને જીવોએ દેહરૂપી વનમાં કોઈક પુરુષને ગળે ફાંસો ખાતો જોયો અર્થાત્ મરવા તત્પર થયેલ સ્પર્શનને જોયો. **॥૫૫॥**

શ્લોક :-

छित्त्वाऽथ बालेन तदीयपाशं,
पृष्टः स वार्तामसुखस्य तस्य ।
कृच्छ्राज्जगौ मे भवजन्तुरासी-
दाद्यः सुहृत् स्पर्शनसंज्ञकस्य ।।५६।।

શ્લોકાર્થ :-

હવે બાલ વડે તેના પાશને છેદીને તેના અસુખની વાર્તાને તે=સ્પર્શન, પુછાયો. મુશ્કેલીથી કહ્યું. સ્પર્શન સંજ્ઞાવાળા એવા મારો આધ મિત્ર ભવજંતુ હતો.

મરવા પડેલ સ્પર્શનના પાશને છેદીને બાળે મરવાનું કારણ પૂછ્યું. વસ્તુતઃ સ્પર્શન એ અંતરંગ જીવનો પરિણામ છે. કોઈક પુરુષ સ્પર્શનનો નાશ કરીને મોક્ષમાં જાય છે તેનાથી તે જીવને આશ્રયીને સ્પર્શન મરવા માટે તત્પર થાય છે ત્યારે બાળ જીવ તે સ્પર્શન સાથે વાર્તાલાપ કરીને તેને મરવાનું કારણ પૂછે છે. સ્પર્શન મરવાને અત્યંત અભિમુખ પરિણામવાળો છે છતાં બાળના આગ્રહથી કહે છે હું સ્પર્શન છું અને મારો આદ્ય મિત્ર ભવજંતુ હતો. જે અત્યારે મારો મિત્ર રહ્યો નથી. તે આદ્ય મિત્ર કેવો હતો તે હવે બતાવે છે. **॥૫૬॥**

શ્લોક :-

अभून्मयि स्निग्धतरः सदाऽसौ,
चकोरकश्चन्द्र इवानुकूलः ।
प्रतारयामास सदागमस्तं,
भाग्ये कदाचिन्मम मान्द्यभाजि ।।५७।।

શ્લોકાર્થ :-

ચકોરને ચંદ્રની જેમ સદા અનુકૂળ એવો આ=ભવજંતુ, મારામાં સ્નિગ્ધતર હતો. ક્યારેક મંદભાજી એવું મારું ભાગ્ય હોતે છતે તેને=ભવજંતુને સદાગમે ઠગ્યા. ।।૫૭।।

શ્લોક :-

ततः प्रभृत्येष न मन्यते मां,
सदागमस्यैव करोति संगम् ।
बिभर्ति शुद्धोञ्छपरीषहौघ-
जयादिना मत्प्रतिकूलवृत्तिम् ।।५८।।

શ્લોકાર્થ :-

ત્યારથી માંડીને આ=ભવજંતુ મને માનતો નથી. સદાગમનો જ સંગ કરે છે. શુદ્ધ ઉંછ પરિષહના સમૂહના જયાદિ દ્વારા મારી પ્રતિકૂલ વૃત્તિને ધારણ કરે છે.

તે ભવજંતુએ સદાગમનો સંગ કરીને સંયમ ગ્રહણ કર્યું અને શુદ્ધ ભિક્ષાચર્યા દ્વારા મારા પ્રતિકૂલ વર્તે છે પરંતુ અનુકૂલ આહારાદિ આપતો નથી. પરિષહોના સમૂહના જય દ્વારા મને પ્રતિકૂલ વર્તે છે. **।।૫૮।।**

શ્લોક :-

कृतव्यलीकेऽपि न तत्र मेऽभूद्,
विपर्ययः स्नेहविजृम्भितस्य ।

मनागसावप्यनुयाति मां च,
सदागमासन्निहितः कदाचित् ।।५९।।

શ્લોકાર્થ :-

કરાયેલી વિપરીત આચરણાવાળા એવા તેમાં=ભવજંતુમાં, સ્નેહથી વિજૃમ્ભિત એવા મને વિપર્યય થયો નહીં અને સદાગમથી અસન્નિહિત એવો આ=ભવજંતુ પણ ક્યારેક થોડોક મને અનુસરે છે.

સ્પર્શન બાલને કહે છે કે મારી સાથે ભવજંતુએ ઘણી વિપરીત આચરણા કરી તોપણ મને ભવજંતુ પ્રત્યે સ્નેહ ઓછો થયો નથી પરંતુ હંમેશાં ભવજંતુ મને અનુકૂળ થશે તે પ્રકારના પરિણામથી જ હું જીવતો હતો. આમ છતાં તે ભવજંતુ જ્યારે જ્યારે સદાગમના વચનથી વાસિત છે ત્યારે ત્યારે મને પ્રતિકૂળ સેવીને મારા પ્રત્યે અત્યંત અસ્નિગ્ધમનવાળો થતો હતો. ક્યારેક ઉપયોગરૂપે તે ભવજંતુના ચિત્તમાં સદાગમ અસન્નિહિત હોય છે ત્યારે મને થોડોક તે અનુસરે છે. શાતા અર્થે સ્પર્શનને અનુકૂળ ભાવો કરે છે. **॥૫૯॥**

શ્લોક :-

अथान्यदा तेन सदागमस्य,
वचः पुरस्कृत्य कदर्थितोऽहम् ।
यास्याम्यगम्यं भवतः पदं द्राग्,
इतीरयित्वा स जगाम मोक्षम् ।।६०।।

શ્લોકાર્થ :-

હવે અન્યદા તેના વડે=ભવજંતુ વડે, સદાગમનું વચન આગળ કરીને હું=સ્પર્શન, કદર્થના કરાયો. તારા અગમ્ય સ્થાને શીઘ્ર હું જઈશ એ પ્રમાણે બોલીને તે મોક્ષમાં ગયો.

સ્પર્શન બાલને કહે છે – સદાગમ મને શત્રુરૂપે બતાવે છે. તેથી ભવજંતુએ મારી શત્રુરૂપે ઘણી કદર્થના કરી અને જ્યાં હું તેનો પીછો ન કરી શકું તેવા મોક્ષસ્થાનમાં તે ભવજંતુ શીઘ્ર ગયો. **॥૬૦॥**

શ્લોક :-

मित्रस्य तस्याहमसौ वियोगा-
न्मर्तुं प्रवृत्तोऽस्म्यसुखात्ययाय ।
इतीरिते स्पर्शनपूरुषेण,
बालोऽब्रवीत् तं प्रतिबन्धहेतोः ।।६१।।

શ્લોકાર્થ :-

તે મિત્રના વિયોગથી આ હું=સ્પર્શન, અસુખના અત્યય માટે=દુઃખના પરિહાર અર્થે, મરવા માટે પ્રવૃત્ત થયો છું. એ પ્રમાણે સ્પર્શન પુરુષથી કહેવાયે છતે પ્રતિબંધના હેતુથી=સ્પર્શન પ્રત્યેના રાગના હેતુથી, બાલે તેને કહ્યું. શું કહ્યું તે બતાવે છે. ।।૬૧।।

શ્લોક :-

निदर्शनं त्वं किल सज्जनानां,
स दुर्जनानां भवजन्तुरेव ।
प्रतारकाणां च सदागमोऽसा-
विति त्वयि स्नेहपरोऽस्मि बाढम् ।।६२।।

શ્લોકાર્થ :-

ખરેખર તું સજ્જનોનો દૃષ્ટાંત છે. તે ભવજંતુ જ દુર્જનોનો દૃષ્ટાંત છે. આ સદાગમ ઠગનારાઓનો દૃષ્ટાંત છે. એથી તારામાં અત્યંત સ્નેહ પર હું છું.

સ્પર્શનમાં મૂઢ એવા બાળ જીવોને સ્પર્શન જ સજ્જન દેખાય છે; કેમ કે જીવને સુખ આપે છે. અને ભવજંતુ દુર્જન દેખાય છે; કેમ કે પ્રબલ સુખના કારણભૂત એવા પણ સ્પર્શનનો ત્યાગ કરે છે. વળી, સદાગમ ઠગનાર દેખાય છે; કેમ કે હિતકારી એવા સ્પર્શનના સુખથી જીવોને વંચિત કરે છે. આથી જ બાળ જીવો માત્ર ભોગવિલાસને સાર જોનારા હોય છે. તત્ત્વને જોવામાં અત્યંત અંધ હોય છે. **।।૬૨।।**

શ્લોક :-

तेनापि मैत्र्यं प्रतिपन्नमस्य,
विचिन्तयामास पुनर्मनीषी ।
सदागमस्त्याजयितुं यतेत,
हातुं न मित्रं सहजं सुधीश्च ।।६३।।

શ્લોકાર્થ :-

તેના વડે પણ=સ્પર્શન વડે પણ, આનું=બાળનું, મિત્રપણું સ્વીકારાયું. વળી, મનીષીએ વિચાર્યું. સદાગમ સહજ મિત્રને ત્યાગ કરાવવા યત્ન કરે નહીં અને સદાગમ સુંદર બુદ્ધિવાળો છે. ||૬૩||

શ્લોક :-

तत्स्पर्शनोऽयं ननु कूटभाषी,
बालेन बालोचितमेव तेने ।
ध्यात्वैवमेतेन दधौ स मैत्री-
माभासमात्रान्न तु चित्तभावात् ।।६४।।

શ્લોકાર્થ :-

તે કારણથી ખરેખર આ સ્પર્શન કૂટભાષી છે. બાલ વડે બાલઉચિત જ કરાયું. આ પ્રમાણે વિચારીને આની સાથે=સ્પર્શનની સાથે, તેણે= મનીષીએ, આભાસ માત્રથી મૈત્રી ધારણ કરી પરંતુ ચિત્તના ભાવથી નહીં.

મનીષી પદાર્થને જોવામાં બુદ્ધિમાન છે તેથી સ્પર્શનેન્દ્રિય સુખનું કારણ છે પરમ મિત્ર છે તેવું તેને જણાતું નથી. પરંતુ બાળ જીવોને સ્પર્શન સુખનું કારણ જણાય છે તેમ વિચારીને મનીષી સ્પર્શન સાથે પોતાને સંબંધ હોવાથી માત્ર બહિશ્ચર્યાથી તેને અનુકૂળ કંઈક આચરે છે પરંતુ મનીષીનું ચિત્ત સદાગમના વચનમાં જ પ્રવર્તે છે. **||૬૪||**

શ્લોક :-

न्यगादि ताभ्यामिदमाशु पित्रो-
र्वृत्तं पिता प्राह शुभं व्यधायि ।
सदातनः स्पर्शननिर्मितेऽर्थे,
तस्य स्वभावः प्रतिकूलवृत्तिः ।।६५।।

શ્લોકાર્થ :-

તે બંને દ્વારા=બાળ અને મનીષી દ્વારા, આ વૃત્તાંત=સ્પર્શનનો, વૃત્તાંત, માતા-પિતાને શીઘ્ર કહેવાયો. પિતા કહે છે. શુભ કર્યું. સ્પર્શનના નિર્મિતરૂપ અર્થમાં તેનો સ્વભાવ=કર્મનો સ્વભાવ હંમેશાં પ્રતિકૂલ વૃત્તિવાળો છે.

બાળ અને મનીષીએ પોતપોતાનાં માતા-પિતાને પોતે સ્પર્શન સાથે કઈ રીતે સંબંધ સ્વીકાર્યો છે તે કહ્યું. મનીષીના પિતા કર્મવિલાસ રાજા છે અને બાલના પિતા પણ કર્મવિલાસ રાજા છે; કેમ કે બાલ અને મનીષી પોતાનાં કર્મોના વિલાસથી જન્મ્યા છે. અને બાલે જે રીતે સ્પર્શનને પ્રિયમિત્ર સ્વીકાર્યો તે રીતે કર્મવિલાસને કહ્યું અને તેનાં મૂઢતા આપાદક કર્મો હતાં તેથી તે કર્મોએ તે ઉચિત પ્રવૃત્તિ છે તેમ કહ્યું. વળી, મનીષીએ માત્ર બહિશ્ચર્યાથી સ્પર્શનને મિત્રરૂપે સ્વીકારેલ છે તેમ કહ્યું. અને મનીષીનાં ક્ષયોપશમભાવથી યુક્ત કર્મ હતાં તેથી તેનાં કર્મોને મનીષીની પ્રવૃત્તિ ઉચિત જણાય છે. તેથી તે બંનેને પોતપોતાની ભૂમિકા પ્રમાણે શુભ કર્યું છે તેમ પિતા કહે છે. વળી, કર્મવિલાસનો સ્વભાવ છે કે જે સ્પર્શનના નિમિત્તરૂપ અર્થમાં પ્રવર્તે છે તેને હંમેશાં કર્મ પ્રતિકૂળ વર્તે છે તેથી સ્પર્શનને વશ એવા બાલને તેનાં કર્મો હંમેશાં પ્રતિકૂળ વર્તે છે અને મનીષીને તેનાં કર્મો અનુકૂળ વર્તે છે; કેમ કે સ્પર્શનમાં તે ગાઢ આસક્ત નથી. **॥૬૫॥**

શ્લોક :-

ततस्तदासङ्गपरं स बालं,
क्षिप्नुः कुविद्यागहने जहर्ष ।

तद्वर्जनोपायपरं परंतु,
संयोजयिष्यन् गुणधोरणीभिः ।।६६।।

શ્લોકાર્થ :-

તેથી તેના આસંગમાં પર એવા બાલને=સ્પર્શનના આસંગમાં તત્પર એવા બાલને, કુવિદ્યાના ગહનમાં ફેંકતો એવો તે=કર્મવિલાસ રાજા, હર્ષ પામ્યો. પરંતુ તેના વર્જનના ઉપાયમાં પર એવા મનીષીને ગુણના પરંપરાથી સંયોજન કરનારો હર્ષ પામ્યો.

શ્લોક-૬૫માં કહ્યું તેમ કર્મવિલાસની પ્રકૃતિ સ્પર્શનમાં સાસક્ત જીવ પ્રત્યે પ્રતિકૂળ વર્તે છે માટે બાલ સ્પર્શનને અનુકૂળ વર્તે છે તેના કારણે કર્મવિલાસ રાજા તેને વિપર્યાસરૂપ કુવિદ્યાના ગહનમાં નાંખે છે અર્થાત્ ક્લેશો જ તેને સુખરૂપે જણાય તેવી વિપરીત બુદ્ધિ કરે છે. અને મનીષી સ્પર્શન પ્રત્યેની આસકિતને વર્જન કરતો સ્પર્શનના વર્જનના ઉપાયમાં તત્પર છે તેથી તેને ગુણની પરંપરાની સાથે યોજન કરનારો કર્મવિલાસ થાય છે. **II૬૬II**

શ્લોક :-

बालस्य माता तु तुतोष यस्मात्,
सा स्पर्शनाधीननिजेष्टसिद्धिः ।
मनीषिमाता तु बभार खेदं,
स्मृत्वा चिरं तद्विहितव्यलीकम् ।।६७।।

શ્લોકાર્થ :-

વળી, જે કારણથી સ્પર્શનને આધીન પોતાના ઈષ્ટની સિદ્ધિ છે તે કારણથી બાલની તે માતાતોષ પામે છે. વળી તેનાથી વિહિત વ્યલીકનું=સ્પર્શનથી કરાયેલી વિપરીત પ્રવૃત્તિનું, સ્મરણ કરીને મનીષીની માતાએ લાંબો ખેદ ધારણ કર્યો.

બાલની માતા હર્ષિત થાય છે; કેમ કે સ્પર્શનને વશ બાલ થશે તો અશુભકર્મોની હારમાળાની વૃદ્ધિ થશે. મનીષીની માતાને ખેદ થાય છે; કેમ કે જો આ મનીષી સ્પર્શનને વશ થશે તો શુભકર્મોની લક્ષ્મીનો વિનાશ થશે. **II૬૭II**

શ્લોક :-

अरक्तभावं परमङ्‌गजस्या-
नुमाय तस्मिन् धृतिमाप चित्ते ।
मुखस्य नेत्रस्य तथा विकारैः,
पुनर्विकल्पांश्च बहूंश्चकार ।।६८।।

શ્લોકાર્થ :-

પરંતુ પુત્રના અરક્તભાવનું અનુમાન કરીને=સ્પર્શનમાં અનાસક્ત-ભાવનું અનુમાન કરીને, તે ચિત્તમાં=ખેદવાળા ચિત્તમાં, ધૃતિને પામી=મનીષીની માતા કંઈક ધૃતિને પામી અને મુખના, નેત્રના વિકારોથી ફરી ઘણા વિકલ્પો કર્યા.

મનીષીની માતાએ જોયું કે મનીષી સ્પર્શનમાં આસક્ત નથી તેથી સ્પર્શનના સંગને કારણે મનીષીની માતાને જે ખેદ થયેલો તેવા પણ ચિત્તમાં કંઈક ધૃતિ આવી; કેમ કે મનીષી સ્પર્શનમાં ગાઢ આસક્ત નથી. તેથી પોતાનો વિનાશ થવાનું કારણ મનીષી થશે નહીં તેમ જણાયું. તોપણ મનીષીની માતા જે શુભકર્મોની લક્ષ્મી છે તેના મનમાં ઘણા વિકારો અને વિકલ્પો થાય છે; કેમ કે તેને જણાય છે કે જો સ્પર્શનના સંગથી આ મનીષી પલટાઈ જશે તો હું તેની માતા રહીશ નહીં. પરંતુ મારો જ તે વિનાશ કરશે. તેથી ક્યારે શું થશે ? તેનો કોઈ નિર્ણય નહીં થવાથી ક્યારેક તે હર્ષિત થાય છે કે ક્યારેક શોકાતુર થાય છે. જ્યારે જ્યારે મનીષી સ્પર્શનને સ્પષ્ટ જાણીને વિમુખ રહે છે ત્યારે તે જોઈને તેની માતા હર્ષિત થાય છે જ્યારે સ્પર્શનની કંઈક પ્રીતિ મનીષીના ચિત્તને સ્પર્શે છે ત્યારે મનીષીની માતાને શોક થાય છે; કેમ કે મનીષી પણ સ્પર્શનને વશ થઈને બાલ જેવો થઈ શકે છે તેથી ક્યારેક મારા વિનાશનું જ કારણ બનશે એ પ્રકારના ભયથી મનીષીનાં શુભ કર્મોરૂપ તેની માતા અનેક વિકલ્પો કરે છે. **||૬૮||**

શ્લોક :-

बालस्ततः स्पर्शनबद्धरागो,
हृदा सदाऽऽस्ते चकितो मनीषी ।

सुखं न विश्रम्भविनाकृतं स्यादि-
दित्यङ्गरक्षं स जगाद बोधम् ।।६९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સ્પર્શનમાં બદ્ધ રાગવાળો બાલ હૃદયથી સદા ચકિત રહે છે. તેણે=મનીષીએ વિશ્વાસ વગર કરાયેલું સુખ થાય નહીં એથી અંગરક્ષક એવા બોધને કહ્યું. ।।૬૯।।

શ્લોક :-

त्वयाऽस्य कार्याऽनघमूलशुद्धि-
र्यथा भवेन्मे वितथोऽवभासः ।
तेनाथ मुक्तः प्रणिधिः प्रभावो,
भ्रान्त्वा स देशानवदत् समेतः ।।७०।।

શ્લોકાર્થ :-

તારા વડે=બોધ વડે આની=સ્પર્શનની, નિર્દોષ મૂલશુદ્ધિ કરવી જોઈએ. જે પ્રમાણે મને અવિતથ અવભાસ થાય. હવે તેના વડે=બોધ વડે, પ્રભાવ નામનો પ્રણિધિ મુકાયો, દેશોથી ભમીને બોલ્યો. ।।૭૦।।

શ્લોક :-

बाह्येषु देशेषु मया प्रवृत्तिर्नाप्ता गतेनेति गतोऽन्तरङ्गे ।
देशे महापातकसद्म तत्र, दृष्टं पुरं राजसचित्तनाम ।।७१।।

શ્લોકાર્થ :-

બાહ્ય દેશોમાં ગયેલા એવા મારા વડે પ્રવૃત્તિ પ્રાપ્ત થઈ નહીં=સ્પર્શનની પ્રવૃત્તિ પ્રાપ્ત થઈ નહીં. એથી અંતરંગ દેશમાં ગયો. ત્યાં=અંતરંગ દેશમાં મહાપાતકનું સ્થાન રાજસચિત્ત નામનું પુર જોવાયું એમ અંગરક્ષકે કહ્યું.

બાળને સ્પર્શનનું સુખ જ સુખ દેખાય છે તેથી તે હૃદયમાં સ્પર્શનના સુખથી

સદા હર્ષિત રહે છે. મનીષીને સ્પર્શનના શબ્દમાં વિશ્વાસ ન હતો તેથી મનીષી વિચારે છે કે સ્પર્શન વિશ્વસનીય છે કે નહીં. તેવો નિર્ણય કર્યા વગર સ્પર્શનથી સુખ થાય નહીં. તેથી મનીષી પોતાના બોધરૂપ અંગરક્ષકને કહે છે=બુદ્ધિમાન પુરુષમાં જે માર્ગાનુસારી બોધ છે તેને કહે છે. તું સ્પર્શનની મૂળશુદ્ધિ કર. તેથી મનીષીમાં વર્તતો બોધ પોતાનામાં વર્તતા પદાર્થના નિર્ણય કરવાના પ્રભાવને વ્યાપારવાળો કરે છે અર્થાત્ બોધનો નિર્ણય કરવાનો પ્રભાવ છે તે બોધની શક્તિ છે અને મનીષીના આત્માનો રક્ષક બોધ છે તે બોધના આદેશથી પ્રભાવ પ્રથમ બાહ્ય દેશોમાં સ્પર્શનની મૂલશુદ્ધિનું અવલોકન કરે છે. બાહ્ય દેશોમાં વિવિધ નગરો દેખાય છે. પરંતુ સ્પર્શનની કંઈ શુદ્ધિપ્રાપ્તિ થતી નથી. તેથી બુદ્ધિમાન પુરુષના બોધનો પ્રભાવ અંતરંગ દુનિયામાં અવલોકન કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે તેને મહાપાપનું સ્થાન એવું રાજસચિત્તનગર દેખાય છે. **॥૭૧॥**

શ્લોક :-

अश्रेयसां राजपथः पृथूनां,
कल्याणमार्गाचलवज्रपातः ।
लुण्टाकचूडामणिरुग्रवीर्य-
स्तत्रेक्षितो रागमृगेन्द्रराजः ।।७२।।

શ્લોકાર્થ :-

વળી તે રાજસચિત્ત કેવું છે ? તે બતાવે છે – વિસ્તારવાળા અશ્રેયનું રાજપથ, કલ્યાણમાર્ગરૂપ પર્વત માટે વજ્રપાત છે. ત્યાં=તે રાજસચિત્ત-નગરમાં લુટારાઓનો ચૂડામણિ ઉગ્ર વીર્યવાળો રાગકેસરી રાજા જોવાયો.

તે રાજસચિત્તનગર વિસ્તારવાળા અકલ્યાણનો રાજમાર્ગ છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે સંપૂર્ણ શ્રેયઃ મોક્ષમાર્ગ છે અને જેઓ મોક્ષમાં ગયા નથી તેઓ યોગમાર્ગમાં જઈ રહ્યા છે. તેઓમાં રાગ વર્તે છે પરંતુ તે ક્ષીણ થતો હોવાથી નવા નવા જન્મના કારણ થવારૂપ કંઈક અશ્રેયઃનો માર્ગ છે. વળી જે જીવોમાં પ્રચુર રાગ વર્તે છે તેઓને વિસ્તૃત અકલ્યાણની પ્રાપ્તિ થાય છે અને કોઈ યોગ્ય જીવો કલ્યાણમાર્ગમાં ચઢેલા હોય તેનો નાશ કરવામાં વજ્રપાત જેવો રાગ છે

આથી જ રાગને વશ થઈને મુનિઓ પણ નરકમાં અને દુર્ગતિઓમાં જાય છે. વળી તે રાગનો પરિણામ ઉપયોગરૂપે વર્તે છે તે રાજસચિત્તનગરમાં વર્તતો રાગકેસરી રાજા છે અને તે લુટારાઓમાં ચૂડામણિ છે; કેમ કે જીવની ગુણસંપત્તિને નાશ કરનાર રાગકેસરી રાજા છે. **॥૭૨॥**

શ્લોક :-

परानपेक्षोऽभिमतप्रवृत्तौ,
जगद्वशीकर्तुमलम्भविष्णुः ।
पापप्रकाशे पटुधीरमात्यो,
दृष्टोऽस्य जिष्णुर्विषयाभिलाषः ।।७३।।

શ્લોકાર્થ :-

અભિમત પ્રવૃત્તિમાં=રાગકેસરી રાજાને અભિમત એવા ભોગવિલાસ આદિ પ્રવૃત્તિમાં પરની અપેક્ષા વગરનો, જગતને વશ કરવા માટે અત્યંત સમર્થ, પાપના પ્રકાશમાં પટુ બુદ્ધિવાળો, જીતવાની ઈચ્છાવાળો=જગતને જીતવાની ઈચ્છાવાળો, આનો=રાગકેસરી રાજાનો, વિષયાભિલાષ મંત્રી જોવાયો.

વિષયોની અભિલાષા જ્યારે જીવમાં ઊઠે છે ત્યારે કોઈની અપેક્ષા રાખ્યા વગર જીવ તે વિષયમાં પ્રવૃત્તિ કરે છે. આથી જ કામને અંધ થયેલો જીવ ભાવિના અનર્થનો વિચાર કર્યા વગર કે તત્કાલ અનર્થની સંભાવનાનો વિચાર કર્યા વગર પ્રવર્તે છે. વળી, આ વિષયાભિલાષ જગતના જીવોને વશ કરવામાં અત્યંત સમર્થ છે અને જીવમાં સર્વ પ્રકારનાં હિંસાદિ પાપો પ્રગટ કરવા માટે પટુ બુદ્ધિવાળો છે. જે રાગકેસરીનો મંત્રી છે. **॥૭૩॥**

શ્લોક :-

अत्रान्तरे च ध्वनदध्वकर्षि,
मिथ्याभिमानादिरथप्रथाढ्यम् ।
गर्जन्ममत्वादिगजं प्रधाव-
दसंयमाद्युद्धतवाजिराजि ।।७४।।

मदातिरेकोत्सुकचापलादि-
पदातिकन्दर्पकृताग्रयानम् ।
विलासहासादिविचित्रतूर्य-
कोलाहलं तन्मिलितं बलं द्राग् ।।७५।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

અને એટલામાં=પ્રભાવ અંતરંગ દુનિયામાં રાજસચિત્તનગરમાં રાગ-કેસરી રાજા, વિષયાભિલાષ મંત્રીને જુએ છે એટલામાં, તેનું=રાગકેસરી રાજાનું, શીઘ્ર બળ એકઠું થયું. જે કેવું છે ? તે બતાવે છે – ધ્વનિ કરતા માર્ગમાં આકર્ષાતું મિથ્યાભિમાન રથના સમૂહથી યુક્ત હતું. ગાજતા મમત્વાદિ રૂપ હાથીવાળું હતું. દોડતા અસંયમ આદિ ઉદ્ધત ઘોડાઓના સમૂહવાળું હતું.

મદના અતિરેકથી ઉત્સુક ચાપલાદિ સૈનિકોના કંદર્પથી કરાયેલા અગ્રયાનવાળું તે બળ હતું. વિલાસ, હાસ્યાદિ વિચિત્ર તૂર્યના કોલાહલવાળું તે સૈન્ય શીઘ્ર એકઠું થયું. ।।૭૪-૭૫।।

શ્લોક :-

पृष्टोऽत्र हेतुं पुरुषो विपाको,
निर्बन्धबद्धो निजगाद मन्त्री ।
स्वमानुषाणि प्रजिघाय पञ्च,
प्राक् स्पर्शनादीनि जगद्विजेतुम् ।।७६।।

શ્લોકાર્થ :-

અહીં=રાજસચિત્તનગરમાં, પ્રભાવે જે જોયું એમાં, વિપાક નામનો પુરુષ પુછાયો. નિર્બંધ બદ્ધ એવો વિપાક બોલ્યો. મંત્રીએ=વિષયાભિલાષ-મંત્રીએ, પોતાના સ્પર્શન આદિ પાંચ પુરુષોને જગતને જીતવા માટે પૂર્વમાં મોકલ્યા છે.

મનીષીના બોધમાં જે પ્રભાવ છે એનાથી મનીષી તત્ત્વનો નિર્ણય કરે છે. તે

પ્રભાવ કર્મના વિપાકને જોઈને નિર્ણય કરે છે કે સંસારમાં વિષયાભિલાષે સ્પર્શન આદિ પાંચ મનુષ્યોને જગતને જીતવા માટે મોકલ્યા છે; કેમ કે કર્મના વિપાકને જોવાથી જણાય છે કે સંસારી જીવોને કર્મના ઉદયથી સ્પર્શનાદિ પાંચ ઇન્દ્રિયો મળી છે અને તેને વશ થઈને જગતના જીવો કર્મથી મુક્ત થવા અસમર્થ બને છે. **॥૭૬॥**

શ્લોક :-

काष्ठा परा साहसिकाग्रिमाणां,
दुर्दान्तवर्गस्य निदर्शनं च ।
अवार्यधैर्याणि परं परीक्षा-
स्थानं ध्रुवं तानि च वञ्चकानाम् ।।७७।।

શ્લોકાર્થ :-

સાહસિક અગ્રિમોની પરાકાષ્ઠા સ્પર્શન આદિ પાંચ છે. દુર્દાંત વર્ગનું નિદર્શન છે=દુર્દાંત જેટલા પદાર્થો છે તે સર્વેનું દૃષ્ટાંત પાંચ ઈન્દ્રિયો છે. વંચકોની અવાર્યધૈર્યવાળી એવી તે=ઈન્દ્રિયો, ધ્રુવ પ્રકૃષ્ટ પરીક્ષાનું સ્થાન છે.

જગતમાં જેટલા સાહસિકમાં અગ્ર છે તેઓની પરાકાષ્ઠા જેવી પાંચ ઇન્દ્રિયો છે; કેમ કે ઇન્દ્રિયોને વશ થયેલા જીવો નરકની કારમી યાતનાઓની ચિંતા કર્યા વગર સર્વ પાપો કરે છે. જેમ સાહસિક પુરુષ મૃત્યુને ગણકાર્યા વગર પોતાના ઇષ્ટને પ્રાપ્ત કરવા તત્પર થાય છે તેમ ઇન્દ્રિયોને વશ જીવો અનંત મૃત્યુને ગણકાર્યા વગર પોતાના ઇષ્ટ વિષયોમાં લુબ્ધ બને છે માટે ઇન્દ્રિયો સાહસિકના અગ્રણીઓમાં પરાકાષ્ઠાવાળી છે. વળી જગતમાં નાના બાળકોને દમન કરવું દુષ્કર હોય છે. અત્યંત ક્લિષ્ટ શત્રુને દમન કરવું દુષ્કર હોય છે તે સર્વ દુર્દાંતના સમૂહનું દૃષ્ટાંત ઇન્દ્રિયો છે; કેમ કે મહાપ્રયાસથી યોગીઓ જેને દમન કરે છે તેઓની પણ ઇન્દ્રિયો નિમિત્તને પામીને કોલાહલ કરે છે અને જીવને પાતને અભિમુખ કરે છે. વળી, જેઓ આત્માની વંચના કરે છે તેઓની ઇન્દ્રિયો અવાર્ય ધૈર્યવાળી છે; કેમ કે મહાયત્ન કરીને યોગીએ ઇન્દ્રિયોને વારણ

કરેલી હોય, યોગમાર્ગની સાધના કરતા હોય છતાં કોઈ નિમિત્તને પામીને યોગીનો જીવ આત્મવંચના કરે ત્યારે વારણ ન થઈ શકે તેવા ધૈર્યપૂર્વક ઇન્દ્રિયો તે જીવ ઉપર આક્રમણ કરે છે તેથી તે ઇન્દ્રિયો પોતાના જીવનમાં આક્રમણ કરશે કે નહીં તેની પ્રકૃષ્ટ પરીક્ષાનું સ્થાન વિવેકી પુરુષ માટે પાંચ ઇન્દ્રિયો છે. **॥૭૭॥**

શ્લોક :-

जगज्जितप्रायममीभिरुच्चै-
रत्रान्तरे तानभिभूय चौरः ।
सन्तोषनामा कतिचित् प्रसह्य,
मुक्तौ नगर्यां मनुजान्निनाय ।।७८।।

શ્લોકાર્થ :-

પ્રાયઃ આના દ્વારા=પાંચ ઈન્દ્રિયો દ્વારા, અત્યંત જગત્ જિતપ્રાયઃ છે=જગતના જીવો રાગને વશ થયા છે. એટલામાં=જગતને ઈન્દ્રિયોએ વશ કર્યું છે એટલામાં, તેઓનો અભિભવ કરીને=પાંચ ઈન્દ્રિયોનો અભિભવ કરીને, સંતોષ નામનો ચોર કેટલાક મનુષ્યોને બળાત્કારે મુક્તિનગરીમાં લઈ ગયો. ।।૭૮।।

શ્લોક :-

श्रुत्वेति संतोषजयाय राजा,
प्रगल्भतेऽसौ परिवारयुक्तः ।
पराभवं स्वस्य भटाः पदाते-
स्तेजोऽभिरामाः कतमे सहन्ते ।।७९।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે સાંભળીને=સંતોષ ચોર કેટલાક મનુષ્યોને મુક્તિનગરીમાં લઈ ગયો છે એ પ્રમાણે સાંભળીને, સંતોષના જય માટે પરિવારયુક્ત એવો આ રાજા=રાગકેસરી રાજા, તત્પર થયેલ છે. પદાતિના તેજમાં અભિરામ એવા કયા ભટો=સૈનિકો, પોતાના પરાભવને સહન કરે ?

વિપાકે પ્રભાવને કહ્યું કે સંતોષના જય માટે રાજા તત્પર થયો છે અને આ સુભટો પોતાનો પરાભવ સહન કરતા નથી. તેથી લડવા માટે ગાજી રહ્યા છે તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવો સંતોષના બળથી મોક્ષમાં ગયા છે તેઓને તો રાગકેસરીનું સૈન્ય સંસારમાં લાવી શકે તેમ નથી પરંતુ જે જીવો કંઈક સંતોષને અનુસરનારા થયા છે અને ભવમાર્ગથી પર થવા તત્પર થયા છે તે જીવમાં સદાગમના વચનથી કંઈક કંઈક સંતોષ પ્રગટે છે તે વખતે તે જીવોનાં કર્મો અને અંતરંગ રાગના પરિણામો કોલાહલ કરીને સંતોષથી તે જીવને છોડાવવા માટે તત્પર થયા છે. આથી જ સંતોષના બળથી મોક્ષમાં જવાને અભિમુખ થયેલા હોવા છતાં જેઓના ચિત્તમાં કષાયોનો કોલાહલ ઉત્પન્ન થયો છે તેઓ ફરી રાગને વશ સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરે છે જેમ સાવદ્યાચાર્ય. **॥૭૯॥**

શ્લોક :-

नन्तुं महामोहनृपस्य पाद-
मूलं गतोऽसौ स्वपितुर्नृपोऽथ ।
दृष्टः स तेनासमलम्बमान-
रजस्तमोभ्रूयुगलाभिरामः ।।८०।।
सितास्मितास्म(श्म)श्रुधरः प्रकम्प्रा-
विद्याजराजीर्णशरीरयष्टिः ।
विशालतृष्णाभिधवेदिकायां,
महाविपर्याससुविष्टरस्थः ।।८१।।युग्मम् ।।

શ્લોકાર્થ :-

પોતાના પિતા મહામોહ રાજાના ચરણકમલને નમસ્કાર કરવા અર્થે હવે આ રાજા=રાગકેસરી રાજા, ગયો. અસમાન લંબાયમાન એવા રાગ અને તમરૂપી ભ્રૂકુટિના યુગલથી શોભતો, શ્વેત અસ્મિતારૂપી દાઢીને ધારણ કરનારો, પ્રકંપ પામતો, અવિદ્યારૂપી જરાથી જીર્ણ શરીરની યષ્ટિવાળો, વિશાલ તૃષ્ણા નામની વેદિકામાં, મહાવિપર્યાસરૂપ સુવિષ્ટરમાં રહેલો તે=મહામોહ રાજા, તેના વડે=રાગકેસરી વડે, જોવાયો.

યુદ્ધ કરવા માટે મહામોહના આશીર્વાદ લઈને રાગકેસરી નીકળે છે આથી જ જે જીવો યોગમાર્ગમાં તત્પર થયેલા છે, સંતોષ દ્વારા મોક્ષપથમાં પ્રસ્થાન કરાવાયા છે તેઓને પછાડવા અર્થે રાગકેસરી મહામોહના આશીર્વાદનું અવલંબન લઈને નીકળે છે અને તે મહામોહ કેવા સ્વરૂપવાળો છે તે પ્રસ્તુત શ્લોકમાં બતાવેલ છે. **॥૮૦-૮૧॥**

શ્લોક :-

पृष्टं शरीरे कुशलं नतेन,
प्रोक्ता च तेन प्रकृतप्रवृत्तिः ।
जगौ महामोहनृपोऽथ युक्तो,
ममैव वृद्धस्य रणाभियोगः ।।८२।।

શ્લોકાર્થ :-

નમેલા એવા રાગકેસરી વડે શરીર વિષયક=મહામોહના શરીર વિષયક, કુશલ પુછાયું અને તેના વડે=રાગકેસરી વડે, પ્રકૃતપ્રવૃત્તિ કહેવાઈ=સંતોષને જીતવા માટે અમે જઈએ છીએ એ પ્રકારની પ્રકૃતપ્રવૃત્તિ કહેવાઈ. હવે મહામોહ રાજા બોલ્યો. વૃદ્ધ એવા મને જ રણનો અભિયોગ=યુદ્ધની પ્રવૃત્તિ, યુક્ત છે. ॥૮૨॥

શ્લોક :-

यशःप्रवाहेन रणे हि धीराः,
प्रक्षालिताशक्तिकलङ्कपङ्काः ।
दीप्तिं परां यान्ति धनुर्भृतस्तत्,
प्रस्थानमस्थानसुखं ममेदम् ।।८३।।
इदं महामोहनृपोऽभिधाय,
रागादियुक्तश्चलितो रणाय ।
कोलाहलोऽयं तदिति प्रतीहि,
गच्छाम्यहं चाग्रबले नियुक्तः ।।८४।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, ધીર પુરુષો રણમાં યશના પ્રવાહથી, પ્રક્ષાલિત અશક્તિના કલંકના પંકવાળા, ધનુષ્યને ધારણ કરનારા પરા દીપ્તિને પામે છે, તે કારણથી મારું આ પ્રસ્થાન=સંતોષને જીતવા માટેનું પ્રસ્થાન, અસ્થાનસુખ છે=અત્યંત સુખ છે. આ પ્રમાણે કહીને=શ્લોક-૮૩માં કહ્યું એ પ્રમાણે કહીને, મહામોહ રાજા રાગાદિથી યુક્ત રણ માટે=યુદ્ધ માટે, ચાલ્યો. તે કારણથી આ કોલાહલ છે તે પ્રમાણે તું જાણ=વિપાકે પ્રભાવને કહ્યું કે તે પ્રમાણે તું જાણ. અને અગ્રબલમાં નિયુક્ત એવો હું=મોહના સૈન્યમાં અગ્રભાગમાં નિયુક્ત એવો વિપાક, જાઉં છું.

જે જીવોમાં સંતોષને અભિમુખ પરિણામ થયો છે તે જીવોમાં સૌપ્રથમ કર્મનો વિપાક આવે છે તેથી વિપાક મહામોહના સૈન્યમાં અગ્રભાગમાં નિયુક્ત છે અને કર્મનો વિપાક આવ્યા પછી સદાગમના વચનથી તે જીવ જાગૃત થઈ જાય તો મહામોહના સૈન્યનો કોલાહલ થતો નથી. પરંતુ સંતોષના બળથી તે મહાત્મા ફરી મોક્ષને અભિમુખ પ્રયાણ કરે છે. અને જે જીવોમાં સંતોષને અભિમુખ કંઈક પરિણામ થયો છે કર્મનો વિપાક ઉદયમાં આવે છે તેથી કોઈક કષાયને પરવશ થઈને તે પાતને અભિમુખ થાય છે. તરત રાગનો પરિણામ, મહામોહનો પરિણામ અન્ય સર્વ ક્લેશ આપાદકભાવો જીવમાં ઉલ્લસિત થાય તો તે જીવ ફરી દુરંત સંસારમાં જઈને પડે છે તેથી તે જીવને આશ્રયીને તત્કાલ મહામોહના સૈન્યનો વિજય થાય છે. **॥૮૩-૮૪॥**

શ્લોક :-

लब्ध्वा ततः स्पर्शनमूलशुद्धिं,
समागतोऽहं भवतः समीपम् ।
सतोषमाकर्ण्य सदागमस्य,
स्थाने तु वर्ते हृदि संशयालुः ।।८५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=વિપાકના પાસેથી પ્રભાવને પાંચ ઈન્દ્રિયોની માહિતી મળી

ત્યારપછી, સ્પર્શનની મૂલશુદ્ધિને પામીને હું=પ્રભાવ, તમારી સમીપે=બોધની સમીપે આવ્યો છું. સદાગમના સ્થાને સંતોષને સાંભળીને હૃદયમાં હું=પ્રભાવ, સંશયાલુ વર્તું છું. ॥૮૫॥

શ્લોક :-

इदं निशम्यैव जगाम बोधः,
सह प्रभावेण मनीषिपार्श्वे ।
वृत्तान्तमाचष्ट यथोपनीतं,
तुष्टिं च पुष्टिं ययौ ततोऽसौ ।।८६।।

શ્લોકાર્થ :-

આ સાંભળીને જ પ્રભાવ સહિત મનીષી પાસે બોધ ગયો. જે પ્રમાણે ઉપનીત વૃત્તાંત તેણે કહ્યું=પ્રભાવે જે પ્રમાણે પોતે ગવેષણા કરીને પ્રાપ્ત કરેલું વૃત્તાંત હતું તે પ્રમાણે તે વૃત્તાંત કહ્યું. તેથી=પ્રભાવે પ્રાપ્ત કરેલું વૃત્તાંત મનીષીને કહ્યું તેથી, આ=મનીષી તુષ્ટિ અને પુષ્ટિને પામ્યો.

પ્રભાવ સ્પર્શનની મૂલશુદ્ધિને લઈને બોધ પાસે આવે છે અને બોધને તે સર્વ નિવેદન કરે છે તેથી સ્પર્શન પાસેથી સદાગમને કારણે ભવજંતુ મુક્ત થયેલો તેમ સાંભળેલું. અને વિપાક પાસેથી સંતોષને કારણે ભવજંતુ મુક્ત થયો તેમ સાંભળવા મળ્યું. તેથી સંશય થાય છે. વસ્તુતઃ સ્પર્શનેન્દ્રિયને જણાય છે કે જ્યારથી આ ભવજંતુ સદાગમનું સાંભળે છે ત્યારથી મને પ્રતિકૂળ આચરે છે તે બતાવવા માટે સ્પર્શેનેન્દ્રિયે સદાગમથી ભવજંતુ મોક્ષમાં ગયેલ તેમ કહેલ અને પ્રભાવે વિપાકથી ગવેષણા કરી ત્યારે તેને જણાયું કે જીવ જ્યારે સંતોષને અભિમુખ થાય છે ત્યારે કર્મોથી મુક્ત થવાને અભિમુખ બને છે તેથી તે જીવમાં વર્તતા સંતોષનો નાશ કરવા અર્થે મોહના સૈન્યનો હુમલો થાય છે. આ બે વચનો સાપેક્ષ હોવા છતાં મનીષીના બોધથી તેનો નિર્ણય થયો નહીં. તેથી બોધમાં તે સ્થાનમાં સંશય વર્તે છે. અને સ્પર્શનની મૂલશુદ્ધિને કારણે મનીષી હર્ષિત થાય છે. **॥૮૬॥**

શ્લોક :-

पृष्टोऽन्यदा स्पर्शन एव तेन,
सदागमेनैव कदर्थितस्त्वम् ।
स प्राह वाचैव स मेऽपकारी,
व्यापार्य सन्तोषमतीवदुष्टम् ।।८७।।

શ્લોકાર્થ :-

અન્યદા તેના વડે=મનીષી વડે, સ્પર્શન જ પુછાયો. તું સદાગમથી જ કદર્થિત થયો છે. તે કહે છે=સ્પર્શન કહે છે. વાણીથી જ તે=સદાગમ, મારો અપકારી છે. વ્યાપારને આશ્રયીને સંતોષ અત્યંત દુષ્ટ છે.

પૂર્વમાં મનીષીના બોધને સંશય થયેલો કે સદાગમથી ભવજંતુ મુકાયો કે સંતોષથી. તેથી પોતાનામાં વર્તતા સ્પર્શનના પરિણામની સાથે સમ્યક્ પર્યાલોચન કરીને તેના પરમાર્થને જાણવા માટે મનીષી યત્ન કરે છે ત્યારે મનીષીને જણાય છે કે વાણીથી સદાગમ સ્પર્શનને અપકારી છે; કેમ કે સદાગમ આત્મિકસુખને પારમાર્થિકસુખરૂપે બતાવે છે. અને વિકારીસુખને જીવની વિડંબનારૂપે બતાવે છે, તેથી તેના ઉપદેશને સાંભળીને જીવો સ્પર્શનનો અનાદર કરે છે. તેથી સદાગમ વાણીથી જ અપકારી છે. જ્યારે જીવમાં વર્તતો અનિચ્છાના પરિણામરૂપ સંતોષ વ્યાપારને આશ્રયીને સ્પર્શન પ્રત્યે દુષ્ટ છે; કેમ કે જીવને જ્યારે અનિચ્છાનો પરિણામ થાય છે ત્યારે ઇન્દ્રિયોને અનુકૂળ ભાવોમાં સુખની બુદ્ધિ જ થતી નથી. જેથી તે જીવો સ્પર્શનેન્દ્રિયને અનુકૂળ ભાવોમાં યત્ન કરતા નથી પરંતુ અનિચ્છાના પરિણામમાં જ તેઓને સુખની બુદ્ધિ થાય છે તેથી અનિચ્છાની વૃદ્ધિમાં જ યત્ન કરે છે. તેથી સંતોષ વ્યાપારને આશ્રયીને સ્પર્શન પ્રત્યે અનર્થકારી છે. **॥૮૭॥**

શ્લોક :-

अथास्तशङ्को विषयाभिलाष-
भृत्यं जगद्वञ्चनसावधानम् ।

जानन्नसौ स्पर्शनमन्वतिष्ठत्,
स्वार्थाय विश्रम्भमनेन बाह्यम् ।।८८।।

શ્લોકાર્થ :-

હવે જગતના વંચનમાં સાવધાન એવા વિષયાભિલાષના સેવક એવા સ્પર્શનને જાણતો, અસ્ત શંકાવાળો આ=સ્પર્શને ખુલાસો કર્યો કે સદાગમ વાણીથી અપકારી છે અને સંતોષ વ્યાપારથી અપકારી છે એ સાંભળીને અસ્ત શંકાવાળો આ મનીષી, સ્વાર્થ માટે આની સાથે=સ્પર્શનની સાથે, બાહ્ય વિશ્વાસને ધારણ કરતો રહ્યો.

સ્પર્શનના અવલોકન દ્વારા મનીષીને નિર્ણય થયો કે વાણીથી સ્પર્શનનો અપકારી સદાગમ છે અને વ્યાપારથી સંતોષ અપકારી છે તેથી નક્કી થયું કે જીવમાં વર્તતો વિષયાભિલાષનો પરિણામ છે તે સ્પર્શન દ્વારા જગતને ઠગવા માટે પ્રવર્તે છે છતાં જ્યાં સુધી પોતે સંતોષની પરાકાષ્ઠાને પામે નહીં ત્યાં સુધી બાહ્યથી સ્પર્શનને કંઈક અનુકૂળ વર્તન કરવું ઉચિત છે જ્યારે સર્વવિરતિની શક્તિનો સંચય થાય ત્યારે સ્પર્શનનો અત્યંત તિરસ્કાર કરવો ઉચિત છે. એ પ્રકારે વિચારીને ગૃહસ્થ અવસ્થામાં કંઈક સ્પર્શનને અનુકૂળ બાહ્ય આચરણા કરે છે. ॥૮૮॥

શ્લોક :-

अथान्यदा देहमनुप्रविश्य,
बालस्य बाढं निजयोगशक्त्या ।
स स्पर्शनोऽवाच्यरसानुविद्धां,
वाञ्छां मृदुस्पर्शगतां वितेने ।।८९।।

શ્લોકાર્થ :-

હવે, અન્યદા બાલના દેહમાં અનુપ્રવેશ કરીને અત્યંત પોતાની યોગશક્તિથી તે સ્પર્શન અવાચ્યરસથી અનુવિદ્ધ એવી મૃદુસ્પર્શ વિષયક વાંછાને વિસ્તારે છે.

બાલ જીવ અત્યંત મૂઢ છે તેથી દેહ અને ઇન્દ્રિયો સાથે પોતાનો અત્યંત

અભેદ છે એમ માને છે, તેથી સ્પર્શેન્દ્રિય તેના સુખનું સાધન છે તેવી બુદ્ધિ છે તેથી મિત્રની જેમ સ્પર્શનને જુએ છે અને જ્યારે તે સ્પર્શન બાલ જીવના મતિજ્ઞાનના ઉપયોગમાં મૃદુસ્પર્શની ઇચ્છા કરે છે ત્યારે બાલના મતિજ્ઞાનરૂપ દેહમાં પ્રવેશ કરીને પોતાની અદ્ભુત શક્તિથી બાલને મૃદુસ્પર્શગત ઇચ્છાઓ ઉત્પન્ન કરે છે, જે શબ્દોથી ન કહી શકાય તેવા કામના રસથી અનુવિદ્ધ વાંછા સ્વરૂપ છે અને તે વાંછા બાલના મતિજ્ઞાનના ઉપયોગમાં વ્યક્ત વર્તે છે જેને વશ થઈને સર્વ પ્રકારની સ્પર્શેન્દ્રિયની પ્રવૃત્તિ બાલ જીવ કરે છે. **॥૮૯॥**

શ્લોક :-

मनीषिणस्त्वेष तथा न चक्रे,
स्वभावभेदाकलनाद् विकारम् ।
दाहावहो भस्मकवज्जनानां,
लौल्यं हि दोषो न धृतिस्तु भोगे ।।९०।।

શ્લોકાર્થ :-

વળી આ=સ્પર્શન, મનીષીને તે પ્રકારે=જે પ્રકારે બાલને વાંછા ઉત્પન્ન કરે છે તે પ્રકારે, વિકારને કરતો નથી; કેમ કે સ્વભાવભેદનું આકલન છે=સ્પર્શન બાલના અને મનીષીના સ્વભાવભેદને જાણે છે. हि=જે કારણથી, ભસ્મકવાળા જીવોનું લૌલ્ય દાહને લાવનારો દોષ છે, વળી, ભોગમાં ધૃતિ નથી.

સ્પર્શેન્દ્રિય મનીષીના ચિત્તના સ્વભાવને અને બાલના સ્વભાવના ભેદને જાણે છે તેથી જે પ્રકારે બાલને મૃદુસ્પર્શની ઇચ્છા થઈ તેવી ઇચ્છા સ્પર્શેન્દ્રિય મનીષીના ચિત્તમાં પ્રવેશીને પણ પ્રગટ કરતો નથી; કેમ કે ભસ્મક રોગવાળા જીવોના લૌલ્ય જેવો દાહને લાવનારો દોષ બાલમાં છે તેથી બાલને ભોગમાં ધૃતિ થતી નથી પરંતુ સતત ભોગની લાલસા વધે છે. **॥૯૦॥**

શ્લોક :-

प्रदर्शिता द्यौर्भवता ममेति,
बालस्य वाचा स दधौ प्रमोदम् ।

मनीषिणस्त्वस्वरसां निशम्य,

ह्रीणस्तदानीमुपचारवाचम् ।।९१।।

શ્લોકાર્થ :-

તારા વડે=સ્પર્શન વડે, મને સ્વર્ગ બતાવાયું, એ પ્રમાણે બાલની વાણીથી તે=સ્પર્શન, પ્રમોદને પામ્યો, વળી, ત્યારે મનીષીની અસ્વરસવાળી ઉપચારવાણીને સાંભળીને લજ્જા પામ્યો. ।।૯૧।।

શ્લોક :-

निशम्य बालस्य तुतोष माता,

विजृम्भितं स्पर्शनयोगशक्तेः ।

मनीषिणः खेदमियाय किन्तु,

माध्यस्थ्यमालक्ष्य शुशोच नोच्चैः ।।९२।।

શ્લોકાર્થ :-

સ્પર્શનની યોગશક્તિનું વિલસિત સાંભળીને બાલની માતા તોષ પામી, પરંતુ મનીષીની માતા ખેદને પામી, માધ્યસ્થને જોઈને અત્યંત શોક કર્યો નહીં.

બાલની માતા અશુભકર્મોની માલા છે અને સ્પર્શનને વશ થયેલા બાલને જોઈને તે અશુભકર્મોની હારમાળા અત્યંત વૃદ્ધિ પામી. મનીષીની માતા શુભની લક્ષ્મી છે. મનીષીના ચિત્તમાં સ્પર્શનનો કંઈક વિકાર જોઈને કંઈક પુણ્યપ્રકૃતિ ક્ષીણ થાય છે, કંઈક પાપપ્રકૃતિ બંધાય છે એથી તે શુભકર્મો કંઈક ખેદ પામે છે. તોપણ મનીષી ભોગમાં ગાઢ સંશ્લેષવાળો નથી, પરંતુ ભોગથી પર અવસ્થા સારરૂપે જુએ છે તે જોઈને અત્યંત શુભકર્મો ક્ષીણ થતાં નથી. તે તેની માતાનો કંઈક શોક છે, અત્યંત શોક નથી. **।।૯૨।।**

શ્લોક :-

श्रुत्वाऽथ बाले कुपितः परस्मिं-

स्तुष्टश्च तत् कर्मविलासराजः ।

जहाति बालोऽथ कुलस्य लज्जां,
दिवानिशं स्पर्शनबद्धरागः ।।९३।।

શ્લોકાર્થ :-

હવે, તે સાંભળીને=બાલે સ્પર્શનના સુખનું કથન કર્યું અને મનીષીએ સ્પર્શન વિષયક પોતાનો ભાવ બતાવ્યો તે સાંભળીને, કર્મવિલાસ રાજા બાલમાં કુપિત થયો, પરમાં=મનીષીમાં, તોષ પામ્યો. હવે દિવસ-રાત સ્પર્શમાં બદ્ધ રાગવાળો બાલ કુલની લજ્જાને ત્યાગ કરે છે.

બાલ સ્પર્શનમાં ગાઢ રાગવાળો થાય છે તેથી ખરાબ કર્મો બંધાય છે તે કર્મવિલાસનો કોપ છે. અને ભોગકાળમાં પણ મધ્યસ્થનું અવલંબન મનીષી ગ્રહણ કરે છે તેથી પુણ્યપ્રકૃતિઓ બંધાય છે તે કર્મવિલાસ રાજાનો તોષ છે. ॥૯૩॥

શ્લોક :-

गम्यामगम्यां च न वेत्ति काञ्चि-
न्नारीषु गृद्धो न बिभेत्यनीतेः ।
नापेक्षते चैष गुरूपदेशं,
स्वहास्यतां नाकलयत्यशङ्कः ।।९४।।

શ્લોકાર્થ :-

અને કોઈક સ્ત્રીઓમાં ગૃદ્ધ ગમ્યાગમ્યને જાણતો નથી. એવો બાલ, અનીતિથી ડરતો નથી. અને આ=બાલ, ગુરુના ઉપદેશની અપેક્ષા રાખતો નથી. અશંકાવાળો=સ્પર્શનમાં જ સુખ છે એવી નિશ્ચિત બુદ્ધિવાળો, સ્વહાસ્યતાને જાણતો નથી. ।।૯૪।।

શ્લોક :-

निवारयिष्यन्नहितप्रसङ्गं,
कृपापरः स्पर्शनमूलशुद्धिम् ।
जगौ मनीषी पुरतोऽस्य तत्तु,
गतं लुठित्वा किल पार्श्व एव ।।९५।।

શ્લોકાર્થ :-

અહિતના પ્રસંગને નિવારણ કરતા, કૃપામાં તત્પર એવા મનીષીએ આની આગળ=બાળની આગળ, સ્પર્શનની મૂલશુદ્ધિને કહી. પરંતુ તે=મૂલશુદ્ધિનું કથન, ખરેખર આળોટીને પાસેથી જ ગયું.

મનીષી તત્ત્વને જોનાર નિર્મળ મતિવાળો છે તેથી સ્પર્શનમાં આસક્ત બાળને જોઈને તેના અહિતના નિવારણના આશયથી સ્પર્શનની મૂલશુદ્ધિ કહે છે કે આ સ્પર્શન કર્મજન્ય પરિણામ છે, આત્માના સ્વાસ્થ્યનું ભંજક છે. માટે તેનાથી સાવધાન થવું જોઈએ. છતાં મનીષીનાં તે સર્વ હિતકારી વચનો બાળના હૈયાને સ્પર્શ્યા વગર પાસેથી જ ચાલ્યાં જાય છે; કેમ કે બાળ વિષયમાં ગાઢ આસક્ત છે. **॥૯૫॥**

શ્લોક :-

दृष्टार्थरागी करभो न वेत्ति,
रसं ह्यदृष्टार्थकथासितायाः ।
बालेरणायासमिति प्रहाय,
तूष्णीं स्थितः स्वार्थपरो मनीषी ।।९६।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, દૃષ્ટાર્થ રાગીવાળો એવો ઊંટ અદૃષ્ટ અર્થના કથાવાળી દ્રાક્ષના રસને જાણતો નથી. (એ પ્રકારનો) બાલનો ઈરણનો આયાસ છે=બાલને પ્રેરણા કરવાનો પ્રયાસ છે એ હેતુથી (નિષ્ફળ છે એમ માનીને) ત્યાગ કરીને=પ્રેરણાના પ્રયાસનો ત્યાગ કરીને, સ્વાર્થપરાયણ મનીષી મૌન રહ્યો.

જેમ ઊંટને શર્કરા કે દ્રાક્ષ પ્રિય નથી તેથી તેના અર્થને તે જાણતો નથી, તેમ બાળ જીવોને ઉપશમનું સુખ અદૃષ્ટ અર્થવાળું છે તેથી તેને જાણતા નથી. પરંતુ ઊંટની જેમ દૃષ્ટ અર્થનો ભોગનો રાગ જ બાળ જીવોને વર્તે છે અને આ બાળ છે એથી તેને પ્રેરણાનો પ્રયાસ નિષ્ફળ છે એમ જાણીને મનીષી પોતાના સ્વાર્થમાં તત્પર રહ્યો. **॥૯૬॥**

શ્લોક :-

अथागतः कर्मविलासराज-

सामान्यरूपातनयोऽन्यदेशात् ।

तं स्पर्शनस्तौ च समालिलिङ्गु-

र्बालेरितः स्पर्शनमेष भेजे ।।९७।।

શ્લોકાર્થ :-

હવે કર્મવિલાસ રાજા અને સામાન્યરૂપાનો પુત્ર અન્ય દેશથી આવ્યો. તેને=મધ્યમને, સ્પર્શને અને તે બંનેએ=બાલ અને મનીષીએ, સમાલિંગન કર્યું. બાલથી પ્રેરાયેલો આ=મધ્યમ, સ્પર્શનને ભજે છે.

બાળ અને મનીષી તે નગરમાં વર્તે છે ત્યારે કોઈક અન્ય ભવમાંથી સામાન્યરૂપ કર્મોથી મધ્યમ પ્રકારની પ્રકૃતિવાળો જીવ ત્યાં જન્મે છે. અને તે મધ્યમ જીવને જ્યારે બાળ પ્રેરણા કરે છે ત્યારે તે મધ્યમ જીવ પણ સ્પર્શનને જ વશ થાય છે. ॥૯૭॥

શ્લોક :-

तेनापि विस्मापितमस्य चेतो,

जगौ मनीषी पुनरस्य दोषम् ।

फलानुभूतेरविशङ्क्यभावाद्,

द्वयोः स वाक्येऽजनि संशयालुः ।।९८।।

શ્લોકાર્થ :-

તેના વડે પણ=સ્પર્શન વડે પણ, આનું=મધ્યમનું, ચિત્ત વિસ્માપિત કરાયું=સ્પર્શનના સુખથી આહ્લાદિત કરાયું, વળી આનો=સ્પર્શનનો, દોષ મનીષીએ કહ્યો=મધ્યમબુદ્ધિને કહ્યો. ફલની અનુભૂતિ હોવાથી= સ્પર્શનના સુખના ફલની અનુભૂતિ હોવાથી, અવિશંક્ય ભાવ હોવાથી= મનીષીના વચનમાં યથાર્થવાદિતા હોવાને કારણે અવિશંક્યપણું હોવાથી, તે=મધ્યમબુદ્ધિ, બંનેના વાક્યમાં=બાલના અને મનીષીના વાક્યમાં,

સંશયાલુ થયો.

મધ્યમબુદ્ધિ જીવના તત્ત્વને જોવાને બાધક કર્મો કંઈક પ્રબલ છે અને કંઈક મંદ છે. તેથી તત્ત્વને બાધક મંદ કર્મોવાળા મનીષી જેવી નિર્મળમતિ નથી અને બાલ જેવા તત્ત્વને બાધક કર્મો અતિપ્રચુર નથી તેથી મનીષીનાં વચનોને સાંભળીને તેના પ્રત્યે કંઈક વિશ્વાસ ઉત્પન્ન થાય છે અને તત્ત્વનાં બાધક કર્મો કંઈક બલવાન હોવાથી સ્પર્શનના સુખનો અનુભવ થાય છે. પરંતુ સ્પર્શનની ઇચ્છાકાળમાં વર્તતી આકુળતા જીવની વિડંબના છે. તેમ મનીષીની જેમ નિર્મળબુદ્ધિથી મધ્યમ જોઈ શકતો નથી. તેથી બાલ અને મનીષીના વાક્યમાં તે સંશયવાળો થાય છે. **॥૯૮॥**

શ્લોક :-

अम्बां स पप्रच्छ विशिष्य तत्त्वं,
जिज्ञासमानोऽथ जगाद साऽपि ।
द्वयानुरोधादविरोधभाजा,
ग्राह्यस्त्वयेद्धोऽवसरे हि पक्षः ।।९९।।

શ્લોકાર્થ :-

જિજ્ઞાસા કરતા એવા તેણે=મધ્યમે, માતાને=સામાન્યરૂપાને, વિશેષ કરીને તત્ત્વ પૂછ્યું. હવે, બંનેના અનુરોધથી અવિરોધને ભજનારી તે પણ=બાલ અને મનીષી બંનેનાં કર્મોની અપેક્ષાએ મધ્યમ પ્રકારનાં કર્મો હોવાને કારણે બંનેની સાથે અવિરોધને ભજનારી સામાન્યરૂપા માતાએ પણ, કહ્યું, તારા વડે અવસરે ઈદ્ધ=સમૃદ્ધ, પક્ષ ગ્રહણ કરવો જોઈએ.

મધ્યમ જીવ બાલની જેમ સ્પર્શનના સુખને જ સુખ સ્વીકારીને મનીષીના વચનને અગ્રહણ કરતો નથી, પરંતુ સ્પર્શનનું સુખ સુખરૂપે પ્રતીત હોવા છતાં મનીષીની માર્ગાનુસારી બુદ્ધિની વિચારકતાને પણ કંઈક ગ્રહણ કરે છે, તેથી મધ્યમબુદ્ધિવાળા જીવને બાલનું વચન પ્રમાણ છે કે મનીષીનું વચન પ્રમાણ છે એ પ્રકારની જિજ્ઞાસા થાય છે તેથી પોતાના મધ્યમ પ્રકારના કર્મને આશ્રયીને તે સ્વયં ઊહ કરે છે જે સામાન્યરૂપા માતાને પૃચ્છા સ્વરૂપ છે અને મધ્યમબુદ્ધિથી

સ્વયં ઊહ કરતાં તેને જણાય છે કે અવસરમાં બાલ અને મનીષીનો પક્ષ જે વધારે સમૃદ્ધ હોય તે પક્ષને સ્વીકારવો જોઈએ. ॥૯૯॥

શ્લોક :-

अर्थद्वये भेदिनि संशयालुः,
कुर्वीत यः कालविलम्बपक्षम् ।
मनोरथः सिद्ध्यति तस्य नूनं,
सिद्धो यथोच्चैर्मिथुनद्वयस्य ।।१००।।

શ્લોકાર્થ :-

ભેદવાળા અર્થદ્વયમાં સંશયાલુ એવો જે કાલવિલંબન પક્ષને કરે છે, તેનો મનોરથ ખરેખર સિદ્ધ થાય છે, જે પ્રમાણે મિથુનદ્વયનો મનોરથ અત્યંત સિદ્ધ થયો. ।।૧૦૦।।

શ્લોક :-

ऋजोर्नृपस्य प्रगुणाख्यदेव्याः,
पुत्रोऽस्ति मुग्धः स्मरतुल्यरूपः ।
तस्यास्ति भार्याऽकुटिलाभिधाना,
पुलोमपुत्रीरतिरूपजैत्री ।।१०१।।

શ્લોકાર્થ :-

ઋજુ રાજાની પ્રગુણ નામની દેવીથી કામતુલ્ય રૂપવાળો મુગ્ધપુત્ર છે, તેની=મુગ્ધની, પુલોમની પુત્રીરૂપ રતિના રૂપને જીતનારી=પુલોમ નામના રાક્ષસની પુત્રી જે રતિ છે તેના રૂપને જીતનારી અકુટિલા નામની ભાર્યા છે. ।।૧૦૧।।

શ્લોક :-

मुग्धोऽन्यदा नूतनचूतवल्ली-
विलासरम्ये विपिनं वसन्ते ।

गतः सभार्यः कुसुमोच्चयाय,
प्राक्सूर्यपूर्त्यागमनं नियम्य ।।१०२।।

શ્લોકાર્થ :-

અન્યદા નૂતન એવા આંબાની વેલડીના વિલાસથી રમ્ય એવી વસંતઋતુમાં કુસુમના ઉપચય માટે સૂર્યની પૂર્તિથી પૂર્વે આગમનનું નિયમન કરીને ભાર્યા સહિત મુગ્ધ ઉપવનમાં ગયો. ।।૧૦૨।।

શ્લોક :-

इतश्च कालज्ञविचक्षणाख्यं,
तत्रागतं व्यन्तरयुग्ममाशु ।
कालज्ञचेतोऽकुटिलां निरीक्ष्य,
क्षुब्धं तदासीद्धृतकामफेनम् ।।१०३।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ કાલજ્ઞ અને વિચક્ષણા નામનું વ્યંતરયુગલ શીઘ્ર ત્યાં આવ્યું. અકુટિલાને જોઈને કાલજ્ઞનું ચિત્ત ઉદ્ધૃત કામના ફેનવાળું=કામના વિકારવાળું, ક્ષુબ્ધ થયું. ।।૧૦૩।।

શ્લોક :-

विचक्षणाया अपि मुग्धरूपे,
कूपे मनो दर्दुरवन्निमग्नम् ।
द्वाभ्यां द्वयोर्वञ्चनतत्पराभ्यां,
रूपं परावृत्य मुदोऽनुभूताः ।।१०४।।

શ્લોકાર્થ :-

વિચક્ષણાનું મન પણ મુગ્ધરૂપ કૂપમાં દેડકાની જેમ નિમગ્ન થયું, વંચનમાં તત્પર એવાં બંને દ્વારા=કાલજ્ઞ અને વિચક્ષણા દ્વારા, બંનેનું રૂપ, પરાવર્તન કરીને આનંદથી અનુભવ કરાયા=કાલજ્ઞએ અકુટિલા સાથે ભોગ કર્યો અને વિચક્ષણાએ મુગ્ધ સાથે ભોગ કર્યો. ।।૧૦૪।।

શ્લોક :-

गृहागतं तन्मिथुनद्वयं च,
स्नेहाब्धिबिम्बोदयवद्दिदीपे ।
अयं प्रसादो वनदेवताया,
इति प्रतीत्यर्जुरवाप तोषम् ।।१०५।।

શ્લોકાર્થ :-

અને ગૃહમાં આવેલું તે મિથુનદ્વય સ્નેહરૂપી સમુદ્રમાં બિંબના ઉદયની જેમ દીપ્યું. વનદેવતાનો આ પ્રસાદ છે એ પ્રકારની પ્રતીતિને કારણે ઋજુ રાજા તોષને પામ્યા. ||૧૦૫||

શ્લોક :-

सर्वोऽपि हर्षं प्रगुणादिवर्गः,
केलिप्रियः कालविदप्यवाप ।
विचिन्त्य भार्याचरणं विरूपं,
तां हन्तुमैच्छत् स च दुष्टशीलाम् ।।१०६।।

શ્લોકાર્થ :-

પ્રગુણાદિ સર્વ પણ વર્ગ કેલિપ્રિય કાલજ્ઞ પણ હર્ષને પામ્યો અને વિરૂપ એવા ભાર્યાના આચરણનો વિચાર કરીને દુષ્ટ શીલવાળી એવી તેણીને તે=કાલજ્ઞ, હણવા માટે ઈચ્છે છે. ||૧૦૬||

શ્લોક :-

पुनः स दध्यौ ननु तुल्यशीला-
वावां हतायां च मयाऽङ्गनायाम् ।
रक्ता नृशंसेऽकुटिला मयि स्या-
न्नेत्याश्रितः कालविलम्बपक्षम् ।।१०७।।

શ્લોકાર્થ :-

ફરી, તેણે=કાલજ્ઞએ, વિચાર્યું. ખરેખર અમે બંને તુલ્યશીલવાળાં છીએ, મારા વડે અંગના હણાયે છતે=વિચક્ષણા હણાયે છતે, નૃશંસ એવા મારામાં અકુટિલા રાગવાળી થશે નહીં, એથી કાલવિલંબન પક્ષનો આશ્રય કર્યો=કાલજ્ઞએ કાલવિલંબ પક્ષનો આશ્રય કર્યો. ।।૧૦૭।।

શ્લોક :-

विचक्षणाऽप्येवमवेत्य तस्था-
वुभौ मनुष्याचरणे प्रवृत्तौ ।
अथान्यदा मोहलयाभिधाने,
सूरिर्वने बोधरतिः समेतः ।।१०८।।

શ્લોકાર્થ :-

વિચક્ષણા પણ આ રીતે જ જાણીને=કાલજ્ઞની જેમ જાણીને, બંને મનુષ્યની આચરણમાં પ્રવૃત્ત રહ્યાં. હવે, અન્યદા મોહલય નામના વનમાં બોધરતિ સૂરિ પધાર્યા. ।।૧૦૮।।

શ્લોક :-

राजा गतस्तत्पदवन्दनार्थं,
श्रोतुं निविष्टो वचनामृतं च ।
कालज्ञमुख्या अपि तं प्रणम्य,
तुष्टा यथास्थानमथोपविष्टाः ।।१०९।।

શ્લોકાર્થ :-

તેના પાદના વંદન માટે રાજા ગયો અને વચનામૃતને સાંભળવા માટે બેઠો, હવે કાલજ્ઞ વગેરે પણ તેમને પ્રણામ કરીને તોષ પામેલા યથાસ્થાને બેઠા. ।।૧૦૯।।

શ્લોક :-

दुरन्तदोषं विषयानुषङ्गे,
त्यागे च सौख्यातिशयं गुरूक्तम् ।
श्रुत्वा विलीने घनमोहजाले,
सद्दर्शनं व्यन्तरयुग्ममाप ।।११०।।

શ્લોકાર્થ :-

અને ગુરુ વડે કહેવાયેલ વિષયના અનુષંગમાં દુરંત દોષને અને ત્યાગમાં સૌખ્યના અતિશયને સાંભળીને ઘનમોહનું જાલ વિલીન થયે છતે સમ્યગ્દર્શન વ્યંતરયુગલ પામ્યું.

વિષયોની આસક્તિથી કાલજ્ઞ અને વિચક્ષણા તે પ્રકારની માયા કરીને મુગ્ધ અને અકુટિલા સાથે ભોગો કરે છે જ્યારે ગુરુએ વિષયમાં સંશ્લેષ દુરંત દોષના ફળવાળું છે અને વિષયોમાં સંશ્લેષનો ત્યાગ સુખની પરંપરાવાળો છે તેવો મર્મ-સ્પર્શી બોધનો ઉપદેશ આપ્યો જેથી વ્યંતરયુગલને સમ્યગ્દર્શન પ્રગટે છે. **॥૧૧૦॥**

શ્લોક :-

विनिर्गतैर्द्रागथ तद्वपुर्भ्यां,
श्यामैश्च रक्तैर्घटिताणुपुञ्जैः ।
दूरे स्थिता कापि पराङ्मुखी स्त्री,
ज्वालेव धूमैर्मलिना कृशानोः ।।१११।।

શ્લોકાર્થ :-

હવે તે બંનેના શરીરમાંથી શીઘ્ર નીકળેલા શ્યામ અને રક્ત એવા અણુના પુંજો વડે ઘડાયેલી એવી કોઈ પરાઙ્મુખવાળી સ્ત્રી દૂરમાં રહી. જેમ અગ્નિની ધૂમથી મલિન જ્વાલા.

કાલજ્ઞ અને વિચક્ષણાના દેહમાં વર્તતી કામવાસના નામની સ્ત્રી તત્ત્વના બોધને સહન નહીં કરવાથી દેહમાંથી નીકળીને દૂર બેસે છે, અને ઉપદેશક ગુરુની મર્યાદાને કારણે તેને સન્મુખ જોવામાં અસમર્થ ઊંધા મુખને કરીને

બેઠેલી છે. જેમ ઉપદેશ સાંભળતી વખતે બંને વ્યંતરયુગલને તે પુરુષયુગલ સાથે સ્નેહના સંબંધથી ઉપદેશ સાંભળવા બેઠા છે ત્યારે અભિમાન વર્તે છે કે હું અકુટિલાનો સ્વામી છું, વિચક્ષણાને મુગ્ધ મારો પતિ છે એ પ્રકારનો પરિણામ વર્તતો હતો તે કામવાસનાનો પરિણામ હતો, ઉપદેશના શ્રવણથી તે પરિણામ તેમના દેહમાંથી નીકળીને બહાર જાય છે. **॥૧૧૧॥**

શ્લોક :-

विषद्य कालज्ञविचक्षणाभ्यां,
दुःशीलभावानुशयोद्‌गताऽऽशु ।
शुद्धिः कथं नौ भवितेति पृष्टः,
प्रकृष्टयोगो भगवानुवाच ।।११२।।

શ્લોકાર્થ :-

વિષાદ કરીને=પોતાના કૃત્યનો વિષાદ કરીને દુઃશીલભાવના અનુશયથી ઉદ્‌ગત શુદ્ધિ=દુઃશીલભાવના પશ્ચાત્તાપથી પ્રગટ થયેલી શુદ્ધિ, કેવી રીતે શીઘ્ર અમને બંનેને થશે. એ પ્રમાણે કાલજ્ઞ અને વિચક્ષણા વડે પુછાયેલા પ્રકૃષ્ટ યોગવાળા ભગવાને કહ્યું. ॥૧૧૨॥

શ્લોક :-

अयं हि भद्रौ ! युवयोर्न दोषः,
स्वरूपतो निर्मलयोः सदैव ।
अस्याः परं दूरमवस्थिताया,
नार्या अनार्याचरणे रतायाः ।।११३।।

શ્લોકાર્થ :-

હે ભદ્ર=કાલજ્ઞ અને વિચક્ષણા, સ્વરૂપથી સદા જ નિર્મલ એવાં તમારા બેનો આ દોષ નથી પરંતુ અનાર્ય આચરણમાં રત દૂરમાં રહેલી આ નારીનો છે.

કાલજ્ઞ અને વિચક્ષણા સ્વરૂપથી સદા સિદ્ધ તુલ્ય નિર્મલ જ છે, તેઓમાં

ભોગ આપાદક તૃષ્ણાનો પરિણામ થયેલો જે મહાત્માના ઉપદેશથી ચિત્તમાંથી દૂર થઈને બહાર બેઠેલી છે તે અનાર્ય આચરણા કરનારી ભોગતૃષ્ણા નામની નારી છે તેનો દોષ છે. એ પ્રમાણે ભગવાન કહે છે. **॥૧૧૩॥**

શ્લોક :-

पृष्टोऽथ ताभ्यां भगवन्नियं का,
दुष्टाऽथ स प्राह महानुभावः ।
प्रवर्तिका दोषगणस्य धर्म-
निवर्तिकेयं ननु भोगतृष्णा ।।११४।।

શ્લોકાર્થ :-

હવે તે બંને વડે=કાલજ્ઞ અને વિચક્ષણા વડે, ભગવાન પુછાયા, આ દુષ્ટ=દૂર બેઠેલી દુષ્ટ નારી, કોણ છે ? મહાનુભાવ એવા તે=ભગવાન, બોલ્યા, ખરેખર દોષગણની પ્રવર્તિકા, ધર્મની નિવર્તિકા આ ભોગતૃષ્ણા છે.

જીવમાં પરપદાર્થને આશ્રયીને ભોગની ઇચ્છારૂપ જે તૃષ્ણા છે તે વૃદ્ધિ પામતી સર્વ દોષોની નિષ્પાદિકા છે અને આત્માના પરમ સ્વાસ્થ્યરૂપ ધર્મનું નિવર્તન કરનારી છે. **॥૧૧૪॥**

શ્લોક :-

करालकालानलकालमेघ-
संमूर्छितेव प्रलयस्य वृत्तिः ।
रजस्तमोभ्यामवगुण्ठितेयं,
भयाय केषां न विवेकभाजाम् ।।११५।।

શ્લોકાર્થ :-

જાણે વિકરાલ એવા કાલરૂપી અગ્નિ અને કાલમેઘથી સંમૂર્છિત થયેલી=ઉત્પન્ન થયેલી, પ્રલયની વૃત્તિ, રજસ્ અને તમસ્‌થી અવગુંઠિત એવી આ=ભોગતૃષ્ણા, ક્યા વિવેકી જીવોને ભય માટે નથી.

જેમ વિકરાળ કાલનો અગ્નિ જગતનું સર્વ નાશ કરે છે અથવા વિકરાલ

કાલનો મેઘ અસ્ખલિત વરસાદનું સર્જન કરીને વિનાશ કરે છે તેમ જીવમાં ઊઠેલી ભોગતૃષ્ણા સતત આત્માના નિરાકુળ સ્વભાવને છોડીને બહારના વિષયમાં પ્રવર્તે છે અને રાગ અને દ્વેષના પરિણામથી ઘેરાયેલી તે ભોગતૃષ્ણાની પરિણતિ છે તેથી અવિવેકી જીવો ભોગતૃષ્ણામાં નિર્ભય રહી શકે છે અને વિવેકી જીવોને તે ભોગતૃષ્ણા નરકાદિ પાતનો હેતુ જણાવાથી અત્યંત ભયરૂપ જણાય છે. **॥૧૧૫॥**

શ્લોક :-

તાવાહતુર્મુક્તિરનિષ્ટશક્તે-
રસ્યાઃ સકાશાત્ કથમાવયોઃ સ્યાત્ ।
જ્ઞાની જગાવન્યભવે ભવિત્રી,
મોહોલ્બણત્વાન્ન પુનર્ભવેઽસ્મિન્ ।।११६।।

શ્લોકાર્થ :-

તે બંનેએ=કાલજ્ઞ અને વિચક્ષણાએ, કહ્યું. અનિષ્ટ શક્તિવાળી આનાથી=દુર્ગતિમાં પાત કરાવે એવી ભોગતૃષ્ણાથી કેવી રીતે અમારા બેની=કાલજ્ઞ અને વિચક્ષણાની, મુક્તિ થાય ? જ્ઞાની બોલ્યા, અન્ય ભવે મુક્તિ થશે, વળી, આ ભવમાં=વ્યંતરના ભવમાં મોહનું ઉલ્બણપણું હોવાથી નહીં=મુક્તિ થશે નહીં. ।।૧૧૬।।

શ્લોક :-

अस्याः परं निर्दलनाय वज्रं,
सम्यक्त्वमाप्तं सुदृढं भवद्भ्याम् ।
उद्दीपनीयं मुहुरेतदेवं,
तनूभवित्री खलु भोगतृष्णा ।।११७।।

શ્લોકાર્થ :-

પરંતુ આના નિર્દલન માટે તમારા બંને દ્વારા સુદૃઢ વજ્ર જેવું સમ્યક્ત્વ પ્રાપ્ત કરાયું, આને=સમ્યક્ત્વને, વારંવાર ઉદ્દીપન કરવું જોઈએ, આ

રીતે=સમ્યક્ત્વને ઉદ્દીપન તમે કરશો એ રીતે, ભોગતૃષ્ણા અલ્પ થનારી છે.

જ્ઞાની ગુરુ વ્યંતરયુગલને કહે છે કે દેવભવને કારણે તમારો મોહનો ઉત્કટભાવ છે તેથી ભોગતૃષ્ણાનો નાશ આ ભવમાં નહીં થાય તોપણ સંસારની નિઃસારતાનું જ્ઞાન થયું છે, ભોગતૃષ્ણા જીવની વિડંબના છે તેવો સ્પષ્ટ બોધ થયો છે તે રૂપ સમ્યક્ત્વ ભોગતૃષ્ણાના નિર્દલન માટે વજ્ર જેવું છે અને વર્તમાનના દેવભવમાં પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ જ તમારે અતિશય કરવું જોઈએ જેથી ભોગતૃષ્ણા રહિત સુસાધુ પ્રત્યે ભક્તિનો અતિશય થવાથી તમારી ભોગતૃષ્ણા અલ્પ અલ્પતર થશે. **॥૧૧૭॥**

શ્લોક :-

श्रुत्वैतदाश्वासमुपागतौ ता-
वथ स्वदुष्टाचरणानुतापात् ।
ऋजुर्महीशः प्रगुणा च देवी,
यान्ति स्म मुग्धोऽकुटिला च खेदम् ।।११८।।

શ્લોકાર્થ :-

આને સાંભળીને=જ્ઞાનીના વચનને સાંભળીને, તે બંને=કાલજ્ઞ અને વિચક્ષણા તે બંને, આશ્વાસન પામ્યાં. હવે, પોતાની દુષ્ટ આચરણાના અનુતાપથી ઋજુ રાજા, પ્રગુણાદેવી, મુગ્ધ અને અકુટિલા ખેદને પામ્યાં.

કાલજ્ઞ અને વિચક્ષણાને ભોગતૃષ્ણાના નાશનો ઉપાય મળવાથી હર્ષ થાય છે. ઋજુ રાજાને અને પ્રગુણાદેવીને બેના ચાર કેમ થયા ? તેની વિચારણા મૂઢતાથી ન કરી, તે આચરણાનો પશ્ચાત્તાપ થાય છે. વળી, મુગ્ધ અને અકુટિલાને અનાચાર સેવનરૂપ પોતાની દુષ્ટ આચરણાનો ખેદ થાય છે. **॥૧૧૮॥**

શ્લોક :-

अथो चतुर्णामपि विग्रहेभ्यो,
विनिर्गतं पाण्डुरडिम्भरूपम् ।

यूयं मयोच्चैः परिरक्षितानि,
भयं न युष्माकमिति ब्रुवाणम् ।।११९।।

શ્લોકાર્થ :-

હવે તમે મારા વડે અત્યંત પરિરક્ષિત છો, તમને ભય નથી એ પ્રમાણે બોલતું સફેદ રૂપવાળું બાળક તે ચારેયના પણ શરીરમાંથી નીકળ્યું.

ઋજુ આદિ ચારેયના શરીરમાંથી આર્જવનો પરિણામ બહાર પ્રગટે છે; કેમ કે પોતાની દુષ્ટ આચરણાનો પશ્ચાત્તાપ આર્જવને કારણે તેઓને થાય છે અને તે આર્જવનો પરિણામ કહે છે કે થયેલા પાપથી તમે મારા દ્વારા અત્યંત રક્ષિત છો, તમને ભય નથી. તેથી ફલિત થાય કે કોઈક રીતે પાપ થયા પછી જેઓને પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય છે અને સરળતાથી પાપના પશ્ચાત્તાપની પરિણતિ થાય છે તે માયાની વિરુદ્ધ આર્જવની પરિણતિ છે જેનાથી તે પાપના અનર્થોથી તે જીવ રક્ષિત થાય છે. **॥૧૧૯॥**

શ્લોક :-

पश्चात् ततोऽन्यन्निरियाय कृष्ण-
मन्यत्ततः कृष्णतरं विरूपम् ।
प्रवर्धमानं च निवार्य दध्रे,
शुक्लेन तद्धस्ततलप्रहारात् ।।१२०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી અન્ય=આર્જવથી અન્ય, કૃષ્ણ બાળક નીકળ્યું. ત્યારપછી અન્ય કૃષ્ણતર વિરૂપ=વિપરીત રૂપવાળું, બાળક નીકળ્યું. પ્રવર્ધમાન વિરૂપ એવા તેના હાથના તલના પ્રહારથી કૃષ્ણતરને અટકાવીને શુક્લ વડે ધારણ કરાયું.

ઋજુ આદિ ચારના શરીરમાં આર્જવનો પરિણામ પ્રગટ થવાથી તેઓમાં જે અજ્ઞાનરૂપી કૃષ્ણ પરિણામ હતો તે તેઓના મતિજ્ઞાનના ઉપયોગમાંથી બહાર નીકળે છે અને અનાચાર સેવનનો જે પાપનો પરિણામ હતો તે કૃષ્ણતર બાળક બહાર નીકળે છે અને તે પ્રવર્ધમાન હતું.

તે પાપભોગની પ્રવૃત્તિથી પ્રવર્ધમાન હતું. આર્જવ પરિણામથી જે પશ્ચાત્તાપ થયો તેના કારણે તે પ્રવર્ધમાન થતું અટક્યું. અને તે સ્વરૂપમાં=પૂર્વમાં અકુટિલાદિને જે ભોગનો પરિણામ હતો તે સ્વરૂપમાં, તે ભોગનો પરિણામ અવસ્થિત રહ્યો. **॥૧૨૦॥**

શ્લોક :-

तदाह सिद्धान्तरहस्यवेदी,
न तत्त्वशुद्धेषु भवत्सु दोषः ।
किन्तु द्वितीयं खलु डिम्भरूपं,
निबन्धनं दूषणसन्ततीनाम् ।।१२१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સિદ્ધાંતરહસ્યવેદી કહે છે. તત્ત્વથી શુદ્ધ એવા તમારા ચારેનો દોષ નથી. પરંતુ બીજું બાળક=આર્જવ પછી નીકળેલું અજ્ઞાનરૂપી બીજું બાળક, દૂષણસંતતિનું કારણ છે.

સિદ્ધાંતના જાણનારા એવા બોધરતિ આચાર્ય તે ચારેયને કહે છે. તમે ચારેય તત્ત્વથી સિદ્ધ જેવા શુદ્ધ છે માટે તમારો આ દોષ નથી; કેમ કે શુદ્ધ જીવ ક્યારેય પાપ સેવે નહીં. પરંતુ તમારામાં અજ્ઞાન આપાદક કર્મોને કારણે જે કાળા વર્ણવાળું અંધકારરૂપ બાળક વર્તે છે અને મારા વચનથી જે તમારા દેહમાંથી નીકળીને બહાર બેઠેલું છે તે અજ્ઞાન જ સર્વ દોષોની સંતતિનું કારણ છે. આથી અજ્ઞાનને વશ જ જીવો પાપો કરીને દુર્ગતિની અનર્થોની પરંપરાને પામે છે. **॥૧૨૧॥**

શ્લોક :-

अज्ञानमेतद् घनकष्टरूपं,
प्रवर्तकं मोहपरिच्छदस्य ।
न भोगतृष्णाऽपि तनोति मूला-
ज्ञानं विना दुष्टतरां प्रवृत्तिम् ।।१२२।।

શ્લોકાર્થ :-

ઘનકષ્ટરૂપ આ અજ્ઞાન=અત્યંત ક્લેશરૂપ આ અજ્ઞાન, મોહના સમુદાયનું પ્રવર્તક છે. મૂલના અજ્ઞાન વગર ભોગતૃષ્ણા પણ દુષ્ટતર પ્રવૃત્તિનો વિસ્તાર કરતી નથી.

ઋજુ આદિ ચારેયમાં દેહથી ભિન્ન પોતાનો આત્મા છે જે પરમ સ્વાસ્થ્યરૂપ સુખ સ્વરૂપ છે તેનું અજ્ઞાન વર્તે છે. તે ઘનકષ્ટ સ્વરૂપ છે. અને મોહના સર્વ પ્રકાર ભાવોનો નિષ્પાદક છે અને જેઓને આત્માના પારમાર્થિક સ્વરૂપરૂપ મૂલ અજ્ઞાન નથી તેઓને ભોગતૃષ્ણા પણ મંદશક્તિવાળી જ પ્રવર્તે છે. આથી જ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને તપ્તલોહ પદન્યાસ તુલ્ય પાપપ્રવૃત્તિ હોય છે. **॥૧૨૨॥**

શ્લોક :-

अपारसंसारसमुद्रमध्ये,
गले शिलेयं पततां जनानाम् ।
इदं हि साक्षान्नरकस्य कुण्डं,
छन्नः शिवाध्वन्ययमन्धकूपः ।।१२३।।

શ્લોકાર્થ :-

અપાર સંસારસમુદ્રમાં પડતા જીવોને ગળામાં આ શિલા છે=મૂલનું અજ્ઞાન શિલા છે. हि=જે કારણથી, આ=અજ્ઞાન, નરકનું સાક્ષાત્ કુંડ છે. આ=અજ્ઞાન, શિવરૂપી માર્ગમાં ઢંકાયેલો અંધકૂવો છે.

મિથ્યાદૃષ્ટિ જીવોને આત્માના પારમાર્થિક સ્વરૂપનું અજ્ઞાન વર્તે છે જેના કારણે ઘોર સંસારરૂપી સમુદ્રમાં ગળે અજ્ઞાનરૂપી શિલાને બાંધીને તેઓ પડે છે. વળી તેઓનું અજ્ઞાન અનેક પ્રકારના ક્લેશનું કારણ હોવાથી સાક્ષાત્ નરકનું કુંડ છે આથી જ મનુષ્યમાં હોય તોપણ અજ્ઞાનને વશ દિવસ-રાત કષાયોના ક્લેશમાં તેઓ પીડાય છે. વળી, તેવા જીવો કોઈક રીતે બાહ્ય ધર્મની આચરણા કરતા હોય તોપણ તે માર્ગમાં ઢંકાયેલા અંધકૂવા જેવું તેઓનું અજ્ઞાન છે તેથી ધર્મ અનુષ્ઠાન કરીને પણ દુર્ગતિઓની પરંપરાને જ પ્રાપ્ત કરે છે. **॥૧૨૩॥**

શ્લોક :-

इतश्च यत्कृष्णतरं द्वितीयं,
विनिर्गतं तत्खलु पापनाम ।
संसारचक्रे वसतां जनानां,
संक्लेशजालस्य तदेव मूलम् ।।१२४।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ જે કૃષ્ણતર પાપ નામવાળું તે=બાળક, નીકળ્યું તે જ સંસારચક્રમાં વસતા જીવોના સંક્લેશજાલનું મૂલ છે.

ઋજુ આદિ ચારેય જણાઓના દેહમાંથી જે બીજું કૃષ્ણતર બાળક નીકળ્યું તે આત્માના પારમાર્થિક અજ્ઞાનથી જન્ય પાપની પરિણતિરૂપ હતું=કર્મબંધના પ્રબલ કારણીભૂત કષાયોના અધ્યવસાયરૂપ હતું અને તેનાથી બંધાયેલાં કર્મોને કારણે જીવો સર્વ પ્રકારના ક્લેશોને પ્રાપ્ત કરે છે=નરકાદિ પાતને પ્રાપ્ત કરે છે. **॥૧૨૪॥**

શ્લોક :-

शुक्लेन डिम्भेन निवारितं तत्,
प्रवर्धमानं पुनरार्जवेन ।
इदं हि शुद्धाशयहेतुभूतं,
पापानुबन्धं नियमान्निहन्ति ।।१२५।।

શ્લોકાર્થ :-

વળી, પ્રવર્ધમાન એવું તે પાપ, આર્જવરૂપ શુક્લબાલક વડે નિવારણ કરાયું, हि=જે કારણથી, શુદ્ધ આશયના હેતુભૂત એવું આ=આર્જવ, પાપના અનુબંધને નિયમથી હણે છે.

જીવમાં વર્તતો માયાથી વિરુદ્ધ સરળ ભાવ આર્જવ છે અને તે આર્જવનો પરિણામ આત્માના શુદ્ધ આશયનો હેતુભૂત છે, આથી જ થયેલા પાપ પ્રત્યે પશ્ચાત્તાપનો પરિણામ આર્જવથી થાય છે. અને સેવાતા પાપના પ્રવાહને આર્જવનો પરિણામ નિયમથી હણે છે. **॥૧૨૫॥**

શ્લોક :-

ब्रूते यदेतत् परिरक्षितानि,
मयैव यूयं तदतः प्रमाणम् ।
अज्ञानजं पापमपोह्य यस्मा-
न्मार्गानुसारित्वमिदं विधत्ते ।।१२६।।

શ્લોકાર્થ :-

જે આ=આર્જવ, બોલે છે. મારા વડે જ તમે પરિરક્ષિત છો આથી તે પ્રમાણ છે. જે કારણથી અજ્ઞાનથી થયેલું પાપ દૂર કરીને આ=આર્જવ, માર્ગાનુસારિપણાને કરે છે.

ઋજુ આદિ ચારના દેહમાંથી આર્જવનો પરિણામ બાળકરૂપે બહાર નીકળ્યો અને બોલ્યો કે તમે મારા દ્વારા પરિરક્ષિત છો એ કથન માત્ર કથનરૂપ નથી પરંતુ પ્રમાણ છે. કેમ પ્રમાણ છે ? એથી કહે છે – આર્જવનો પરિણામ જીવમાં વર્તતા આત્માના મૂલ અજ્ઞાનથી થનારા પાપને દૂર કરીને જીવને મોક્ષમાર્ગને અનુસરનાર બનાવે છે. માટે દુર્ગતિઓમાં પડતા જીવનું રક્ષણ કરે છે. આથી જ નંદીવર્ધનના જીવને હાથીના ભવમાં કંઈક પોતાના પાપનો પશ્ચાત્તાપ થયેલો તેથી રાજપુત્ર થવાનું પુણ્ય બાંધ્યું તોપણ આત્માના મૂલનું અજ્ઞાન નિવારણ કરવા સમર્થ બને તેવો આર્જવનો પરિણામ થયો નહીં, તેથી તેનામાં માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટ થઈ નહીં. પરંતુ ઋજુ આદિ ચારેય જીવોએ સૂરિની દેશના સાંભળીને આત્માના મૂલવિષયક અજ્ઞાનનો નાશ કર્યો જેનાથી આર્જવનો પરિણામ પ્રગટ્યો, તેથી પૂર્વમાં બંધાયેલું, અજ્ઞાનથી થયેલું પાપ આર્જવ પરિણામથી નાશ પામ્યું અને ઋજુ આદિ ચારેય જીવો મોક્ષમાર્ગને અનુસરનાર માર્ગાનુસારી ભાવને પામ્યા. **॥૧૨૬॥**

શ્લોક :-

अनार्जवं दुष्कृतजन्मभूमि-
रजन्मभूमिस्तु विपर्ययोऽस्य ।

अनार्जवं संयमधूमकेतु-
र्विशुद्धिहेतुर्ध्रुवमार्जवं तु ।।१२७।।

શ્લોકાર્થ :-

અનાર્જવ દુષ્કૃતની જન્મભૂમિ છે. આનો=અનાર્જવનો, વિપર્યય, દુષ્કૃતની અજન્મભૂમિ છે. અનાર્જવ સંયમમાં ધૂમકેતુ છે, વળી આર્જવ નિશ્ચિત વિશુદ્ધિનો હેતુ છે.

આર્જવ અને અનાર્જવનું પારમાર્થિક સ્વરૂપ બતાવતાં કહે છે જે જીવમાં આર્જવ પરિણામ વર્તે છે તે જીવોમાં દુષ્કૃત ઉત્પન્ન થતું નથી; કેમ કે સરળ સ્વભાવવાળા જીવો પ્રાયઃ દુષ્કૃત કરે નહીં, ક્વચિત્ દુષ્કૃત થયું હોય તો સરળ સ્વભાવના કારણે પશ્ચાત્તાપથી તેનું નિવર્તન કરે છે. વળી, જેઓમાં આર્જવ સ્વભાવ નથી તેઓમાં અસરળ સ્વભાવને કારણે સર્વ પ્રકારનાં દુષ્કૃતો ઉત્પન્ન થાય છે આથી જ તપાદિ કરીને પણ અસરળ સ્વભાવને કારણે પાપબંધને જ કરે છે. વળી, જેમ ધૂમકેતુ તારો દેખાય ત્યારે મહા ઉપદ્રવ થાય છે તેમ સંયમી મહાત્મામાં પ્રગટ થયેલો અનાર્જવનો ભાવ મહા ઉપદ્રવનું કારણ બને છે અને કોઈક રીતે જીવથી પાપ થયેલાં હોય તોપણ આર્જવનો પરિણામ તે પાપની વિશુદ્ધિનો હેતુ છે. **॥૧૨૭॥**

શ્લોક :-

किं भोगदावानललब्धदाहैः,
किंवा कृतज्ञानसुधावगाहैः ।
भाव्यं मनुष्यैरिह यद्धितं वो,
भृशं भजध्वं तदृजुस्वभावाः ।।१२८।।

શ્લોકાર્થ :-

ભોગરૂપી દાવાનલથી પ્રાપ્ત થયેલા દાહ વડે મનુષ્યોએ શું થવું જોઈએ અથવા કરાયેલા જ્ઞાનરૂપી અમૃતના અવગાહનથી મનુષ્યોએ શું થવું જોઈએ, અહીં=આ બંને વિકલ્પોમાં, જે તમારું અત્યંત હિત છે, તેને=હિતને હે ઋજુ સ્વભાવવાળા જીવો ! તમે ભજો.

ઋજુ સ્વભાવવાળા જીવોને શું કરવું ઉચિત છે ? તેનો ઉપદેશ આપતાં ગ્રંથકારશ્રી કહે છે – સંસારી જીવો ભોગરૂપી દાવાનલથી પ્રાપ્ત થયેલા દાહ વડે હંમેશાં ભોગની ઇચ્છાવાળા થાય છે. અને વિવેકી પુરુષો જ્ઞાનરૂપી અમૃતના અવગાહન વડે આત્માને શાંતરસમાં લઈ જવા પ્રયત્ન કરે છે તેને ગ્રંથકારશ્રી કહે છે. તે બંને પ્રવૃત્તિમાંથી જે તમારું અત્યંત હિત હોય તે ઋજુસ્વભાવવાળા જીવો આશ્રય કરો જેથી ભોગતૃષ્ણાનો નાશ કરીને જ્ઞાનરૂપી અમૃતમાં અવગાહનું સુખ પ્રાપ્ત થાય. **॥૧૨૮॥**

શ્લોક :-

आस्था सतां का परिणामताप-
संस्कारदुःखैर्गहनेऽत्र लोके ।
समूलमुन्मूलितदुःखवल्लिः,
सदा सुखी साधुजनं विना कः ।।१२९।।

શ્લોકાર્થ :-

ગહન એવા આલોકમાં પરિણામ, તાપ અને સંસ્કારરૂપ દુઃખોથી સજ્જનોને શું આસ્થા હોય ? આસ્થા હોય નહીં. મૂલ સહિત ઉન્મૂલિત દુઃખરૂપી વેલડીવાળા સાધુજન વિના સદા સુખી કોણ છે ?

પૂર્વ શ્લોકમાં કહ્યું કે ઋજુ સ્વભાવવાળા તમે બે વિકલ્પોમાંથી જે હિત હોય તેને સ્વીકારો. તેથી હવે, ઋજુ સ્વભાવવાળા જીવોને કયો વિકલ્પ સ્વીકારવો ઉચિત છે તે બતાવતાં કહે છે. ગહન એવા આ સંસારમાં સંસારના ભોગો પરિણામથી દુઃખરૂપ છે; કેમ કે ભોગ કર્યા પછી ફરી ફરી ભોગની ઇચ્છાનો પરિણામ થાય છે અને ભોગની ઇચ્છાથી બંધાયેલાં કર્મો દુર્ગતિના ફળવાળાં છે તેથી સંસારના ભોગો પરિણામથી દારુણ છે. તાપથી દુઃખરૂપ છે; કેમ કે કષાયોનો તાપ ભોગકાળમાં વર્તે છે. સંસ્કારોથી દુઃખરૂપ છે; કેમ કે ભોગથી ફરી ફરી ભોગની ઇચ્છાના સંસ્કારો પડે છે જે વિહ્‌વળતા સ્વરૂપ છે, તેથી તેવા દુઃખોવાળા ભોગોમાં સંતપુરુષોને આસ્થા ક્યાંથી હોય. વળી, ગહન એવા આ સંસારમાં સાધુજન સિવાય કોઈ સદા સુખી નથી; કેમ કે સાધુઓ ભોગની ઇચ્છારૂપ દુઃખની વલ્લીને મૂલ સહિત ઉન્મૂલન કરે છે, તેથી તેઓને શરીરથી

ભિન્ન આત્મા છે અને તે નિરાકુળ સ્વભાવવાળો છે તેવો સ્થિર નિર્ણય છે તેથી દુઃખની વલ્લીના મૂળભૂત જે દેહ સાથે અભેદજ્ઞાન છે, તેના સહિત કષાયોની વલ્લીને તેઓએ ઉન્મૂલન કરેલી છે તેથી તેઓ સદા સુખી છે. **॥૧૨૯॥**

શ્લોક :-

इदं निशम्यर्जुमुखाः प्रबुद्धा,
ययाचिरे चारुदिनं व्रताय ।
तदेव चादर्शि मुनीश्वरेण,
तत्रैव दीक्षां जगृहुस्तदा ते ।।१३०।।

શ્લોકાર્થ :-

આને સાંભળીને=પૂર્વના ત્રણ શ્લોકમાં સૂરિએ કહ્યું તેને સાંભળીને, ઋજુ વગેરે પ્રબોધ પામ્યા. વ્રત માટે સુંદર દિવસની યાચના કરી અને મુનીશ્વરે તે જ દિવસ બતાવ્યો. ત્યારે તેઓએ ત્યાં જ દીક્ષા ગ્રહણ કરી. ।।૧૩૦।।

શ્લોક :-

तेभ्यः प्रण(न)ष्टे शितिडिम्भरूपे,
शुक्लं पुनस्तत्तनुषु प्रविष्टम् ।
तद्धन्यतां चात्मविपर्ययं च,
दध्यौ तदा व्यन्तरयुग्ममन्तः ।।१३१।।

શ્લોકાર્થ :-

તેઓથી=તે ચારેથી, શિતિડિમ્ભરૂપ=કાળા બાળક નાશ પામ્યે છતે= પાપ અને અજ્ઞાનરૂપ બાળક નાશ પામ્યે છતે, વળી તેઓના શરીરમાં શુક્લ પ્રવેશ પામ્યો. અને ત્યારે વ્યંતરયુગલે અંદરમાં તેઓની ધન્યતાને=ચારેની ધન્યતાને, અને પોતાના વિપર્યયને=અધન્યતાને, ધારણ કર્યું.

સૂરિના વચનથી ઋજુ આદિ ચારે જણાને સંસારના પારમાર્થિક સ્વરૂપનો

બોધ થયો. સિદ્ધ અવસ્થાના પારમાર્થિક સ્વરૂપનો બોધ થયો. સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિનું પ્રબલ કારણ પ્રવ્રજ્યા છે તેવો તત્ત્વસ્પર્શી બોધ થયો. તેથી પ્રવ્રજ્યાને ગ્રહણ કરીને અસંશ્લેષભાવની વૃદ્ધિ કરી શકે તેવો બોધ થવાને કારણે આત્માનું અજ્ઞાન તેઓના ચારેમાંથી નાશ પામ્યું. અને આર્જવ પરિણામરૂપ શુક્લ બાળક તેઓમાં પ્રવેશ પામ્યું. તેથી સદા આર્જવભાવથી સંયમની વૃદ્ધિ માટે યત્ન કરનારા થયા. અને વ્યંતરયુગલને ચારિત્ર પ્રત્યેનો બદ્ધરાગ થયેલો હોવાથી આ ચારેય ધન્ય છે, પોતે અધન્ય છે જેથી સંયમ ગ્રહણ કરી શકતા નથી, એ પ્રકારનો અધ્યવસાય થયો. **॥૧૩૧॥**

શ્લોક :-

गुरून् मुनींश्च प्रणिपत्य तुष्टौ,
सम्यक्त्वमात्रादथ दम्पती तौ ।
स्थानं गतौ स्वं वपुषोः प्रविष्टा,
तयोस्तदानीं खलु भोगतृष्णा ।।१३२।।

શ્લોકાર્થ :-

હવે ગુરુઓને અને મુનિઓને નમસ્કાર કરીને સમ્યક્ત્વમાત્રથી તે દંપતી તુષ્ટ થયું=વ્યંતરયુગલ તુષ્ટ થયું. સ્વસ્થાનમાં ગયું. ત્યારે તે બંનેના શરીરમાં ભોગતૃષ્ણાએ પ્રવેશ કર્યો. ।।૧૩૨।।

શ્લોક :-

परं न दोषस्य विवृद्धयेऽभूत्,
तच्चेतसोर्दर्शनशुद्धिभाजोः ।
पूर्वप्रवृत्ताऽपि कृतौषधस्य,
रुजेव पथ्यान्नभुजः शरीरे ।।१३३।।

શ્લોકાર્થ :-

પરંતુ જેમ કરેલા ઔષધવાળા પથ્ય અન્ન ભોગવનારા જીવના શરીરમાં રોગની વૃદ્ધિ થાય નહીં. તેમ દર્શનશુદ્ધિવાળાં તેઓના ચિત્તમાં પૂર્વ

પ્રવૃત્ત પણ દોષની વૃદ્ધિ થઈ નહીં.

જેમ કોઈ રોગી પોતાના રોગનું ઉચિત ઔષધ કરે અને પથ્ય અન્ન વાપરે તો પૂર્વમાં કુપથ્યના સેવનથી થયેલા રોગની વૃદ્ધિ થતી નથી. તેમ તે વ્યંતરયુગલ પ્રતિદિન સુસાધુની ભક્તિ કરીને, ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક વીતરાગની ભક્તિ કરીને દર્શનશુદ્ધિને ભજનારું હતું તેથી દેવભવને કારણે અવિરતિના ઉદયવાળાં હોવા છતાં અને પૂર્વમાં અતિ કામની લાલસાને કારણે જ મુગ્ધ અને અકુટિલા સાથે કામ સેવેલું તોપણ તત્ત્વને પામ્યા પછી શુદ્ધ આચારોને સેવનારાં હોવાથી ભોગની તૃષ્ણારૂપ રોગની વૃદ્ધિ તેઓને થઈ નહીં. **॥૧૩૩॥**

શ્લોક :-

अथान्यदा तौ रहसि स्थितौ प्राग्,
दुश्चिन्तिते कालविलम्बपक्षम् ।
संमानयन्तौ स्म मिथोऽभिलापाद्
वित्तः स्वनाम्नोश्चरितार्थभावम् ।।१३४।।

શ્લોકાર્થ :-

હવે અન્યદા એકાંતમાં રહેલાં પૂર્વમાં દુશ્ચિંતિત એવાં તે બંને પરસ્પર અભિલાપથી પોતાના બંનેના નામના ચરિતાર્થભાવને જાણતાં કાલવિલંબ-પક્ષને સન્માન કર્યું.

કાલજ્ઞ અને વિચક્ષણાએ પૂર્વમાં જે અનુચિત કરેલું તેના વિષયમાં પરસ્પર અભિલાપ કરીને જાણ્યું કે કાલજ્ઞ પણ કાલને જાણનાર છે અને વ્યંતરી પણ વિચક્ષણ છે તેથી તેઓનું નામ પણ તેવા ગુણવાળું છે અને તેઓએ કાલવિલંબન પક્ષને સ્વીકાર્યો. તેથી આજે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ અને અન્ય કોઈ અનર્થ થયું નહીં. આથી તેઓએ સ્વીકારેલો કાલવિલંબન પક્ષ સુંદર છે એ પ્રકારે તેઓએ નિર્ણય કર્યો. **॥૧૩૪॥**

શ્લોક :-

सामान्यरूपाऽऽह तदङ्गजासौ,
संदिग्धपक्षद्वितये विलम्बः ।

एकार्थसिद्धिं प्रति पर्यवस्यँ-
स्तयोरिव स्ताद् भवतो हिताय ।।१३५।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પૂર્વમાં મિથુનયુગલે સામાન્ય પક્ષને સન્માન કર્યું તે કારણથી, સામાન્યરૂપાએ કહ્યું. હે પુત્ર ! સંદિગ્ધ પક્ષદ્વિતયમાં આ વિલંબન તે બેની જેમ=વ્યંતરયુગલની જેમ, એક અર્થની સિદ્ધિ પ્રત્યે પર્યવસન પામતો તારા હિત માટે થાઓ.

પૂર્વમાં કહ્યું એ પ્રમાણે મધ્યમબુદ્ધિએ પોતાના સામાન્યરૂપ કર્મોને આશ્રયીને શું કરવું તેની વિચારણા કરી. તેમાં મિથુનયુગલનું દૃષ્ટાંત સ્મરણ કરીને મધ્યમબુદ્ધિ જીવ વિચારે છે કે જેમ તે મિથુનયુગલને સંદિગ્ધ પક્ષદ્વય હતા="હું મારી પત્નીની અનુચિત પ્રવૃત્તિનો વિરોધ કરું કે અત્યારે મૌન અવલંબન લઉં" એ પ્રકારના સંદિગ્ધ પક્ષદ્વય હતા. તે વખતે બંનેએ તેનો વિલંબન કર્યો તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ એક અર્થની સિદ્ધિ થઈ તેમ મધ્યમબુદ્ધિને મધ્યમકર્મના બળથી કાલવિલંબન પક્ષ પોતાના માટે હિત છે તેવું જણાય છે. **II૧૩૫II**

શ્લોક :-

वचांसि बालस्य मनीषिणश्चा-
न्तराऽन्तराऽसावनुवर्तमानः ।
प्रमाणयन् मातृवचो बभार,
क्षोभस्वभावस्थितिसिन्धुसाम्यम् ।।१३६।।

શ્લોકાર્થ :-

બાળના અને મનીષીનાં વચનોને વચવચમાં અનુસરતા, માતાના વચનને પ્રમાણ કરતા આણે=મધ્યમે, ક્ષોભ સ્વભાવને અને સ્થિતિના સિંધુ એવા સામ્યને ધારણ કર્યું.

મધ્યમબુદ્ધિ ક્યારેક બાળનાં વચનો સાંભળે છે ત્યારે બાળને અનુસરે છે, ક્યારેક મનીષીનાં વચનો સાંભળે છે ત્યારે મનીષીને અનુસરે છે; કેમ કે સામાન્યરૂપ કર્મોએ તેને મધ્યસ્થ રહેવાની પ્રેરણા કરેલી. તેથી જ્યારે બાળનાં

વચનોને અનુસરે છે ત્યારે વિકારોકૃત ક્ષોભ સ્વભાવને ધારણ કરે છે અને મનીષીનાં વચનો સાંભળે છે ત્યારે વિકારોની અસારતા તેને જણાય છે તેથી સ્વસ્થતાના સામ્યને તે ધારણ કરે છે. **॥૧૩૬॥**

શ્લોક :-

मातोऽथ बालस्य तनौ प्रविष्टा,
स्वयोगशक्त्या सुखकारणाय ।
स्फुटत्रिदोषः स निसर्गदुष्टो,
बभूव दुष्टद्वयसंक्रमेण ।।१३७।।

શ્લોકાર્થ :-

હવે બાલની માતાએ સ્વયોગશક્તિથી સુખના કારણ માટે શરીરમાં પ્રવેશ કર્યો=બાલના શરીરમાં પ્રવેશ કર્યો. નિસર્ગથી દુષ્ટ એવો તે=બાલ, દુષ્ટદ્વયના સંક્રમણથી=દુષ્ટકર્મોરૂપ તેની માતા અને સ્ત્રીઓના કોમળ સ્પર્શની ઈચ્છારૂપ દુષ્ટદ્વયના સંક્રમણથી, સ્પષ્ટ ત્રણ દોષવાળો=મન, વચન, કાયાના ત્રણ દોષવાળો થયો.

બાળના શરીરમાં જ્યારે કામનો વિકાર ઉત્પન્ન થાય છે ત્યારે ક્લિષ્ટ કર્મોવાળો તે હોવાથી નિસર્ગથી તે દુષ્ટ હતો. અને ક્લિષ્ટ કર્મો વિપાકમાં આવ્યાં ત્યારે કોમળ સ્પર્શની ઇચ્છાઓ અને સ્ત્રીઓના સ્પર્શની ઇચ્છાઓ તેના ચિત્તમાં ઉદ્ભવે છે તેથી કાયાથી જ તેવી પ્રવૃત્તિ કરે છે, મનથી તેવા જ વિચારો કરે છે, વચનથી તે કામને અનુકૂળ વાર્તાલાપો કરે છે તેથી વિકારોથી આક્રાંત બાળ બને છે. **॥૧૩૭॥**

શ્લોક :-

असौ ततः कामयते कुविन्द-
मातङ्गनारीरपि मुक्तलज्जः ।
उपेक्षमाणेन जनापवादं,
त्यक्तं न तेनात्र किमप्यकृत्यम् ।।१३८।।

શ્લોકાર્થ :-

તેથી=દુષ્ટદ્રયનું સંક્રમણ બાળમાં થયું તેથી, મુક્ત લજ્જાવાળો એવો આ=બાળ, હલકી સ્ત્રીઓ, માતંગની સ્ત્રીઓને પણ ઇચ્છે છે. જનવાદની ઉપેક્ષા કરતા એવા તેના વડે=બાલ વડે, કામના વિષયમાં કોઈપણ અકૃત્ય ત્યાગ કરાયું નહીં. ।।૧૩૮।।

શ્લોક :-

निवारयन्तं च भियाऽपवादान्,
मनीषिणा वेत्ति स मध्यबुद्धिम् ।
प्रतारितं स्नेहपरं परं स्वं,
सामग्र्यमुद्वीक्ष्य न माति चित्ते ।।१३९।।

શ્લોકાર્થ :-

ભયથી અને અપવાદોથી મનીષી દ્વારા નિવારણ કરાતાં મધ્યમબુદ્ધિને તે=બાલ, ઠગાયેલો જાણે છે પરંતુ પોતાના સ્નેહપર સામગ્ર્યને જોઈને ચિત્તમાં સમાતો નથી.

મનીષી મધ્યમબુદ્ધિને પરદારાદિ સેવન કરતો અને મૃદુ સ્પર્શમાં આસક્ત જોઈને ઉપદ્રવોના ભયથી અને લોકમાં અપકીર્તિના ભયથી નિવારણ કરે છે. તેને જોઈને બાલ વિચારે છે કે મનીષી મધ્યમબુદ્ધિથી ઠગાયો છે અને પોતે સ્પર્શનના સંપૂર્ણ સ્નેહમાં તત્પર છે તેથી સુખી છે તેમ માનીને હૈયામાં હર્ષિત થાય છે. **।।૧૩૯।।**

શ્લોક :-

ज्ञातं ततो मध्यमबुद्धिनाऽपि,
फलाय नास्मिन्नुपदेशशक्तिः ।
कृतप्ररोहाञ्चितकृष्णभूमिः,
शिलातले किं कुरुतेऽम्बुवृष्टिः ।।१४०।।

શ્લોકાર્થ :-

તેથી મધ્યમબુદ્ધિ વડે પણ જણાયું, આમાં=બાલમાં, ઉપદેશશક્તિ ફલ માટે નથી. શિલાતલમાં પાણીની વૃષ્ટિ કરાયેલા પ્રરોહથી અંચિત= યુક્ત, કૃષ્ણભૂમિને શું કરે છે.

શિલાતલમાં પાણીની વૃષ્ટિ વૃક્ષના પ્રરોહથી યુક્ત ખેતીવાળી ભૂમિને કરતી નથી તેમ બાલમાં ઉપદેશશક્તિ ફલ માટે થતી નથી એમ મધ્યમબુદ્ધિએ જાણ્યું. **॥૧૪૦॥**

શ્લોક :-

गृह्णन् बलिं किंशुकमांसपेशी-
विकीर्णपुष्पालिरजाः प्रजानाम् ।
उन्मादको भूत इवोपतस्थेऽ-
न्यदा वसन्तः पिकगीतमत्तः ।।१४१।।

શ્લોકાર્થ :-

કેસૂડાના માંસપેશીવાળા બલિને ગ્રહણ કરતો, વિખરાયેલાં પુષ્પોની હારમાળાની રજવાળો, પ્રજાના ઉન્માદને કરનારો, ભૂત જેવો, કોયલના ગીતથી મત્ત એવો વસંતઋતુ આવ્યો. ॥૧૪૧॥

શ્લોક :-

बालस्तदा स्पर्शनमातृयुक्तः,
क्रीडापरो मध्यधियाऽन्वितः सन् ।
लीलाधरं नाम वनं जगाम,
ददर्श तत्र स्मरचैत्यमुच्चैः ।।१४२।।

શ્લોકાર્થ :-

ત્યારે=વસંતઋતુમાં, સ્પર્શન અને માતાથી યુક્ત=સ્પર્શેન્દ્રિય અને અશુભાલિ માતાથી યુક્ત એવો બાલ, મધ્યમબુદ્ધિથી અન્વિત છતો ક્રીડામાં તત્પર લીલાધર નામના વનમાં ગયો, ત્યાં=બગીચામાં, ઊંચા

કામદેવના ચૈત્યને જોયું.

બાલમાં અંતરંગરૂપે સ્પર્શનની લાલસારૂપ પરિણામ વર્તે છે અને અશુભ કૃત્યો કરાવે તેવી અશુભપરિણતિરૂપ માતા વર્તે છે. તે બેથી યુક્ત મધ્યમબુદ્ધિની સાથે વનમાં ગયો અને ત્યાં ઊંચા કામદેવના ચૈત્યને જોયું. **॥૧૪૨॥**

શ્લોક :-

त्रयोदशीनाम्नि दिनेऽर्थिलोकै-
र्महामहे तत्र विधीयमाने ।
कुतूहली तत्र गतः स चैत्ये,
ददर्श गुप्तं स्मरवासहर्म्यम् ।।१४३।।

શ્લોકાર્થ :-

તેરસના દિવસે કામના અર્થિલોકો વડે ત્યાં=કામદેવના મંદિરમાં, મોટો મહોત્સવ કરાયે છતે કુતૂહલી એવો તે=બાલ, તે ચૈત્યમાં ગયો. ગુપ્ત એવા કામના વાસરૂપ ઓરડાને જોયો. ।।૧૪૩।।

શ્લોક :-

द्वारेऽथ संस्थाप्य वयस्यमेको,
मध्ये प्रविष्टः सहसैव बालः ।
पस्पर्श तत्राब्जमृणालमृद्वीं,
प्रसुप्तकन्दर्परतिं स शय्याम् ।।१४४।।

શ્લોકાર્થ :-

હવે દ્વારમાં મિત્રને=મધ્યમબુદ્ધિ મિત્રને, સંસ્થાપન કરીને સહસા જ બાલે મધ્યમાં પ્રવેશ કર્યો. ત્યાં કમલના નાલ જેવી નરમ, સૂતેલા કામ અને રતિવાળી શય્યાનો તેણે=બાલે, સ્પર્શ કર્યો. ।।૧૪૪।।

શ્લોક :-

प्रसृत्वरस्पर्शनमातृदोषः,
सुष्वाप तत्राथ विहाय भीतिम् ।

इतश्च देवी रिपुमर्दनस्य,
तत्रागता मन्मथकन्दली द्राक् ।।१४५।।

શ્લોકાર્થ :-

વિસ્તાર પામતા સ્પર્શન અને માતાદોષવાળો બાલ હવે ત્યાં=કામદેવની શય્યામાં, ભય છોડીને સૂતો, અને આ બાજુ રિપુમર્દનની દેવી મન્મથની કંદલી શીઘ્ર ત્યાં આવી. ।।૧૪૫।।

શ્લોક :-

असौ स्थितः काष्ठमिवाथ लीनो,
लज्जाभयाभ्यां प्रविलुप्तचेष्टः ।
पस्पर्श बालं रतिकामयुग्मं,
साऽप्यर्चयन्ती सुविलेपनेन ।।१४६।।

શ્લોકાર્થ :-

હવે, આ=બાલ, કાષ્ઠની જેમ લીન, લજ્જા અને ભયથી પ્રવિલુપ્ત ચેષ્ટાવાળો રહ્યો, સુવિલેપનથી રતિ અને કામના યુગલને અર્ચન કરતી તેણીએ પણ=મન્મથકંદલીએ પણ, બાલને સ્પર્શ કર્યો. ।।૧૪૬।।

શ્લોક :-

तप्तायसि क्षिप्त इवाथ मीन-
स्तं स्पर्शमासाद्य स तापमाप ।
इयं क्व लभ्येति मुहुः शुशोच,
तत्रैव निःश्वासततीर्मुमोच ।।१४७।।

શ્લોકાર્થ :-

હવે તે સ્પર્શને પ્રાપ્ત કરીને તે=બાલ, તપાવેલા ગોળા ઉપર ફેંકાયેલા માછલાની જેમ તાપને પામ્યો. આ=મન્મથકંદલી, ક્યાં લભ્ય છે ? એ પ્રમાણે વારંવાર શોક કરવા લાગ્યો, ત્યાં જ=કામની પથારીમાં જ, નિઃશ્વાસના વિસ્તારને મૂક્યો. ।।૧૪૭।।

શ્લોક :-

अस्यां गतायामपि कामदेव-
पूजां विधाय क्षितिपालपत्न्याम् ।
निर्याति बालो न बहिः करोति,
कार्यं किमित्युत्थितसंभ्रमोर्मिः ।।१४८।।
मध्ये गतो मध्यमधीरथोच्चैः,
शय्यासुखस्पर्शहृतोऽपि दध्यौ ।
सतां न गम्या सुखदाऽपि शय्या,
देवाश्रिता रूपवतीव माता ।।१४९।।

શ્લોકાર્થ :-

કામદેવની પૂજા કરીને આ ક્ષિતિપાલની પત્ની ગયે છતે પણ બાલ બહાર આવતો નથી, શું કાર્ય કરે છે એ પ્રમાણે ઉત્થિત સંભ્રમની ઊર્મિવાળો મધ્યમબુદ્ધિ હવે મધ્યમાં ગયો=કામદેવના મંદિરમાં ગયો, શય્યાના સુખના સ્પર્શથી હણાયેલા પણ મધ્યમબુદ્ધિએ વિચાર્યું, સુખને દેનારી પણ દેવ આશ્રિત શય્યા સજ્જનોને ગમ્ય નથી, જેમ રૂપવાળી માતા. ।।૧૪૮-૧૪૯।।

શ્લોક :-

जगौ च बालं ननु देवशय्या-
स्वापो न युक्तस्तव मित्ररूप ।
उपेक्षितं तस्य वचोऽपि तेन,
तद्व्यन्तरोऽथ प्रचुकोप तस्मै ।।१५०।।
बद्ध्वा कृतस्तेन स कण्ठगासुः,
प्रमोचितो मध्यमबुद्धिनाऽथ ।
भृशं पतित्वा पदयोर्दयोच्च-
स्वान्तेन सर्वैरपि गर्हितोऽसौ ।।१५१।।

શ્લોકાર્થ :-

અને બાલને કહ્યું, ખરેખર હે મિત્રરૂપ બાલ ! તને દેવની શય્યામાં સૂવું યુક્ત નથી. તેના વડે=બાલ વડે, તેનું વચન પણ=મધ્યમબુદ્ધિનું વચન પણ, ઉપેક્ષા કરાયું. હવે, વ્યંતર પણ તેના ઉપર=બાલ ઉપર, કોપ પામ્યો. તેના વડે=વ્યંતર વડે, બાંધીને, તે=બાલ, કંઠમાં રહેલા પ્રાણવાળો કરાયો, હવે, દયાથી અત્યંત અંતઃકરણવાળા મધ્યમબુદ્ધિ વડે અત્યંત પગમાં પડીને મુકાવાયો, સર્વે વડે પણ આ=બાલ, નિંદા કરાયો. ।।૧૫૦-૧૫૧।।

શ્લોક :-

शिक्षाऽसहं कर्मविलासराज-
स्तं दुर्विनीतं परिभाव्य रुष्टः ।
अवारयत् स्वं परिवारमेवं,
विषद्रुमेऽस्मिन्न हितं विचिन्त्यम् ।।१५२।।

શ્લોકાર્થ :-

શિક્ષામાં અસમર્થ દુર્વિનીત તેને=બાલને, જાણીને, કર્મવિલાસ રાજા રોષ પામ્યો, વિષરૂપી વૃક્ષ એવા આમાં=બાલમાં, હિત ચિંતવન કરવું જોઈએ નહીં, એ પ્રમાણે સ્વપરિવારને કહ્યું.

બાલનાં પ્રસ્તુત અનુચિત કૃત્યોથી ઘણી પાપપ્રકૃતિઓ વિપાકમાં આવી અને તેના કારણે જ વિષ જેવા બાલમાં તે પાપપ્રકૃતિઓએ બાલનાં સ્વજનોને તેની હિતચિંતા કરવી જોઈએ નહીં એ પ્રમાણે પ્રેરણા કરી. **।।૧૫૨।।**

શ્લોક :-

पृष्टोऽन्यदा मध्यमबुद्धिनाऽसौ,
कश्चिन्निराबाधमिदं वपुस्ते ।
स प्राह बाधा न शरीरके मे,
चित्ते परं मन्मथकन्दली या ।।१५३।।

શ્લોકાર્થ :-

અન્યદા મધ્યમબુદ્ધિ વડે આ=બાલ, પુછાયો, તારું આ શરીર કંઈક નિરાબાધ છે. તેણે કહ્યું, મારા શરીરમાં પીડા નથી, પરંતુ ચિત્તમાં જે મન્મથકંદલી છે તે બાધા કરે છે. ।।૧૫૩।।

શ્લોક :-

दध्यावथो मध्यमधीर्मनोऽस्य,
स्थाने यदेषाऽतिशयस्य भूमिः ।
द्वारि स्थितोऽस्याः सुखमन्वभूवं,
स्पर्शस्य यत् क्वापि हि तन्न लभ्यम् ।।१५४।।

શ્લોકાર્થ :-

હવે, મધ્યમબુદ્ધિએ વિચાર્યું આનું મન સ્થાનમાં છે, જે કારણથી આ=મન્મથકંદલી, અતિશયની ભૂમિ છે. દ્વારમાં રહેલા એવા મેં આના જે સ્પર્શનના સુખને અનુભવ્યું, તે ક્યાંય પણ લભ્ય નથી. ।।૧૫૪।।

શ્લોક :-

परं परस्त्रीगमनं कुलस्य,
कलङ्क इत्येनमवारयत् सः ।
स प्राह नायुर्मम तां विनेष्टं,
मौनं ततो मध्यमधीश्चकार ।।१५५।।

શ્લોકાર્થ :-

પરંતુ પરસ્ત્રીગમન કુલને કલંક છે. એ પ્રમાણે આને=બાલને, તેણે= મધ્યમબુદ્ધિએ, વારણ કર્યું. તે=બાલ, બોલ્યો, તેણીના વિના=મન્મથ-કંદલી વગર, મારું આયુષ નથી, તેથી મધ્યમબુદ્ધિએ ઇષ્ટ એવું મૌન કર્યું. ।।૧૫૫।।

શ્લોક :-

अथ प्रदोषे स्वगृहान्निरीय,
गन्तुं प्रवृत्तो रिपुमर्द्दनस्य ।
बालो गृहं प्रत्यनु तं जगाम,
स्नेहानुबन्धेन च मध्यबुद्धिः ।।१५६।।

શ્લોકાર્થ :-

હવે પ્રદોષમાં=સાંજમાં, સ્વઘરથી નીકળીને, રિપુમર્દનના ઘર તરફ જવા માટે પ્રવૃત્ત થયો અને તેની પાછળ સ્નેહના અનુબંધથી મધ્યમબુદ્ધિ ગયો. ।।૧૫૬।।

શ્લોક :-

निनाय कश्चित् पुरुषो मयूर-
बन्धेन बद्ध्वा गगनेऽथ बालम् ।
रोषोद्धतो मध्यमबुद्धिरुच्चै-
राकृष्टखड्गश्च तमन्वधावत् ।।१५७।।

શ્લોકાર્થ :-

હવે, કોઈક પુરુષ બાલને મયૂરબંધથી બાંધીને ગગનમાં લઈ ગયો, અને રોષથી ઉદ્ધત મધ્યમબુદ્ધિ આકૃષ્ટ ખડ્ગવાળો તેની પાછળ દોડ્યો. ।।૧૫૭।।

શ્લોક :-

नासादितोऽसौ गतया निशाऽपि,
तथापि न स्नेहवशान्निवृत्तः ।
दिनानि बभ्राम स सप्त पृच्छन्,
बालस्य वार्तामतिदुःखितोऽपि ।।१५८।।

શ્લોકાર્થ :-

ગયેલી રાત્રિથી પણ આ=બાલ, પ્રાપ્ત થયો નહીં, તોપણ સ્નેહના વશથી નિવૃત્ત થયો નહીં=બાલની પાછળ જવાથી નિવૃત્ત થયો નહીં, અતિદુઃખિત પણ તે=મધ્યમબુદ્ધિ, બાલની વાર્તાને પૂછતો સાત દિવસ ભમ્યો. ।।૧૫૮।।

શ્લોક :-

जीर्णेऽन्धकूपेऽथ कुशस्थलस्य,
बहिःप्रदेशे स पुरस्य दुःखात् ।
पातं विधित्सुः किल नन्दनेन,
विलोकितः क्ष्मापतिपूरुषेण ।।१५९।।

શ્લોકાર્થ :-

હવે કુશસ્થલ નગરના બહિર્ પ્રદેશમાં જીર્ણ અંધકૂપમાં દુઃખથી પાતને કરવાની ઈચ્છાવાળો તે=મધ્યમબુદ્ધિ, ખરેખર રાજાના પુરુષ એવા નંદ વડે જોવાયો. ।।૧૫૯।।

શ્લોક :-

विमोचितोऽसौ व्यवसायतोऽस्मात्,
पृष्टश्च को भद्र ! तवात्र हेतुः ।
तेनोदिता बालवियोगवार्ता,
स प्राह खेदं कुरु माऽत्र कार्ये ।।१६०।।

શ્લોકાર્થ :-

આ વ્યવસાયથી=આપઘાત કરવાના વ્યવસાયથી, આ=મધ્યમબુદ્ધિ, મુકાવાયો=નંદ વડે મુકાવાયો, અને પુછાવાયો=મધ્યમબુદ્ધિ પુછાવાયો, હે ભદ્ર ! અહીં=આપઘાત કરવામાં, તારું કારણ શું છે ? તેના વડે=મધ્યમ-બુદ્ધિ વડે, બાલના વિયોગની વાર્તા કહેવાઈ, તે કહે છે. આ કાર્યમાં=બાલના વિયોગના કાર્યમાં, ખેદ કર નહીં. ।।૧૬૦।।

શ્લોક :-

दास्यामि ते भ्रातरमेष बालं,
यमाशु मांसास्त्रहुतीः प्रदातुम् ।
विद्याधरः शत्रुविनाशिविद्या-
सिद्ध्यै हरिश्चन्द्रनृपस्य जह्रे ।।१६१।।

શ્લોકાર્થ :-

તારા ભાઈ બાલને આ હું આપીશ, હરિશ્ચન્દ્ર રાજાની શત્રુના વિનાશની વિધાની સિદ્ધિ માટે માંસની આહુતિ આપવા માટે જેને=જે બાલને, વિધાધરે શીઘ્ર ગ્રહણ કર્યું. ।।૧૬૧।।

શ્લોક :-

ममार्पितोऽसावधुनैव राज्ञा,
तवैव भाग्यादिति याहि नीत्वा ।
उक्त्वेति गत्वा स गृहे ददौ द्रा-
गानीय बालं करुणापरोऽस्मै ।।१६२।।

શ્લોકાર્થ :-

મને આ=બાલ, હમણાં જ રાજા વડે તારા જ ભાગ્યથી=મધ્યમના ભાગ્યથી, અર્પિત કરાયો છે. એથી લઈને તું જા. એ પ્રમાણે કહીને તે=નંદ, ઘરમાં જઈને, શીઘ્ર બાલને લાવીને કરુણામાં પર એવા તેણે=નંદે, આને=મધ્યમને, આપ્યો. ।।૧૬૨।।

શ્લોક :-

सम्प्रीणयन् क्वाप्यशनादिदानात्,
क्वचित्प्रदेशेऽम्बु च पाययंस्तम् ।
निनाय गेहेऽथ स मध्यबुद्धि-
र्मनाक् स जातः सबलः क्रमेण ।।१६३।।

શ્લોકાર્થ :-

કોઈક સ્થાનમાં આહારાદિના દાનથી પ્રીતિને ઉત્પન્ન કરતો, કોઈક સ્થાનમાં તેને=બાલને, પાણીને પિવડાવતો, હવે તે મધ્યમબુદ્ધિ, ગૃહે લાવ્યો, ક્રમથી તે=બાલ, થોડોક સબલ થયો.

મધ્યમબુદ્ધિ મધ્યમ પ્રકારના શુભાશુભકર્મવાળો છે તેથી અત્યંત ક્લેશવાળા બાલ પ્રત્યે પણ ભ્રાતાના સ્નેહને રાખીને ક્લેશને અનુભવે છે અને તેના દુઃખોથી સદા દુઃખિત થાય છે. જ્યારે મનીષી બુદ્ધિમાન છે, બાલ અપ્રજ્ઞાપનીય છે, ક્લિષ્ટ કર્મવાળો છે તેથી તેની ઉપેક્ષા કરીને મધ્યમબુદ્ધિની જેમ તે પ્રકારના ક્લેશોને કરતો નથી પરંતુ ક્લેશથી આત્માનું રક્ષણ કરે છે. **॥૧૬૩॥**

શ્લોક :-

पृष्टोऽथ दुःखं तव कीदृगासी-
ज्जगावसावष्टशते जपानाम् ।
दिनानि सप्ताहुतयः प्रदत्ताः,
पृथक् पृथक् मे पलशोणिताभ्याम् ।।१६४।।
मां प्रेक्ष्य राजा करुणं रटन्तं,
दन्तैर्दयालुर्मयि शीच्चकार ।
विद्याभृताऽवार्यत नैष कल्प-
स्तेनार्पितं मे नरकस्य दुःखम् ।।१६५।।
समागतः प्रष्टुमुदन्तमस्य,
लोकानुवृत्त्याऽथ मनीषिनामा ।
शुश्राव तां मुग्ध इव प्रवृत्ति-
मवारयत् स्पर्शनसंगमं च ।।१६६।।

શ્લોકાર્થ :-

હવે પુછાયો=બાલ પુછાયો, તને કેવા પ્રકારનું દુઃખ થયું, આ=બાલ, બોલ્યો, ૧૦૮ જપમાં સાત દિવસ સુધી પૃથક્ પૃથક્ મારાં માંસ અને

લોહીથી આહુતિઓ અપાઈ. કરુણ રડતા એવા મને જોઈને, દયાળુ એવા રાજાએ મારામાં દાંતોથી શીત્કાર કર્યો, વિદ્યાધર વડે વારણ કરાયો, આ કલ્પ નથી=વિદ્યાનો આ આચાર નથી, તેના વડે મને નરકનું દુઃખ અપાયું. હવે, આના ઉદંતને=વૃત્તાંતને, લોકઅનુવૃત્તિથી પૂછવા માટે મનીષી આવ્યો, મુગ્ધની જેમ તે પ્રવૃત્તિને, સાંભળી અને સ્પર્શનના સંગમનું વારણ કર્યું. ।।૧૬૪થી ૧૬૬।।

શ્લોક :-

आधूय मूर्धानमथाह बालो,
महार्थसिद्धौ क इवान्तरायः ।
दुःखं कियन्मे यदि तां लभेऽहं,
प्राणैः क्रयं साऽर्हति तद्वदिष्टा ।।१६७।।

શ્લોકાર્થ :-

હવે માથું હલાવીને બાલ કહે છે. મહાર્થની સિદ્ધિમાં કયા કારણથી અંતરાય છે=મન્મથકંદલીને પ્રાપ્ત કરવામાં આ કયા કારણથી અંતરાય છે. જો તેણીને=મન્મથકંદલીને, હું પ્રાપ્ત કરું તો મારું આ દુઃખ કેટલું છે, પ્રાણોથી તે=મન્મથકંદલી, ખરીદવા યોગ્ય છે. તેની જેમ ઈષ્ટ છે= પ્રાણોથી હું તેની ખરીદી કરું તેની જેમ મને ઈષ્ટ છે.

બાલને સ્પર્શનના સુખથી અધિક સુખ કંઈ જ નથી તેવી બુદ્ધિ કરે તેવાં ક્લિષ્ટ કર્મો વર્તે છે તેથી સ્પર્શનને કારણે પોતાનાં આ સર્વ દુઃખોની પરંપરા થઈ તેને પણ ગણકારતો નથી, માત્ર કામરાગને વશ થઈને તેને જ સર્વસ્વ માને છે. **।।૧૬૭।।**

શ્લોક :-

तं कालदष्टं परिभाव्य हस्ते,
धृत्वा ययौ मध्यधियं मनिषी ।
जगौ च लोहेऽत्र निविश्य मूढ,
कथं तितीर्षस्यसुखाम्बुराशिम् ।।१६८।।

શ્લોકાર્થ :-

કાલદષ્ટ એવા તેનું પરિભાવન કરીને=બાલનું પરિભાવન કરીને હાથમાં મધ્યમબુદ્ધિને ધારણ કરીને મનીષી ગયો, અને કહ્યું, આ લોહમાં બેસીને મૂઢ એવો બાલ દુઃખરૂપી સમુદ્રને કેવી રીતે તરશે.

સ્પર્શન પ્રત્યે બદ્ધ રાગવાળા બાલને જોઈને મનીષી મધ્યમબુદ્ધિને બાલ પ્રત્યેના રાગને છોડવા માટે પ્રેરણા કરે છે. **॥૧૬૮॥**

શ્લોક :-

स प्राह सम्यग् विहितं त्वयेदं,
ममालमेतेन तवामतेन ।
तातादयोऽर्थं किमिमं विदन्ति,
जगौ मनीषी जगदेव वेत्ति ।।१६९।।

શ્લોકાર્થ :-

તે=મધ્યમબુદ્ધિ, કહે છે. તારા વડે=મનીષી વડે, આ સમ્યગ્ કરાયું, તને અસંમત એવા બાલ વડે મને સર્યું, શું આ અર્થને=બાલને અને મને જે ક્લેશ પ્રાપ્ત થયો એ અર્થને, કર્મપરિણામ રાજા આદિ, જાણે છે ? મનીષી કહે છે – જગત જાણે છે. ।।૧૬૯।।

શ્લોક :-

तत् कीदृशं चित्तमभूदिहार्थे,
तातस्य मातुश्च तवेति पृष्टः ।
जगौ मनीषी मम निर्गुणेऽभूद्,
बालेऽत्र माध्यस्थ्यमबालभावात् ।।१७०।।

શ્લોકાર્થ :-

તે કારણથી=બાલનું ચિત્ત જાણ્યું તે કારણથી, આ અર્થમાં=બાલની અનર્થની પરંપરારૂપ અર્થમાં, પિતાનું, માતાનું અને તારું કેવા પ્રકારનું ચિત્ત

થયું, એ પ્રમાણે પુછાયો=મધ્યમબુદ્ધિ વડે મનીષી પુછાયો, મનીષી બોલ્યો, નિર્ગુણ એવા આ બાલમાં મને અબાલભાવને કારણે માધ્યસ્થ્ય થયું.

મનીષી તત્ત્વની વિચારણાઓમાં અબાલભાવવાળો છે તેથી સુધરે નહીં એવા નિર્ગુણી બાલ પ્રત્યે ઉપેક્ષારૂપ મધ્યસ્થભાવ ધારણ કરે છે અને અબાલભાવ હોવાને કારણે જ મધ્યમબુદ્ધિ પ્રત્યે તેના હિતની ચિંતા કરે છે, આથી જ હાથ પકડીને મધ્યમબુદ્ધિને બાલ પાસેથી અન્યત્ર લઈ જાય છે અને તેની ઉપેક્ષા કરવા માટે હિતોપદેશ આપે છે અને જેઓને બાલની તેવી અનુચિત પ્રવૃત્તિ જોઈને અલ્પ પણ દ્વેષ થાય છે તેઓ અબાલભાવવાળા નથી, પરંતુ તત્ત્વની વિચારણામાં તેટલા અંશથી બાલભાવવાળા છે. **॥૧૭૦॥**

શ્લોક :-

संक्लिश्यमाने च दया तवात्म-
न्यास्था ममात्मन्यपमित्रहानात् ।
हर्षो गुणाढ्ये भवजन्तुधीरे,
तातस्य चैकः परिदीर्घहासः ।।१७१।।

શ્લોકાર્થ :-

અને સંક્લિશ્યમાન એવા તારા આત્મામાં=મધ્યમબુદ્ધિના આત્મામાં, દયા, મારા આત્મામાં અપમિત્રના ત્યાગથી આસ્થા=સ્પર્શનરૂપ અપમિત્રના ત્યાગથી આસ્થા, ગુણથી આઢ્ય ધીર એવા ભવજંતુમાં હર્ષ, અને પિતાને=કર્મપરિણામ રાજારૂપ પિતાને, એક પરિદીર્ઘ હાસ્ય થયું.

મનીષી તત્ત્વને જોનાર હોવાથી નિર્ગુણ એવા બાલમાં જેમ મધ્યસ્થભાવ ધારણ કરે છે, તેમ બાલ સાથે સંબંધ રાખીને સંક્લેશ કરતા મધ્યમબુદ્ધિમાં દયાનો પરિણામ ધારણ કરે છે, વિચારે છે કે ઉચિતકાળે ઉચિત બોધ કરાવીને સંક્લેશનું નિવારણ કરીશ તે પ્રકારનો ભાવ ધારણ કરે છે અને પોતે અપમિત્ર એવા સ્પર્શનને વશ થયો નથી તે સુંદર છે તેવી આસ્થાને સ્થિર કરે છે જે મનીષીની માર્ગાનુસારી બુદ્ધિ છે અને ગુણથી પૂર્ણ એવા ધીર ભવજંતુમાં હર્ષ થાય છે; કેમ કે દુષ્ટ એવા સ્પર્શનનો સર્વથા ત્યાગ કરીને મોક્ષના સુખને પામેલ

છે અને બાલનાં અનુચિત કર્મોને જોઈને કર્મપરિણામ રાજાએ તેની કદર્થના કરવા માટે જ વિદ્યાધર દ્વારા અપહરણ કરાવીને તેની અનુચિત પ્રવૃત્તિનો પરિદીર્ઘહાસ્ય કર્યો છે. **॥૧૭૧॥**

શ્લોક :-

सम्पद्यते यन्मयि कोपिते तद्,
बालो ह्यवापेति जहर्ष तातः ।
सामान्यरूपा तु पराभवौघे,
गतः क्व पुत्रेति शुशोच बाढम् ।।१७२।।

શ્લોકાર્થ :-

હું કોપિત હોતે છતે જે પ્રાપ્ત થાય છે તે બાલે પ્રાપ્ત કર્યું એથી પિતા હર્ષ પામ્યા, વળી, પરાભવના સમૂહમાં પુત્ર ક્યાં ગયો ? એ પ્રકારે સામાન્યરૂપ મધ્યમની માતા અત્યંત શોક કરે છે.

કર્મપરિણામ રાજા જ્યારે કોપ પામે ત્યારે જે થાય તે બાલને પ્રાપ્ત થયું છે તે જ કર્મપરિણામ રાજાનો હર્ષ છે, બાલ પાછળ મધ્યમ જાય છે તેથી ઘણા ક્લેશો પામે છે. તે ક્લેશને જોઈને મધ્યમબુદ્ધિનાં સામાન્ય કર્મો શોક કરે છે= મધ્યમબુદ્ધિને તે કૃત્ય કરતાં વારણને અભિમુખ પરિણામવાળો કરે છે. આથી જ મનીષીના વચનથી મધ્યમબુદ્ધિ નિવર્તન પામે છે. **॥૧૭૨॥**

શ્લોક :-

प्रीता मदम्बा तनयस्य मेऽभू-
न्नापाय इत्याप पुरं तु हर्षम् ।
बालस्य दुःखात् करुणां त्वदर्ते-
र्गुणानुरागं मयि दुःखहानेः ।।१७३।।

શ્લોકાર્થ :-

મારી માતા=મનીષીની માતા, મારા પુત્રને અપાય થયો નહીં એથી પ્રીતિ પામી. વળી, નગર હર્ષને પામ્યું. બાલના દુઃખને કારણે તારી

આર્તિથી=મધ્યમબુદ્ધિની પીડાથી, નગર કરુણાને પામ્યું, મારામાં દુઃખની હાનિ થવાથી=સ્પર્શનકૃત ક્લેશનો અભાવ થવાથી, નગરને ગુણાનુરાગ થયો.

મનીષીની માતા શુભશ્રી=શુભકર્મોની શ્રેય કરનારી હારમાળા છે તેથી મનીષીના ઉચિત વર્તનથી અધિક શુભકર્મોની વૃદ્ધિ થઈ. નગરમાં મનીષીની ઉચિત પ્રવૃત્તિથી શિષ્ટ લોકોને હર્ષ થાય છે અને બાલ પાછળ દુઃખી થતા મધ્યમબુદ્ધિને જોઈને શિષ્ટ લોકોને કરુણા થાય છે અને શિષ્ટ લોકોને મનીષીની ઉચિત પ્રવૃત્તિ જોઈને ક્લેશો ન થયા તેથી મનીષીના ગુણમાં અનુરાગ થાય છે. **॥૧૭૩॥**

શ્લોક :-

श्रुत्वेत्यदो मध्यमबुद्धिरन्त-
र्विचारयामास हहाऽस्य दुःखे ।
क्षारः क्षते विश्वजनापवादो,
ममाप्युपेक्ष्योऽयमतोऽस्तु नित्यम् ।।१७४।।

શ્લોકાર્થ :-

આ સાંભળીને=મનીષીએ પૂર્વમાં કહ્યું એ સાંભળીને, મધ્યમબુદ્ધિ અંદરમાં વિચારે છે. ખેદ છે કે આના દુઃખમાં=બાલને જોઈને થતા મારા દુઃખમાં ઘા ઉપર ક્ષારરૂપ વિશ્વના લોકોનો અપવાદ છે. આથી, મને પણ આ=બાલ, નિત્ય ઉપેક્ષાને યોગ્ય છે. ।।૧૭૪।।

શ્લોક :-

सस्पर्शनाऽम्बा मुदिताऽथ बालं,
प्रोत्साहयामास न साधु खिन्नः ।
मनीषिवत् सुष्ठु न वञ्चितोऽसि,
भोगान्न भीतोऽसि गिरा जनानाम् ।।१७५।।

શ્લોકાર્થ :-

હવે આનંદ પામેલી સ્પર્શન સહિત માતાએ બાલને પ્રોત્સાહિત કર્યો, ખિન્ન થયો નથી, સુંદર છે, મનીષીની જેમ ઠગાયો નથી, સુંદર છે. લોકોની વાણી વડે ભોગોથી ભય પામેલો નથી.

બાલમાં વર્તતી સ્પર્શનેન્દ્રિયની પરિણતિ અને બાલમાં વર્તતાં અશુભકર્મોરૂપ માતા તેનાં અનુચિત કૃત્યોને પ્રોત્સાહિત કરે છે. **॥૧૭૫॥**

શ્લોક :-

अथ प्रदोषे गत एव बालोऽ-
वधीरितो मध्यमबुद्धिनाऽपि ।
अलक्षितो राजगृहे प्रविष्टो,
ददर्श राज्ञीं तनुमण्डनोत्काम् ।।१७६।।

શ્લોકાર્થ :-

હવે સંધ્યાનો સમય પસાર થયે છતે જ મધ્યમબુદ્ધિથી પણ અવગણના કરાયેલા રાજગૃહમાં અલક્ષિત પ્રવેશ કરેલા=રાજપુરુષોને ધ્યાનમાં ન આવે એ રીતે પ્રવેશ કરેલા એવા બાલે શરીરની શોભા કરતી રાણીને જોઈ. ।।૧૭૬।।

શ્લોક :-

शय्यां स शून्यां सुखमध्यशेत,
दैवात् तदा भूपतिराजगाम ।
कदर्थयामास निशां स पूर्णां,
क्रूरैर्नरैस्तं नरकाभदुःखैः ।।१७७।।

શ્લોકાર્થ :-

તે=બાલ, શૂન્ય શય્યામાં સુખપૂર્વક સૂતો, ત્યારે ભાગ્યથી રાજા આવ્યો, તેણે=રાજાએ આખી રાત્રિમાં તેને=બાલને, ક્રૂર એવા લોકો વડે નરક જેવાં દુઃખોથી કદર્થના કરાવાઈ. ।।૧૭૭।।

શ્લોક :-

बंभ्रम्यमाणो दिवसे त्रिकादौ,
नृपाज्ञयाऽसौ खरपृष्ठनिष्ठः ।
उल्लम्बितस्तुङ्गतरोः शिखायां,
दिनात्ययेऽगान्नगरं च लोकः ।।१७८।।

શ્લોકાર્થ :-

રાજાની આજ્ઞાથી દિવસે ગધેડાની પીઠ ઉપર રહેલો ત્રિકાદિમાં ભ્રમણ કરાવાતો, આ=બાલ, સૂર્યાસ્ત થયે છતે ઊંચા તરુની શિખામાં શૂળીએ ચડાવાયો અને રાત્રે લોક નગરમાં આવ્યું. ।।૧૭૮।।

શ્લોક :-

दैवात् तदानीं त्रुटितश्च पाशः,
पपात भूम्यां च मुमूर्छ बालः ।
लब्ध्वा च संज्ञां पवनान्निशैक-
यामे गते स्वीयगृहं जगाम ।।१७९।।

શ્લોકાર્થ :-

અને ભાગ્યથી ત્યારે પાશ તૂટ્યો અને બાલ ભૂમિમાં પડ્યો અને મૂર્છા પામ્યો, પવનથી સંજ્ઞાને પામીને=ચેતના પ્રાપ્ત કરીને, રાત્રિનો એક પ્રહર પસાર થયે છતે પોતાના ગૃહે ગયો. ।।૧૭૯।।

શ્લોક :-

वृत्तान्तमाकर्ण्य मनाक् तमासीत्,
प्रेम्णो लवान्मध्यधियो विषादः ।
मनीषिवाक्यस्मरणप्रभावा-
च्चित्तेऽस्य माध्यस्थ्यमथोल्ललास ।।१८०।।

શ્લોકાર્થ :-

તે વૃત્તાંતને=બાલના વૃત્તાંતને, સાંભળીને પ્રેમના અંશથી મધ્યમબુદ્ધિને થોડોક વિષાદ થયો, હવે મનીષીના વાક્યના સ્મરણના પ્રભાવથી આના ચિત્તમાં=મધ્યમના ચિત્તમાં, માધ્યસ્થ્ય ઉલ્લાસ પામ્યું.

મધ્યમજીવનાં મધ્યમ કર્મો હોવાથી અત્યંત પાપી એવા બાલ પ્રત્યે પણ ભ્રાતા તરીકે સ્નેહ રાખે છે અને મનીષીના પરિચયથી કંઈક નિર્મળ બુદ્ધિ થવાથી મધ્યમબુદ્ધિને બાળ પ્રત્યે અયોગ્યતાનો વિચાર કરીને ઉપેક્ષા થાય છે. જેથી તેના વર્તનને કારણે ક્લેશની પ્રાપ્તિ થતી નથી. **॥૧૮૦॥**

શ્લોક :-

अथान्यदा स्वीयविलाससंज्ञे,
सूरिर्वने ज्ञानरतिः समेतः ।
तृष्णालतायाः परशुर्मनीषा-
चक्रस्य नाभिर्नयसिन्धुचन्द्रः ।।१८१।।
और्वानलो लोभमहार्णवस्य,
महौषधिः क्रोधभुजंगमस्य ।
वज्रं स्मयाद्रेरनवद्यविद्या-
वतारतीर्थं निकृतिद्रुमाग्निः ।।१८२।।

શ્લોકાર્થ :-

હવે અન્યદા સ્વીયવિલાસ સંજ્ઞાવાળા વનમાં તૃષ્ણારૂપી લતાને છેદવામાં પરશુ, બુદ્ધિરૂપી ચક્રના નાભિ, નયરૂપી સમુદ્રમાં ચંદ્ર એવા લોભરૂપી મહાસમુદ્રના વડવાનલ, ક્રોધરૂપી સર્પને માટે મહા ઔષધિ, કામરૂપી પર્વતને માટે વજ્ર, અનવદ્ય વિદ્યાના અવતાર માટે તીર્થ, માયારૂપી વૃક્ષ માટે અગ્નિ જેવા જ્ઞાનરતિ સૂરિ સમોસર્યા.

અનેક ગુણોથી કલિત સૂરિ હોવાથી તેમના દર્શનથી અને તેમના ઉપદેશથી ઘણા યોગ્ય જીવોને તૃષ્ણાદિ ભાવો નાશ પામે છે; કેમ કે સંવેગયુક્ત દેશના

આપીને સોપક્રમવાળા જીવોનાં તે કર્મોનો ઉપક્રમ કરવામાં તે સૂરિ પ્રબલ નિમિત્ત બને છે. **॥૧૮૧-૧૮૨॥**

શ્લોક :-

अत्रान्तरे स्पर्शनसंगहातु-
र्मनीषिणः कर्मविलासराजः ।
इच्छन् प्रदातुं कुशलानुबन्धं,
व्यापारयामास भृशं तदम्बाम् ।।१८३।।

શ્લોકાર્થ :-

એટલામાં=આચાર્ય પધાર્યા એટલામાં, સ્પર્શના સંગને ત્યાગ કરનાર એવા મનીષીને કુશલાનુબંધ આપવાને ઈચ્છતા એવા કર્મવિલાસ રાજાએ તેની માતાને અત્યંત વ્યાપારવાળી કરી.

મનીષી સ્પર્શનની અનર્થકારિતાને સ્પષ્ટ જાણે છે તેથી સ્પર્શનની ઇચ્છાને વશ થતો નથી, તેથી તેને સુખની પરંપરાને આપવા માટે ઇચ્છતા એવા મનીષીનાં કર્મોએ=ક્ષયોપશમભાવનાં કર્મોએ, તેનાં શુભકર્મોની હારમાળાને ઉલ્લસિત કરી=વિપાકને અભિમુખ કરી, જેથી મનીષીને ઉત્તમ આચાર્યના પરિચય દ્વારા અધિક અધિક સુખની પ્રાપ્તિ થાય તેવા ક્ષયોપશમભાવવાળાં સુંદર કર્મો વિપાકમાં આવે છે. **॥૧૮૩॥**

શ્લોક :-

दध्यौ च यद्यप्ययमेति नित्यं,
भोगानभिष्वंगसुखं तथापि ।
छायैकदानादिव मे सुरद्रो-
र्नास्माद् यशस्तेन बहु प्रदेयम् ।।१८४।।

શ્લોકાર્થ :-

અને વિચાર કર્યો=કર્મવિલાસ રાજાએ વિચાર કર્યો. જો કે આ=મનીષી, નિત્ય ભોગના અનભિષ્વંગના સુખને પ્રાપ્ત કરે છે. તોપણ કલ્પવૃક્ષ

જેવા મને છાયાના એક દાનની જેમ આનાથી યશ નથી=મનીષીને નિરભિષ્વંગનું સુખ આપું છું એનાથી યશ નથી, તેથી બહુ આપવા યોગ્ય છે=મનીષી ઘણું સુખ આપવા યોગ્ય છે.

મનીષીનાં કર્મો વિચાર કરે છે કે હું મનીષીને ભોગમાં અનભિષ્વંગવાળો કરીને હંમેશાં સુખ આપું છું તોપણ ભોગની અત્યંત નિવૃત્તિના સુખને મનીષી પ્રાપ્ત કરતો નથી તેથી કલ્પવૃક્ષ જેવા મારાં શુભકર્મોની છાયાના એકદાન જેવું મનીષીને મંદ મંદ ભોગની ઇચ્છા સ્વરૂપ સુખ છે તેનાથી તેનાં કર્મોને સંતોષ થયો નહીં તેથી મનીષીને અત્યંત અનિચ્છાના સુખને આપવાનો પરિણામ કરે છે=મનીષીનાં સોપક્રમકર્મો અત્યંત અનિચ્છાના પરિણામને પ્રગટ કરવાના પરિણામવાળાં બને છે. **॥૧૮૪॥**

શ્લોક :-

अधिष्ठितोऽसौ निजयोगशक्त्या,
मात्राऽथ पित्रा विहितप्रसादः ।
सिक्तोऽमृतेनेव वने प्रवृत्तो,
गन्तुं गुरोरागमनं निशम्य ।।१८५।।

શ્લોકાર્થ :-

આ=કર્મવિલાસ રાજા, પોતાની યોગશક્તિથી અધિષ્ઠિત થયો=મનીષીમાં અધિષ્ઠિત થયો. હવે માતાથી અને પિતાથી=શુભશ્રીથી અને કર્મવિલાસથી વિહિત પ્રસાદવાળો મનીષી જાણે અમૃતથી સિંચાયેલો ગુરુના આગમનને સાંભળીને વનમાં જવા માટે પ્રવૃત્ત થયો.

મનીષીમાં શુભકર્મો અત્યંત વિપાકને અભિમુખ થયાં. અને શુભશ્રી અને શુભકર્મો અત્યારે મનીષી ઉપર અત્યંત પ્રસાદ કરનારાં છે. તેથી જાણે અમૃતથી સિંચાયેલો ઉપશમના પરિણામથી યુક્ત એવો મનીષી સૂરિ પાસે જવા માટે તત્પર થયો. **॥૧૮૫॥**

શ્લોક :-

आकारयामास स मध्यबुद्धिं,
नृपेण तस्यापि च संज्ञिताऽम्बा ।
सा तुल्यवीर्येति विचित्रकार्या,
तनौ तदा मध्यधियः प्रविष्टाः ।।१८६।।

શ્લોકાર્થ :-

તેણે=મનીષીએ, મધ્યમબુદ્ધિને બોલાવ્યો=સૂરિ પાસે જવા માટે બોલાવ્યો. અને રાજા વડે=કર્મવિલાસ રાજા વડે, તેની પણ=મધ્યમબુદ્ધિની પણ, માતા પ્રેરણા કરાઈ. તુલ્યવીર્યવાળી એવી છે=મધ્યમબુદ્ધિની સાથે તુલ્યવીર્યવાળી છે, એથી વિચિત્ર કાર્યને કરનારી તે=સામાન્યરૂપા, ત્યારે મધ્યમબુદ્ધિના શરીરમાં પ્રવેશ પામી.

જેમ કર્મપરિણામ રાજાએ મનીષીની માતાને પ્રેરણા કરી તેમ મધ્યમબુદ્ધિની માતાને પણ પ્રેરણા કરી અને મધ્યમબુદ્ધિનાં કર્મો મધ્યમબુદ્ધિ સમાન વીર્યવાળાં છે તેથી મનીષીની જેમ અત્યંત સંવેગ મધ્યમબુદ્ધિને થતો નથી. તોપણ મનીષીની પ્રેરણાથી તત્ત્વ સાંભળવાને અભિમુખ કંઈક પરિણામવાળો થાય છે તેથી મધ્યમ-બુદ્ધિના મતિજ્ઞાનના ઉપયોગરૂપ શરીરમાં પ્રવેશ કરીને તેનાં કર્મો મધ્યમબુદ્ધિને સૂરિ પાસે જવા પ્રેરણા કરે છે. **॥૧૮૬॥**

શ્લોક :-

ऐच्छत् ततः सोऽपि च तत्र गन्तुं,
बालो बलामोटिकया प्रवृत्तः ।
त्रयोऽपि तत्रोपगता विशालं,
प्रमोदमौलिं ददृशुर्जिनौकः ।।१८७।।

શ્લોકાર્થ :-

તેથી=મધ્યમબુદ્ધિમાં તેની માતાએ પ્રવેશ કર્યો તેથી, તે પણ ત્યાં જવા માટે ઈચ્છાવાળો થયો. બાલ બળાત્કારથી પ્રવૃત્ત થયો=મધ્યમબુદ્ધિ

દ્વારા બળાત્કારથી ઉદ્યાનમાં જવા માટે પ્રવૃત્ત કરાયો. ત્યાં=ઉદ્યાનમાં, ગયેલા ત્રણેયે પણ વિશાલ પ્રમોદમૌલિ જિનાલયને જોયું. ।।૧૮૭।।

શ્લોક :-

जिनेन्द्रबिम्बं प्रणिपत्य तत्र,
मनीषिणा दक्षिणभागनिष्ठः ।
आगामिभद्रेण गुरुर्ववन्दे-
ऽनुरोधतो मध्यधियाऽपि तस्य ।।१८८।।

શ્લોકાર્થ :-

ત્યાં=જિનાલયમાં, જિનેન્દ્રના બિંબને પ્રણિપાત કરીને આગામિભદ્ર એવા મનીષીએ દક્ષિણ ભાગમાં રહેલા ગુરુને વંદન કર્યું. તેના અનુરોધથી= મનીષીના અનુરોધથી, મધ્યમબુદ્ધિ વડે પણ ગુરુને વંદન કરાયું. ।।૧૮૮।।

શ્લોક :-

बालः पुनः स्पर्शनमातृदोषात्,
तत्स्थावनम्रोऽथ मुदा समीयुः ।
सुबुद्धिमन्त्री रिपुमर्द्दनश्च,
राजा च देवी स्मरकन्दली च ।।१८९।।

શ્લોકાર્થ :-

બાલ વળી સ્પર્શન અને માતૃના દોષથી અનમ્ર રહ્યો. હવે આનંદથી સુબુદ્ધિમંત્રી, રિપુમર્દન રાજા અને દેવી સ્મરકંદલી આવ્યાં. ।।૧૮૯।।

શ્લોક :-

तेषूपविष्टेषु विधेः प्रणम्य,
धर्म्यां गिरं ज्ञानरतिर्दिदेश ।
उत्सर्पिसिद्धान्तसमुद्रवेला-
स्फुटीभवद्भूरिनयोर्मिलीलाम् ।।१९०।।

શ્લોકાર્થ :-

વિધિથી પ્રણામ કરીને તેઓ બેઠે છતે જ્ઞાનરતિસૂરિએ ઉત્સર્પણ કરતા સિદ્ધાંતરૂપી સમુદ્રની વેલાથી સ્પષ્ટ થતી ઘણા નયોની ઊર્મિની લીલાવાળી ધર્મસંબંધી વાણીનો ઉપદેશ આપ્યો.

શ્રોતાને અનુરૂપ સન્માર્ગનો બોધ થાય તે પ્રકારની દેશના આપી. **॥૧૯૦॥**

શ્લોક :-

अत्रान्तरे प्राह महीमहेन्द्रः,
स्वामिन् ! किमादेयमिहास्ति लोके ।
सूरिर्बभाषेऽनघ ! धर्म एव,
सतामुपादेयतया प्रसिद्धः ।।१९१।।

શ્લોકાર્થ :-

એટલામાં=જ્ઞાનરતિસૂરિએ દેશના આપી એટલામાં, રાજા બોલ્યો. હે સ્વામિ ! આ લોકમાં શું આદેય છે. સૂરિ બોલ્યા. હે અનઘ રાજા ! ધર્મ જ સંતોને ઉપાદેયપણાથી પ્રસિદ્ધ છે. ।।૧૯૧।।

શ્લોક :-

तत् किं न सर्वेऽपि सृजन्ति धर्म-
मिति ब्रुवाणं पुनराह सूरिः ।
हितेऽपि दुष्टेन्द्रियमोहितत्वात्,
प्रवर्तते न स्वरसेन लोकः ।।१९२।।

શ્લોકાર્થ :-

તો કેમ સર્વ પણ ધર્મને કરતા નથી. એ પ્રમાણે બોલતા રાજાને ફરી સૂરિ કહે છે. દુષ્ટ ઈન્દ્રિયથી મોહિતપણું હોવાને કારણે સ્વરસથી હિતમાં પણ લોક પ્રવર્તતો નથી. ।।૧૯૨।।

શ્લોક :-

उन्मत्तमासाद्य भृशं प्रहृष्यन्-
उद्धूलयन् भूतिमुदारशक्तिः ।
अलंकृतो भोगिभिरिन्द्रियौघो,
नृणां स्फुटं शंकर एव भाति ।।१९३।।

શ્લોકાર્થ :-

ઉન્મત્ત જીવને પ્રાપ્ત કરીને અત્યંત હર્ષને પામતો, ભભૂતિને દેહ ઉપર લગાવતો, ઉદાર શક્તિવાળો, ભોગની ઈચ્છારૂપ શાપથી શોભતો ઈન્દ્રિયનો સમૂહ મનુષ્યને સ્પષ્ટ શંકર જ ભાસે છે. ॥૧૯૩॥

શ્લોક :-

पथप्रवृत्तानपि शास्त्रपाठ-
कशाप्रहारानवधीरयन्तः ।
हृत्वा जनानिन्द्रियशूकलाश्वा,
नयन्ति संसारवनं दुरन्तम् ।।१९४।।

શ્લોકાર્થ :-

પથમાં પ્રવૃત્ત પણ શાસ્ત્રપાઠના ચાબખાના પ્રહારોની અવગણના કરતા લોકોને હરણ કરીને=સન્માર્ગથી હરણ કરીને, ઈન્દ્રિયરૂપી તોફાની ઘોડાઓ દુરન્ત સંસારવનમાં લઈ જાય છે.

જેઓ સંસારથી કંઈક ભય પામેલા છે તેથી દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરેલી છે તેથી મોક્ષપથમાં પ્રવૃત્ત છે છતાં, શાસ્ત્રો પ્રમાદવશ જીવો કઈ રીતે દુર્ગતિમાં જાય છે, સાધુપણું ગ્રહણ કરીને પણ દુરન્ત સંસારને પ્રાપ્ત કરે છે ઇત્યાદિ કહે છે તે શાસ્ત્રપાઠના ચાબખાની પણ અવગણના કરતા લોકોને માર્ગમાંથી ઉન્માર્ગમાં લઈ જઈને ઇન્દ્રિયો દુરન્ત સંસારમાં નાંખે છે. **॥૧૯૪॥**

શ્લોક :-

धृत्वा किलाग्रेषु कराङ्गुलीनां,
ये दण्डवत् क्ष्मामपि नाटयन्ति ।
तेऽपीन्द्रियैर्नाटितमिन्द्रमुख्या
नात्मानमुद्धर्तुमहो समर्थाः ।।१९५।।

શ્લોકાર્થ :-

ખરેખર કરની અંગુલીના અગ્રભાગમાં પણ પૃથ્વીને ધારણ કરીને જેઓ દંડની જેમ નચાવે છે. તે પણ ઇન્દ્ર વગેરે ઇન્દ્રિયોથી નચાવાયેલા પોતાના આત્માનો ઉદ્ધાર કરવા માટે સમર્થ નથી.

જે ઇન્દ્રો જંબુદ્વીપને દંડની જેમ ગોળ ગોળ ફેરવી શકે તેવા સમર્થ છે તેથી વીર્યશક્તિથી અદ્ભુત વીર્યશક્તિવાળા છે. છતાં ઇન્દ્રિયજન્ય ઇચ્છાઓ તેમના આત્માને સદા ઉત્સુક કરીને નચાવે છે, તોપણ તેનાથી પોતાના આત્માનું રક્ષણ કરવા સમર્થ નથી. **॥૧૯૫॥**

શ્લોક :-

तस्मान्महाराज ! सुदुर्जयानां,
मन्तुः समग्रोऽप्ययमिन्द्रियाणाम् ।
उपेयवाञ्छाविपरीतवृत्ति-
र्नृणामुपायेष्विह या प्रवृत्तिः ।।१९६।।

શ્લોકાર્થ :-

તે કારણથી=મહા સમર્થ ઇન્દ્રો પણ ઇન્દ્રિયોને જીતવા સમર્થ નથી તે કારણથી, હે મહારાજ ! અહીં=સંસારમાં, ઉપેયની વાંછાથી વિપરીત વૃત્તિવાળી એવી ઉપાયોમાં મનુષ્યોની જે પ્રવૃત્તિ છે, એ સમગ્ર પણ અપરાધ દુર્જય એવી ઇન્દ્રિયોનો છે.

જીવને ઉપેય સુખ છે અને સુખ જીવની નિરાકુળ અવસ્થા છે તેથી તેના ઉપાયભૂત નિરાકુળ અવસ્થામાં જીવે પ્રવૃત્તિ કરવી ઉચિત છે છતાં સંસારી

જીવો પોતાને ઉપેય એવા સુખની વાંછાથી વિપરીત એવા બાહ્ય ભોગાદિમાં જે પ્રવૃત્તિ કરે છે તે સર્વ પણ ઇન્દ્રિયોનો અપરાધ છે; કેમ કે ઇન્દ્રિયોને વશ જ ધનઅર્જનનો ક્લેશ પ્રાપ્ત કરે છે. ધન સાચવવાનો ક્લેશ પ્રાપ્ત કરે છે. સ્વજન આદિ સર્વને યથેચ્છ પ્રવૃત્તિ કરતાં જોઈને અનેક પ્રકારના ક્લેશો પ્રાપ્ત કરે છે તે સર્વ ઇન્દ્રિયોનો અપરાધ છે. **॥૧૯૬॥**

શ્લોક :-

उक्त्वेति सामान्यत एव सूरि-
र्मनीषिबोधाय जगौ विशिष्य ।
दूरे किलान्यानि जगज्जयाय,
राजन्नलं स्पर्शनमेकमेव ।।१९७।।

શ્લોકાર્થ :-

સામાન્યથી જ=પાંચેય ઈન્દ્રિયોને સામે રાખીને સામાન્યથી જ, આ પ્રમાણે કહીને=ઈન્દ્રિયો જ સર્વ અનર્થકારી છે એ પ્રમાણે કહીને, સૂરિ મનીષીના બોધ માટે વિશેષ કરીને બોલ્યા. હે રાજન્ ! જગતજય માટે અન્ય ઈન્દ્રિયો દૂર રહો, સ્પર્શન એક જ સમર્થ છે.

સામાન્યથી પાંચેય ઇન્દ્રિયો જીવને કઈ રીતે વિડંબના કરે છે એ સૂરિએ રાજાને કહ્યું. પર્ષદામાં બેઠેલ મનીષીને બોધ કરાવવા અર્થે કહે છે. પાંચે ઇન્દ્રિયો તો જીવને પરવશ કરવા સમર્થ છે પરંતુ એક સ્પર્શન ઇન્દ્રિય પણ જીવને સંસારમાં સંશ્લેષ કરાવવા સમર્થ છે. આથી જ સ્પર્શનને વશ થઈને સાધુ પણ દુરંત સંસારમાં પડે છે. **॥૧૯૭॥**

શ્લોક :-

इदं हि तीक्ष्णेषुरिवाङ्गभाजां,
हृदि प्रविश्यैव भिनत्ति मर्म ।
व्याप्यैव देहं प्रवितीर्णदाहं,
प्रत्याहृतेर्दुर्लभतां तनोति ।।१९८।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, આ=સ્પર્શન, તીક્ષ્ણ બાણોની જેમ શરીરધારી જીવોના હૃદયમાં પ્રવેશ કરીને મર્મને ભેદે છે. વિસ્તાર પામતા દાહવાળા દેહને વ્યાપીને જ પ્રત્યાહતિની=પાછા ફરવાની, દુર્લભતાને વિસ્તારે છે.

જીવના મતિજ્ઞાનના પરિણામરૂપ કામની ઇચ્છારૂપ સ્પર્શનેન્દ્રિય છે અને જીવના મતિજ્ઞાનના ઉપયોગરૂપ હૃદયમાં પ્રવેશ કરીને જીવનું જે નિરાકુળ સ્વભાવરૂપ મર્મ છે તેને કામવાસના ભેદે છે અને દેહમાં તે પ્રકારે કામવાસના વિસ્તારવાળી થઈને વ્યાપ્ત થાય છે જેથી કામની ઇચ્છાથી પાછા ફરવું જીવ માટે દુર્લભ બની જાય છે. આથી જ સિંહગુફાવાસી મુનિ કોશાના રૂપને જોઈને કામની ઇચ્છાવાળા થાય છે ત્યારે નેપાળ કંબલ લેવા જાય છે, અનેક કષ્ટો વેઠે છે પરંતુ કામની ઇચ્છાથી પાછા ફરી શકતા નથી. છતાં પૂર્વમાં તત્ત્વનું પ્રચુર ભાવન થયેલું હોવાથી વેશ્યાના ઉપદેશથી પાછા ફરે છે. તેથી દેહમાં વ્યાપ્ત થયેલો કામનો પરિણામ વાળવો અતિદુર્લભ છે. **॥૧૯૮॥**

શ્લોક :-

राजाऽऽह किं सन्ति न सन्ति वा त-
ज्जये समर्था जगतीह लोकाः ।
गुरुर्जगौ सन्ति परंतु तेऽत्र,
स्तोका मनुष्याः शृणु तत्र हेतुम् ।।१९९।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે. તેના જયમાં સમર્થ=ઇન્દ્રિયોના જયમાં સમર્થ, આ જગતમાં લોકો શું છે અથવા નથી. ગુરુ બોલ્યા છે. પરંતુ અહીં=લોકમાં, તે મનુષ્યો થોડા છે. ત્યાં હેતુને તું સાંભળ. ॥૧૯૯॥

શ્લોક :-

चतुर्विधाः सन्ति जघन्यमध्यो-
त्कृष्टास्तथोत्कृष्टतमाश्च लोकाः ।

अत्युत्तमास्तत्र च ते निरस्तं,

यैरेतदाप्तागमवासनाभिः ।।२००।।

શ્લોકાર્થ :-

જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ, અને તેવા પ્રકારના ઉત્કૃષ્ટતમ ચાર પ્રકારના લોકો છે. અને ત્યાં=તે ચાર પ્રકારના પુરુષોમાં, જેઓ વડે આગમની વાસનાથી આ=સ્પર્શન, નિરસ્ત કરાયો. તેઓ અતિ ઉત્તમ છે.

જેઓને ભગવાનનું વચન જ સુખનું પ્રબલ કારણ દેખાય છે તેઓ ભગવાનના વચનથી આચારો આદિનું ભાવન કરીને આત્માના નિરાકુળ સ્વભાવને પ્રાપ્ત કરવા યત્ન કરે છે તેઓ સ્પર્શેન્દ્રિયને દૂર કરે છે. તેવા જીવો અતિ ઉત્તમ છે. **॥૨૦૦॥**

શ્લોક :-

ते ब्रह्मचर्यैकरता गृहेऽपि,

दीक्षां पुनर्भागवतीमवाप्य ।

भूस्वापलोचादिविशिष्टकष्टै-

र्निर्धूय तन्मोक्षसुखं लभन्ते ।।२०१।।

શ્લોકાર્થ :-

ગૃહમાં પણ બ્રહ્મચર્યમાં એક રતવાળા એવા તેઓ વળી, ભાગવતી દીક્ષાને પામીને ભૂમિનું શયન, લોચાદિ વિશિષ્ટ કષ્ટોથી તેનું=સ્પર્શનનું, નિર્ધૂનન કરીને મોક્ષસુખને પામે છે.

કોઈક સંયોગથી ગૃહમાં રહેલા હોય છતાં બ્રહ્મચર્યમાં એકરતિવાળા જેઓ છે અને પાંચેય ઇન્દ્રિયોને સંવર કરીને ભાગવતી દીક્ષા જેઓ ગ્રહણ કરે છે તેઓ સ્પર્શનને પ્રતિકૂલ એવાં કષ્ટો વેઠીને સમભાવની પરિણતિની વૃદ્ધિ કરે છે તેથી ચિત્તમાં સ્પર્શનના વિકારોનું ઉન્મૂલન થાય છે. તેઓ ક્રમે કરીને મોક્ષસુખને પામે છે. **॥૨૦૧॥**

શ્લોક :-

आकर्ण्य कर्णामृततुल्यमेतद्,
वचो विचारं विदधे मनीषी ।
गुरुर्जगौ स्पर्शनमीदृगेव,
बोधप्रभावो निजगाद यादृग् ।।२०२।।

શ્લોકાર્થ :-

કર્ણને અમૃત તુલ્ય આ વચનને સાંભળીને, મનીષીએ વિચાર કર્યો, ગુરુએ સ્પર્શનને જ આવો કહ્યો છે, બોધના પ્રભાવે જેવા પ્રકારનું સ્વરૂપ કહ્યું. ।।૨૦૨।।

શ્લોક :-

नूनं तदेतत्पुरुषच्छलेन,
प्रतारणायोपनतं जनानाम् ।
चिक्षेप यश्चैतदसंगयन्त्रे,
महोत्तमोऽसौ भवजन्तुरेव ।।२०३।।

શ્લોકાર્થ :-

ખરેખર તે આ=સ્પર્શન, લોકોને ઠગવા માટે પ્રાપ્ત છે અને જે આને=સ્પર્શને, અસંગયંત્રમાં=જીવની અસંગપરિણતિરૂપ યંત્રમાં, પીલે છે, એ ભવજંતુ જ મહત્તમ પુરુષ છે.

જેઓ સ્પર્શનના વિકારને નાશ કરવા અર્થે અસંગભાવરૂપ સામાયિકની પરિણતિમાં સતત યત્ન કરે છે તે ભવજંતુ ઉત્કૃષ્ટતમ પુરુષ છે. **।।૨૦૩।।**

શ્લોક :-

इत्युक्तभावार्थरसज्ञमग्रे,
शुश्रूषया विस्मितमीक्षमाणः ।
मनीषिणं मध्यमधीर्बभाषे,
किं तत्त्वमुत्प्रेक्ष्य सुभावितोऽसि ।।२०४।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે કહેવાયેલા ભાવાર્થરસને જાણનાર આગળમાં સાંભળવાની ઈચ્છાથી વિસ્મિત એવા મનીષીને જોતો મધ્યમબુદ્ધિ બોલ્યો, ક્યા તત્ત્વની ઉત્પ્રેક્ષા કરીને તું સુભાવિત છો.

શ્લોક-૨૦૨, ૨૦૩માં કહ્યું એવા પ્રકારના કહેવાયેલા ભાવાર્થવાળા રસને મનીષી જાણે છે તેથી જ ઉત્તમોત્તમ પુરુષના ગુણોથી ભાવિત થયેલ છે અને આચાર્ય આગળમાં શું કહે છે તે સાંભળવાની ઇચ્છાથી વિસ્મિત ચિત્તવાળો છે તેવા મનીષીને જોઈને મધ્યમબુદ્ધિ પ્રશ્ન કરે છે કે ક્યા તત્ત્વની ઉત્પ્રેક્ષા કરીને તું ભાવિત થયો છે, તેથી એ પ્રાપ્ત થાય કે સમાન દેશના સાંભળીને પણ મનીષી જે રીતે તત્ત્વને સ્પર્શી શકે છે તે રીતે મધ્યમબુદ્ધિ સ્પર્શી શકતો નથી છતાં મનીષીના તે પ્રકારના ભાવોને કંઈક જાણી શકે છે તેવા માર્ગાનુસારી દર્શનમોહનીયના ક્ષયોપશમવાળો મધ્યમબુદ્ધિ છે, જ્યારે તે મનીષી અત્યંત તત્ત્વને સ્પર્શે એવી નિર્મલ માર્ગાનુસારી બુદ્ધિવાળો છે. **॥૨૦૪॥**

શ્લોક :-

स प्राह मित्रायमगूढ एव,
भावश्चमत्कारकरो न किं स्यात् ।
यद्दुर्जयं यच्च दुरन्तदोषं,
तवैव तत् स्पर्शनमित्रमुक्तम् ।।२०५।।

શ્લોકાર્થ :-

તે=મનીષી, કહે છે. હે મિત્ર ! મધ્યમબુદ્ધિ ! આ અગૂઢ જ ભાવ=પ્રગટ જ ભાવ, શું ચમત્કાર કરનાર ન થાય ? જે દુર્જય અને જે દુરંત દોષ-વાળો તે તારો જ સ્પર્શનમિત્ર કહેવાયો.

મનીષી મધ્યમબુદ્ધિને કહે છે કે તારો આ સ્પર્શનમિત્ર ખરાબ દોષવાળો છે અને દુઃખેથી જિતાય એવો છે તે પ્રકારે મહાત્માએ સ્પષ્ટ કથન કર્યું છે તે ભાવથી જ હું ભાવિત થયો છું માટે વિસ્મિત દેખાઉં છું. **॥૨૦૫॥**

શ્લોક :-

चमत्कृतो मध्यमधीरपीदं,
श्रुत्वा स्म बालस्तु न वेद किञ्चित् ।
दत्तैकदृष्टिर्मनुजेशपत्न्या-
माचार्यवाक्यश्रुतिविस्मितायाम् ।।२०६।।

શ્લોકાર્થ :-

આ સાંભળીને મધ્યમબુદ્ધિ પણ ચમત્કારવાળો થયો. આચાર્યના વાક્યને સાંભળવાથી વિસ્મિત થયેલી એવી રાજાની પત્નીમાં દત્ત એક દૃષ્ટિવાળો બાલ વળી કંઈ જાણતો નથી.

મનીષીના વચનથી મધ્યમબુદ્ધિને પણ કંઈક નિપુણ માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટ થઈ તેથી આચાર્યના વચનના પરમાર્થને સાંભળીને તે પણ ભાવિત થયો, જ્યારે બાલને સ્પર્શનનો વિકાર જ ઉત્કટ હતો તેથી મન્મથકંદલીને જ જોવામાં વ્યાપારવાળો હતો, અને તે રાણી પણ આચાર્યના વાક્યના પરમાર્થને જાણીને કંઈક તત્ત્વને સ્પર્શે છે એથી તેનાં પણ તત્ત્વનાં બાધક કર્મો સોપક્રમ હતાં તેથી તે રાણી પણ ભાવિત થઈ જ્યારે બાલનાં ક્લિષ્ટ કર્મો તત્ત્વનો બોધ કરવામાં અત્યંત બાધક હતાં. તેથી કંઈ જાણતો નથી. **॥૨૦૬॥**

શ્લોક :-

स्मिताम्बुपूरे घनकेशपाश-
ध्वान्ते च मग्नं स्तनपर्वतेऽस्याः ।
भग्नं च भिन्नं च कटाक्षबाणै-
र्मनोऽस्य पर्याकुलतां जगाम ।।२०७।।

શ્લોકાર્થ :-

આનું=બાલનું, મન, આના=મન્મથકંદલીના સ્મિતરૂપ પાણીના પૂરમાં, અને ઘનકેશપાશરૂપ અંધકારમાં મગ્ન થયું, અને સ્તનરૂપી પર્વતમાં ભગ્ન થયું અને કટાક્ષરૂપી બાણોથી ભેદાયેલું પર્યાકુલતાને પામ્યું. ।।૨૦૭।।

શ્લોક :-

न ब्रह्मणो ब्रह्मविदः किलेयं,
स्मरस्य शृंगारविदस्तु सृष्टिः ।
अर्धेक्षितैर्मामियमीक्षमाणा-
ऽभिवाञ्छतीत्येष मृषाऽभिमेने ।।२०८।।

શ્લોકાર્થ :-

બ્રહ્મને જાણનારા બ્રહ્મની આ સૃષ્ટિ નથી=મન્મથકંદલીનું સુંદર રૂપ એ ખરેખર સૃષ્ટિ નથી, શૃંગાર રસને જાણનારા કામદેવની આ સૃષ્ટિ છે, અર્ધ દૃષ્ટિઓથી જોતી આ મન્મથકંદલી મને ઇચ્છે છે, એ પ્રમાણે આ=બાલ, મૃષાથી માને છે.

બ્રહ્મના જાણનારની સૃષ્ટિ અસંગપરિણતિ છે, જ્યારે મન્મથકંદલીનું સુંદર રૂપ એ બ્રહ્મની સૃષ્ટિ નથી, પરંતુ વૈયાવચ્ચકારી નંદિષેણ મુનિની કુરૂપ અવસ્થામાં પણ અસંગપરિણતિરૂપ બ્રહ્મની સૃષ્ટિ હતી. આથી જ બ્રહ્મને જાણનારા ઇન્દ્રો અવધિજ્ઞાનથી તેમનું ઉત્તમ બ્રહ્મ સ્વરૂપ જોઈને પ્રશંસા કરે છે. જ્યારે મન્મથકંદલીની સુંદર રૂપસંપત્તિને જોઈને શૃંગારસૃષ્ટિને જોનાર બાલને તે અદ્‌ભુત કામની સૃષ્ટિ દેખાય છે. આથી મન્મથકંદલી મારી સન્મુખ જુએ છે એ પ્રકારની મૃષા કલ્પના કરીને હર્ષિત થાય છે. **॥૨૦૮॥**

શ્લોક :-

सूरिर्बभाषे कथितं स्वरूप-
मत्युत्तमानां तदथोत्तमानाम् ।
ब्रवीमि यैः स्पर्शनमेतदाप्य,
मानुष्यकं शत्रुतयाऽवबुद्धम् ।।२०९।।
बोधप्रभावेन च मूलशुद्धिं,
विधाय तस्मिन् चकिता भवन्ति ।
उपेक्षितायोग्यजनाश्च मार्गा-
वतारनिष्ठाश्च निजाश्रितानाम् ।।२१०।।

શ્લોકાર્થ :-

સૂરિ બોલ્યા, અતિ ઉત્તમોનું તે સ્વરૂપ કહેવાયું, હવે ઉત્તમોનું સ્વરૂપ હું કહું છું, જેઓ વડે આ માનુષ્યક સ્પર્શનને પ્રાપ્ત કરીને શત્રુપણા વડે જણાયો. અને બોધના પ્રભાવથી મૂલશુદ્ધિને કરીને તેમાં=સ્પર્શનમાં, ચકિત થાય છે. ઉપેક્ષિત કરાયા છે અયોગ્ય જનો જેમનાથી એવા અને નિજ આશ્રિતોને માર્ગમાં અવતારની નિષ્ઠાવાળા છે તેઓ ઉત્તમ પુરુષો છે એમ અન્વય છે.

જેઓ ઉત્તમ જીવો છે તેઓ સ્પર્શનનો વિકાર થાય છે ત્યારે તે વિકાર જીવના માટે વિહ્વળતા સ્વરૂપ છે તેમ જાણે છે તેથી શત્રુબુદ્ધિથી ગ્રહણ કરે છે. અને તત્ત્વને જોનાર માર્ગાનુસારીના બોધના પ્રભાવથી સ્પર્શનની મૂલશુદ્ધિને તેઓ કરે છે અને અયોગ્ય જીવોની ઉપેક્ષા કરે છે અને જેઓ પોતાના વચનને અવલંબીને પ્રવર્તે તેવા છે તેઓને સ્પર્શનના વાસ્તવિક સ્વરૂપનો બોધ કરાવીને માર્ગમાં અવતારણ કરાવનાર છે તેઓ ઉત્તમ છે; કેમ કે માર્ગાનુસારી બુદ્ધિને કારણે પદાર્થને વાસ્તવિક જુએ છે, અયોગ્યની ઉપેક્ષા કરે છે અને યોગ્ય જીવોના હિતની ચિંતા કરે છે. **||૨૦૯-૨૧૦||**

શ્લોક :-

स्थित्यै तनोस्तत्प्रियमाचरन्तो-
ऽप्यपास्तलोभा भृशमुत्तमास्ते ।
स्वस्मिन् मनीषी श्रुतमेनमर्थ-
मयोजयन्मध्यमधीश्च तस्मिन् ।।२११।।

શ્લોકાર્થ :-

શરીરની સ્થિતિ માટે=દેહના નિર્વાહ માટે, તેના પ્રિયને આચરતા પણ=સ્પર્શનના પ્રિયને આચરતા પણ, અત્યંત અપાસ્ત લોભવાળા=ગાઢ આસક્તિના અભાવવાળા, તેઓ ઉત્તમ છે. આ સંભળાયેલા અર્થને મનીષીએ પોતાનામાં યોજન કર્યું. અને મધ્યમબુદ્ધિએ તેમાં=મનીષીમાં યોજન કર્યું.

બુદ્ધિમાન પુરુષો સ્પર્શનને જાણ્યા પછી જ્યાં સુધી સંયમ ગ્રહણ કરવાને અનુકૂળ ચિત્ત ન થાય ત્યાં સુધી ગૃહસ્થ અવસ્થામાં દેહના નિર્વાહ માટે સ્પર્શનને કંઈક પ્રિય આચરે છે તોપણ સ્પર્શનના વિકારને વિકારરૂપે જાણે છે તેવી નિર્મળ સમ્યગ્દૃષ્ટિ હોવાને કારણે સ્પર્શનના સુંદર ભોગોમાં પણ અત્યંત સંશ્લેષ રહિત વર્તે છે. કંઈક સંશ્લેષ છે તોપણ તે સંશ્લેષ ક્ષીણ, ક્ષીણતર થાય છે; કેમ કે વિવેકદૃષ્ટિ સ્પષ્ટ છે. આ પ્રકારનું ગુરુ વડે કહેવાયેલું ઉત્તમ સ્વરૂપ મનીષી પોતાનામાં યોજે છે અને મધ્યમબુદ્ધિને પણ તે કથન મનીષીમાં સંગત જણાય છે. **॥૨૧૧॥**

શ્લોક :-

स्वरूपमुच्चैरथ मध्यमानां,
जगौ गुरुः स्पर्शननोदिता ये ।
मुह्यन्ति संसारसुखे विचित्रे,
संशेरते पण्डितनोदिताश्च ।।२१२।।

શ્લોકાર્થ :-

હવે ગુરુ મધ્યમોનું સ્વરૂપ અત્યંત બોલ્યા, સ્પર્શનથી પ્રેરાયેલા જેઓ વિચિત્ર સંસારના સુખમાં મોહ પામે છે=સ્પર્શનેન્દ્રિયનો વિકાર થાય છે ત્યારે જેઓને સ્પર્શનજન્ય વિવિધ પ્રકારનાં સુખોમાં સારબુદ્ધિ થાય છે. પંડિત પુરુષોથી પ્રેરાયેલા શંકાશીલ થાય છે=તત્ત્વને જોનાર પુરુષ જ્યારે સ્પર્શન વિકારરૂપ છે તેમ કહે છે ત્યારે સ્પર્શન સુખનું કારણ છે કે ક્લેશનું કારણ છે એ પ્રકારની શંકા કરે છે. ।।૨૧૨।।

શ્લોક :-

दधत्यलं भेदिनि योगिभोगि-
मतद्वये कालविलम्बपक्षम् ।
स्पर्शानुयाता अपि लोकलज्जा-
गुणान्न कुर्वन्त्यतिनिन्द्यकर्म ।।२१३।।

શ્લોકાર્થ :-

અત્યંત ભેદી એવા યોગી અને ભોગીના મતદ્વયમાં કાલવિલંબન પક્ષને મધ્યમ ધારણ કરે છે. સ્પર્શનને અનુસરનારા પણ લોકલજ્જાના ગુણથી અતિ નિંદ્યકર્મને કરતા નથી.

મધ્યમબુદ્ધિ જીવોનાં કર્મો તત્ત્વને સ્પષ્ટ દેખાડે તેવાં નિર્મલ નથી તોપણ ગાઢ વિપર્યાસ આપાદક પણ નથી તેથી યોગીનો મત અને ભોગીનો મત સાંભળીને કાલવિલંબન પક્ષનો આશ્રય કરે છે. યોગીનો મત છે કે નિર્વિકારી અવસ્થા જ સુખ છે, ભોગીનો મત છે કે જે પ્રકારના વિકારો ઊઠે છે તે પ્રકારે જ ચેષ્ટા કરવાથી સુખ થાય છે અને મધ્યમબુદ્ધિ બંને મતો સાંભળીને કાલવિલંબન પક્ષનો આશ્રય કરે છે અને સ્પર્શનેન્દ્રિયને અનુસરે છે તોપણ લોકલજ્જાના ગુણને કારણે અતિ નિંદ્યકર્મ કરતો નથી, તેથી તેનો લોકલજ્જાગુણ જ તેનું રક્ષણ કરે છે. **॥૨૧૩॥**

શ્લોક :-

बुद्ध्वाऽपि वाक्याद् विदुषां विशेष-
मदृष्टदुःखा न तथाऽऽचरन्ति ।
अकीर्तिभाजश्च जघन्यसंगात्,
कुर्वन्ति विद्वद्वचनानुवृत्तिम् ।।२१४।।

શ્લોકાર્થ :-

વિદ્વાનના વાક્યથી વિશેષને જાણીને પણ અદૃષ્ટ દુઃખવાળા=સ્પર્શનમાં કામની વિહ્વળતારૂપ દુઃખ છે તેને નહીં જોનારા, એવા મધ્યમો તે પ્રકારે આચરતા નથી=વિશેષને આચરતા નથી. અને જઘન્યના સંગથી અકીર્તિને પામેલા મધ્યમબુદ્ધિ જીવો વિદ્વાનનાં વચનોની અનુવૃત્તિને કરે છે. ।।૨૧૪।।

શ્લોક :-

ते मध्यमा मध्यमबुद्धयः स्यु-
रितीदमाकर्ण्य स मध्यबुद्धिः ।

स्वस्मिन् स्वसंवेदनतो युयोज,
सर्वं मनीषी तु विविच्य तस्मिन् ।।२१५।।

શ્લોકાર્થ :-

મધ્યમબુદ્ધિવાળા તેઓ મધ્યમ થાય=૨૧૨થી અત્યાર સુધી કહ્યું તેવા જીવો મધ્યમબુદ્ધિવાળા મધ્યમ થાય. એ પ્રમાણે આ સાંભળીને તે મધ્યમબુદ્ધિએ પોતાનામાં સ્વસંવેદનથી સર્વ યોજન કર્યું, મનીષીએ વિભાગ કરીને=પોતાનાથી મધ્યમબુદ્ધિનો વિભાગ કરીને તેમાં=મધ્યમ-બુદ્ધિમાં, યોજન કર્યું. ।।૨૧૫।।

શ્લોક :-

गुरुर्बभाषेऽथ जघन्यरूपं,
यैः स्पर्शनं बन्धुतयाऽवबुद्धम् ।
कुप्यन्ति ये च प्रियभाषकाय,
येऽनार्यकार्याद् भुवि न त्रपन्ते ।।२१६।।

શ્લોકાર્થ :-

હવે ગુરુ જઘન્યરૂપ બોલ્યા, જેઓ વડે બંધુપણારૂપે સ્પર્શન બોધ કરાયો છે અને જેઓ પ્રિયભાષકની ઉપર કોપ કરે છે, જેઓ અનાર્ય કાર્યથી ભુવનમાં લજ્જા પામતા નથી. ।।૨૧૬।।

શ્લોક :-

दुःखादखिन्ना गलिगोस्वभावा-
न्मुखं मुहुर्ये विषये क्षिपन्ति ।
असद्ग्रहग्रस्तधियस्तपस्वि-
प्रत्यर्थिनस्तेऽत्र जना जघन्याः ।।२१७।।

શ્લોકાર્થ :-

દુ:ખથી અખિન્ન=સ્પર્શનને વશ થઈને પ્રાપ્ત થતાં દુ:ખોથી ખેદ નહીં પામેલા, ગળિયા બળદ જેવો સ્વભાવ હોવાથી મુખને વારંવાર જેઓ વિષયમાં નાંખે છે, અસદ્ ગ્રહથી ગ્રસ્ત બુદ્ધિવાળા તપસ્વી=દીન, પ્રત્યર્થી=વારંવાર સ્પર્શના સુખના અર્થી, તે જનો અહીં=સંસારમાં જઘન્ય છે. ॥૨૧૭॥

શ્લોક :-

मनीषिणा मध्यमबुद्धिना च,
विनिश्चितं वाक्यमिदं निशम्य ।
जघन्यवृत्तं स्फुटमेव बाले,
बालस्तु नाबुध्यत शून्यचित्तः ॥२१८॥

શ્લોકાર્થ :-

મનીષી વડે અને મધ્યમબુદ્ધિ વડે આ વાક્ય સાંભળીને જઘન્ય આચરણા સ્પષ્ટ જ બાલમાં નિશ્ચય કરાઈ, વળી બાલ શૂન્યચિત્તવાળો બોધ પામતો નથી. ॥૨૧૮॥

શ્લોક :-

सूरिर्जगावत्र नृपोदिता ये,
जना जघन्या बहुलास्त एव ।
स्तोकास्तदन्ये त्विति नैव सर्वे,
धर्मं सृजन्तीति हि युक्तमुक्तम् ॥२१९॥

શ્લોકાર્થ :-

સૂરિએ કહ્યું, અહીં=સંસારમાં, હે રાજા ! કહેવાયેલા જે જઘન્ય લોકો છે, તે જ ઘણા છે. તેનાથી અન્ય વળી=જઘન્યથી અન્ય વળી, થોડા છે. એથી સર્વ ધર્મને કરતા નથી એ પ્રમાણે યુક્ત કહેવાયું=શ્લોક-૧૯૨માં યુક્ત જ કહેવાયું. ॥૨૧૯॥

શ્લોક :-

अत्रान्तरे प्राह सुबुद्धिमन्त्री,
श्राद्धः किमेतेषु पुनर्निमित्तम् ।
गुरुर्जगौ मातृविभेद एव,
यतः शुभश्रीसुत उत्तमः स्यात् ।।२२०।।
सामान्यरूपातनयश्च मध्य-
स्थितो जघन्यस्त्वशुभालिजन्यः ।
त्रयोऽप्यमी कर्मविलासपुत्राः,
सर्वोत्तमस्तु स्वविलासभावी ।।२२१।।

શ્લોકાર્થ :-

એટલામાં શ્રાવક એવો સુબુદ્ધિમંત્રી કહે છે. આ બધામાં=બાલ આદિ જીવોના ત્રણ ભેદોમાં, શું નિમિત્ત છે ? ગુરુએ કહ્યું, માતાનો વિભેદ જ નિમિત્ત છે. જે કારણથી શુભશ્રીનો પુત્ર ઉત્તમ થાય. સામાન્યરૂપનો પુત્ર મધ્યમ સ્થિત છે. વળી, અશુભાલિથી જન્ય જઘન્ય છે. ત્રણેય પણ આ કર્મવિલાસના પુત્રો છે, વળી, સર્વોત્તમ સ્વવિલાસભાવી છે. ।।૨૨૦-૨૨૧।।

શ્લોક :-

पुनर्जगौ मन्त्रिवरः किमेते,
सदास्थिता वा परिवृत्तिभाजः ।
गुरुर्जगौ कर्मविलासक्लृप्त-
विवृत्तिभाजोऽपि विनाऽन्त्यमन्ये ।।२२२।।

શ્લોકાર્થ :-

વળી, મતિવરે કહ્યું, શું આ=જઘન્યાદિ ચાર પુરુષો, સદા સ્થિત છે. અથવા પરિવૃત્તિને ભજનારા છે=પરાવર્તન પામનારા છે. ગુરુએ કહ્યું,

અંત્યને છોડીને=સર્વોત્તમને છોડીને, અન્ય કર્મવિલાસથી ક્લૃપ્ત વિવૃત્તિને ભજનાર પણ છે=સર્વોત્તમને છોડીને કર્મવિલાસથી થનારા બાલ, મધ્યમ અને મનીષી તે તે નિમિત્તને પામીને પરસ્પર પરિવર્તિત પણ થનારા છે. આથી જ બાલ પણ મનીષી થાય છે અને મનીષી પણ બાલ થાય છે. ॥૨૨૨॥

શ્લોક :-

मनीषिणाऽचिन्त्यत मातृतात-
विजृम्भितं नो घटमानमेतत् ।
सुबुद्धिना पृष्टमथो महात्मन्,
केन स्युरुत्कृष्टतमा मनुष्याः ॥२२३॥

શ્લોકાર્થ :-

મનીષી વડે વિચારાયું, માતા અને પિતાથી વિલસિત આ=મહાત્માએ કહ્યું એ, અમને ઘટમાન છે. હવે, સુબુદ્ધિ વડે પુછાયું, હે મહાત્મા ! કોના વડે ઉત્કૃષ્ટતમ મનુષ્યો થાય ? ॥૨૨૩॥

શ્લોક :-

गुरुर्बभाषे न विनाऽस्ति हेतुः
सर्वोत्तमत्वे निजवीर्यलाभम् ।
अन्यः सुसाधोः स च भागवत्या,
प्रव्रज्ययैव प्रथतेऽनुपाधिः ॥२२४॥

શ્લોકાર્થ :-

ગુરુએ કહ્યું, સર્વોત્તમપણામાં સુસાધુના નિજવીર્યલાભ વિના અન્ય હેતુ નથી, અને અનુપાધિ એવો તે=નિજવીર્યનો લાભ, ભાગવતીની પ્રવ્રજ્યાથી પ્રાપ્ત થાય છે.

સર્વોત્તમ જીવ કર્મનાશને અનુકૂળ નિજવીર્યના લાભથી થાય છે. તેથી જેઓ નિર્વિકલ્પ દશા દ્વારા ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરે છે જેના દ્વારા મોહનો નાશ કરે

છે, જેનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યારપછી યોગનિરોધને અનુકૂળ નિજવીર્યનો લાભ થાય છે જેનાથી સર્વોત્તમ થાય છે. અને નિજવીર્યનો લાભ કર્મની ઉપાધિવાળો પણ છે અને કર્મની ઉપાધિ વગરનો પણ છે. કર્મની ઉપાધિવાળા નિજવીર્યથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી પરંતુ કર્મના ક્ષયથી ઉપાધિ વગરના વીર્યથી મોક્ષની પ્રાપ્તિ થાય છે અને તેવું ક્ષાયિકભાવનું વીર્ય ભાગવતી પ્રવ્રજ્યાથી થાય છે.

દ્રવ્ય પ્રવ્રજ્યાથી નહીં પરંતુ ભાવ પ્રવ્રજ્યાથી થાય છે. અને જેઓ પાપથી વિરુદ્ધ પ્રકૃષ્ટથી અસંગભાવમાં જાય છે તેઓને ભાવથી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ છે અને તેનાથી અનુપાધિ નિજવીર્યનો લાભ થાય છે. **॥૨૨૪॥**

શ્લોક :-

दध्यौ मनीषी मम सैव युक्ता,
लातुं कृतं शेषविडम्बनाभिः ।
व्रतग्रहेच्छेति मनीषिणोऽभू-
दशक्यधीर्मध्यधियश्च योगे ।।२२५।।

શ્લોકાર્થ :-

મનીષીએ વિચાર્યું, મને તે જ=ભાગવતી પ્રવ્રજ્યા જ, લેવા માટે યુક્ત છે, શેષ વિડંબનાથી સર્યું, એથી મનીષીને વ્રતગ્રહણની ઈચ્છા થઈ, અને યોગમાં=સંયમ યોગમાં, અશક્ય બુદ્ધિવાળો મધ્યમબુદ્ધિ થયો.

ગુરુએ ઉત્તમોત્તમ પુરુષ થવામાં હેતુ નિજવીર્યનો લાભ છે એમ કહ્યું અને તેનો હેતુ પ્રવ્રજ્યા છે એમ કહ્યું. તે સાંભળીને મનીષીને પ્રવ્રજ્યા લેવાની ઉત્કટ ઇચ્છા થાય છે અને મધ્યમબુદ્ધિને પ્રવ્રજ્યાનું પાલન પોતાને માટે અશક્ય છે તેવી બુદ્ધિ થાય છે. તેમાં મનીષીનાં અને મધ્યમબુદ્ધિનાં તે પ્રકારનાં કર્મો જ કારણ છે; કેમ કે સમાન ઉપદેશ સાંભળીને તે મનીષીનું વીર્ય તથાપ્રકારના ક્ષયોપશમને કારણે પ્રવ્રજ્યાને અભિમુખ થયું. અને મધ્યમબુદ્ધિની પ્રવ્રજ્યાનાં બાધક કર્મો કંઈક બલવાન હતાં તેથી પોતાના માટે અશક્ય છે તેવી બુદ્ધિ થઈ. **॥૨૨૫॥**

શ્લોક :-

पुनः सुबुद्धिर्निजगाद किं त-
द्धर्मो न नस्तादृशवीर्यहेतुः ।
गुरुर्जगौ मध्यमवर्गयोग्यः,
परंपराहेतुरसौ प्रसिद्धः ।।२२६।।

શ્લોકાર્થ :-

વળી, સુબુદ્ધિ બોલ્યા. અમારો તે ધર્મ=ગૃહસ્થનો શ્રાવકધર્મ, શું તેવા વીર્યનો હેતુ નથી ? ગુરુ બોલ્યા. મધ્યમવર્ગ યોગ્ય આ=ગૃહસ્થધર્મ, પરંપરાહેતુ પ્રસિદ્ધ છે.

ગુરુએ કહ્યું કે ભાગવતી પ્રવ્રજ્યા જ નિજવીર્યના લાભનો હેતુ છે. તેથી સુબુદ્ધિ પૂછે છે. અમારો સેવાયેલો ગૃહસ્થધર્મ નિજવીર્યલાભનો હેતુ નથી ? તેના ઉત્તરરૂપે ગુરુ કહે છે. જે જીવોનાં મધ્યમ પ્રકારનાં કર્મો છે તેથી ત્રણ ગુપ્તિથી અસંગમાં જવા સમર્થ નથી. તેવા જીવોને યોગ્ય એવો ગૃહસ્થધર્મ છે. જેનાથી પ્રવ્રજ્યાને અનુકૂળ શક્તિનો સંચય થશે; કેમ કે સદ્ગૃહસ્થ હંમેશાં ત્રણ ગુપ્તિના પરિણામરૂપ પ્રવ્રજ્યાનું પારમાર્થિક સ્વરૂપ પ્રતિદિન ભાવન કરે છે. અને તેને અનુકૂળ બળસંચય થાય તે રીતે ગૃહસ્થધર્મ સેવે છે. તેથી પરંપરાએ ગૃહસ્થધર્મ પણ તેવા વીર્યના લાભનો હેતુ છે. **॥૨૨૬॥**

શ્લોક :-

क्लेशौघविध्वंसकरी हि दीक्षा,
गृहेऽपि धर्मो भवतानवाय ।
श्रुत्वेत्यदो मध्यमधीः स्वशक्ति-
योग्यं ग्रहीतुं गृहिधर्ममैच्छत् ।।२२७।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, ક્લેશના સમૂહને વિધ્વંસ કરનારી દીક્ષા છે. ઘરમાં પણ ધર્મ ભવને અલ્પ કરવા માટે છે. એ પ્રકારે સાંભળીને આ

મધ્યમબુદ્ધિએ સ્વશક્તિયોગ્ય ગૃહીધર્મને ગ્રહણ કરવાની ઈચ્છા કરી.

ગુરુએ ભાગવતી દીક્ષા કષાય, નોકષાયરૂપ ક્લેશોના ક્ષયને કરનારી છે, અને ગૃહસ્થધર્મ તેવો નહીં હોવા છતાં ભવની અલ્પતાને કરનાર છે તેમ કહ્યું તેથી મધ્યમબુદ્ધિને તેવો ગૃહસ્થધર્મ પોતાને યોગ્ય છે તેમ જણાવાથી તેની યાચના કરે છે. **॥૨૨૭॥**

શ્લોક :-

इतश्च बालो निहतः स्मरास्त्रै-
रभिप्रियां धावति भूभृतः स्म ।
तद्धूलिलुप्ताक्षतया न दृष्टा,
सभाऽपि तेनोग्रतमोमयेन ।।२२८।।

શ્લોકાર્થ :-

આ બાજુ કામરૂપી અસ્ત્રોથી હણાયેલો બાલ રાજાની પ્રિયાની સન્મુખ દોડ્યો, કામવાસનાની ધૂલથી લુપ્ત ચક્ષુ હોવાને કારણે ઉગ્રતમોમય એવા તેના વડે સભા પણ જોવાઈ નહીં. ।।૨૨૮।।

શ્લોક :-

क एष इत्याशु नृपेण दृष्टो,
दृष्ट्या प्रकोपारुणया स भीतः ।
स्मरज्वरः शान्तिमियाय तस्य,
संज्ञागमात् प्रादुरभूच्च दैन्यम् ।।२२९।।

શ્લોકાર્થ :-

આ કોણ છે ? એ પ્રમાણે શીઘ્ર પ્રકોપરૂપી અરુણ દૃષ્ટિથી રાજા વડે જોવાયો. તે=બાલ, ભય પામ્યો. તેનો=બાલનો, કામરૂપી જ્વર શાંતિને પામ્યો, અને સંજ્ઞાનું આગમન થવાથી દૈન્ય પ્રાદુર્ભૂત થયું=રાજાના પ્રકોપને કારણે ભય પામેલો હોવાથી કામરૂપી જ્વર શાંત થયો, અને રાજા મને ફરી મારશે એ પ્રકારની સંજ્ઞા પ્રાદુર્ભૂત થવાથી દીનતા આવી. ।।૨૨૯।।

શ્લોક :-

नष्टुं प्रवृत्तः शिथिलाङ्गसन्धि-
र्भूमौ स निर्भग्नगतिः पपात ।
द्राक् स्पर्शनोऽगाच्च बहिस्तदङ्गा-
न्निरीय गुर्वाश्रितसत्प्रदेशात् ।।२३०।।

શ્લોકાર્થ :-

નાસવા માટે પ્રવૃત્ત થયો, શિથિલ અંગની સંધિવાળો નિર્ભગ્ન ગતિવાળો તે=બાલ, ભૂમિમાં પડ્યો. ગુરુ આશ્રિત સત્ પ્રદેશથી નીકળીને સ્પર્શ તેના અંગથી શીઘ્ર બહાર ગયો.

દૈન્યથી બાલ નાસવા માટે જાય છે, અને ભયને કારણે શરીરનાં અંગો શિથિલ થવાથી ભૂમિમાં પડે છે. તે વખતે સ્પર્શનનો અધ્યવસાય જે બાલના ચિત્તમાં હતો તે ગુરુ આશ્રિત સત્ પ્રદેશથી નીકળીને બહારમાં રહે છે=બાલના ચિત્તમાં સ્પર્શનનો અધ્યવસાય વ્યક્ત થતો નથી. **॥૨૩૦॥**

શ્લોક :-

शान्तोऽथ पप्रच्छ गुरुं महीशः,
केयं प्रवृत्तिर्भगवन्नवाच्या ।
स प्राह वैगुण्यममुष्य नैतद्,
बहिःस्थितस्यैव तु पापमूर्तेः ।।२३१।।

શ્લોકાર્થ :-

હવે શાંત થયેલો રાજા ગુરુને પૂછે છે, હે ભગવન્ ! અવાચ્ય એવી આ પ્રવૃત્તિ કઈ છે ?=ભરસભાની વચમાં મર્યાદા રહિત આ રીતે બાલ મન્મથકંદલી સન્મુખ દોડ્યો એ પ્રવૃત્તિ કઈ છે ? તેમણે=ગુરુએ, કહ્યું. આ વૈગુણ્ય=બાલની અનુચિત્ત પ્રવૃત્તિ રૂપ વૈગુણ્ય, આનું નથી=બાલનું નથી, પરંતુ બહારમાં રહેલા જ વળી પાપમૂર્તિનું છે=બાલના શરીરમાંથી નીકળીને સ્પર્શનનો વિકાર જે બાલમાં રહેલો છે તેનું આ વૈગુણ્ય છે. ॥૨૩૧॥

શ્લોક :-

अयं खलु स्पर्शननामधेयो,
दुष्टो रिपुर्गात्रमनुप्रविश्य ।
माताऽशुभालिश्च यदेनमित्थ-
मनाटयत् तत्र किमस्तु चित्रम् ।।२३२।।

શ્લોકાર્થ :-

દેહમાં અનુપ્રવેશીને ખરેખર સ્પર્શન નામવાળો આ દુષ્ટ શત્રુ છે, અને જે કારણથી આને=બાલને, અશુભાલિ માતા આ રીતે=બાલે ચેષ્ટા કરી એ રીતે, નચાવે છે, ત્યાં શું આશ્ચર્ય થાય ?

બાલના શરીરમાં સ્પર્શનનો વિકાર ઊઠ્યો જે દુષ્ટ શત્રુ છે અને બાલનાં અશુભકર્મોની હારમાળા છે તે બાલના શરીરમાં સ્પર્શનને પ્રવેશ કરાવીને આ રીતે નચાવે છે, તેથી કર્મકૃત્ આ નાટકમાં શું આશ્ચર્ય છે ? **॥૨૩૨॥**

શ્લોક :-

महात्मनोऽप्येति न संनिधानात्,
स्वकर्म शान्तिं निरुपक्रमं च ।
जिनेऽपि बध्नन्ति न किं कुतीर्थ्याः,
सिद्धेन्द्रजालादिविकल्पमालाम् ।।२३३।।

શ્લોકાર્થ :-

અને મહાત્માના પણ સંનિધાનથી નિરુપક્રમ સ્વકર્મ શાંતિને પામતો નથી. જિનેન્દ્રોમાં પણ કુતીર્થિકો સિદ્ધેન્દ્ર જાલાદિ વિકલ્પમાલાને શું બાંધતા નથી.

ગુરુના સન્નિધાનમાં પણ બાલમાં વર્તતું નિરુપક્રમ ક્લિષ્ટ કર્મ શાંતિને પામતું નથી, આથી જ તીર્થંકરોની દેશનામાં કુતીર્થિકો આ ભગવાન સિદ્ધેન્દ્ર જાલી છે ઇત્યાદિ વિકલ્પમાલા કરે છે તે તેઓનું નિરુપક્રમ વિપર્યાસ આપાદક ક્લિષ્ટ કર્મનું જ ફળ છે. **॥૨૩૩॥**

શ્લોક :-

राज्ञाऽथ पृष्टोऽयमतः परं किं,
करिष्यतीति स्फुटमाह सूरिः ।
लोके गते कोल्लकसन्निवेशे,
गन्ता ह्ययं स्पर्शनयुक्तगात्रः ।।२३४।।

શ્લોકાર્થ :-

હવે રાજા વડે પુછાયું, આ=બાલ, હવે પછી શું કરશે ? એથી સૂરિ સ્પષ્ટ કહે છે – લોક ગયે છતે કોલ્લક સન્નિવેશમાં સ્પર્શનયુક્ત ગાત્રવાળો આ જશે. ।।૨૩૪।।

શ્લોક :-

पिपासितो द्रक्ष्यति कर्मपूर-
ग्रामान्तिके श्रान्तिहतस्तटाकम् ।
तत्र प्रविष्टः श्वपचाङ्गनां च,
लीनां भिया स्प्रक्ष्यति पद्मखण्डे ।।२३५।।

શ્લોકાર્થ :-

તરસ્યો થયેલો કર્મપુર ગામની નજીકમાં શ્રાંત થયેલો તળાવને જોશે. ત્યાં=તળાવમાં, પ્રવેશેલો બાલ ભયથી પદ્મખંડમાં લીન એવી ચંડાલીને સ્પર્શ કરશે. ।।૨૩૫।।

શ્લોક :-

प्रसह्य तामेष रिरंसुरेत्य,
वनाच्च तस्याः श्वपचेन शब्दैः ।
यास्यत्यवश्यं नरके हतः सं-
स्ततः कुयोनीर्भवचक्रवाले ।।२३६।।

શ્લોકાર્થ :-

તેણીને આ=બાલ, બળાત્કારે ભોગવશે, અને તેણીના શબ્દથી= ચાંડાલીના શબ્દથી, વનમાંથી આવીને ચંડાલ વડે હણાયેલો છતો અવશ્ય નરકમાં જશે, ત્યારપછી ભવચક્રવાલમાં કુયોનિએ જશે.

તીવ્ર વિપર્યાસયુક્ત ક્લિષ્ટ કર્મને કારણે સ્પર્શનની ઉત્કટ ઇચ્છાવાળા બાલને સ્પર્શનનાં સુખો નહીંવત્ મળવા છતાં સ્પર્શનજનક વિપર્યાસ આપાદક કર્મથી યુક્ત કામની વૃત્તિ ઉત્કટ હતી જેથી નરકમાં જાય છે અને કુયોનિવાળા ભવ-ચક્રમાં ભટકે છે. **॥૨૩૬॥**

શ્લોક :-

अथाह राजा भगवन् ! विपाको-
ऽशुभावलेः स्पर्शनपाप्मनश्च ।
सुदारुणोऽयं गुरुराह बाढं,
ततः सुबुद्धिः सुकृती बभाषे ।।२३७।।

શ્લોકાર્થ :-

હવે રાજા કહે છે, હે ભગવન્ ! અશુભાવલિનો અને સ્પર્શપાપનો વિપાક દારુણ છે. ગુરુ કહે છે. આ અત્યંત સુદારુણ છે, સુંદર બુદ્ધિવાળો સુબુદ્ધિમંત્રી ત્યારપછી બોલ્યો. ।।૨૩૭।।

શ્લોક :-

एतौ किमस्यैव भदन्त ! दुष्टौ,
गात्रे परेषामपि वा प्रविष्टौ ।
स प्राह सर्वत्र गतौ किलैतौ,
व्यक्तानभिव्यक्ततया विचित्रौ ।।२३८।।

શ્લોકાર્થ :-

હે ભદંત ! દુષ્ટ એવા આ બંને=અશુભકર્મો અને સ્પર્શન આ બંને, આના જ=બાલના જ, શરીરમાં પ્રવેશેલા છે. અથવા બીજાના પણ

શરીરમાં પ્રવેશેલા છે, તે=સૂરિ કહે છે, ખરેખર વિચિત્ર એવા આ બંને વ્યક્ત અને અભિવ્યક્તપણાથી સર્વત્ર પામેલા છે.

સ્પર્શન અને અશુભકર્મો બાળ જેવા જીવોમાં વ્યક્ત હોય છે, મધ્યમ અને મનીષીમાં અવ્યક્ત હોય છે. આથી મનીષી પણ નિમિત્ત પામીને બાલ થાય છે ત્યારે સ્પર્શન અને અશુભકર્મો પ્રગટ થાય છે. તેથી જેઓ વીતરાગ થયા નથી કે વીતરાગ થવાની તૈયારીમાં નથી તેવા જીવોમાં અશુભકર્મ અને દુષ્ટ સ્પર્શન અવ્યક્તરૂપે વર્તે છે. અને જેઓ બાળ જેવા છે તેમાં વ્યક્ત વર્તે છે. **॥૨૩૮॥**

શ્લોક :-

अथ स्फुटं मन्त्रिणमाह भूपः ।
पापाविमौ नो विषये प्रविष्टौ ।
निष्पीडनीयौ दृढलोहयन्त्रे,
दयाऽनयोर्नो भवता विधेया ।।२३९।।

શ્લોકાર્થ :-

હવે, રાજા મંત્રીને સ્પષ્ટ કહે છે. અમારા વિષયમાં=અમારા નગરમાં, પ્રવેશેલા આ બંને=અશુભાલિ અને સ્પર્શન એ બંને, દૃઢ લોહયંત્રમાં પીલવા જોઈએ, આ બંનેની તારા વડે દયા કરવી જોઈએ નહીં. ।।૨૩૯।।

શ્લોક :-

मन्त्री स दध्यौ ननु विस्मृतं तद्,
हिंसाविधौ यन्मम नो नियोगः ।
राज्ञोऽथवाऽसौ प्रतिबोधहेतुर्गुरो
र्भविष्यत्यधिगत्य वाचम् ।।२४०।।

શ્લોકાર્થ :-

તે મંત્રીએ વિચાર્યું, હિંસાવિધિમાં જે મારો નિયોગ નથી તે રાજાને વિસ્મૃત થયું, અથવા ગુરુની વાણીને પ્રાપ્ત કરીને આ=રાજાનો આદેશ પ્રતિબોધનો હેતુ થશે. ।।૨૪૦।।

શ્લોક :-

अथाह सूरिर्विधुशुभ्रभूरि-
दन्तद्युतिद्योतितदिग्विभागः ।
न लोहयन्त्रं तव भावशत्रु-
निष्पीडनाय क्षितिपाल ! शक्तम् ।।२४१।।

શ્લોકાર્થ :-

હવે ચંદ્ર જેવા શ્વેત ઘણા દાંતોની કાંતિથી પ્રકાશિત કરેલો છે દિશાઓનો ભાગ જેણે એવા સૂરિ કહે છે. હે ક્ષિતિપાલ ! ભાવશત્રુના નિષ્પીડન માટે તારું લોહયંત્ર સમર્થ નથી. ॥૨૪૧॥

શ્લોક :-

व्रतातिचारान् परिशोधयन्ति,
ये वर्तयन्ते निरवद्यवृत्त्या ।
पराक्रमन्तेऽलमभिग्रहेषु,
न लङ्घयन्ति स्थितिमात्मनीनाम् ।।२४२।।

શ્લોકાર્થ :-

જેઓ વ્રતના અતિચારોનું પરિશોધન કરે છે, નિરવદ્ય વૃત્તિથી વર્તે છે, અભિગ્રહોમાં અત્યંત પરાક્રમ કરે છે, આત્માના હિતની સ્થિતિનું ઉલ્લંઘન કરતા નથી. ॥૨૪૨॥

શ્લોક :-

न लोकमार्गे प्रणयन्ति सङ्गं,
गुरून् पुरस्कृत्य सृजन्ति धर्मम् ।
श्रुतं प्रयत्नेन विभावयन्ति,
द्रव्यापदादावुपयन्ति धैर्यम् ।।२४३।।

શ્લોકાર્થ :-

લોકમાર્ગમાં સંગને કરતા નથી, ગુરુને આગળ કરીને ધર્મને સેવે છે, પ્રયત્નથી શ્રુતને વિભાવન કરે છે, દ્રવ્ય આપત્તિ આદિમાં ધૈર્યને ધારણ કરે છે. ।।૨૪૩।।

શ્લોક :-

आलोचयन्त्येष्यदपायजाल-
मजातयोगेषु दृढं यतन्ते ।
चित्तस्य विश्रोतसिकां त्यजन्ति,
योगोपचारान् परिशीलयन्ति ।।२४४।।

શ્લોકાર્થ :-

ભવિષ્યના અપાયના જાલનું આલોચન કરે છે=વર્તમાનમાં પોતાના ચિત્તનું નિરીક્ષણ કરીને ભવિષ્યના પાતની સંભાવનાનું આલોચન કરે છે. નહીં થયેલા યોગોમાં દૃઢ યત્ન કરે છે=જે ગુણસ્થાનકમાં પોતે છે તેનાથી ઉપરના ગુણસ્થાનકમાં જવાને અનુકૂળ ઉચિત યોગોમાં દૃઢ યત્ન કરે છે, ચિત્તની વિશ્રોતસિકાનો ત્યાગ કરે છે=યોગમાર્ગથી વિપરીત ચિત્તના પ્રવાહનો ત્યાગ કરે છે, યોગના ઉપચારોનું પરિશીલન કરે છે= સંયમ યોગના આચારોનું પરિશીલન કરે છે. ।।૨૪૪।।

શ્લોક :-

परं पुमांसं कलयन्ति चित्ते,
बध्नन्ति तत्रैव धृतिं पवित्राम् ।
बहिश्च विक्षेपरतिं त्यजन्ति,
कुर्वन्ति तत्प्रत्ययतानमन्तः ।।२४५।।

શ્લોકાર્થ :-

ચિત્તમાં પરમ્ પુરુષને જાણે છે=ચિત્તમાં પરમગુરુને સદા સ્થાપન કરે છે, તેમાં જ=પરમગુરુના સ્વરૂપમાં જ, પવિત્ર ધૃતિને બાંધે છે, અને

બહિર્ વિક્ષેપરતિનો ત્યાગ કરે છે=બાહ્ય પદાર્થોને આશ્રયીને ચિત્તમાં થતા વિક્ષેપની રતિનો ત્યાગ કરે છે. તત્ પ્રત્યયના જ્ઞાનવાળું અંતર્કરણ કરે છે=પરમગુરુના પ્રત્યયના જ્ઞાનવાળું ચિત્ત કરે છે. ॥૨૪૫॥

શ્લોક :-

बाढं यतन्ते शुचियोगसिद्धौ,
ध्यानं च शुक्लं परिपूरयन्ति ।
पश्यन्ति देहादिविविक्तरूपं,
स्थिरं लभन्ते परमं समाधिम् ॥२४६॥

શ્લોકાર્થ :-

પવિત્ર યોગની સિદ્ધિમાં અત્યંત યત્ન કરે છે, અને શુક્લધ્યાનને પરિપૂર્ણ કરે છે=શુક્લધ્યાનને અનુકૂળ બળસંચય કરે છે. દેહાદિથી વિવિક્ત રૂપને જુએ છે=દેહ પુદ્ગલાદિથી વિવિક્ત પોતાનું સ્વરૂપ જુએ છે, સ્થિર પરમ સમાધિને પ્રાપ્ત કરે છે. ॥૨૪૬॥

શ્લોક :-

तैरुत्तमैः संयतपुण्डरीकै-
र्दृढीकृतं तत्तदुपायविद्भिः ।
यदप्रमादाभिधमन्तरङ्गं,
यन्त्रं तदन्तर्द्विषतः पिनष्टि ॥२४७॥

શ્લોકાર્થ :-

તે તે ઉપાયોને જાણનારા ઉત્તમ એવા તે સંયત પુંડરીકો વડે જે અપ્રમાદ નામનું અંતરંગ યંત્ર દૃઢ કરાયું, તે=અંતરંગ યંત્ર અંતરંગ શત્રુઓને પીલે છે.

ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત મુનિ અસ્ખલિત અસંગભાવની વૃદ્ધિ થાય એ રીતે સંયમ યોગની સર્વ ક્રિયાઓ કરે છે તે શ્લોક-૨૪૨થી અત્યાર સુધી બતાવ્યું, એ

રૂપ જીવનો અંતરંગ યંત્ર છે જેનાથી કષાયો અને નોકષાયોરૂપી શત્રુઓને મુનિઓ પીલે છે તે અંતરંગ યંત્રથી સ્પર્શનની પરિણતિને અને અશુભકર્મોની પરિણતિને મુનિ સતત નાશ કરે છે. **॥૨૪૭॥**

શ્લોક :-

अनेन सूरेर्वचसाऽनिलेन,
वृद्धोऽथ शुद्धाध्यवसायवह्निः ।
मनीषिणः कर्मवनं ददाह,
दीक्षां स तां क्लेशहरीं ययाचे ।।२४८।।

શ્લોકાર્થ :-

હવે સૂરિના વચનરૂપી પવનથી વૃદ્ધિ પામેલા એવા શુદ્ધ અધ્યવસાયરૂપી અગ્નિએ મનીષીનું કર્મરૂપી વન બાળ્યું, તેણે=મનીષીએ ક્લેશને હરનારી દીક્ષાની યાચના કરી.

જેમ અગ્નિ સળગતો હોય અને પવનથી તે વૃદ્ધિ પામે છે તેમ મનીષીના ચિત્તમાં કર્મને બાળવાને અનુકૂળ શુભ અધ્યવસાયરૂપ અગ્નિ સળગતો હતો અને ગુરુએ સ્પર્શન અને અશુભકર્મોને પીલવાના ઉપાયરૂપે જે અંતરંગ યંત્રરૂપ મુનિભાવનું સ્વરૂપ વર્ણન કર્યું તેનાથી મુનિભાવને ગ્રહણ કરવામાં બાધક ક્લિષ્ટ કર્મો નાશ પામે એવો શુભ અધ્યવસાય ઉત્તમચિત્તવાળા મનીષીને પ્રાપ્ત થયો. **॥૨૪૮॥**

શ્લોક :-

जगाद भूपोऽथ ममापि युद्ध-
क्रुद्धारिसंमर्द्दनलम्पटस्य ।
क्षोभाय याऽऽदित्सति तां महात्मा,
दीक्षां महाराज्यवदाशु कोऽयम् ।।२४९।।

શ્લોકાર્થ :-

હવે રાજાએ કહ્યું, યુદ્ધમાં ક્રોધ પામેલા શત્રુના સંમર્દનમાં લંપટ એવા

મને પણ જે દીક્ષા ક્ષોભ માટે છે તે દીક્ષાને મહારાજ્યની જેમ શીઘ્ર કોણ આ મહાત્મા ગ્રહણ કરવાની ઈચ્છા કરે છે ?

ભાવશત્રુને નાશ કરવા માટે રાજાને પોતાનું અસામાર્થ્ય જણાય છે જ્યારે ગુરુથી વર્ણન કરાયેલા અપ્રમાદભાવનું અંતરંગ યંત્ર સાંભળીને મનીષીને દીક્ષા ગ્રહણનો પરિણામ થાય છે તેથી રાજાને તેના પ્રત્યે અત્યંત પૂજ્ય ભાવ થયો. **॥૨૪૯॥**

શ્લોક :-

सूरिर्बभाषे विदितः शुभश्री-
कुक्ष्युद्भवः कर्मविलासपुत्रः ।
गुणाकरोऽयं तव विस्मृतं किं,
जगद्दृगासेचनकः शशीव ।।२५०।।

શ્લોકાર્થ :-

સૂરિ બોલ્યા, શુભશ્રીની કુક્ષિમાંથી ઉદ્‌ભવ થયેલ કર્મવિલાસના પુત્રરૂપે ખ્યાત, જગતની દૃષ્ટિને સિંચન કરનાર ચંદ્રના જેવો ગુણકર એવો આ=મનીષી, તને=રાજાને શું વિસ્મૃત છે ?=શું જ્ઞાત નથી ? ॥૨૫૦॥

શ્લોક :-

अत्रान्तरे मध्यमधीर्ययाचे,
सुश्राद्धधर्मं तदनु क्षितीशः ।
यथास्थितं लक्षणतस्तमुक्त्वा,
तयोर्ददौ निःस्पृहसार्वभौमः ।।२५१।।

શ્લોકાર્થ :-

એટલામાં મધ્યમબુદ્ધિએ સુશ્રાદ્ધધર્મની યાચના કરી, ત્યારપછી રાજાએ સુશ્રાદ્ધધર્મની યાચના કરી, લક્ષણથી યથાસ્થિત તેને=શ્રાવકધર્મને, કહીને નિઃસ્પૃહમાં સાર્વભૌમ એવા આચાર્યએ તે બેને=મધ્યમબુદ્ધિ અને રાજાને, આપ્યો=શ્રાવકધર્મને આપ્યો. ॥૨૫૧॥

શ્લોક :-

प्रणम्य राज्ञाऽथ मनीषिदीक्षा-
दानोद्यतः सूरिरिदं ययाचे ।
अनेन दीक्षा कलितैव भावा-
न्ममानुजानीहि मनोऽनुरूपम् ।।२५२।।

શ્લોકાર્થ :-

હવે મનીષીની દીક્ષાના દાનમાં ઉધત એવા સૂરિને પ્રણામ કરીને રાજા વડે આ યાચના કરાઈ, આના વડે=મનીષી વડે, ભાવથી દીક્ષા કલિત જ છે=ભાવથી દીક્ષા પ્રાપ્ત જ છે, મનને અનુરૂપ=મારા મનને અનુરૂપ તેની ભક્તિ કરવાની, મને અનુજ્ઞા આપો. ।।૨૫૨।।

શ્લોક :-

ततः सुबुद्धिर्निजगाद राजन्,
द्रव्यस्तवे जोषमुपैति साधुः ।
फलोपदेशादनुमन्यते तु,
तदत्र कार्यं स्वयमेव युक्तम् ।।२५३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સુબુદ્ધિમંત્રી બોલ્યા હે રાજન્ ! દ્રવ્યસ્તવમાં સાધુ મૌન સ્વીકારે છે, વળી ફલના ઉપદેશથી અનુમોદના કરે છે, તે કારણથી અહીં=દ્રવ્યસ્તવમાં, સ્વયં જ યુક્ત કરવું જોઈએ.

રાજા મનીષીનાં સંયમ નિમિત્તે મહોત્સવ કરવા ઇચ્છે છે, ગુરુ પાસે અનુજ્ઞા માંગે છે, સુબુદ્ધિમંત્રી શ્રાવક છે તેથી જાણે છે કે સાધુ દ્રવ્યસ્તવમાં 'તું કર' એ પ્રકારે ક્યારેય અનુજ્ઞા આપે નહીં કે 'તારે કરવું ઉચિત છે' એમ પણ કહે નહીં. ફક્ત શ્રાવકને દ્રવ્યસ્તવનું કેવું ઉત્તમ ફલ છે એ પ્રકારે ઉપદેશ આપીને કર્તવ્યનો બોધ કરાવે છે, તેથી મનીષીના સંયમના પ્રસંગે મહોત્સવ કરવા માટે રાજાએ સ્વયં જ યત્ન કરવો જોઈએ. ગુરુની અનુજ્ઞાની અપેક્ષા રાખવી જોઈએ નહીં. **।।૨૫૩।।**

શ્લોક :-

अथार्थयित्वा समयप्रतीक्षां,
विलम्बशाली प्रणयान्मनीषी ।
अकार्यत स्नात्रमुदारचैत्य-
बिम्बस्य भूपेन महोत्सवेन ।।२५४।।

શ્લોકાર્થ :-

હવે સમયની પ્રતીક્ષાની યાચના કરીને રાજા વડે પ્રીતિથી વિલંબશાલી= સંયમ લેવામાં વિલંબવાળો એવો મનીષી મહોત્સવથી ઉદાર ચૈત્યના બિંબના સ્નાત્રને કરાવાયો. ॥૨૫૪॥

શ્લોક :-

यः स्नात्रकुम्भादुदपादि तेन,
धर्मः स पीत्वाऽस्य भवाम्बुराशिम् ।
यशांसि कुम्भोद्भवताभवानि,
ततान कुन्देन्दुसितानि लोके ।।२५५।।

શ્લોકાર્થ :-

તેના વડે=મનીષી વડે સ્નાત્રના કુંભથી=સ્નાત્રના સેવનથી, જે ધર્મ, ઉત્પાદન કરાયો, તે=તે ધર્મ, આના=મનીષીના, ભવરૂપી સમુદ્રના સમૂહને પીને લોકમાં કુંભથી ઉદ્ભવ થનારા મોગરા જેવા શ્વેત યશોને વિસ્તાર્યા.

રાજાના આગ્રહથી મનીષીએ જે સ્નાત્ર મહોત્સવ કર્યો તેનાથી મનીષીનું ચિત્ત પરમગુરુના સ્વરૂપથી અત્યંત રંજિત બને છે જે મનીષીના ચિત્તનો શ્રેષ્ઠ કોટિનો દ્રવ્યસ્તવથી જન્ય ધર્મ છે અને તે ધર્મ મનીષીના સંશ્લેષની પરિણતિરૂપ ભવસમુદ્રને પીને લોકમાં મનીષીનો શ્વેત યશ વિસ્તાર કરે છે=લોકોમાં આ મનીષી ધન્ય છે જે રાજાદિથી પણ પૂજાને પાત્ર છે એ પ્રકારે યશનો વિસ્તાર કરે છે. **॥૨૫૫॥**

શ્લોક :-

आरोपितोऽसौ जयकुञ्जरेऽथ,
स्वयं नृपश्छत्रधरोऽस्य जातः ।
शुभश्रियाऽध्यस्ततनुर्जगाम,
पुरं स लोकैरभिनूयमानः ।।२५६।।

શ્લોકાર્થ :-

હવે આ=મનીષી, જયકુંજર હાથી ઉપર આરોપણ કરાયો, સ્વયં રાજા આનો=મનીષીનો, છત્રધર થયો, શુભશ્રીથી અધ્યસ્ત શરીરવાળો= શુભકર્મોના વિપાકના ઉદયવાળો તે=મનીષી, લોકોથી સન્માન કરાતો નગરમાં ગયો. ।।૨૫૬।।

શ્લોક :-

असङ्गभावाद् बुभुजे सुखानि,
राज्ञोपनीतान्यथ राजहर्म्ये ।
मुमोच मुख्यः कृतिनां गुणौघैः,
क्रीतो हि राजाऽस्य न भृत्यभावम् ।।२५७।।

શ્લોકાર્થ :-

હવે, રાજમહેલમાં રાજાથી લવાયેલાં એવાં સુખોને અસંગભાવથી ભોગવ્યાં=મનીષીએ ભોગવ્યાં, બુદ્ધિમાનોમાં મુખ્ય એવો રાજા આના= મનીષીના, ગુણોના સમુદાયથી ખરીદાયેલો રાજા સેવકભાવને મૂકતો નથી.

મનીષીને રાજાએ પોતાના રાજમહેલમાં રાખેલ છે, ત્યાં મનીષીનું ચિત્ત સંયમને અભિમુખ પ્રવર્ધમાન થતું હોવાથી અસંગભાવવાળું છે તોપણ રાજાથી અપાયેલા શ્રેષ્ઠ ભોગોને તે કરે છે અને તે ભોગકાળમાં પણ મનીષીનું ચિત્ત જોઈને બુદ્ધિમાન એવો રાજા મનીષીના ગુણોથી સેવકભાવને સ્વીકારે છે.

આ મનીષી જ આપણો સ્વામી છે, હું એનો સેવક છું એ પ્રકારે સેવકભાવને સ્વીકારે છે. **।।૨૫૭।।**

શ્લોક :-

स्थितोऽन्यदोद्दिश्य सुबुद्धिमाह,
नृपः पुरस्कृत्य मनीषिराजम् ।
मनीषिणो वृत्तमचिन्त्यमेव,
मध्योऽपि बुद्ध्यैष ममोपकारी ।।२५८।।

શ્લોકાર્થ :-

અન્યદા રહેલો=સ્વસ્થ રહેલો રાજા સુબુદ્ધિને ઉદ્દેશીને, મનીષીરૂપ રાજાને આગળ કરીને અન્યદા કહે છે, મનીષીનું અચિંત્ય જ વૃત્ત છે= આચાર છે, આ મધ્યમ પણ બુદ્ધિથી મારો ઉપકારી છે. ।।૨૫૮।।

શ્લોક :-

आश्वासितः संयमकातरोऽहं,
जिघृक्षता येन गृहस्थधर्मम् ।
मन्त्री बभाषे तव युक्तमेव,
समानशीलेऽत्र नरेन्द्र ! सख्यम् ।।२५९।।

શ્લોકાર્થ :-

ગૃહસ્થધર્મ ગ્રહણ કરવાની ઇચ્છાવાળા જેના વડે=મધ્યમબુદ્ધિ વડે સંયમમાં કાયર એવો હું આશ્વાસન કરાયો, મંત્રી બોલ્યા, હે નરેન્દ્ર ! તમને સમાનશીલવાળા એવા આમાં=મધ્યમબુદ્ધિમાં, મિત્રભાવ યુક્ત જ છે. ।।૨૫૯।।

શ્લોક :-

दध्यौ नृपोऽहं गणितो नु मध्यो,
मृषा स्मयोऽभूत् पुरुषोत्तमत्वे ।
मनीषिणं तादृगपेक्ष्य वाऽस्मि,
करीव दंष्ट्रोग्रमपेक्ष्य सिंहम् ।।२६०।।

શ્લોકાર્થ :-

રાજાએ વિચાર્યું હું રાજા છું. ખરેખર મધ્યમાં ગણાયો=મંત્રી દ્વારા હું મધ્યમાં ગણાયો. પુરુષોત્તમપણામાં મૃષા સ્મય થયેલો=હું રાજા છું માટે પુરુષોત્તમ છું એ પ્રકારે મને મૃષા અભિમાન થયેલું અથવા તેવા પ્રકારના મનીષીની અપેક્ષાએ હું દંષ્ટ્રમાં ઉગ્ર એવા સિંહની અપેક્ષાએ હાથી જેવો હું છું.

પૂર્વમાં સામાન્યથી રાજાને એ પ્રકારે અભિમાન હતું કે હું રાજા છું માટે પુરુષોત્તમ છું પરંતુ મંત્રીએ તેને મધ્યમની સાથે સમાનશીલ બતાવ્યું. તેથી તત્ત્વને પામેલા રાજાને બોધ થયો કે ખરેખર હું પુરુષોત્તમ નથી પરંતુ મનીષી જ પુરુષોત્તમ છે જે શત્રુને નાશ કરવામાં સમર્થ છે. જ્યારે ઉગ્ર દાઢાવાળા સિંહની અપેક્ષાએ હાથી જેવો હું મધ્યમ છું. **॥૨૬૦॥**

શ્લોક :-

अथाह राजा ननु तादृशेऽपि,
चैत्ये कथं साऽजनि बालचेष्टा ।
स प्राह चित्रं पुरुषाद्यपेक्ष्य,
फले वनं तत्स्वविलासनाम ।।२६१।।

શ્લોકાર્થ :-

હવે, રાજા કહે છે=સુબુદ્ધિમંત્રીને કહે છે, ખરેખર તેવા પ્રકારના પણ ચૈત્યમાં તે બાલચેષ્ટા કેવી રીતે થઈ. તે=સુબુદ્ધિમંત્રી, કહે છે. પુરુષાદિની અપેક્ષાએ ભિન્ન ભિન્ન એવું તે વન ફલમાં સ્વવિલાસ નામવાળું છે.

રાજાને શંકા થઈ કે જ્યાં ઋષિ સમોસર્યા એવા ચૈત્યમાં પણ બાલ મન્મથકંદલીને લેવા માટે દોડે છે એવી ચેષ્ટા કેવી રીતે થઈ ? તદ્દન અસંભવિત તે કૃત્ય રાજાને જણાય છે, તેનો ઉત્તર આપતાં સુબુદ્ધમંત્રી કહે છે. જીવોને આશ્રયીને તે ઉદ્યાન સ્વવિલાસ નામનું છે, તે તે જીવને જુદા જુદા પ્રકારનું ફળ આપે છે. આથી જ રાજાને તે સ્વવિલાસ ઉદ્યાનમાં ગુરુના બળથી સમ્યક્ત્વ પ્રાપ્ત થયું,

મનીષીને સંયમનો પરિણામ પ્રાપ્ત થયો, જ્યારે બાલને તેવું અકાર્ય કરાવે તેવો પરિણામ પ્રાપ્ત થયો, તેમાં સ્વવિલાસ નામનું ચૈત્ય જ કારણ છે=તે તે જીવનો વિલાસ જ તેમાં કારણ છે. **॥૨૬૧॥**

શ્લોક :-

विधाप्यमानं विषयानुषङ्गं,
मनीषिणो मन्त्रिवरोऽथ मत्वा ।
जगाद राजानमुदारबुद्धिः,
स्नेहस्तवायं न नरेन्द्र ! युक्तः ।।२६२।।

શ્લોકાર્થ :-

હવે મનીષીના વિષયના અનુષંગને કરતા એવા રાજાને જાણીને ઉદારબુદ્ધિવાળા એવા મંત્રીએ કહ્યું. હે નરેન્દ્ર ! તારો આ સ્નેહ યુક્ત નથી.

મનીષીના અસંગભાવવાળા ચિત્તને જોઈને રાજાને તેના પ્રત્યે અત્યંત રાગ થાય છે જેથી તેનો વિરહ સહન કરવા રાજા સમર્થ નથી. તેથી વિષયો પ્રત્યે મનીષી લાલસાવાળો થાય તો ગૃહવાસમાં પોતાની સાથે રહે એમ માનીને રાજા મનીષીને ભોગપર કરવા યત્ન કરે છે, ત્યારે તત્ત્વને જાણવામાં ઉદારબુદ્ધિવાળો એવો મંત્રીશ્વર રાજાને કહે છે, તમારો મનીષી ઉપરનો આ સ્નેહ યુક્ત નથી. **॥૨૬૨॥**

શ્લોક :-

प्रशस्तरागोऽपि परार्थभङ्ग-
प्रसङ्गतोऽनर्थविधायकः स्यात् ।
सच्छायवृक्षोऽपि कृशानुदग्धः,
करोति किं नेह वनस्य दाहम् ।।२६३।।

શ્લોકાર્થ :-

પ્રશસ્ત રાગ પણ પરાર્થના=મનીષીના પ્રયોજનના, ભંગના પ્રસંગથી અનર્થને કરનાર થાય, અગ્નિથી બળેલું ઘટાદાર વૃક્ષ પણ શું અહીં= સંસારમાં, વનના દાહને કરતું નથી ?

રાજાને મનીષીના અસંગભાવ પ્રત્યે જે રાગ છે તે પ્રશસ્ત રાગ છે અને તેનાથી જ પ્રેરાઈને રાજા વિચારે છે કે જો મનીષી કેટલોક કાળ અહીં રહે તો તેના સાન્નિધ્યથી મારામાં પણ તેવો અસંગભાવ પ્રગટે. આ પ્રકારનો રાજાનો પ્રશસ્ત રાગ હોવા છતાં પણ મનીષીના સંયમગ્રહણ દ્વારા જે વિશિષ્ટ અસંગભાવ મનીષીને પ્રાપ્ત થશે તેના ભંગને કરનાર રાજાનો મનીષીને ગૃહવાસમાં રહેવાનો આગ્રહ છે તેથી અનર્થને કરનાર છે. જેમ ઘટાદાર વૃક્ષ સુંદર હોય તોપણ અગ્નિથી બળેલું વનના વિનાશનું કારણ બને છે તેમ રાજાનો પોતાનામાં અસંગભાવ પ્રગટ કરવાનો સુંદર ભાવ પણ મનીષીની સાધનામાં વિઘ્ન કરનાર હોવાથી સુંદર નથી. **॥૨૯૩॥**

શ્લોક :-

नृपो बभाषे विधृतो मयाऽयं,
दीक्षा सहाऽनेन ममोचितेति ।
अतः परं त्वद्वचसा विसृष्टः,
कर्तव्यमर्हं त्वधुना विधेयम् ।।२९४।।

શ્લોકાર્થ :-

રાજા બોલ્યો, આની સાથે મને દીક્ષા ઉચિત છે, એથી મારા વડે આ=મનીષી, ધારણ કરાયો. હવે પછી તારા વચનથી વિસર્જન કરાયો, વળી, યોગ્ય કર્તવ્ય=મનીષીની દીક્ષાના વિષયમાં યોગ્ય કર્તવ્ય, હવે કરાવું જોઈએ. ।।૨૯૪।।

શ્લોક :-

ततः प्रशस्तं दिनमाकलय्य,
सप्तग्रहाङ्के वृषलग्नयोगे ।
रथस्थितो मन्त्रिगिरोत्सवौघै-
र्नृपेण नीतः स गुरोः समीपम् ।।२९५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી પ્રશસ્ત દિવસને જાણીને સાત ગ્રહના ચિહ્નવાળા વૃષ લગ્નના યોગમાં, રથમાં રહેલો તે=મનીષી, મંત્રીની વાણીથી ઉત્સવના સમૂહો દ્વારા રાજા વડે ગુરુની સમીપે લઈ જવાયો. ।।૨૬૫।।

શ્લોક :-

रथादथोत्तीर्णममुं महीशः,
परीक्षते स्म क्षितिपौघयुक्तम् ।
विकारहेतावपि तस्य चित्त-
मलक्षयन्मृत्पुटपाकशुद्धम् ।।२६६।।

શ્લોકાર્થ :-

હવે રાજાઓના સમૂહથી યુક્ત એવા રથથી ઉત્તીર્ણ આની=મનીષીની, રાજાએ પરીક્ષા કરી, વિકારના હેતુઓમાં પણ માટીના પુટપાકથી શુદ્ધ તેનું=મનીષીનું ચિત્ત, જોયું.

દીક્ષા લેવા મનીષી જ્યારે રાજા દ્વારા ગુરુની સમીપમાં લઈ જવાય છે ત્યારે ઘણા રાજાઓથી યુક્ત રથમાંથી ઊતરેલો મનીષી હતો તે વખતે તેનું ચિત્ત કેવું નિર્લેપ છે ? તેથી પરીક્ષા રાજા કરે છે અને જુએ છે કે આ રીતે રાજાઓ દ્વારા સત્કાર કરાતો મનીષી સત્કારના વિકારને પામવાને બદલે ઇન્દ્રજાલ જેવા આ સર્વ સમારોહને જોઈને નિર્લેપભાવને અનુકૂળ મનીષીનું ચિત્ત અધિક શુદ્ધિવાળું રાજાને દેખાયું. **।।૨૬૬।।**

શ્લોક :-

भृशं दिदीपेऽस्य शरीरमन्त-
र्दीप्तस्य सङ्गान्मनसस्तथोच्चैः ।
यथा पुरःस्थो ददृशे नृपौघः,
सूर्यप्रभाच्छादिततारकाभः ।।२६७।।

શ્લોકાર્થ :-

તે પ્રકારના અત્યંત મનના સંગથી=અસંગભાવ તરફ જતા તે પ્રકારના શ્રેષ્ઠ મનના સંગથી, દીપ્ત એવા આનું=મનીષીનું, અંતરંગ શરીર અત્યંત દીપવા લાગ્યું, જે પ્રમાણે સૂર્યની પ્રભાથી આચ્છાદિત તારાના જેવો (તેની) આગળ રહેલા રાજાનો સમૂહ જોવાયો. ।।૨૬૭।।

શ્લોક :-

विलीनमोहोऽथ नृपस्तदीय-
गुणप्रकर्षे बहुमानभावात् ।
अभ्युत्थितः संयममाशु लातुं,
तथैव देवी च सुबुद्धिमन्त्री ।।२६८।।

શ્લોકાર્થ :-

હવે તેના સંબંધી=મનીષીના સંબંધી, ગુણના પ્રકર્ષમાં બહુમાન ભાવ હોવાને કારણે વિલીન મોહવાળો રાજા=સંસારના સંગમાં રહેવાની બુદ્ધિ નાશ થઈ છે જેને એવો રાજા, શીઘ્ર સંયમ લેવા માટે ઉત્થિત થયો, તે પ્રકારે જ દેવી અને સુબુદ્ધિમંત્રી, ઉત્થિત થયા. ।।૨૬૮।।

શ્લોક :-

तान् दीक्षयामास गुरुः सहर्षान्,
प्रसद्य सर्वानपि शास्त्रनीत्या ।
ददौ च तेषामनुशिष्टिमुच्चैः,
संवेगवल्लीवनवारिधाराम् ।।२६९।।

શ્લોકાર્થ :-

હર્ષવાળા પણ તે સર્વેને શાસ્ત્રનીતિથી પ્રસાદ કરીને ગુરુએ દીક્ષા આપી, અને તેઓને સંવેગરૂપી વેલડીના વનને માટે મેઘધારા જેવી અત્યંત અનુશિષ્ટિ આપી.

મનીષી વગેરે દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે સર્વને ગુરુએ શાસ્ત્રનીતિથી દીક્ષા આપ્યા પછી કઈ રીતે શત્રુનો નાશ કરવો જોઈએ ઇત્યાદિ સર્વને ઉચિત બોધ કરાવીને બધાનો સંવેગ વૃદ્ધિ પામે તેવું ઉચિત અનુશાસન આપે છે. **॥૨૬૯॥**

શ્લોક :-

न बालवृत्तं विदुषा विधेयं,
मनीषिवृत्तं परिशीलनीयम् ।
अनुष्ठितादेव मनीषिवाक्यात्,
स्युस्तादृशा मध्यमबुद्धयोऽपि ।।२७०।।

શ્લોકાર્થ :-

વિદ્વાનોએ બાલ જેવું આચરણ કરવું જોઈએ નહીં, મનીષીનું આચરણ પરિશીલન કરવું જોઈએ. અનુષ્ઠાન કરાયેલા જ મનીષીના વાક્યથી મધ્યમબુદ્ધિઓ પણ તેવા થાય=મનીષી જેવા થાય. ।।૨૭૦।।

શ્લોક :-

कार्यो न सङ्गः सह पापमित्रै-
स्तत्सङ्गतो मृत्युमवाप बालः ।
सदैव तत्त्यागपरो मनीषी,
धर्मं च सौख्यं च यशश्च लेभे ।।२७१।।

શ્લોકાર્થ :-

પાપમિત્રો સાથે સંગ કરવો જોઈએ નહીં, તેના સંગથી બાલ મૃત્યુને પામ્યો, સદા જ તેના ત્યાગમાં તત્પર મનીષી ધર્મને, સૌખ્યને અને યશને પામ્યો. ।।૨૭૧।।

શ્લોક :-

गुणावहः सज्जनसङ्गमः स्या-
दनर्थहेतुः खलसङ्गमश्च ।

स्फुटं द्वयं तत्खलु मध्यबुद्धौ,
विमृश्य यच्चारु तदेव कार्यम् ।।२७२।।

શ્લોકાર્થ :-

ગુણને લાવનારો સજ્જનનો સંગમ થાય, અને ખલનો સંગમ અનર્થનો હેતુ થાય, મધ્યમબુદ્ધિમાં તે બે સ્પષ્ટ છે. વિમર્શ કરીને જે સુંદર છે તે જ કરવું જોઈએ.

ગુરુએ બાલ, મધ્યમ અને મનીષીના પ્રસંગને સામે રાખીને દીક્ષા લીધેલા સર્વને તીવ્ર સંવેગ ઉત્પન્ન કરાવવા અર્થે કહ્યું કે બાલજીવો ઇન્દ્રિયોને પરવશ થાય છે, તેવું આચરણ બુદ્ધિમાન પુરુષોએ કરવું જોઈએ નહીં, પરંતુ જેમ મનીષીએ સ્પર્શનની મૂલશુદ્ધિ કરીને પોતાના ચિત્તનું રક્ષણ કર્યું તેનું પરિશીલન કરવું જોઈએ જેથી નિર્વિકારી માનસની પ્રાપ્તિ થાય. વળી, મનીષીના વાક્યથી પ્રવૃત્તિ કરનારા મધ્યમબુદ્ધિઓ પણ મનીષી જેવા થાય છે. માટે મનીષીના આચારોનું સદા પરિશીલન કરવું જોઈએ, અને અંતરંગ સ્પર્શનાદિ પાપમિત્રો સાથે સંગ કરવો જોઈએ નહીં; કેમ કે તેના સંગથી જ બાલ મૃત્યુને પામ્યો અને પાપમિત્રના ત્યાગમાં તત્પર મનીષી વર્તમાનમાં સુખને પામ્યો, ધર્મને પામ્યો અને લોકમાં ઉત્તમ પુરુષના યશને પામ્યો. વળી, આ મધ્યમબુદ્ધિને મનીષીનો સંગ ગુણને લાવનારો થયો અને બાલનો સંગ અનર્થનો હેતુ થયો તે સ્પષ્ટ છે તેનો વિચાર કરીને સદા સજ્જનનો સંગ સેવવો જોઈએ. **॥૨૭૨॥**

શ્લોક :-

एतां समाकर्ण्य मुनीन्द्रवाचं,
बुद्धास्तदानीं बहवो मनुष्याः ।
क्रमाद् ययौ मोक्षपदं मनीषी,
दिवं परे मध्यमबुद्धयश्च ।।२७३।।

શ્લોકાર્થ :-

આ મુનીન્દ્રના વચનને સાંભળીને=આચાર્યના અનુશાસનને

સાંભળીને, ત્યારે ઘણા મનુષ્યો બોધ પામ્યા, ક્રમથી મનીષી મોક્ષને પામ્યો. પર એવા રાજા વગેરે અને મધ્યમબુદ્ધિ દેવલોકમાં ગયા. ।।૨૭૩।।

स्पर्शनकथानकं समाप्तम् । अथ विदुर उवाच–

શ્લોક :-

इमां समाकर्णयतः कथां मे,
गतं दिनं तेन न वः समीपे ।
समागतो ह्योऽभिदधे मयाऽपि,
श्रव्या कथेयं खलसङ्गहाने ।।२७४।।

સ્પર્શનું કથાનક પૂર્ણ થયું. હવે વિદુર બોલ્યો –

શ્લોકાર્થ :-

આ કથાને સાંભળતા મારો દિવસ ગયો, તે કારણથી તારી સમીપે= નંદીવર્ધનના સમીપે, હું ગઈકાલે આવ્યો નહીં, મારા વડે=નંદીવર્ધન વડે, પણ કહેવાયું, ખલના સંગના ત્યાગમાં આ કથા મારા વડે પણ સાંભળવાયોગ્ય છે. ।।૨૭૪।।

શ્લોક :-

वचोऽवकाशं विदुरोऽथ जानन्,
मामाह मा भूत् खलसङ्गमस्ते ।
वैश्वानरोऽभूच्चकितस्तदानीं,
प्रोक्तं मयाऽसौ न ममास्ति कोऽपि ।।२७५।।

શ્લોકાર્થ :-

હવે વચનના અવકાશને જાણતા એવા વિદુરે મને કહ્યું=ખલના સંગના ત્યાગની કથા મારે સાંભળવી જોઈએ એ પ્રકારના નંદીવર્ધનના વચનથી ઉપદેશ આપવાના અવકાશને જાણતા એવા વિદુરે મને કહ્યું, તને= નંદીવર્ધનને, ખલનો સંગમ ન થાઓ, ત્યારે વૈશ્વાનર ચકિત થયો,

મારા વડે કહેવાયું=નંદીવર્ધન વડે કહેવાયું, મને કોઈ પણ=ખલ મિત્રનો પણ, સંગ નથી.

વિદુરે કહ્યું કે તને ખલમિત્રનો સંગ ન થાઓ તે સાંભળીને નંદીવર્ધનના ચિત્તમાં વર્તતો વૈશ્વાનરનો પરિણામ કંઈક ઉલ્લસિત થયો. તેથી નંદીવર્ધને કહ્યું મને કોઈ પણ ખલનો સંગ નથી. **॥૨૭૫॥**

શ્લોક :-

प्रविश्य कर्णेऽथ स मां बभाषे,
वैश्वानरोऽप्यस्ति खलस्वभावः ।
परीक्षणीयस्तदसौ विशिष्य,
मा भूदितोऽनर्थपरंपरेति ।।२७६।।

શ્લોકાર્થ :-

હવે કર્ણમાં પ્રવેશ કરીને તેણે=વિદુરે, મને કહ્યું, વૈશ્વાનર પણ ખલ સ્વભાવવાળો છે, તે કારણથી આ=વૈશ્વાનર, વિશેષ કરીને પરીક્ષા કરવા યોગ્ય છે, આનાથી=વૈશ્વાનરથી, અનર્થની પરંપરા ન થાઓ, એ હેતુથી પરીક્ષા કરવાયોગ્ય છે એમ અન્વય છે. ।।૨૭૬।।

શ્લોક :-

तैर्दूयमानो वचनैस्तदानीं,
वैश्वानरेण स्फुटमीक्षितोऽहम् ।
तत्संज्ञया क्रूरमनःप्रणीतां,
भुक्त्वा गुटीं भूतवदुत्थितो द्राक् ।।२७७।।

શ્લોકાર્થ :-

તે વચનોથી=વિદુરનાં તે વચનોથી, દુભાતો હું ત્યારે વૈશ્વાનરથી સ્પષ્ટ જોવાયો, તેની સંજ્ઞાથી ક્રૂરમનથી બનાવાયેલી ગુટીને ખાઈને શીઘ્ર ભૂતની જેમ ઉત્થિત થયો.

વિદુરના વચનથી અકળાયેલો નંદીવર્ધન ગુસ્સામાં આવીને ભૂતની જેમ વિદુરને મારવા માટે ઊઠ્યો. **॥૨૭૭॥**

શ્લોક :-

करालवक्त्रेण मया कपोल-
भेत्त्री चपेटा विदुरस्य दत्ता ।
प्रवृद्धतापः फलकं गृहीत्वा,
पुनः प्रहर्तुं च समुद्यतोऽहम् ।।२७८।।

શ્લોકાર્થ :-

વિકરાળ મુખથી મારા વડે વિદુરના ગાલને ભેદનારા એવા ચપેટા મરાયા, અને પ્રવૃદ્ધ તાપવાળો એવો હું ફલકને ગ્રહણ કરીને મારવા માટે ઉદ્યત થયો. ।।૨૭૮।।

શ્લોક :-

ततश्च नंष्ट्वा स गतः प्रकम्प्र-
स्तातस्य पार्श्वं कथिता प्रवृत्तिः ।
वैश्वानरत्यागविधावयोग्यं,
ततः स मां चेतसि निश्चिकाय ।।२७९।।

શ્લોકાર્થ :-

અને ત્યાંથી નાસીને કાંપતો એવો વિદુર પિતાની પાસે ગયો, પ્રવૃત્તિ કહેવાઈ=નંદીવર્ધનની પ્રવૃત્તિ કહેવાઈ, તેથી વૈશ્વાનરની ત્યાગની પ્રવૃત્તિમાં અયોગ્ય, મને તેણે=પિતાએ નિશ્ચય કર્યો. ।।૨૭૯।।

શ્લોક :-

अथ स्थितः पूर्णकलाविलासो,
रम्ये गृहेऽहं सुखसिन्धुमग्नः ।

कान्तः कलापेन शिखीव नारी-

नेत्रोत्सवार्हो नवयौवनेन ।।२८०।।

શ્લોકાર્થ :-

હવે પૂર્ણકલાના વિલાસવાળો રહેલો હું રમ્યઘરમાં સુખસિંધુમાં મગ્ન રહ્યો, પીંછાથી મોરની જેમ કાંત, નવયૌવનથી સ્ત્રીના નેત્રના ઉત્સવને યોગ્ય થયો. ।।૨૮૦।।

શ્લોક :-

ताताम्बादिनतिं कृत्वा, प्रभातेऽहमथान्यदा ।

समागतः स्वभावेन, निविष्टो विष्टरे सुखम् ।।२८१।।

શ્લોકાર્થ :-

હવે પ્રભાતમાં માતા-પિતાને નમસ્કાર કરીને અન્યદા સ્વભાવથી આવેલો એવો હું સુખપૂર્વક આસનમાં બેઠો. ।।૨૮૧।।

શ્લોક :-

इतश्चाकाण्ड एव द्रागुत्थितो राजमन्दिरे ।

कोलाहलस्ततश्चाहं, जातः सम्भ्रान्तमानसः ।।२८२।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ અકાંડ જ શીઘ્ર રાજમંદિરમાં કોલાહલ ઊઠ્યો, અને તેથી હું સંભ્રાંત માનસવાળો થયો. ।।૨૮૨।।

શ્લોક :-

धवलाख्यस्तदागत्य, मां बलाधिकृतो जगौ ।

देवः समादिशत्येवमागन्तव्यं त्वया जवात् ।।२८३।।

શ્લોકાર્થ :-

ત્યારે ધવલ નામના બલાધિકૃતે આવીને મને કહ્યું, દેવ=રાજા, આ પ્રમાણે આદેશ કરે છે, તારા વડે=નંદીવર્ધન વડે, શીઘ્ર આવવું જોઈએ. ।।૨૮૩।।

શ્લોક :-

तातापमानादायातः, कुशावर्तपुरेशितुः ।
राज्ञः कनकचूडस्य, सुतः कनकशेखरः ।।२८४।।

શ્લોકાર્થ :-

કુશવર્ત નગરનો સ્વામી રાજા કનકચૂડનો કનકશેખર નામનો પુત્ર પિતાના અપમાનથી આવેલો છે. ।।૨૮૪।।

શ્લોક :-

तं बन्धुं तेऽभिगच्छामि, विलम्बस्तव मा च भूत् ।
इति श्रुत्वा द्रुतं गत्वा, मिलितोऽहं पितुर्बले ।।२८५।।

શ્લોકાર્થ :-

તારા તે બંધુની પાસે હું જાઉં છું=નંદીવર્ધનના પિતા પદ્મરાજા એવો હું જાઉં છું, અને તારો=નંદીવર્ધનનો વિલંબ ન થાઓ. એ પ્રમાણે સાંભળીને=ધવલના મુખથી સાંભળીને, શીઘ્ર જઈને હું પિતાના સૈન્યમાં મળ્યો. ।।૨૮૫।।

શ્લોક :-

पृष्टो मयाऽथ धवलः, कथं कनकशेखरः ।
अस्माकं बन्धुरथ स, प्राह कोमलया गिरा ।।२८६।।

શ્લોકાર્થ :-

હવે મારા વડે ધવલ પુછાયો. કનકશેખર અમારો બંધુ કેવી રીતે થાય ? હવે તે=ધવલ કોમલ વાણી વડે કહે છે. ।।૨૮૬।।

શ્લોક :-

भ्राता कनकचूडः स्यान्नन्दायाः सुन्दराकृतिः ।
तेन मातुलसूनुस्ते, भ्राताऽयं भ्रातृवत्सल ।।२८७।।

શ્લોકાર્થ :-

નંદાનો ભાઈ સુંદર આકૃતિવાળો કનકચૂડ થાય, તે કારણથી હે ભ્રાતૃવત્સલ ! મામાનો પુત્ર તારો આ ભાઈ છે. ॥૨૮૭॥

શ્લોક :-

आनीतोऽथ प्रमोदेन, पित्रा कनकशेखरः ।
प्रासादस्तस्य दत्तश्च, मदीयभवनान्तिके ।।२८८।।

શ્લોકાર્થ :-

હવે પ્રમોદથી=આદરસત્કારથી, પિતા વડે કનકશેખર લવાયો, અને તેને મારા ભવનની નજીકમાં પ્રાસાદ અપાયો. ॥૨૮૮॥

શ્લોક :-

संजातो निर्भरः स्नेहस्तस्य तत्र मया सह ।
तातापमानवृत्तान्तस्तस्य पृष्टो मयाऽन्यदा ।।२८९।।

શ્લોકાર્થ :-

તેને=કનકચૂડને, ત્યાં મારી સાથે=નંદીવર્ધનની સાથે, અત્યંત સ્નેહ થયો, અન્યદા મારા વડે પિતાના અપમાનનો વૃત્તાંત તેને મારા વડે પુછાયો. ॥૨૮૯॥

શ્લોક :-

स प्राह मित्रवृन्देन, युक्तः केलिपरोऽन्यदा ।
शमावहं वनं प्राप्तस्तत्राद्राक्षमहं मुनिम् ।।२९०।।

શ્લોકાર્થ :-

તે કહે છે=કનકશેખર કહે છે, અન્યદા કેલિમાં તત્પર એવો, મિત્રવૃંદથી યુક્ત શમાવહ નામના વનમાં ગયો, ત્યાં મેં મુનિને જોયા. ॥૨૯૦॥

શ્લોક :-

प्रणम्य चरणौ तस्य, पृष्टो धर्मं महाशयः ।
स साधुधर्ममाख्याय, श्राद्धधर्ममचीकथत् ।।२९१।।

શ્લોકાર્થ :-

તેના ચરણને નમસ્કાર કરીને મહાશયવાળા એવા મુનિ, ધર્મને પુછાયા=કનકશેખર વડે પુછાયા, તે=મુનિએ, સાધુધર્મને કહીને, શ્રાવક-ધર્મને કહ્યો. ॥૨૯૧॥

શ્લોક :-

तदा मया मुनेः पार्श्वे, वयस्यैः सह हर्षतः ।
सम्यक्त्वमूलो जगृहे, श्राद्धधर्मसुरद्रुमः ।।२९२।।

શ્લોકાર્થ :-

ત્યારે મારા વડે મિત્રોની સાથે મુનિ પાસે હર્ષથી સમ્યક્ત્વનું મૂલ એવું શ્રાવકધર્મરૂપ કલ્પવૃક્ષ ગ્રહણ કરાયું.

મહાત્મા પાસે સમ્યક્ત્વના પારમાર્થિક બોધપૂર્વક સમ્યક્ત્વના પરિણામને સ્પર્શે તેવું શ્રાવકધર્મરૂપ કલ્પવૃક્ષ ગ્રહણ કરાયું જે સ્વર્ગ, અપવર્ગના ફલને દેનારું હોવાથી કલ્પવૃક્ષરૂપ છે. **॥૨૯૨॥**

શ્લોક :-

गतः स मुनिरन्यत्र, धर्मं पालयतोऽथ मे ।
श्राद्धसंसर्गतो जाता, व्युत्पत्तिर्जिनशासने ।।२९३।।

શ્લોકાર્થ :-

તે મુનિ અન્ય ઠેકાણે ગયા, હવે ધર્મનું પાલન કરતા એવા મને શ્રાવકોના સંસર્ગથી જિનશાસનમાં વ્યુત્પત્તિ થઈ. ॥૨૯૩॥

શ્લોક :-

अन्यदा पुनरायातः, स साधुर्वन्दितो मया ।
पृष्टश्चेदं महाभाग, किं सारं जिनशासने ।।२९४।।

શ્લોકાર્થ :-

અન્યદા ફરી તે સાધુ આવ્યા, મારા વડે વંદન કરાયા, અને આ પુછાયા, હે મહાભાગ ! જિનશાસનમાં શું સાર છે ?

કનકશેખર પૂર્વમાં સમ્યક્ત્વપૂર્વક શ્રાદ્ધધર્મ સ્વીકારેલ ત્યારે મુનિના વચનથી સાધુધર્મના પ્રતિસંધાનપૂર્વક સાધુધર્મનો યથાર્થ બોધ થયેલો પરંતુ વિવેકીશ્રાવકોના સંપર્કને કારણે ભગવાનના શાસનના સૂક્ષ્મભાવોને જાણનાર બને છે, ત્યારપછી ફરી તે મહાત્મા આવે છે ત્યારે ભગવાનના શાસનના સૂક્ષ્મ અર્થને જાણવા અર્થે કનકશેખર મહાત્માને પૃચ્છા કરે છે. **॥૨૯૪॥**

શ્લોક :-

मुनिराह दया ध्यानं, रागादीनां च निग्रहः ।
साधर्मिकानुरागश्च, सारमेतज्जिनागमे ।।२९५।।

શ્લોકાર્થ :-

મુનિ કહે છે, દયા, ધ્યાન, અને રાગાદિઓનો નિગ્રહ, અને સાધર્મિકનો અનુરાગ એ જિન આગમમાં સાર છે.

ષટ્કાલના પાલનના અધ્યવસાય રૂપ દયા, વીતરાગનું ધ્યાન સતત વર્તે તેવું ચિત્ત, અને વિદ્યમાન કષાયોનો સતત નિગ્રહ થાય તેવો વ્યાપાર અને ગુણસંપન્ન સાધર્મિક પ્રત્યેનો અનુરાગ એ જિનાગમમાં સાર છે, જેના શ્રવણથી કનકશેખરને વિશેષ પ્રકારનો સૂક્ષ્મધર્મનો બોધ થાય છે. **॥૨૯૫॥**

શ્લોક :-

मयाऽज्ञायि दया क्व स्यान्महारम्भस्य मादृशः ।
स्थिरचित्ततया साध्यो, ध्यानयोगः कुतस्तराम् ।।२९६।।

શ્લોકાર્થ :-

મારા વડે જણાયું, મહારંભવાળા એવા મારા જેવાને દયા ક્યાંથી હોય, સ્થિરચિત્તપણાથી સાધ્ય એવો ધ્યાનયોગ ક્યાંથી હોય ? અર્થાત્ હોય નહીં. ॥૨૯૬॥

શ્લોક :-

विषयामिषगृद्धस्य, क्वत्यो रागादिनिग्रहः ।
साधर्मिकानुरागस्तु, कर्तव्यो मेऽवशिष्यते ।।२९७।।

શ્લોકાર્થ :-

વિષયામિષમાં આસક્ત એવા મને રાગાદિનો નિગ્રહ ક્યાંથી હોય ? સાધર્મિકનો અનુરાગ મને કર્તવ્ય અવશેષ રહે છે. ।।૨૯૭।।

શ્લોક :-

इति ध्यात्वा मुनेः पार्श्वे, गृहीतस्तदभिग्रहः ।
गृहे गत्वा मया नत्वा, तातानुज्ञा च याचिता ।।२९८।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે વિચારીને મુનિ પાસે તેનો અભિગ્રહ ગ્રહણ કરાયો= સાધર્મિકનો અનુરાગ મારે કરવો જોઈએ એ પ્રકારે તેનો અભિગ્રહ ગ્રહણ કરાયો, અને ઘરમાં જઈને મારા વડે નમીને પિતાની અનુજ્ઞા યાચના કરાઈ. ।।૨૯૮।।

શ્લોક :-

संगान्मम पिताऽप्यासीद् भद्रको जिनशासने ।
स्वाभिप्रेतं कुरुष्वेति, निःशङ्कं सोऽन्वमन्यत ।।२९९।।

શ્લોકાર્થ :-

મારા સંગથી પિતા પણ જિનશાસનમાં ભદ્રક હતા, સ્વાભિપ્રેતને= સાધર્મિકની ભક્તિ કરવા રૂપ સ્વઅભિપ્રેતને, નિઃશંક તું કર, એ પ્રમાણે તે=પિતાએ, અનુમતિ આપી. ।।૨૯૯।।

શ્લોક :-

ततः प्रभृति सर्वोऽपि, बन्धुत्वेन मयेक्षितः ।
कुलजात्यादिहीनोऽपि, नमस्कारधरोऽपि यः ।।३००।।

શ્લોકાર્થ :-

ત્યારથી માંડીને કુલજાત્યાદિથી હીન પણ, નમસ્કારને ધારણ કરનાર પણ જે છે તે સર્વ પણ બંધુપણાથી મારા વડે જોવાયા.

કનકશેખરને સાધર્મિકનો અનુરાગ અતિશય વૃદ્ધિ પામે છે તેથી ઉત્તમ કુલવાળા કે હીન કુલવાળા તે પ્રકારનો વિભાગ કર્યા વગર, નમસ્કાર માત્રને ધારણ કરનાર પણ વીતરાગના વચનાનુસાર દૂર-દૂરવર્તી પણ મોક્ષમાર્ગમાં છે માટે બંધુરૂપે સ્વીકારે છે. **॥૩૦૦॥**

શ્લોક :-

जैननामभृतो देशे कृताश्चाकरदा मया ।

विहिता च विशेषेण, सपर्या नवधर्मणाम् ।।३०१।।

શ્લોકાર્થ :-

દેશમાં જૈન નામને ધારણ કરનારા મારા વડે કરને નહીં દેનારા કરાયા, અને વિશેષથી નવા ધર્મી જીવોની સપર્યા=ભક્તિ, કરાઈ. ॥૩૦૧॥

શ્લોક :-

तदा प्रोज्जृम्भितं जैनैः, सूर्योदय इवाम्बुजैः ।

अमात्यो दुर्मुखो द्वेषं, ययौ कौशिकवत् परम् ।।३०२।।

શ્લોકાર્થ :-

ત્યારે વાદળાંઓથી સૂર્યોદયની જેમ જૈનોથી નગર વિલસિત થયું. પરંતુ કૌશિકની જેમ=ઘુવડની જેમ, દુર્મુખ નામનો અમાત્ય દ્વેષને પામ્યો. ॥૩૦૨॥

શ્લોક :-

ततो रहसि तातस्य, प्रोक्तं तेन दुरात्मना ।

लोकः सर्वः कुमारेण, राजन्नुच्छृंखलीकृतः ।।३०३।।

શ્લોકાર્થ :-

તેથી એકાંતમાં પિતાને તે દુરાત્મા વડે કહેવાયું. હે રાજન ! કુમાર વડે સર્વ લોક ઉચ્છૃંખલ કરાયો છે. ॥૩૦૩॥

શ્લોક :-

कुमारस्य प्रसादार्थी, भूयान् जैनो जनोऽजनि ।
करहीने जने चैवमाज्ञा वाङ्मात्रमेव ते ।।३०४।।

શ્લોકાર્થ :-

કુમારના પ્રસાદનો અર્થી એવો ઘણો જન જૈન થયો અને કરહીન એવા લોકમાં તમારી આજ્ઞા વાણી માત્ર જ છે. ।।૩૦૪।।

શ્લોક :-

अलौकिकं कुमारस्य, वृत्तमेतन्न सुन्दरम् ।
अनीतिकवचस्याङ्गे, प्रविशन्ति द्विषच्छराः ।।३०५।।

શ્લોકાર્થ :-

કુમારનું આ અલૌકિક આચરણ સુંદર નથી. અનીતિના કવચવાળા જીવના અંગમાં શત્રુના છરાઓ પ્રવેશે છે.

કુમારની આ આચરણા અનીતિ સ્વરૂપ છે તેથી અનીતિના કવચને કોઈ ધારણ કરે તો શત્રુઓ તેનો વિનાશ જ કરે છે. **।।૩૦૫।।**

શ્લોક :-

पिता प्रोवाच यद्येवं, त्वया सर्वं निवेद्यताम् ।
स्वयमेव कुमाराय, नाहं तं भाषितुं क्षमः ।।३०६।।

શ્લોકાર્થ :-

પિતાએ કીધું, જો આ પ્રમાણે છે. તો સ્વયં જ તારા વડે સર્વ કુમારને નિવેદન કરાવ. હું તેને કહેવા સમર્થ નથી. ।।૩૦૬।।

શ્લોક :-

मामुपेत्याथ स प्राह, राजा लोकोपरि स्थितः ।
प्रतापी भानुवल्लोकवशोऽधस्ताच्च धूलिवत् ।।३०७।।

શ્લોકાર્થ :-

હવે મને પ્રાપ્ત કરીને તે=દુર્મુખ નામનો અમાત્ય કહે છે, લોકની ઉપરમાં રહેલો રાજા સૂર્યની જેમ પ્રતાપી છે. અને લોકને વશ નીચે રહેલી ધૂલિની જેમ છે. ॥૩૦૭॥

શ્લોક :-

लोकान्निरङ्कुशीकृत्य, राजधर्मव्यतिक्रमात् ।
नालीकधर्मवात्सल्यं, युक्तं ते नीतिगामिनः ।।३०८।।

શ્લોકાર્થ :-

રાજધર્મના વ્યતિક્રમથી લોકોને નિરંકુશ કરીને નીતિને અનુસરનાર એવા તને અલીક ધર્મનું વાત્સલ્ય યુક્ત નથી. ॥૩૦૮॥

શ્લોક :-

मया प्रोक्तं भवेद् दोषः, स्याद् दुष्टे चेन्ममाग्रहः ।
नीतिव्यतिक्रमः को वा, पूजया गुणशालिनाम् ।।३०९।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું=કનકશેખર વડે કહેવાયું, દોષ થાય, દુષ્ટમાં જો મને આગ્રહ થાય અથવા ગુણશાળીઓની પૂજાથી નીતિનો વ્યતિક્રમ શું છે ? ॥૩૦૯॥

શ્લોક :-

अथासौ मदभिप्रायं, लब्ध्वाऽलीकमभाषत ।
साधु धर्मे स्थिरोऽसि त्वं, परीक्षेयं मया कृता ।।३१०।।

શ્લોકાર્થ :-

હવે આ=દુર્મુખ મંત્રી, મારા અભિપ્રાયને જાણીને જુઠ્ઠું બોલ્યો, સુંદર, ધર્મમાં તું સ્થિર છો, મારા વડે આ પરીક્ષા કરાઈ છે. આ પ્રકારે જુઠ્ઠું બોલ્યો, એમ અન્વય છે. ॥૩૧૦॥

શ્લોક :-

इत्युक्त्वाऽसौ मदभ्यर्णान्निर्गतश्चिन्तितं मया ।
न ज्ञायते महादुष्टः, पापोऽयं किं करिष्यति ।।३११।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે કહીને આ=મંત્રી, મારી પાસેથી નીકળ્યો, મારા વડે વિચારાયું, મહાદુષ્ટ, પાપી આ શું કરશે ? જણાતું નથી. ।।૩૧૧।।

શ્લોક :-

तदस्य प्रणिधिद्वारा, भावो ज्ञेयो मयाऽखिलः ।
ज्ञातः स्यात् किल दोषाय, न दुष्टग्रहवत् खलः ।।३१२।।

શ્લોકાર્થ :-

તે કારણથી પ્રણિધિ=ગુપ્તચર, દ્વારા આનો અખિલ ભાવ મારે જાણવો જોઈએ. જણાયેલો ખલ ખરેખર દુષ્ટગ્રહની જેમ દોષ માટે ન થાય. ।।૩૧૨।।

શ્લોક :-

इति प्रयुक्तश्चतुरो, दारकः प्रणिधिर्मया ।
तत्स्वरूपं परिज्ञाय, मम तेन निवेदितम् ।।३१३।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે ચતુર દારક પ્રણિધિ મારા વડે પ્રયુક્ત કરાયો, તેના સ્વરૂપનું પરિજ્ઞાન કરીને=મંત્રીના સ્વરૂપનું પરિજ્ઞાન કરીને, મને તેના વડે=તે દારક વડે નિવેદન કરાયું. ।।૩૧૩।।

શ્લોક :-

आहूयासौ महाश्राद्धान्, रहस्येवमभाषत ।
प्रच्छन्नो मे करो देयो, भवद्भिः सुखमिच्छुभिः ।।३१४।।

શ્લોકાર્થ :-

શું નિવેદન કરાયું ? તે કહે છે – મહાશ્રદ્ધાળુઓને બોલાવીને

આણે=મંત્રીએ, એકાંતમાં કહ્યું, સુખને ઈચ્છતા એવા તમારા વડે મને પ્રચ્છન્ન કર આપવા યોગ્ય છે. ।।૩૧૪।।

શ્લોક :-

तातेनापि च तद् ज्ञातं, कृता गजनिमीलिका ।
श्रुत्वेदं प्रणिधेर्बुद्धिर्धृताऽपक्रमणे मया ।।३१५।।

શ્લોકાર્થ :-

અને પિતા વડે પણ તે જણાયું, ગજનિમીલિકા કરાઈ=આંખમીંચામણાં કરાયાં, પ્રણિધિનું આ સાંભળીને=આ વચન સાંભળીને, મારા અપક્રમમાં=દેશને છોડવામાં, બુદ્ધિ ધારણ કરાઈ. ।।૩૧૫।।

શ્લોક :-

यदि तातानभिप्रेतमकरिष्यदयं कुधीः ।
तदाऽदास्यं फलं तस्य, पिता तु दुरतिक्रमः ।।३१६।।

શ્લોકાર્થ :-

કુબુદ્ધિએ=મંત્રીએ, પિતાને અનભિપ્રેત જો આ કર્યું હોત તો, તેને=મંત્રીને, ફલ હું આપત, પરંતુ પિતા દુરતિક્રમ છે=પિતાનો પ્રતિકાર કરવો ઉચિત નથી. ।।૩૧૬।।

શ્લોક :-

कस्याप्यकथयित्वेदं, गूढमालोच्य चेतसा ।
सह स्वमित्रवर्गेण, तूर्णमत्र समागतः ।।३१७।।

શ્લોકાર્થ :-

કોઈને પણ આ ગૂઢ કહ્યા વગર ચિત્તથી આલોચન કરીને સ્વમિત્રવર્ગની સાથે અહીં=જયસ્થલમાં, શીઘ્ર આવ્યો. ।।૩૧૭।।

શ્લોક :-

इत्युक्त्वा विरते तत्र, मयोक्तं साध्वनुष्ठितम् ।
युक्तो न मानिनां वासो, मानम्लानिकरैः सह ।।३१८।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે કહીને તે વિરત થયે છતે=કનકશેખર વિરામ પામ્યે છતે, મારા વડે=નંદીવર્ધન વડે, કહેવાયું. સુંદર કરાયું, માની જીવોને માનને મ્લાન કરનારની સાથે વસવું યુક્ત નથી. ।।૩૧૮।।

શ્લોક :-

तमसामुदयं दृष्ट्वा, सूर्यः कालं प्रतीक्षते ।
गगने तावदेवास्ते, यावन्न स्वोदयक्षतिः ।।३१९।।

શ્લોકાર્થ :-

અંધકારનો ઉદય જોઈને સૂર્ય કાલની પ્રતીક્ષા કરે છે, આકાશમાં ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી સ્વોદયની ક્ષતિ નથી.

જેમ અંધકારના ઉદયમાં સૂર્ય કાળની પ્રતીક્ષા કરે છે, તેમ માન ઘવાય ત્યારે કનકશેખરને પણ પોતાના નગરે જવા માટે પ્રતીક્ષા કરવી ઉચિત છે અને સૂર્ય આકાશમાં ત્યાં સુધી રહે છે જ્યાં સુધી પોતાના ઉદયની ક્ષતિ ન થાય, તેમ જ્યાં સુધી માન ઘવાય નહીં ત્યાં સુધી જ માની જીવે ત્યાં વસવું ઉચિત છે. **॥૩૧૯॥**

શ્લોક :-

इत्थं मद्वचसा तुष्टः, स्थितः कनकशेखरः ।
दशरात्रं व्यतीयाय, मिथः प्रेमरसालसम् ।।३२०।।

શ્લોકાર્થ :-

આ રીતે=શ્લોક-૩૧૮, ૩૧૯માં કહ્યું એ રીતે, મારા વચનથી=નંદીવર્ધનના વચનથી, કનકશેખર તુષ્ટ થયો, પરસ્પર પ્રેમરસથી યુક્ત દશ રાત્રિ પસાર થઈ, ।।૩૨૦।।

શ્લોક :-

अत्रान्तरे समाहूतावावां तातान्तिके गतौ ।
मन्त्रिणस्तत्र चायाता, नताः कनकशेखरम् ।।३२१।।

શ્લોકાર્થ :-

એટલામાં બોલાવાયેલા અમે બંને પિતાની પાસે ગયા, અને ત્યાં આવેલા મંત્રીઓ કનકશેખરને નમ્યા. ॥૩૨૧॥

શ્લોક :-

अथाह तातस्तं भद्र, त्वत्पित्रा प्रहिता इमे ।
प्राप्तो मृत्यूपमं दुःखं, त्वद्वियोगात् पिता तव ।।३२२।।

શ્લોકાર્થ :-

હવે પિતા=પદ્મરાજા તેને=કનકશેખરને કહે છે – હે ભદ્ર ! તારા પિતાથી આ મોકલાયેલા છે, તારા વિયોગથી તારા પિતા મૃત્યુની ઉપમાવાળા દુઃખને પ્રાપ્ત થયેલા છે. ॥૩૨૨॥

શ્લોક :-

ज्ञात्वाऽथ चतुरद्वारा, सकारणमपक्रमं ।
जयस्थले च संभाव्य, स्थितिं तव मुदं दधौ ।।३२३।।

શ્લોકાર્થ :-

હવે, ચતુર દ્વારા સકારણ એવા અપક્રમને જાણીને=કનકશેખરના ગમનને જાણીને, અને જયસ્થલમાં તારી સ્થિતિની સંભાવના કરીને હર્ષિત થયા. ॥૩૨૩॥

શ્લોક :-

अयमेवास्य पापात्मा, जातोऽनर्थस्य कारणम् ।
इति निर्वासितो देशाद्, दुर्मुखः कुलसंयुतः ।।३२४।।

શ્લોકાર્થ :-

આ અનર્થનું કારણ=કનકશેખર નગરને છોડીને ગયો એ અનર્થનું કારણ, આ જ પાપાત્મા થયો. એ પ્રમાણે કુલથી યુક્ત દુર્મુખ દેશથી કાઢી મૂક્યો. ॥૩૨૪॥

શ્લોક :-

इतश्च तत्रैव दिने, दूतः प्राह समागतः ।
अस्ति राजा विशालायां, नन्दनः शत्रुगोत्रभित् ।।३२५।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ તે જ દિવસે આવેલો દૂત બોલ્યો. વિશાલા નામની નગરીમાં શત્રુના ગોત્રને ભેદનાર નંદન નામનો રાજા છે. ॥૩૨૫॥

શ્લોક :-

उभे तस्य महादेव्यौ, पुण्यलावण्यभाजने ।
एका प्रभावती नामापरा पद्मावती तथा ।।३२६।।

શ્લોકાર્થ :-

તેને=નંદન રાજાને, પુણ્ય અને લાવણ્યનું ભાજન એવી બે મહાદેવી છે. એક પ્રભાવતી અને બીજી પદ્માવતી. ॥૩૨૬॥

શ્લોક :-

तयोः पुत्र्यौ च विमलानना रत्नवती क्रमात् ।
इतश्च शास्ति कनकपुरं राजा प्रभाकरः ।।३२७।।

શ્લોકાર્થ :-

અને તે બેની પુત્રી ક્રમથી વિમલાનના અને રત્નવતી છે. અને આ બાજુ કનકપુર નગરમાં રાજા પ્રભાકર શાસન કરે છે. ॥૩૨૭॥

શ્લોક :-

स च भ्राता प्रभावत्यास्तस्य बन्धुमती प्रिया ।
तयोर्विभाकरः पुत्रः, संजातः पुण्यपेशलः ।।३२८।।

શ્લોકાર્થ :-

અને તે=રાજા, પ્રભાવતીનો ભાઈ છે, તેની બંધુમતી પ્રિયા છે. તે બેનો પુણ્યશાળી એવો વિભાકર નામનો પુત્ર થયો. ॥૩૨૮॥

શ્લોક :-

प्रभाकरप्रभावत्योः, संकेतोऽयमभूत् पुरा ।
देयौ यदावयोरन्यतमपुत्रीसुतौ मिथः ।।३२९।।

શ્લોકાર્થ :-

પ્રભાકરનો અને પ્રભાવતીનો પૂર્વે આ સંકેત થયેલો જ્યારે આપણા બંનેમાંથી કોઈને પણ પુત્ર કે પુત્રી થાય તો પરસ્પર દેવાય. ।।૩૨૯।।

શ્લોક :-

विभाकरस्य विमलानना दत्ता तदाशयात् ।
अन्यदा श्रुतवत्येषा, गुणान् कनकशेखरान् ।।३३०।।

શ્લોકાર્થ :-

તેના આશયથી=પ્રભાકર અને પ્રભાવતીના સંકેતના આશયથી, વિભાકરને વિમલાનના અપાઈ છે. અન્યદા આણે=વિમલાનનાએ, કનકશેખરના ગુણોને સાંભળ્યા. ।।૩૩૦।।

શ્લોક :-

ततः सा तद्गुणाकृष्टा, गुणातीतं जगत्त्रयम् ।
ध्यायन्ती योगिनीवास्थात्, त्यक्तनिःशेषकौतुका ।।३३१।।

શ્લોકાર્થ :-

તેથી તે=વિમલાનના, તેના ગુણથી આકૃષ્ટ એવી ગુણોથી રહિત એવા જગતત્રયનું ધ્યાન કરતી યોગિનીની જેમ ત્યાગ કરાયેલા સમગ્ર કૌતુકવાળી થઈ.

યોગીઓ જગતત્રયને નિર્ગુણ જાણે છે તેથી જગતત્રયમાં વર્તતા ભાવોમાં કૌતુક વગરના હોય છે અને પરમગુરુઓના ગુણોમાં આકૃષ્ટ હોય છે તેથી પરમગુરુનું ધ્યાન કરે છે, તેમ વિમલાનના સંસારના સર્વ કૌતુકોમાં રસ વગરની થઈને કનકશેખરનું ધ્યાન કરે છે. **।।૩૩૧।।**

શ્લોક :-

सदा सन्निहितत्वेन, रत्नावत्या तदाशयः ।
लब्धः प्रोक्तश्च ताताय, तेनापीदं विचारितम् ।।३३२।।

શ્લોકાર્થ :-

સદા સન્નિહિતપણું હોવાથી રત્નવતી વડે તેનો આશય પ્રાપ્ત થયો, અને પિતાને કહેવાયું, તેના વડે પણ=નંદ રાજા વડે પણ, આ વિચારાયું. ॥૩૩૨॥

શ્લોક :-

दत्ता विभाकरायेयं, तथाप्यस्या दृढाग्रहे ।
अपूर्णे जीवितं न स्यादिति कुर्वे स्वयंवराम् ।।३३३।।

શ્લોકાર્થ :-

વિભાકરને આ=વિમલાનના, અપાયેલી છે, તોપણ આનો=વિમલાનનાનો, દૃઢ આગ્રહ અપૂર્ણ થયે છતે=કનકશેખરને પરણવાની ઇચ્છા અપૂર્ણ થયે છતે, જીવિત ન થાય એથી સ્વયંવરા હું કરું. ॥૩૩૩॥

શ્લોક :-

ततः सपरिवारैव, प्रहिता विमलानना ।
रत्नवत्या च विज्ञप्तं, स्नेहलाऽस्यामहं पितः ।।३३४।।
सापत्न्यं स्नेहनाशायेत्येतदिष्टसुहृत्प्रिया ।
भविष्याम्यनुजानीहि, तन्मां गन्तुं सहानया ।।३३५।।

શ્લોકાર્થ :-

તેથી સપરિવાર જ વિમલાનના મોકલાવાઈ=કુશાવર્તમાં મોકલાવાઈ. અને રત્નવતી વડે વિજ્ઞાપન કરાયું, હે પિતા ! હું આમાં સ્નેહવાળી છું, શોક્યપણું સ્નેહના નાશ માટે છે, એથી આના ઇષ્ટ મિત્રની પ્રિયા હું થઈશ, તે કારણથી મને આની સાથે જવા માટે અનુજ્ઞા આપો. ॥૩૩૪-૩૩૫॥

શ્લોક :-

ततः प्रस्थापिता पित्रा, स्नेहात् साऽपि तया सह ।
उभे ते बहिरुद्याने, स्थिते स्तः प्रहितोऽस्म्यहम् ।।३३६।।

શ્લોકાર્થ :-

તેથી પિતા વડે સ્નેહથી તે પણ=રત્નવતી પણ તેણી સાથે=વિમલાનનાની સાથે, પ્રસ્થાપિત કરાઈ, બંને પણ તમારા બહારના ઉદ્યાનમાં રહેલી છે, હું મોકલાવાયેલો છું. એ પ્રમાણે દૂતે કનકચૂડ રાજાને કહ્યું એમ અન્વય છે. ।।૩૩૬।।

શ્લોક :-

तद्दूतवाचा कनकचूडो हर्षविषादभाक् ।
कन्यावासकदानार्थं, सूरसेनं न्ययोजयत् ।।३३७।।

શ્લોકાર્થ :-

તે દૂતની વાણીથી હર્ષવિષાદવાળા કનકચૂડે કન્યાના વાસકના દાન માટે સૂરસેનને નિયોજિત કર્યો. ।।૩૩૭।।

શ્લોક :-

दध्यौ च सुमहोऽप्येष, कुमारविरहानले ।
सर्पिःक्षेपसमो जात इत्येतान् प्राहिणोदिह ।।३३८।।
व्यजिज्ञपन्निदं ह्येते, प्रेष्यः कनकशेखरः ।
रत्नवत्या वरो योग्यस्तथाऽयं नन्दिवर्धनः ।।३३९।।

શ્લોકાર્થ :-

અને વિચાર્યું, સુમહાન પણ આ=કન્યાનું આગમન કુમારના વિરહરૂપી અગ્નિમાં ઘીના ક્ષેપ જેવું થયું, એથી આમને=મંત્રીઓને, અહીં મોકલ્યા છે. મંત્રીઓએ આ જણાવ્યું છે, કનકશેખર મોકલવો જોઈએ અને આ નંદીવર્ધન રત્નવતીનો યોગ્ય વર છે. ।।૩૩૮-૩૩૯।।

શ્લોક :-

भद्रौ ! यद्यपि वर्तेऽहं, युष्मद्विरहकातरः ।
महाप्रयोजनं मत्वा, तथाऽपीदं निगद्यते ।।३४०।।

શ્લોકાર્થ :-

હે ભદ્ર ! જો કે તમારા વિરહનો કાતર હું=પદ્મરાજા, છું, તોપણ મહાપ્રયોજનને માનીને આ કહેવાય છે=મારા વડે કહેવાય છે. ।।૩૪૦।।

શ્લોક :-

यातं तूर्णं कुशावर्ते, राज्ञो जनयतं मुदम् ।
मिथोऽवियोगबुद्ध्या तदावाभ्यां स्वीकृतं वचः ।।३४१।।

શ્લોકાર્થ :-

શીઘ્ર કુશાવર્ત નગરમાં જાઓ, રાજાને આનંદ ઉત્પન્ન કરો, તે કારણથી=પિતાએ આ પ્રમાણે કહ્યું તે કારણથી, પરસ્પર અવિયોગની બુદ્ધિથી અમારા બંને દ્વારા વચન સ્વીકારાયું. ।।૩૪૧।।

શ્લોક :-

दत्त्वा तातेन सैन्यौघमावां प्रस्थापितौ तदा ।
मया सहागतौ वैश्वानरपुण्योदयावपि ।।३४२।।

શ્લોકાર્થ :-

સૈન્યના સમૂહને આપીને ત્યારે અમે બંને પિતા વડે પ્રસ્થાપિત કરાયા, મારી સાથે વૈશ્વાનર અને પુણ્યોદય પણ આવ્યા.

નંદીવર્ધનના ચિત્તમાં તીવ્ર કષાયની પરિણતિ આપાદક કર્મોરૂપ વૈશ્વાનર અને લોકમાં ખ્યાતિ થાય, સફળતા થાય તેવું પુણ્ય એ બંને પણ નંદીવર્ધનની સાથે આવ્યા. **।।૩૪૨।।**

શ્લોક :-

दत्तं प्रयाणकं मार्गो, लङ्घितश्च कियानपि ।
बाढं प्रणयिनं कर्तुमैच्छद् वैश्वानरोऽथ माम् ।।३४३।।

શ્લોકાર્થ :-

પ્રયાણક અપાયું, કેટલોક પણ માર્ગ ઉલ્લંઘન કરાયો, મને અત્યંત પ્રીતિવાળો કરવા માટે વૈશ્વાનરે ઈચ્છ્યું. ।।૩૪૩।।

શ્લોક :-

वर्तते पुरमितश्च कुतश्चित्,
पिण्डितैः कृतमवद्यसमूहैः ।
रौद्रचित्तमनभीष्टततीनां,
जन्मभूर्नरकवर्त्मविशालम् ।।३४४।।

શ્લોકાર્થ :-

આ બાજુ કોઈક સ્થાને પિંડિત અવદ્યના સમૂહોથી કરાયેલું, અનભીષ્ટ વિસ્તારોની જન્મભૂમિ, નરકનો માર્ગ વિશાલ છે જેમાં એવું રૌદ્રચિત્ત નગર વર્તે છે.

કોઈક ભાવોથી પિંડિત થયેલાં પાપોના સમૂહથી જીવમાં રૌદ્રચિત્ત ઉત્પન્ન થાય છે જે જીવને માટે અનિષ્ટની પરંપરાને કરનારું છે અને નરકની પ્રાપ્તિનું કારણ છે. તેવા અંતરંગ ક્લિષ્ટ ભાવોવાળું ચિત્ત રૌદ્રચિત્ત નગર છે. **।।૩૪૪।।**

શ્લોક :-

सन्ति तत्र भुवनत्रयताप-
प्रापणैकरसिकाः खलु लोकाः ।
ज्वालजालजटिलज्वलनाभा,
ये परं स्वमुपदाह्य दहन्ति ।।३४५।।

શ્લોકાર્થ :-

ત્યાં=રૌદ્રચિત્ત નગરમાં, ત્રણ ભુવનના તાપને પ્રાપ્ત કરાવવામાં એક રસિક જ્વાલના સમૂહથી જટિલ અગ્નિ જેવા લોકો છે, જે સ્વને બાળીને પરને બાળે છે.

રૌદ્રચિત્તમાં વર્તતા જીવો લોકોને સંતાપ કરવાની પ્રકૃતિવાળા હોય છે, અગ્નિ જેવા હોય છે તેથી પોતાને સતત બાળે છે અને આવેશ આવે છે ત્યારે બીજાને પણ ક્રોધ ઉત્પન્ન કરાવીને બાળે છે. **॥૩૪૫॥**

શ્લોક :-

तत्र शत्रुरनवद्यमतीनां,
चौरसंग्रहपरो हतनीतिः ।
चेतसाऽस्ति विषमः स्मयनिद्रा-
घूर्णितो दुरभिसन्धिनरेन्द्रः ।।३४६।।

શ્લોકાર્થ :-

ત્યાં=રૌદ્રચિત્ત નગરમાં, અનવદ્ય મતિવાળા જીવોનો શત્રુ=અત્યંત દયાળુચિત્તવાળા મુનિઓનો શત્રુ, ચૌરના સંગ્રહમાં તત્પર, હણાયેલી નીતિવાળો, ચિત્તથી વિષમ, કામથી અને નિદ્રાથી ઘૂર્ણિત દુરભિસંધિ નામનો રાજા છે.

રૌદ્રચિત્તમાં નિમિત્તોને પામીને દુરભિસંધિ પ્રગટે છે=બીજાને સંત્રાસ આપવાની પરિણતિ પ્રગટે છે, તે રાજા છે. **॥૩૪૬॥**

શ્લોક :-

तत्प्रतापदहनस्य न तापं,
केऽपि सोढुमिह सन्ति समर्थाः ।
नोन्मिषत्यखिलदेहभृतां य-
द्धूमपुञ्जभृतमीक्षणयुग्मम् ।।३४७।।

શ્લોકાર્થ :-

તેના=દુરભિસંધિ રાજાના, પ્રતાપરૂપી અગ્નિના તાપને સહન કરવા માટે અહીં=સંસારમાં, કોઈ સમર્થ નથી, જેનાથી=જેના પ્રતાપથી, બધા જીવોના ધૂમના સમૂહથી ભરાયેલાં ચક્ષુયુગલ ઊઘડી શકતાં નથી.

જ્યારે જીવમાં દુરભિસંધિ પ્રગટે છે ત્યારે તે જીવ રૌદ્રપરિણામવાળો થઈને

અન્ય જીવોને ક્રૂરતાથી તતડાવે છે, મારે છે, તેના પ્રતાપને કોઈ સહન કરવા સમર્થ થતા નથી. અને રૌદ્રચિત્તના તાપને કારણે બધા જીવોનાં ચક્ષુયુગલ અંધકારથી ભરાયેલાં થાય છે, તેથી તત્ત્વને જોવાને અનુકૂળ માર્ગાનુસારી ઊહ પ્રગટ થતો નથી. **॥૩૪૭॥**

શ્લોક :-

पापकर्मकुशला परपीडा-
ज्ञानशून्यहृदया पतिभक्ता ।
तस्य निष्करुणताऽभिधदेवी,
पूतनाकृतिरपूततमाऽस्ति ।।३४८।।

શ્લોકાર્થ :-

પાપકર્મમાં કુશલ, પરપીડાના જ્ઞાનમાં શૂન્યહૃદયવાળી, પતિભક્ત, પૂતનાની આકૃતિવાળી=રાક્ષસી જેવી મૂર્તિવાળી, મહા અપવિત્ર એવી નિષ્કરુણતા નામની તેની=દુરભિસંધિ રાજાની, દેવી છે. ।।૩૪૮।।

શ્લોક :-

सा नितान्तमलिनाऽपि हि पत्यु-
र्दुर्द्धियो बहुमतेति न चित्रम् ।
पापकर्ममयतासमतायाः,
शूकरी किमु न शुकररुच्या ।।३४९।।

શ્લોકાર્થ :-

તે=નિષ્કરુણતા, અત્યંત મલિન પણ, દુર્બુદ્ધિવાળા પતિને બહુ મનાયેલી છે એ આશ્ચર્ય નથી, કેમ આશ્ચર્ય નથી ? એ સ્પષ્ટ કરતાં કહે છે – પાપકર્મમાં મમતારૂપ સમતાની શૂકરી એવી નિષ્કરુણતા શું શૂકરને રુચ્ય ન થાય=દુરભિસંધિરૂપ શૂકરને રુચિકર થાય.

નિષ્કરુણતાની પરિણતિ હંમેશાં પાપકર્મોમાં મમતાવાળી હોય છે અને તેમાં જ તે જીવોને સ્વસ્થતા જણાય છે, તેથી તેવા જીવોની પરિણતિ ભૂંડણ જેવી છે.

જેમ ભૂંડણ વિષ્ટામાં મોઢું નાંખે તેમ તે જીવો પાપકર્મમાં જ રત રહે છે અને ભૂંડણ પ્રત્યે જેમ શૂકરને રુચિ હોય છે તેમ શૂકર જેવા દુરભિસંધિને તે નિષ્કરુણતા પ્રિય લાગે છે. **॥૩૪૯॥**

શ્લોક :-

तत्सुताऽस्ति विकटस्फुटरूपा,
कालकूटपुटसंघटितेव ।
तत्पुरस्य च पितुश्च जनन्या,
वृद्धिकृत् स्वजननादपि हिंसा ।।३५०।।

શ્લોકાર્થ :-

વિકટ સ્ફુટ રૂપવાળી, જાણે કાલકૂટના પુટથી ઘડાયેલી, પોતાના જન્મથી પણ તે નગરની, પિતાની અને જનનીની વૃદ્ધિ કરનારી હિંસા તેની પુત્રી છે=નિષ્કરુણતાની પુત્રી છે.

જ્યારે જીવમાં હિંસાની પરિણતિ પ્રગટે છે ત્યારે રૌદ્રચિત્ત, દુરભિસંધિ, નિષ્કરુણા વૃદ્ધિને પામે છે. **॥૩૫૦॥**

શ્લોક :-

नाममात्रकलनादपि तस्या-
स्त्रासमेति जनता घनतापा ।
स्याच्च दिक्षु निहितातुरनेत्र-
स्तामुदीक्ष्य भुवि को न विविक्षुः ।।३५१।।

શ્લોકાર્થ :-

તેણીના=હિંસાના, નામ માત્રને જાણવાથી પણ ઘનતાપવાળી જનતા ત્રાસને પામે છે, તેણીને જોઈને=હિંસાને જોઈને, દિશાઓમાં સ્થાપન કરાયેલા આતુર નેત્રવાળો કોણ પૃથ્વીમાં પ્રવેશવાની ઈચ્છાવાળો ન થાય.

કોઈ રૌદ્રચિત્તવાળો પુરુષ હિંસા કરે છે તે અહીં છે તેટલું નામ માત્ર પણ હિંસાનું જાણવાથી લોકો ઘનતાપવાળા થાય છે અને ત્રાસને પામે છે. વળી,

સાક્ષાત્ તે ક્રૂર જીવ કોઈને મારતો હોય ત્યારે નાસી જવા અર્થે ચારે દિશાઓમાં જોતો તે પુરુષ પૃથ્વી મને પ્રવેશ આપે તેવું ઇચ્છે છે, જેથી આ હિંસાથી હું રક્ષિત બનું. **॥૩૫૧॥**

શ્લોક :-

तादृशी न भुजगेन्द्रफणाली, नान्तरात्रिरपि नो यमजिह्वा ।
नापि चण्डपवनक्षुभितोच्चैर्भीषणा प्रलयवारिधिवेला ।।३५२।।

શ્લોકાર્થ :-

નાગેન્દ્રની ફણાની શ્રેણી તેવી નથી=હિંસા જેવી નથી, અંતની રાત્રિ પણ=જીવનના મૃત્યુની રાત્રિ પણ તેવી નથી, યમની જીહ્વા તેવી નથી, ચંડપવનથી ક્ષુભિત ભયંકર ભીષણ પ્રલયવાળા સમુદ્રની વેલા તેવી નથી=હિંસા જેવી નથી.

તે સર્વ કરતાં હિંસા અત્યંત ભયાવહ છે; કેમ કે અન્યનો વિનાશ કરે છે અને હિંસકનો પણ વિનાશ કરે છે. **॥૩૫૨॥**

શ્લોક :-

रक्षतोऽथ पुरतामसचित्तं,
द्वेषसिन्धुरपतेः प्रियपत्नी ।
गर्भिणी निजपुरात्समुपेता,
रौद्रचित्तनगरे मम धात्री ।।३५३।।

શ્લોકાર્થ :-

હવે તામસચિત્ત નગરનું રક્ષણ કરતાં દ્વેષગજેન્દ્રની ગર્ભિણી એવી પ્રિય પત્ની પોતાના પુરથી મારી ધાત્રી રૌદ્રચિત્ત નગરમાં આવી. ।।૩૫૩।।

શ્લોક :-

तन्नृपाग्रहसुखादथ तस्थौ,
सा कियन्तमपि तत्र च कालम्,

द्वेषसिन्धुरपतिप्रतिबद्धो,
यत्सदा स हि नृपस्तदभिन्नः ।।३५४।।

શ્લોકાર્થ :-

હવે તે રાજાના આગ્રહને કારણે=દુરભિસંધિ રાજાના આગ્રહને કારણે તે=અવિવેકિતા, ત્યાં=રૌદ્રચિત્ત નગરમાં, કેટલોક પણ કાળ રહી, જે કારણથી સદા દ્વેષગજેન્દ્ર સાથે પ્રતિબદ્ધ એવો તે=દુરભિસંધિ રાજા તેનાથી અભિન્ન છે=દ્વેષગજેન્દ્રથી અભિન્ન છે.

જીવના ચિત્તમાં દ્વેષનો પરિણામ જ વૃદ્ધિ પામીને દુરભિસંધિ બને છે તેથી દ્વેષ સાથે દુરભિસંધિ કાર્ય-કારણ ભાવરૂપે પ્રતિબદ્ધ છે તેથી દ્વેષ અને દુરભિસંધિ બેનો અભેદ છે તેથી અવિવેકિતા સામાન્યથી દ્વેષ સાથે રહે છે તોપણ દુરભિસંધિ સાથે પણ કેટલોક કાળ અવિવેકિતા રહે છે. **॥૩૫૪॥**

શ્લોક :-

आजगाम नृगतौ समुपेतं,
मामसौ समधिगम्य ततोऽपि ।
स्नेहला निजसुताय च सर्वं,
वह्नये स्वजनवर्गमवादीत् ।।३५५।।

શ્લોકાર્થ :-

મનુષ્યગતિમાં આવેલા મને જાણીને=નંદીવર્ધનને જાણીને, સ્નેહલ એવી આ પણ=અવિવેકિતા પણ, ત્યાંથી=રૌદ્રચિત્ત નગરમાંથી, આવી, અને અગ્નિરૂપ પોતાના પુત્રને સર્વ સ્વજનવર્ગ બતાવ્યો.

રૌદ્રચિત્ત કોઈક જીવમાં વર્તતું હતું ત્યાં અવિવેકિતા વર્તતી હતી પરંતુ જ્યારે નંદીવર્ધનનો આત્મા મનુષ્યગતિમાં આવ્યો ત્યારે તે રૌદ્રચિત્ત નગરથી અવિવેકિતા નંદીવર્ધન પ્રત્યે સ્નેહવાળી હોવાથી નંદીવર્ધનની ધાવ માતા થઈને આવી.

નંદીવર્ધનનું અવિવેકિતા પાલન કરે છે જેથી નંદીવર્ધનની પ્રકૃતિ પણ તેવી અવિવેકવાળી બને છે અને તે અવિવેકિતાએ અગ્નિ જેવા વૈશ્વાનર પુત્રને જન્મ આપ્યો ત્યારપછી પોતાના પુત્રને તેના પિતા કોણ છે, દુરભિસંધિ સાથે તેનો શું

સંબંધ છે ઇત્યાદિ સ્વજનવર્ગનો પરિચય કરાવ્યો. તેથી વૈશ્વાનરને દુરભિસંધિના સંબંધનો બોધ થાય છે. **॥૩૫૫॥**

શ્લોક :-

लब्धतद्व्यतिकरस्य च तस्य,
प्रोल्ललास मनसोऽभिनिवेशः ।
दापयामि यदुत द्रुतमस्मै,
कन्यकां दुरभिसन्धिनृपेण ।।३५६।।

શ્લોકાર્થ :-

પ્રાપ્ત થયેલા વ્યતિકરવાળા એવા તેના=વૈશ્વાનરના, મનનો અભિનિવેશ ઉલ્લસિત થયો.

શું અભિનિવેશ ઉલ્લસિત થયો ? તે 'यदुत'થી બતાવે છે –

આને=નંદીવર્ધનને, દુરભિસંધિ રાજા દ્વારા કન્યાને=હિંસાને શીઘ્ર હું અપાવું.

દુરભિસંધિનો પોતાના પિતા સાથે સંબંધ છે તેવો બોધ થવાથી વૈશ્વાનરને અભિનિવેશ થાય છે કે હિંસા કન્યા હું આને પરણાવું.

નંદીવર્ધનમાં પ્રવર્ધમાન થતો ક્રોધનો પરિણામ હિંસાની પરિણતિરૂપે દુરભિસંધિ દ્વારા પ્રાપ્ત થાય છે. **॥૩૫૬॥**

શ્લોક :-

मामथैष गमनार्थमवादीत्,
तत्र बाह्यपरिवारविमुक्तम् ।
तद्गिराऽहमपि तत्र गतस्ता-
मागतश्च परिणीय बले स्वे ।।३५७।।

શ્લોકાર્થ :-

હવે, આ=વૈશ્વાનરે, બાહ્ય પરિવારથી રહિત મને ત્યાં=રૌદ્રચિત્ત નગરમાં, જવા માટે કહ્યું, તેની વાણીથી=વૈશ્વાનરની વાણીથી, હું પણ

ત્યાં=રૌદ્રચિત્ત નગરમાં, ગયો. તેણીને=હિંસાને, પરણીને સ્વસૈન્યમાં આવ્યો.

નંદીવર્ધનમાં વર્તતો ગુસ્સાનો પરિણામ તેને અંતરંગ રીતે રૌદ્રચિત્ત ઉત્પન્ન કરવા પ્રેરણા કરે છે અને રૌદ્રચિત્ત થયા પછી દુરભિસંધિ કરીને હિંસાની પરિણતિને પ્રગટ કરવા નંદીવર્ધન યત્ન કરે છે અને હિંસાની પરિણતિથી યુક્ત બાહ્ય સ્વસૈન્યમાં તે માનસના ઉપયોગરૂપે આવે છે.

રૌદ્રચિત્તમાં માનસના ઉપયોગથી નંદીવર્ધન ગયેલ, કાયાથી ત્યારે પણ તે સ્વસૈન્યમાં જ હતો અને હિંસાને પરણીને માનસના ઉપયોગરૂપે સ્વસૈન્યમાં આવે છે. **॥૩૫૭॥**

શ્લોક :-

अथ गच्छन्नहं हिंसावैश्वानरयुतः पथि ।
दीप्तो दंष्ट्रामहाफालकराल इव केसरी ।।३५८।।

શ્લોકાર્થ :-

હવે, માર્ગમાં હિંસા અને વૈશ્વાનરથી યુક્ત જતો એવો હું દાઢાઓના મહાફાલથી વિકરાળ એવા સિંહની જેમ દીપ્ત થયો.

જેમ સિંહ પ્રાણીઓની હિંસામાં તત્પર હોય ત્યારે મુખના દાઢાઓના મહાફાલથી વિકરાળ દેખાય છે તેવો નંદીવર્ધન પણ પથમાં જતો હિંસા અને વૈશ્વાનરથી યુક્ત વિકરાળ દેખાતો હતો. **॥૩૫૮॥**

શ્લોક :-

अथ वैश्वानरः प्राह, कृतकृत्योऽस्म्यहं सखे ।
कीर्तिप्रासादमारूढो, योग्यां योग्येन योजयन् ।।३५९।।

શ્લોકાર્થ :-

હવે વૈશ્વાનર કહે છે, હે મિત્ર હું કૃતકૃત્ય છું, યોગ્ય એવી હિંસાને યોગ્ય એવા નંદીવર્ધન સાથે યોજન કરતો કીર્તિના પ્રાસાદ ઉપર=મહેલ ઉપર, આરૂઢ છું.

નંદીવર્ધન પૂર્વે ક્રોધના પ્રકર્ષરૂપ વૈશ્વાનરવાળો હતો, હવે હિંસક થયો એ પ્રકારની કીર્તિ વૈશ્વાનરની વૃદ્ધિ પામી. **॥૩૫૯॥**

શ્લોક :-

कर्तव्योऽस्याः प्रसादाय, सागसां चाऽप्यनागसाम् ।
वधस्त्वयाऽविमृश्यैव, मम वाक्यानुयायिना ।।३६०।।

શ્લોકાર્થ :-

આના પ્રસાદ માટે=હિંસાના પ્રસાદ માટે, અપરાધી અને અનપરાધી જીવોનો વધ વિચાર્યા વગર જ મારા=વૈશ્વાનરના, વાક્યને અનુસરનારા એવા તારા વડે=નંદીવર્ધન વડે, કરવો જોઈએ. ॥૩૬૦॥

શ્લોક :-

मत्तोऽप्यभ्यधिकं तेजः, प्रसन्नेयं प्रदास्यति ।
यस्य ब्रह्माण्डभाण्डेऽपि, द्रुतिर्भवति तापतः ।।३६१।।

શ્લોકાર્થ :-

પ્રસન્ન થયેલી આ=હિંસા, મારાથી પણ અધિક તેજ આપશે, જેના તાપથી બ્રહ્માંડના ભાંડમાં પણ નાસભાગ થાય છે.

જો હિંસકભાવ અધિક તેજસ્વી બને તો જેના તાપથી બ્રહ્માંડના ભાંડરૂપ જગતના જીવોમાં ભયભીતતા થશે એમ વૈશ્વાનર કહે છે. **॥૩૬૧॥**

શ્લોક :-

तथेति प्रतिपद्याथ, गच्छता मयका पथि ।
हरिणाद्या हता हन्त, वन्या जीवाः सहस्रशः ।।३६२।।

શ્લોકાર્થ :-

તે પ્રમાણે એ રીતે સ્વીકારીને, માર્ગમાં જતા એવા મારા વડે=નંદીવર્ધન વડે, વન સંબંધી હરણાદિ હજારો જીવો હણાયા. ॥૩૬૨॥

શ્લોક :-

ततः सांस्कारिकं तेजो, हिंसया मे प्रसन्नया ।
दत्तं वैश्वानरगिरां, जातः सुप्रत्ययस्ततः ।।३६३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી, પ્રસન્ન એવી હિંસા વડે મને સાંસ્કારિક તેજ અપાયું=હિંસક-ભાવનું તેજ મારા ચિત્તમાં પ્રગટ થયું. તેથી વૈશ્વાનરની વાણીમાં વિશ્વાસ થયો. ।।૩૬૩।।

શ્લોક :-

इत्थं कनकचूडस्य, देशाभ्यर्णे वयं गताः ।
तत्र चैकोऽस्ति विषमकूटो नाम महागिरिः ।।३६४।।

શ્લોકાર્થ :-

આ રીતે=અસ્ખલિત પ્રયાણ કર્યું એ રીતે, કનકચૂડ દેશની નજીકમાં અમે ગયા. ત્યાં=કનકચૂડના દેશની નજીકમાં, વિષમકૂટ નામનો મહાપર્વત છે. ।।૩૬૪।।

શ્લોક :-

तस्मिन् कनकचूडस्य, मण्डलोपद्रवे रताः ।
अम्बरीषाभिधाः सन्ति, लुण्टाकाः कुटिलाशयाः ।।३६५।।

શ્લોકાર્થ :-

તેમાં=વિષમકૂટ નામના પર્વતમાં, કનકચૂડના મંડલના ઉપદ્રવમાં રત=કનકચૂડના નગરોને ઉપદ્રવમાં રત, અંબરીષ નામના કુટિલ આશયવાળા લુટારાઓ છે. ।।૩૬૫।।

શ્લોક :-

पूर्वं कनकचूडेन, बहुशस्ते कदर्थिताः ।
तैर्वर्त्म रुद्धमेष्यन्तं ज्ञात्वा कनकशेखरम् ।।३६६।।

શ્લોકાર્થ :-

પૂર્વે તેઓ ઘણી વખત કનકચૂડથી કદર્થિત થયા છે, તેઓ વડે આવતા એવા કનકશેખરને જાણીને માર્ગ રુંધાયો, ॥૩૬૬॥

શ્લોક :-

प्रत्यासन्ने बलेऽस्माकं, ते चौरा द्रागुपस्थिताः ।
व्याला इव महामन्त्रकुण्डलीकृतमण्डले ।।३६७।।

શ્લોકાર્થ :-

અમારું સૈન્ય પ્રત્યાસન્ન થયે છતે તે ચોરો શીઘ્ર ઉપસ્થિત થયા, જેમ મહામંત્રથી કુંડલીકૃત મંડલમાં સાપણો. ॥૩૬૭॥

શ્લોક :-

लग्ने युद्धे रिपुभ्योऽस्मत्सैनिका दुद्रुवुस्ततः ।
व्यालेभ्यो मन्त्रविध्यर्थस्खलिता मान्त्रिका इव ।।३६८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સાપણોથી મંત્રવિધિના અર્થમાં સ્ખલિત થયેલા માંત્રિકો જેમ નાસે, તેમ યુદ્ધ શરૂ થયે છતે શત્રુઓથી અમારા સૈનિકો નાસ્યા. ॥૩૬૮॥

શ્લોક :-

प्रसर्पिण्याऽथ लुण्टाकसेनया म्लानतां ययौ ।
छाययेव शशी राहोः, सद्यः कनकशेखरः ।।३६९।।

શ્લોકાર્થ :-

હવે, પ્રસર્પણ પામતી લુટારાઓની સેનાથી રાહુની છાયાથી ચંદ્ર જેમ મ્લાનતાને પામે તેમ શીઘ્ર કનકશેખર મ્લાનતાને પામ્યો. ॥૩૬૯॥

શ્લોક :-

अत्रान्तरे च प्रवरसेनश्चरटनायकः ।
मामभ्यापतितो मेघमुन्नतं शरभो यथा ।।३७०।।

શ્લોકાર્થ :-

અને એટલામાં જે પ્રમાણે ઉન્નત મેઘ પ્રત્યે શરભ સન્મુખ જાય તેમ મારી સન્મુખ પ્રવરસેન ચોરોનો નાયક આવ્યો. ll૩૭૦ll

શ્લોક :-

संज्ञितोऽहं तदा वैश्वानरेणायोधनोद्यतः ।
क्रूरचित्तगुटीमेकां, भुक्त्वा जातोऽतितापवान् ।।३७१।।
संरम्भो भीषणः सोऽभूद्, द्वयोर्युद्धं प्रकुर्वतोः ।
क्षणमुत्क्षिप्तकरयोर्वन्ययोर्द्विपयोरिव ।।३७२।।

શ્લોકાર્થ :-

ત્યારે વૈશ્વાનરથી યુદ્ધમાં ઉધત એવો હું સંજ્ઞા કરાયો. એ ક્રૂરચિત્તવાળી ગુટીને ખાઈને અતિતાપવાળો થયો. વન્યના બે હાથીઓના ઉત્ક્ષિપ્ત=ઊંચી કરાયેલી સૂંઢોના ક્ષણની જેમ. યુદ્ધ કરતાં બંનેનું સંરંભ=યુદ્ધની પ્રવૃત્તિ, ભીષણ થઈ, ll૩૭૧-૩૭૨ll

શ્લોક :-

सुरदत्तवरस्यापि, चरटेशस्य नेषवः ।
बाधाकृतो ममाभूवन्, पुण्योदयसुवर्मणः ।।३७३।।

શ્લોકાર્થ :-

દેવથી અપાયેલા વરદાનવાળા પણ ચોરટાના નાથનાં=રાજાનાં, બાણો પુણ્યોદયરૂપી સુબખ્તરવાળા મને બાધાને કરનાર થયાં નહીં. ll૩૭૩ll

શ્લોક :-

अथासौ चरटाधीशो, हतास्त्रश्छिन्नकार्मुकः ।
गलिताम्बुतडिद्धीनमेघतुल्यो मया कृतः ।।३७४।।

શ્લોકાર્થ :-

હવે, આ ચરટનો નાયક, હણાયેલા અસ્ત્રવાળો, ધનુષ્ય રહિત,

ગળી ગયેલા પાણીવાળા અને વીજળીથી હીન એવા મેઘતુલ્ય મારા વડે કરાયો. ॥૩૭૪॥

શ્લોક :-

स्यन्दनादवतीर्यासौ, करवालं करे दधत् ।
रेजे समापतन्नद्रेरुद्दंष्ट्र इव केसरी ।।३७५।।

શ્લોકાર્થ :-

રથમાંથી ઊતરીને હાથમાં તલવારને ધારણ કરતો આ=પ્રવરસેન ચરટનાયક પર્વત ઉપરથી આવતા ખુલ્લા મુખવાળા સિંહની જેમ શોભવા લાગ્યો. ॥૩૭૫॥

શ્લોક :-

हिंसावैश्वानरोग्रेण, छिन्नमस्य मया शिरः ।
अर्धचन्द्रेणाद्रिशृङ्गं, वज्रेणेव बिडौजसा ।।३७६।।

શ્લોકાર્થ :-

હિંસા અને વૈશ્વાનરથી ઉગ્ર એવા મારા વડે=નંદીવર્ધન વડે, આનું=પ્રવરસેન નાયકનું, મસ્તક છેદાયું, જેમ ઈન્દ્ર વડે વજથી અર્ધચંદ્રરૂપે પર્વતનું શિખર કરાયું. ॥૩૭૬॥

શ્લોક :-

स्फुटितेव तदा शुक्तिः शक्तिः सा परिमोषिणाम् ।
तन्मुक्तालिरिवामर्त्यैः, पुष्पवृष्टिः कृता मयि ।।३७७।।

શ્લોકાર્થ :-

ત્યારે ચોરોની તે શક્તિ જાણે ફૂટેલી શુક્તિ હોય, તેનાથી મુકાયેલી મોતીઓની હારમાળા જેવી પુષ્પોની વૃષ્ટિ દેવતાઓ વડે મારા ઉપર કરાવાઈ. ॥૩૭૭॥

શ્લોક :-

प्रपन्नः सर्वचरटैस्ततश्च हतनायकैः ।
स्वामित्वेनाहमसुरैः, सुरेन्द्र इव कान्तिमान् ।।३७८।।

શ્લોકાર્થ :-

અને ત્યારપછી હણાયેલા નાયકવાળા એવા સર્વ ચરટો વડે હું સ્વામીપણા વડે સ્વીકારાયો, જેમ અસુરો વડે કાંતિમાન સુરેન્દ્ર. ||૩૭૮||

શ્લોક :-

तदेतत् सकलं हिंसावैश्वानरबलं मया ।
भावितं न तु यत्तथ्यं, पुण्योदयविजृम्भितम् ।।३७९।।

શ્લોકાર્થ :-

તે આ સકલ હિંસાનું અને વૈશ્વાનરનું બલ મારા વડે ભાવિત કરાયું પરંતુ જે પુણ્યોદયથી વિજૃમ્ભિત જે તથ્ય તે ભાવિત કરાયું નહીં.

નંદીવર્ધનને યુદ્ધમાં સફળતા પ્રાપ્ત કરાવે એવા પુણ્યોદયનું આ કાર્ય છે તેવું તથ્ય નંદીવર્ધનમાં રહેલા વિપર્યાસને કારણે દેખાતું નથી, પરંતુ પોતાનામાં હિંસાની પરિણતિ અને ક્રોધનો પ્રભાવ છે તેનું જ આ જયરૂપ કાર્ય છે તેમ દેખાય છે. **||૩૭૯||**

શ્લોક :-

ततो लब्धजयाः प्राप्ताः, कुशावर्तपुरे वयम् ।
तुष्टः कनकचूडोऽथ, विहितश्चोत्सवो महान् ।।३८०।।

શ્લોકાર્થ :-

તેથી લબ્ધ જયવાળા અમે કુશાવર્તનગરને પ્રાપ્ત કર્યું, હવે કનકચૂડ તુષ્ટ થયો અને મહાન ઉત્સવ કરાયો. ||૩૮૦||

શ્લોક :-

उपयेमेऽथ कनकशेखरो विमलाननाम् ।
मया रत्नवती पाणौ, गृहीता प्रेमनिर्भरम् ।।३८१।।

શ્લોકાર્થ :-

કનકશેખર વિમલાનનાને પરણ્યો, મારા વડે રત્નવતીનું પ્રેમનિર્ભર પાણિગ્રહણ કરાયું, ॥૩૮૧॥

શ્લોક :-

गते ते कौतुकाक्षिप्ते, व्यतीतेऽथ दिनत्रये ।
चूतचूचुकमुद्यानं, क्रीडितुं नः किलाज्ञया ।।३८२।।

શ્લોકાર્થ :-

હવે ત્રણ દિવસ પસાર થયે છતે કૌતુકઆક્ષિપ્ત એવી તે બંને ચૂતચૂચુક ઉદ્યાનમાં અમારી આજ્ઞા વડે ક્રીડા કરવા માટે ગઈ. ॥૩૮૨॥

શ્લોક :-

हृते ते केनचिदिति तदा कोलाहलोऽजनि ।
गतं तदनुमार्गेण, सज्जमस्मद्बलं ततः ।।३८३।।

શ્લોકાર્થ :-

ત્યારે તે બંને કોઈક વડે હરણ કરાઈ, એ પ્રમાણે કોલાહલ થયો, ત્યારપછી તેના અનુમાર્ગથી સજ્જ એવું અમારું સૈન્ય ગયું. ॥૩૮૩॥

શ્લોક :-

प्राप्ता परचमूः खिन्ना, सोत्साहेन बलेन नः ।
करिणीव करीन्द्रेण, श्येनेनेव कपोतिका ।।३८४।।

શ્લોકાર્થ :-

ઉત્સાહયુક્ત એવા અમારા સૈન્ય વડે ખિન્ન થયેલા પરશત્રુઓ પ્રાપ્ત કરાયા, જેમ હાથી વડે હાથિણી, શ્યેનપક્ષી વડે કબૂતર. ॥૩૮૪॥

શ્લોક :-

श्रुत्वा विभाकरं तत्र, तच्चौरं तमवादयम् ।
पुरुषो भव युद्धाय, रे पापिष्ठ ! क्व गच्छसि ।।३८५।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે સેનામાં, તે તેના ચોર=તે બે કન્યાને ચોરનાર, એવા વિભાકરને સાંભળીને, તેને મેં કહ્યું=નંદીવર્ધને કહ્યું, યુદ્ધ માટે પુરુષ થા, હે પાપિષ્ઠ ! તું ક્યાં જાય છે. ॥૩૮૫॥

શ્લોક :-

प्रवाहा इव गंगायास्त्रयस्तद्बलनायकाः ।
ततो ववलिरेऽस्माकं, संमुखं योद्धुमिच्छवः ॥३८६॥

શ્લોકાર્થ :-

ગંગાના ત્રણ પ્રવાહની જેમ, યુદ્ધની ઈચ્છાવાળા તેના સૈન્યના નાયકો ત્યારપછી અમારી સન્મુખ વળ્યા. ॥૩૮૬॥

શ્લોક :-

अहं कनकचूडश्च, तथा कनकशेखरः ।
त्रयोऽप्यग्निवदुद्दीप्तास्त्रीनमून् हन्तुमुद्यताः ॥३८७॥

શ્લોકાર્થ :-

હું, કનકચૂડ, અને કનકશેખર અગ્નિની જેમ ઉદ્દીપ્ત એવા ત્રણેય પણ આ ત્રણેયને હણવા માટે ઉધત થયા. ॥૩૮૭॥

શ્લોક :-

इतश्च नन्दनोर्वीशदूतोऽभ्यर्णस्थितो मया ।
पृष्टो विकट ! जानीषे, क एते नायकास्त्रयः ॥३८८॥

શ્લોકાર્થ :-

અને નજીક રહેલો નંદન રાજાનો દૂત મારા વડે પુછાયો. હે વિકટ ! આ ત્રણ નાયકો કોણ છે તું જાણે છે ? ॥૩૮૮॥

શ્લોક :-

स प्राह वामपार्श्वे यः, सेनायाः स कलिंगराट् ।
ख्यातः समरसेनाख्यो, विभाकरपितुः पतिः ॥३८९॥

શ્લોકાર્થ :-

તે કહે છે – સેનાની ડાબી બાજુમાં જે છે તે કલિંગરાજ પ્રસિદ્ધ છે, સમરસેન નામનો વિભાકરના પિતાનો સ્વામી છે. ॥૩૮૯॥

શ્લોક :-

आस्ते त्वत्संमुखः सोऽयं, मध्ये सैन्यस्य यः स च ।
प्राप्तः कनकचूडं तन्मातुलो बङ्गराट् द्रुमः ।।३९०।।

શ્લોકાર્થ :-

તારી સન્મુખ જે આ છે, અને સૈન્યની મધ્યમાં જે છે તે, કનકચૂડને પ્રાપ્ત થયેલો તેનો મામા=વિભાકરનો મામા, બંગ દેશનો રાજા દ્રુમ છે. ॥૩૯૦॥

શ્લોક :-

सैन्यदक्षिणभागस्थश्चायं साक्षाद्विभाकरः ।
अदूर एव कुपितः प्राप्तः कनकशेखरम् ।।३९१।।

શ્લોકાર્થ :-

અને સૈન્યના દક્ષિણ ભાગમાં રહેલો આ સાક્ષાત્ વિભાકર છે. અદૂર જ કુપિત થયેલો કનકશેખરને પ્રાપ્ત થયેલો છે. ॥૩૯૧॥

શ્લોક :-

वदत्येवेति विकटे, लग्नं युद्धं सुदारुणम् ।
वृष्टिभिः शरधाराणां, छन्नं मार्तण्डमण्डलम् ।।३९२।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે વિકટ કહ્યે છતે જ સુદારુણ યુદ્ધ થયું, બાણોની વૃષ્ટિથી સૂર્યનું મંડલ ઢંકાયું. ॥૩૯૨॥

શ્લોક :-

युद्धक्रुद्धभटच्छिन्नकुम्भिकुम्भस्थलोद्गतैः ।
असद्भावः खपुष्पाणामपास्तस्तत्र मौक्तिकैः ।।३९३।।

શ્લોકાર્થ :-

યુદ્ધમાં ક્રુધ એવા ભટથી છેદાયેલા હાથીઓના કુંભસ્થલથી નીકળતા મોતીઓ વડે ત્યાં=યુદ્ધભૂમિમાં, આકાશપુષ્પોનો અસદ્ભાવ દૂર કરાયો. ॥૩૯૩॥

શ્લોક :-

बाणवृष्ट्या भटच्छिन्नमातङ्गास्त्रप्रवाहतः ।
खड्गविद्युद्विलासैश्च, प्रावृट्कालस्तदाऽजनि ॥३९४॥

શ્લોકાર્થ :-

બાણવૃષ્ટિ વડે ભટથી છેદાયેલા હાથીઓના લોહીના પ્રવાહથી અને તલવારરૂપી વીજળીના વિલાસો વડે ત્યારે મેઘવર્ષા થઈ. ॥૩૯૪॥

શ્લોક :-

भग्नमस्मद्बलं सर्वं, लग्ने युद्धेऽथ तादृशे ।
तर्कपाठ इव स्वान्तमव्युत्पन्नस्य कर्कशे ॥३९५॥

શ્લોકાર્થ :-

હવે તેવા પ્રકારનું યુદ્ધ થયે છતે અમારું સર્વ બલ ભગ્ન થયું, જેમ કર્કશ એવા તર્કપાઠમાં અવ્યુત્પન્ન એવા વાદીનું સ્વઅંતઃકરણ ભગ્ન થાય. ॥૩૯૫॥

શ્લોક :-

पराङ्मुखं न चलिता, नायकास्तु त्रयो वयम् ।
अभ्यागताः परेऽप्यस्मांस्त्रयीविद इवार्हतान् ॥३९६॥

શ્લોકાર્થ :-

ત્રણેય અમે નાયકો વળી પરાઙ્મુખ ન ચાલ્યા, પર પણ=સામેના સૈન્યમાં ત્રણેય પણ, જેમ વાદમાં ત્રણ વેદને જાણનારા અરિહંતના મતવાળાને સન્મુખ થાય છે તેમ અમારી સન્મુખ થયા. ॥૩૯૬॥

શ્લોક :-

भुक्त्वाऽथ भास्वराङ्गेन, क्रूरचित्ताभिधां गुटीम् ।
मया साक्षेपमाहूतो, योद्धुं समरसेनराट् ।।३९७।।

શ્લોકાર્થ :-

હવે ભાસ્વર અંગથી ક્રૂરચિત્ત નામની ગુટીને ખાઈને સાક્ષેપ સહિત સમરસેન રાજા મારા વડે બોલાવાયો=નંદીવર્ધન વડે બોલાવાયો. ।।૩૯૭।।

શ્લોક :-

वर्षन्नस्त्राणि सोऽप्यागात्, प्रलयाम्भोदसोदरः ।
पुण्योदयप्रभावात्तु, मयि प्रभवति स्म न ।।३९८।।

શ્લોકાર્થ :-

પ્રલયના દરિયાને તુલ્ય એવો તે પણ અસ્ત્રોને વરસાવતો આવ્યો, વળી, પુણ્યોદયના પ્રભાવથી મારામાં પ્રભવ પામ્યા નહીં. ।।૩૯૮।।

શ્લોક :-

हिंसावैश्वानरोग्रेण, मया शक्त्या हतोऽथ सः ।
निर्नायकं बलं तस्य, काकनाशं पलायितम् ।।३९९।।

શ્લોકાર્થ :-

હવે હિંસા, વૈશ્વાનરથી ઉગ્ર એવા મારા વડે શક્તિથી તે=સમરસેન રાજા હણાયો. તેનું નિર્નાયક કાકનાશવાળું સૈન્ય પલાયન થયું. ।।૩૯૯।।

શ્લોક :-

लग्नः कनकचूडेन, मयाऽथाभिहितो द्रुमः ।
गोमायुनेव सिंहस्य, त्वया तातस्य को रणः ।।४००।।

શ્લોકાર્થ :-

હવે, કનકચૂડ સાથે લગ્ન=યુદ્ધમાં લાગેલો દ્રુમ રાજા મારા વડે

કહેવાયો. સિંહનું ગોમાયુ સાથે યુદ્ધ યુક્ત નથી તેમ તાતની સાથે તારા વડે શું યુદ્ધ ? ॥૪૦૦॥

શ્લોક :-

युक्तयुद्धेऽसि धीरश्चेन्ममाभिमुखमेहि तत् ।
छिन्नः समरसेनाद्रिस्तवच्छेदे न मे श्रमः ॥४०१॥

શ્લોકાર્થ :-

યુક્ત યુદ્ધમાં જો ધીર છો તો મારી અભિમુખ આવ. સમરસેનરૂપ પર્વત છેદાયો. તારા છેદમાં મને શ્રમ નથી. ॥૪૦૧॥

શ્લોક :-

इत्याक्षिप्तोऽतिवेगेन, स मामभ्यापतद् द्रुमः ।
निशितेनार्धचन्द्रेण, विद्युद्दण्डेन पातितः ॥४०२॥

શ્લોકાર્થ :-

આ પ્રમાણે આક્ષેપ કરાયેલો તે દ્રુમ અતિવેગથી મારી સન્મુખ આવ્યો. તીક્ષ્ણ અર્ધચંદ્રવાળા વિધુતદંડથી પાત કરાયો=હણાયો. ॥૪૦૨॥

શ્લોક :-

पतितेऽथ द्रुमे तस्य, सैनिकाः शकुना इव ।
स्वस्थानभङ्गशोकार्ताः, प्रोड्डिनाः प्रसरद्रुताः ॥४०३॥

શ્લોકાર્થ :-

હવે દ્રુમ રાજા પતિત થયે છતે શકુન પક્ષીની જેમ તેના સૈનિકો સ્વસ્થાનના ભંગને કારણે શોકથી આર્ત થયેલા પ્રસરતા શીઘ્ર ભાગી ગયા. ॥૪૦૩॥

શ્લોક :-

विभाकरोऽथ कनकशेखरेण रणोद्यतः ।
छिन्नास्त्रस्तदुपर्यस्त्राण्याग्नेयादीन्यमूमुचत् ॥४०४॥

શ્લોકાર્થ :-

હવે કનકશેખરની સાથે રણમાં=યુદ્ધમાં, ઉદ્ધત એવા વિભાકરે છિન્ન અસ્ત્રવાળા તેની ઉપરમાં=કનકશેખરની ઉપરમાં, આગ્નેયાદિ અસ્ત્રોને મૂક્યાં. ।।૪૦૪।।

શ્લોક :-

तान्यवारयदाप्याद्यैः, प्रतिशस्त्रैरसावपि ।
कृपाणं स्यन्दनाद् बिभ्रदथोत्तीर्णो विभाकरः ।।४०५।।

શ્લોકાર્થ :-

પાણી આદિનાં પ્રતિશસ્ત્રો વડે આણે પણ=કનકશેખરે પણ, તેઓને= આગ્નેય આદિ અસ્ત્રોને, વારણ કર્યાં. હવે કૃપાણને=તલવારને, ધારણ કરતો વિભાકર રથમાંથી ઊતર્યો. ।।૪૦૫।।

શ્લોક :-

रथस्थस्य न मे युद्धं, भूस्थेनानेन युज्यते ।
हरेर्दरीस्थस्येवेति, दध्यौ कनकशेखरः ।।४०६।।

શ્લોકાર્થ :-

ગુફામાં રહેલા સિંહની જેમ રથમાં રહેલા મને=કનકશેખરને, ભૂમિમાં રહેલા આની સાથે=વિભાકર સાથે, યુદ્ધ ઘટતું નથી એ પ્રમાણે કનકશેખરે વિચાર કર્યો. ।।૪૦૬।।

શ્લોક :-

सोऽपि भूमाविति ध्यात्वा, स्थितः खड्गलतासखः ।
चक्राते करणन्यासं, नृत्यन्ताविव तावुभौ ।।४०७।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે વિચારીને ખડ્ગલતા છે મિત્ર જેને એવો તે પણ=કનકશેખર પણ ભૂમિમાં રહ્યો. જાણે નૃત્ય કરતા હોય તેમ તે બંને કરણન્યાસને કરતા હતા. ।।૪૦૭।।

શ્લોક :-

उत्क्षिप्तखड्गावन्योन्यं, वल्गन्तौ तौ विरेजतुः ।
कल्पान्तपवनक्षुब्धावुद्वेलाविव वारिधी ।।४०८।।

શ્લોકાર્થ :-

ફેંકેલી છે તલવાર જેમણે એવા પરસ્પર કૂદકા મારતા કલ્પાંતકાલના પવનથી ક્ષોભ પામેલી ઉદ્વેલાવાળા સમુદ્ર જેવા તે બંને શોભવા લાગ્યા. ||૪૦૮||

શ્લોક :-

अपातयत् समाहत्य, ततः कनकशेखरः ।
विभाकरं गतो मूर्च्छां, स निद्रां श्रमजामिव ।।४०९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી હણીને કનકશેખરે વિભાકરને પાડ્યો. શ્રમથી થયેલી નિદ્રાની જેમ તે=વિભાકર, મૂર્ચ્છાને પામ્યો. ||૪૦૯||

શ્લોક :-

आश्वासितोऽथ कनकशेखरेण विभाकरः ।
वायुदानादिना स्वीयकीर्त्यायुर्वृद्धिहेतुना ।।४१०।।

શ્લોકાર્થ :-

હવે કનકશેખર વડે સ્વકીય કીર્તિરૂપ આયુષ્યની વૃદ્ધિના હેતુ એવા વાયુદાનાદિથી વિભાકર આશ્વાસન કરાયો.

આ ઉત્તમ પુરુષ છે એવા પ્રકારની પોતાની કીર્તિરૂપી આયુષ્યની વૃદ્ધિનો હેતુ બને તેવી ઉત્તમ પુરુષને ઉચિત એવી વાયુદાનાદિથી કનકશેખરે વિભાકરને આશ્વાસિત કર્યો. **||૪૧૦||**

શ્લોક :-

उक्तश्च साधु पृथ्वीश, न त्यक्तं पौरुषं त्वया ।
पूर्वपूरुषसिंहानां, ध्रुवं कुलमलंकृतम् ।।४११।।

શ્લોકાર્થ :-

અને કહેવાયો. હે પૃથ્વીશ (રાજા) ! સુંદર તારા વડે પૂર્વ પુરુષસિંહોના કુલને શોભાવનારું ધ્રુવ પુરુષપણું છોડાયું નહીં=પૂર્વ પુરુષોના ઉત્તમ આચરણાને તેં શોભાવી છે. ।।૪૧૧।।

શ્લોક :-

गाहमानेन युद्धाब्धिं, दैन्यं न स्वीकृतं त्वया ।
उत्थाय पुनरप्युच्चैस्तद् भवान् योद्धुमर्हति ।।४१२।।

શ્લોકાર્થ :-

યુદ્ધરૂપી સમુદ્રને અવગાહન કરતા એવા તારા વડે દૈન્ય સ્વીકારાયું નથી. તે કારણથી ફરી પણ ઊઠીને તારે યુદ્ધ કરવું યોગ્ય છે. ।।૪૧૨।।

શ્લોક :-

ततो विभाकरः प्राह, युद्धेनालमतःपरम् ।
जितोऽस्मि चरितेनापि, कृपाणेनैव न त्वया ।।४१३।।

શ્લોકાર્થ :-

તેથી વિભાકર કહે છે. હવે પછી યુદ્ધથી સર્યું. તારા વડે=કનકશેખર વડે, કૃપાણથી જ નહીં=તલવારથી જ નહીં, ચરિત્રથી પણ હું જિતાયો છું. ।।૪૧૩।।

શ્લોક :-

ततो निवेशयामास, रथे कनकशेखरः ।
तं समाह्लादयामास, बन्धुवत् स्निग्धया गिरा ।।४१४।।

શ્લોકાર્થ :-

તેથી રથમાં કનકશેખરે તેને=વિભાકરને નિવેશ કરાવ્યો. બંધુની જેમ સ્નિગ્ધવાણીથી તેને આનંદ પમાડાયો. ।।૪૧૪।।

શ્લોક :-

समानीयाथ विमलाननां रत्नवतीं तथा ।

जित्वा कनकचूडोऽरीन्, प्रविवेश पुरं निजम् ।।४१५।।

શ્લોકાર્થ :-

હવે વિમલાનનાને અને રત્નવતીને બોલાવીને કનકચૂડે શત્રુઓને જીતીને પોતાના નગરમાં પ્રવેશ કર્યો. ||૪૧૫||

શ્લોક :-

तदा च पथि लोकानां, समुल्लापः श्रुतो मया ।

जगत्यप्रतिमल्लोऽयं, प्रतापी नन्दिवर्धनः ।।४१६।।

શ્લોકાર્થ :-

અને ત્યારે પથમાં લોકોનો સમુલ્લાપ મારા વડે=નંદીવર્ધન વડે, સંભળાયો. જગતમાં અપ્રતિમલ્લ આ પ્રતાપી નંદીવર્ધન છે. ||૪૧૬||

શ્લોક :-

द्रुमं समरसेनं च, यो जिगायैकहेलया ।

तस्य धैर्यं च वीर्यं च, को वा वर्णयितुं क्षमः ।।४१७।।

શ્લોકાર્થ :-

જેણે દ્રુમ અને સમરસેનને એક હેલાથી=ઝાટકાથી જીત્યા. તેનું= નંદીવર્ધનનું, ધૈર્ય અને વીર્ય કોણ વર્ણન કરવા સમર્થ છે. ||૪૧૭||

શ્લોક :-

एतेनोग्रप्रतापेन, श्लाघ्यं नगरमप्यदः ।

भानुनेव नभोभागः, स्फुरत्किरणराजिना ।।४१८।।

શ્લોકાર્થ :-

આ ઉગ્ર પ્રતાપથી આ નગર પણ શ્લાઘ્ય છે. સ્ફુરાયમાન કિરણોની શ્રેણીવાળા સૂર્યથી જેમ આકાશનો ભાગ શ્લાઘ્ય છે. ||૪૧૮||

શ્લોક :-

अस्य कल्याणयोगस्य, हेतु ज्ञातौ मया ततः ।
हिंसावैश्वानरौ क्रूरौ, शान्तः पुण्योदयस्तु न ।।४१९।।

શ્લોકાર્થ :-

તેથી=લોકોમાં આ પ્રકારની શ્લાઘા હતી તેથી, આ કલ્યાણયોગનો હેતુ મારા વડે ક્રૂર એવા હિંસા અને વૈશ્વાનર જણાયા. પરંતુ શાંત પુણ્યોદય નહીં.

નંદીવર્ધન અત્યંત વિપર્યાસ બુદ્ધિવાળો છે. તેથી બાહ્ય શ્લાઘામાં સર્વ કલ્યાણ દેખાય છે એટલું જ નહીં પણ તે બાહ્ય શ્લાઘાનું પ્રબળ કારણ તેનું શાંત પુણ્યોદય છે તે તેને જણાતું નથી. પરંતુ પોતાનો ક્રોધી સ્વભાવ છે અને હિંસા છે તે જ તેની પ્રતિષ્ઠાનું કારણ જણાય છે. અહીં શાંત પુણ્યોદય કહેવાથી એ પ્રાપ્ત થાય કે મિથ્યાત્વની મંદતાથી કે ક્ષયોપશમથી થયેલું પ્રગટ પુણ્ય નંદીવર્ધનનું ન હતું તેથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું ન હતું. પરંતુ માત્ર બાહ્ય સફળતા પ્રાપ્ત કરાવતું હતું અને તે પુણ્યથી પોતાને સફળતા મળે છે તેવો પણ બોધ વિપર્યાસને કારણે તેને ન હતો. **॥૪૧૯॥**

શ્લોક :-

रथस्थो हट्टमार्गेण, गच्छन् रत्नवतीयुतः ।
प्राप्तो राजकुलाभ्यर्णमितश्चाहं कृताद्भुतः ।।४२०।।

શ્લોકાર્થ :-

આ બાજુ કરાયેલા અદ્ભુતવાળો એવો હું=યુદ્ધમાં પરાક્રમ કરીને પ્રાપ્ત થયેલી ખ્યાતિવાળો એવો હું, રથમાં રહેલો, હટ્ટમાર્ગથી જતો રત્નવતીથી યુક્ત રાજકુલની નજીકમાં પ્રાપ્ત થયો. ॥૪૨૦॥

શ્લોક :-

अथास्ति सुह्मनाथस्य, दुहिता जयवर्मणः ।
देवी कनकचूडस्य, नाम्ना मलयमञ्जरी ।।४२१।।

શ્લોકાર્થ :-

સુહ્મદેશના નાથ એવા જયવર્મ રાજાની પુત્રી, મલયમંજરી નામની કનકચૂડની દેવી છે. ।।૪૨૧।।

શ્લોક :-

क्रीडन्मन्मथताम्राक्षलावण्यद्रुममञ्जरी ।
अस्ति तस्याः सुता धन्या, कन्या कनकमञ्जरी ।।४२२।।

શ્લોકાર્થ :-

જે ક્રીડા કરતાં કામદેવરૂપ તામ્રાક્ષવાળી છે=કોયલના લાવણ્યરૂપ દ્રુમની મંજરી છે તેની=મલયમંજરીની, કનકમંજરી પુત્રી છે. જે ધન્ય કન્યા છે=પુણ્યશાળી અપરિણીત છે. ।।૪૨૨।।

શ્લોક :-

विलोकते स्म गच्छन्तं, सा मां वातायनस्थिता ।
जघान मन्मथव्याधो, मृगीमिव तदैव ताम् ।।४२३।।

શ્લોકાર્થ :-

ઝરૂખામાં રહેલી તેણીએ=કનકમંજરીએ જતા એવા મને=નંદીવર્ધનને જોયો. મન્મથરૂપી શિકારીએ ત્યારે જ હરણીની જેમ તેણીને હણી. ।।૪૨૩।।

શ્લોક :-

ममापि लीलया दृष्टिस्तत्र वातायने गता ।
अमूमुहन्मां दृष्टाऽपि, ततः सा मदिरेक्षणा ।।४२४।।

શ્લોકાર્થ :-

મારી પણ દૃષ્ટિ લીલાથી તે ઝરૂખામાં ગઈ. ત્યારપછી જોવાયેલી પણ=મારા વડે જોવાયેલી પણ, મદિરા દૃષ્ટિવાળી તેણીએ=કનકમંજરીએ, મને મોહ પમાડ્યો. ।।૪૨૪।।

શ્લોક :-

पश्यन्ती मम दृष्टिं सा, प्राप गाढं स्मरज्वरम् ।
सिस्वेद च चकम्पे च, संमुमोह च तद्वशा ।।४२५।।

શ્લોકાર્થ :-

મારી દૃષ્ટિને જોતી તે=કનકમંજરી, ગાઢ કામજ્વરને પામી. સ્વેદ પામી અને કાંપવા લાગી અને તેના વશથી સંમોહ પામી. ।।૪૨૫।।

શ્લોક :-

आवयोर्दृष्टिसंयोगाद् व्यक्तचिह्नादलक्षयत् ।
तेतलिः सारथिर्भावं, कन्दर्पद्रुमदोहदम् ।।४२६।।

શ્લોકાર્થ :-

અમારા બેના દૃષ્ટિના સંયોગવાળા વ્યક્ત ચિહ્નથી તેતલી નામના સારથિએ કામરૂપી વૃક્ષના દોહદ એવા ભાવને જાણ્યો.

નંદીવર્ધનનો સારથિ નંદીવર્ધન અને કનકમંજરીના દૃષ્ટિના અવલોકનથી તેઓમાં ઊઠેલ કામની પરિણતિને જાણી શક્યો. **।।૪૨૬।।**

શ્લોક :-

दध्यौ चायमसौ योगो, रतिमन्मथयोरिव ।
युक्तोऽवाच्यः परमिति, स्मित्वा रथमचालयत् ।।४२७।।

શ્લોકાર્થ :-

અને આણે વિચાર્યું=તેતલીએ વિચાર્યું. રતિ અને કામદેવની જેમ આ યોગ યુક્ત છે પરંતુ અવાચ્ય છે એથી સ્મિત કરીને રથને ચલાવ્યો. ।।૪૨૭।।

શ્લોક :-

दृष्टिः कथंचिदाकृष्टा, ततो लज्जागुणान्मया ।
तस्यां मनस्तु लावण्यदीर्घिकायां स्थितं मम ।।४२८।।

શ્લોકાર્થ :-

તેથી લજ્જાગુણને કારણે મારા વડે કોઈક રીતે દૃષ્ટિ આકૃષ્ટ કરાઈ. વળી, લાવણ્યની દીર્ઘિકા એવી તેણીમાં=કનકમંજરીમાં, મારું મન રહ્યું.

નંદીવર્ધનનું મન કંઈક લજ્જાવાળું થયું તે સાત્ત્વિક માનસ છે છતાં તેણીના રૂપમાં જ મન રાખે છે તે નિઃસત્ત્વ માનસ પણ છે. **॥૪૨૮॥**

શ્લોક :-

अथ प्राप्तो निजावासं, क्रिया चक्रे दिनोचिता ।
निशायां तद्विकल्पौघैः, शून्यचित्त इवाभवम् ।।४२९।।

શ્લોકાર્થ :-

હવે નિજઆવાસને પ્રાપ્ત થયો. દિવસને ઉચિત ક્રિયા મેં કરી. રાત્રિમાં તેના વિકલ્પોના સમૂહથી=કનકમંજરીના વિકલ્પોના સમૂહથી, શૂન્ય ચિત્તની જેમ હું થયો=નંદીવર્ધન થયો. ।।૪૨૯।।

શ્લોક :-

तदद्वैतोपनिषदः, स्मरो मां यदपीपठत् ।
विना तदाशां तेनाशाः, सर्वाः शून्या मयेक्षिताः ।।४३०।।

શ્લોકાર્થ :-

જે કારણથી તેની સાથે અદ્વૈતના ઉપનિષદરૂપ કામે=કનકમંજરી સાથે અદ્વૈતના ઉપનિષદરૂપ કામની પરિણતિએ મને પાઠ ભણાવ્યો. શું પાઠ ભણાવ્યો ? તે સ્પષ્ટ કરે છે – તેના કારણે=કામના પાઠને કારણે, તેની આશા વગર=કનકમંજરીની આશા વગર, મારા વડે= નંદીવર્ધન વડે, સ્વસ્ત્રીઓ શૂન્ય દેખાઈ.

નંદીવર્ધનને કનકમંજરી સાથે અદ્વૈત પરિણતિ કરાવે તેવો કામ ઉત્પન્ન થયો. તેથી રત્નવતી પોતાની પાસે હતી તોપણ કનકમંજરી વગર સર્વ સ્ત્રીઓ તેને શૂન્ય દેખાય છે. **॥૪૩૦॥**

શ્લોક :-

लावण्यामृतपूर्णायां, तस्यां मग्ने ममेक्षणे ।
अहो तत्यजतुर्नैव, स्मरतप्ते अपि श्रुतिम् ।।४३१।।

શ્લોકાર્થ :-

લાવણ્યના અમૃતથી પૂર્ણ એવી તેણીમાં મારાં ચક્ષુ મગ્ન થયાં. અહો કામદેવથી તપ્ત તે બે દૃષ્ટિએ પણ શ્રુતિને ત્યજી નહીં=સ્મરણનો ત્યાગ કર્યો નહીં જ.

નંદીવર્ધનનાં બે ચક્ષુ કનકમંજરીના રૂપમાં મગ્ન થયાં. તેથી કામથી તેની દૃષ્ટિઓ તપ્ત હતી=વિહ્વળ હતી તોપણ તેણીના સ્મરણનો નંદીવર્ધને ત્યાગ કર્યો નહીં. એ આશ્ચર્ય છે. **||૪૩૧||**

શ્લોક :-

सा मन्मनोरथारूढा, श्रान्तश्चित्रं तथाऽप्यहम् ।
गतोऽपि तन्मयीभावं, निःश्वासौघममूमुचम् ।।४३२।।

શ્લોકાર્થ :-

મારા મનોરથમાં તે આરૂઢ થઈ. તોપણ હું શ્રાંત થયો એ આશ્ચર્ય છે. તન્મયભાવને ગયેલો પણ=કનકમંજરીના રૂપમાં તન્મયભાવને પામેલો પણ, નિઃશ્વાસસમૂહને મેં મૂક્યો. ||૪૩૨||

શ્લોક :-

तद्गोचरैर्विकल्पौघैर्दूरापहृतचेतसः ।
कोटियामेव वितता, त्रियामा सा ममाभवत् ।।४३३।।

શ્લોકાર્થ :-

તેના વિષયક વિકલ્પના સમૂહથી દૂર હરાયેલા ચિત્તવાળા એવા મારી તે ત્રણ પહોર કોટિ યામની જેમ=ક્રોડો પહોરની જેમ પસાર થઈ. ||૪૩૩||

શ્લોક :-

तथाऽहं तापितः शय्यागतस्तद्विरहाग्निना ।
निद्रयाऽपि तथा त्यक्तस्तापसंक्रमभीतया ।।४३४।।

શ્લોકાર્થ :-

અને હું=નંદીવર્ધન, શય્યાગત તેના વિરહ અગ્નિથી તપાવાયો. તાપસંક્રમણના ભયથી નિદ્રા વડે પણ ત્યાગ કરાયો.

નંદીવર્ધનને રાત્રે નિદ્રાની પ્રાપ્તિ થઈ નહીં. **॥૪૩૪॥**

શ્લોક :-

उदितेऽर्के गतेऽप्यर्धप्रहरे शून्यमानसः ।
स्थितस्तेतलिना दृष्टः, प्रणामायाभ्युपेयुषा ।।४३५।।

શ્લોકાર્થ :-

સૂર્યોદયમાં અર્ધ પ્રહર પસાર થયે છતે પણ શૂન્ય માનસવાળો રહેલો પ્રણામ માટે આવેલા તેતલી વડે જોવાયો. ।।૪૩૫।।

શ્લોક :-

दुःखस्य कारणं पृष्टं, भक्तिप्रह्वेन तेन मे ।
संगोप्यैव मया प्रोक्तो, वृत्तान्तोऽथ तदग्रतः ।।४३६।।

શ્લોકાર્થ :-

ભક્તિથી નમેલા એવા તેના વડે=તેતલી વડે, દુઃખનું કારણ પુછાયું. સંગોપન કરીને મારા વડે હવે તેની આગળ=તેતલીની આગળ વૃત્તાંત કહેવાયો=દુઃખના કારણનો વૃત્તાંત કહેવાયો. ॥૪૩૬॥

શ્લોક :-

हट्टमार्गमतिक्रम्य, यदानीतस्त्वया रथः ।
धृतो राजकुलाभ्यर्णे, ततो जातमिदं मम ।।४३७।।

શ્લોકાર્થ :-

હટ્ટ માર્ગને અતિક્રમ કરીને જે તારા વડે રથ લવાયો, રાજકુળની નજીકમાં ધારણ કરાયો તેથી મને આ થયું છે=શું થયું છે તે બતાવે છે. ॥૪૩૭॥

શ્લોક :-

सर्वाङ्गाणि विलीयन्ते, मनस्तापः प्रवर्धते ।
न रोचन्ते जनोल्लापाः, शून्यायन्ते दिशोऽखिलाः ॥४३८॥

શ્લોકાર્થ :-

સર્વ અંગો વિલય પામે છે. મનનો તાપ પ્રવર્ધમાન થાય છે. જનનો ઉલ્લાપ=લોકોનું બોલાવવું રુચતું નથી. અખિલ દિશાઓ શૂન્ય જેવી લાગે છે. ॥૪૩૮॥

શ્લોક :-

श्रुत्वेदं तेतलिः प्राह, चक्षुर्दोषोऽत्र कारणम् ।
करिष्याम्यौषधं चास्य, नरशार्दूल ! मा शुचः ॥४३९॥

શ્લોકાર્થ :-

આ સાંભળીને તેતલી બોલ્યો. આમાં કારણ ચક્ષુદોષ છે અને આનું ઔષધ હું કરીશ. હે નરશાર્દૂલ નંદીવર્ધન ! શોક કર નહીં. ॥૪૩૯॥

શ્લોક :-

ज्ञात्वा तमथ भावज्ञं, मयोक्तं सुष्ठु दृष्टवान् ।
भवान्निदानमधुना, भेषजं वक्तुमर्हति ॥४४०॥

શ્લોકાર્થ :-

ભાવજ્ઞ એવા તેને જાણીને=મારા ભાવ તેતલી જાણે છે એ પ્રમાણે જાણીને, મારા વડે કહેવાયું. તેં સુંદર જોયું. હવે ઔષધરૂપ નિદાનને કહેવા માટે તું યોગ્ય છે. ॥૪૪૦॥

શ્લોક :-

स प्राह लवणोत्तारः, कार्यतां बध्यतां करे ।
औषधी जाप्यतां मन्त्रो, यथा दोषो विनश्यति ।।४४१।।

શ્લોકાર્થ :-

તે=તેતલી કહે છે. લવણ ઉત્તાર કરવો જોઈએ, કરમાં ઔષધિ બાંધવી જોઈએ, મંત્રનો જાપ કરવો જોઈએ, જે પ્રમાણે દોષ નાશ પામે. ।।૪૪૧।।

શ્લોક :-

यद्येवमपि दोषस्य, विनाशो न भविष्यति ।
बाढं निर्भर्त्सयिष्यामि, चक्षुर्दोषकरीं तदा ।।४४२।।

શ્લોકાર્થ :-

જો આ પ્રમાણે પણ દોષનો વિનાશ થશે નહીં તો ચક્ષુદોષ કરનારીની હું અત્યંત નિર્ભર્ત્સના કરીશ. ।।૪૪૨।।

શ્લોક :-

ततः स्मित्वा मया प्रोक्तं, कृतं हासेन तेतले ! ।
मद्दुःखविगमोपायं, निश्चितं कथयाधुना ।।४४३।।

શ્લોકાર્થ :-

તેથી હસીને મારા વડે કહેવાયું. હે તેતલી ! હસવાથી સર્યું. હવે નિશ્ચિત મારા દુઃખના વિગમનના ઉપાયને કહે. ।।૪૪૩।।

શ્લોક :-

स प्राह परिहासोऽयं, विहितः खेदशान्तये ।
ममार्धप्रहरो लग्नस्तवैवार्थं प्रकुर्वतः ।।४४४।।

શ્લોકાર્થ :-

તે=તેતલી કહે છે. ખેદની શાંતિ માટે આ પરિહાસ કરાયો. તારા જ

અર્થને કરતાં=નંદીવર્ધનના જ પ્રયોજનને કરતાં એવો મારો અર્ધ પ્રહર પસાર કરાયો.

કનકમંજરીને મેળવી આપવાના પ્રયોજનથી મારો અર્ધો પ્રહર પસાર થયો. **॥૪૪૪॥**

શ્લોક :-

आस्ते मलयमञ्जर्या, मनोविश्रम्भभाजनम् ।
प्रगल्भा मत्परिचिता, वृद्धवेश्या कपिञ्जला ।।४४५।।

શ્લોકાર્થ :-

મલયમંજરીના મનોવિશ્રંભનું ભાજન પ્રગલ્ભવાળી મારી પરિચિત વૃદ્ધ વેશ્યા=દાસી કપિંજલા છે. ॥૪૪૫॥

શ્લોક :-

गृहे प्रविश्य शयनात्, प्रागेवोत्तिष्ठतो मम ।
वयस्य रक्षरक्षेति, प्रकामं पूच्चकार सा ।।४४६।।

શ્લોકાર્થ :-

શયનથી મારા ઊઠતાં પહેલાં જ ઘરમાં પ્રવેશીને તેણીએ=કપિંજલાએ હે મિત્ર, રક્ષણ કર, રક્ષણ કર એ પ્રમાણે અત્યંત પોકાર કર્યો. ॥૪૪૬॥

શ્લોક :-

ससंभ्रमं मया प्रोक्तं, कुतो भीस्ते कपिञ्जले ! ।
सा प्राह मित्र ! कन्दर्पाद् दर्पाद् दलयतो जगत् ।।४४७।।

શ્લોકાર્થ :-

સંભ્રમપૂર્વક મારા વડે કહેવાયું – હે કપિંજલા ! તને કોનાથી ભય છે. તે=કપિંજલા, કહે છે. હે મિત્ર ! જગતને પીડતા દર્પવાળા કામદેવથી ભય છે. ॥૪૪૭॥

શ્લોક :-

अश्रद्धाय वचस्तच्च, मयोपहसितं तदा ।

कुङ्कुमापिङ्गपलितचिताज्वालालिभासुरम् ।।४४८।।

भीष्मं शब्दायमानास्थिपञ्जरोरुशिवारवैः ।

उल्लम्बितशबाकारलुलितस्तनमण्डलम् ।।४४९।।

महास्मशानतुल्यं ते, वपुर्वीक्ष्य पलायते ।

नितान्तं कातरः कामः, कुतस्तव ततो भयम् ।।४५०।।

त्रिभिर्विशेषकम् ।।

શ્લોકાર્થ :-

અને તેના વચનની અશ્રદ્ધા કરીને ત્યારે મારા વડે ઉપહાસ કરાયો. કુંકુમ જેવા પિંગ પલિત ચિતાની જ્વાળાની શ્રેણીથી ભાસુર એવું, અવાજ કરતાં હાડકાંના પાંજરાવાળા ઊરુના શિવારવ વડે ભીષણ, ઉલ્લમ્બિત શબના આકારથી લટકતા સ્તનમંડલવાળા, મહાસ્મશાન તુલ્ય તારા શરીરને જોઈને અત્યંત કાતર એવો કામ પલાયન થાય છે. તેથી=કામથી તને ક્યાંથી ભય હોય. ।।૪૪૮થી ૪૫૦।।

શ્લોક :-

सा जगौ मे त्वया भावो, दुर्विदग्ध ! न लक्षितः ।

स्वामिन्यास्तनया मेऽस्ति, कन्या कनकमञ्जरी ।।४५१।।

શ્લોકાર્થ :-

તે બોલી હે દુર્વિદગ્ધ ! તારા વડે મારો ભાવ જણાયો નથી. મારી સ્વામિનીની પુત્રી કનકમંજરી કન્યા છે. ।।૪૫૧।।

શ્લોક :-

निर्दयं सा च कामेन, वराकी पीड्यतेऽधुना ।

या भीस्तस्यास्ततः सैव, मय्यारोप्य निवेदिता ।।४५२।।

मयोक्तं किंनिमित्तोऽसौ, तस्याः स मदनज्वरः ।
सा प्राह तस्या जातोऽसौ, नन्दिवर्धनदर्शनात् ।।४५३।।

શ્લોકાર્થ :-

અન તે વરાકી નિર્દય એવા કામ વડે પીડાય છે, તેથી=તે કનકમંજરી કામથી પીડાય છે તેથી, તેણીનો જે ભય છે, તે જ મારામાં આરોપીને નિવેદન કરાય છે, મારા વડે કહેવાયું, કયા નિમિત્તવાળો તે આ તેણીનો મદનજ્વર છે. તે કહે છે=કપિંજલા દાસી કહે છે. નંદીવર્ધનના દર્શનથી તેણીને=કનકમંજરીને, આ=મદનજ્વર, થયો છે. ।।૪૫૨-૪૫૩।।

શ્લોક :-

सुधामग्नेव दृष्टाऽसौ, पश्यन्ती नन्दिवर्धनम् ।
तस्मिन् दृष्टिपथातीते, विषमग्नेव चाजनि ।।४५४।।

શ્લોકાર્થ :-

નંદીવર્ધનને જોતી આ કનકમંજરી અમૃતમાં મગ્ન જેવી જોવાઈ અને તે દૃષ્ટિપથથી અતીત થયે છતે=નંદીવર્ધન દૃષ્ટિપથથી અતીત થયે છતે, વિષમાં મગ્ન જેવી થઈ, ।।૪૫૪।।

શ્લોક :-

ज्ञात्वा मलयमञ्जर्या, तामकस्माज्ज्वरातुराम् ।
उपचाराः कृताः शीतास्तालवृन्तानिलादिभिः ।।४५५।।

શ્લોકાર્થ :-

અકસ્માત્ જ્વરથી આતુર એવી તેણીને જાણીને મલયમંજરી વડે પંખાના પવન આદિથી શીતલ ઉપચાર કરાયા. ।।૪૫૫।।

શ્લોક :-

गतोऽस्तं तरणिस्तावदुदितः शर्वरीपतिः ।
विस्तृता पञ्चबाणास्त्ररजोराजीव चन्द्रिका ।।४५६।।

શ્લોકાર્થ :-

ત્યાં સુધી સૂર્ય અસ્ત થયો, ચંદ્ર ઉદય પામ્યો. કામદેવના બાણરૂપી અસ્ત્રના રજના રાજી જેવી ચંદ્રિકા વિસ્તાર પામી. ॥૪૫૬॥

શ્લોક :-

शायिता सा ततो हर्म्ये, चन्द्रचन्दनशीतले ।
कृतायां मृदुशय्यायां, प्रवालनलिनीदलैः ॥४५७॥

શ્લોકાર્થ :-

ત્યારપછી ચંદ્ર સરખા ચંદનથી શીતલ મહેલમાં કોમળ કમલોના દલો વડે કરાયેલી મૃદુશય્યામાં તે=કનકમંજરી, સુવડાવાઈ, ॥૪૫૭॥

શ્લોક :-

न च तस्या गतस्तापः, प्रत्युताभ्युदयाद् विधोः ।
खादिराङ्गारसंसर्गादिव प्रावर्धताधिकम् ॥४५८॥

શ્લોકાર્થ :-

તેણીનો તાપ ગયો નહીં, ઊલટું, ખેરના અંગારના સંસર્ગથી જેમ તાપ વધે તેમ ચંદ્રના ઉદયથી અધિક વધ્યો. ॥૪૫૮॥

શ્લોક :-

प्रवृद्धतापां तां दृष्ट्वा, जगौ मलयमञ्जरी ।
दीर्घं निःश्वस्य पुत्र्या मे, भविता किमतः परम् ॥४५९॥

શ્લોકાર્થ :-

પ્રવૃદ્ધ તાપવાળી તેણીને જોઈને દીર્ઘ નિઃશ્વાસ કરીને મલયમંજરીએ કહ્યું, મારી પુત્રીનું હવે પછી શું થશે ? ॥૪૫૯॥

શ્લોક :-

राजमार्गे श्रुतः शब्दस्तदाऽकस्मात् समुत्थितः ।
वेला विलम्बते काचित्, सिद्धमेव प्रयोजनम् ॥४६०॥

શ્લોકાર્થ :-

ત્યારે અકસ્માત્ રાજમાર્ગમાં ઊઠેલો શબ્દ સંભળાયો, કેટલીક વેલા વિલંબન કરે છે, પ્રયોજન સિદ્ધ જ છે. ॥૪૬૦॥

શ્લોક :-

बुद्धः स्वामिनि ! शब्दार्थो, मयोक्तं हृष्टया तदा ।
स्पन्दते वामनेत्रं मे, सिद्धमेव प्रयोजनम् ॥४६१॥

શ્લોકાર્થ :-

હર્ષિત થયેલી મારા વડે ત્યારે કહેવાયું – હે સ્વામિની ! શબ્દાર્થ જણાયો, મારું વામનેત્ર સ્પંદન કરે છે. પ્રયોજન સિદ્ધ જ છે, ॥૪૬૧॥

શ્લોક :-

अत्रान्तरे च भगिनी, ज्येष्ठाऽस्या मणिमञ्जरी ।
निषण्णा हर्म्यमारुह्य, हृष्टा साऽऽगत्य नोऽन्तिके ॥४६२॥

શ્લોકાર્થ :-

અત્રાંતરમાં આની જ્યેષ્ઠ બહેન હર્ષિત થયેલી તે મણિમંજરી, મહેલમાં ચઢીને અમારી નજીકમાં આવીને બેઠી. ॥૪૬૨॥

શ્લોક :-

मयोक्ता सा च वत्से ! त्वं, कठोरा दृषदोऽप्यसि ।
दृश्यते सविषादासु, यदस्मासु प्रमोदभाक् ॥४६३॥

શ્લોકાર્થ :-

અને મારા વડે તે કહેવાઈ, હે વત્સ ! તું પથ્થરથી પણ કઠોર છો, જે કારણથી અમે વિષાદવાળા હોતે છતે પ્રમોદવાળી દેખાય છે. ॥૪૬૩॥

શ્લોક :-

सा प्राह किं करोम्येष, हर्षहेतुर्ममाचलः ।
भवद्विषादहस्तेन, नैव गोपयितुं क्षमः ॥४६४॥

શ્લોકાર્થ :-

તે કહે છે=મણિમંજરી કહે છે, હું શું કરું ? મારો અચલ હર્ષનો હેતુ આ છે, તમારા વિષાદરૂપ હસ્તથી ગોપવા માટે જ સમર્થ નથી. ॥૪૬૪॥

શ્લોક :-

क एष इत्यभिहिते, सा जगावधुना ह्यहम् ।
ताताभ्यर्णे गता तेन, निजोत्सङ्गे निवेशिता ।।४६५।।

શ્લોકાર્થ :-

કોણ આ છે ?=હર્ષનો હેતુ કોણ છે ? એ પ્રમાણે કહેવાયે છતે તે બોલી હમણાં તાતની નજીકમાં ગયેલી તેના વડે=પિતા વડે, પોતાના ખોળામાં હું બેસાડાઈ, ॥૪૬૫॥

શ્લોક :-

तदा च पितुरभ्यर्णे, स्थितः कनकशेखरः ।
सुधामधुरया वाचा, पिता तं प्रत्यभाषत ।।४६६।।

શ્લોકાર્થ :-

અને ત્યારે પિતાની પાસે કનકશેખર રહેલો હતો, તેના પ્રત્યે= કનકશેખર પ્રત્યે સુધામધુર વાણીથી પિતા બોલ્યા, ॥૪૬૬॥

શ્લોક :-

द्रुमः समरसेनश्च, निहतौ येन लीलया ।
अतिदुष्प्रतिकारोऽसौ, महात्मा नन्दिवर्धनः ।।४६७।।

શ્લોકાર્થ :-

દ્રુમ અને સમરસેન જેના વડે લીલાથી હણાયા, અતિદુષ્પ્રતિકાર એવો આ મહાત્મા નંદીવર્ધન છે=જેના ઉપકારનો બદલો વાળવો દુષ્કર છે એવો આ નંદીવર્ધન મહાત્મા છે. ॥૪૬૭॥

શ્લોક :-

तनये मम वर्तेते, जीवितादपि वल्लभे ।
ज्येष्ठभ्रात्रेऽस्य दत्तैव, तत्रेयं मणिमञ्जरी ।।४६८।।

શ્લોકાર્થ :-

જીવિતથી પણ વલ્લભ એવી મારી બે પુત્રીઓ વર્તે છે, ત્યાં=બે પુત્રીમાં, આ મણિમંજરી આના=નંદીવર્ધનના, મોટાભાઈને અપાઈ છે. ।।૪૬૮।।

શ્લોક :-

दीयतामधुना चेयमस्मै कनकमञ्जरी ।
चारुमन्त्रितमित्याह, ततः कनकशेखरः ।।४६९।।

શ્લોકાર્થ :-

હાલમાં આ કનકમંજરી, આને=નંદીવર્ધનને અપાય, ત્યારપછી સુંદર મંત્રણા કરાઈ છે એ પ્રમાણે કનકશેખર કહે છે. ।।૪૬૯।।

શ્લોક :-

सिद्धान्तितमिदं श्रुत्वा, ततश्चाहमिहागता ।
सुललिष्यावहे सार्धं, भगिन्याविति मे मुदः ।।४७०।।

શ્લોકાર્થ :-

આ સિદ્ધાંતિતને સાંભળીને ત્યાંથી અહીં હું આવી છું. ભગિની સાથે અમે લીલાપૂર્વક રહીશું, એથી મારો આનંદ છે. ।।૪૭૦।।

શ્લોક :-

तदा मलयमञ्जर्या, प्रोक्तं पश्य कपिञ्जले ! ।
स्फुटं निमित्तसंवादं, दैवीयं वाग् मयोदितम् ।।४७१।।

શ્લોકાર્થ :-

ત્યારે મલયમંજરી વડે કહેવાયું – હે કપિંજલા ! તું જો, નિમિત્તનો

સંવાદ સ્પષ્ટ છે. મારા વડે કહેવાયું=કપિંજલા વડે કહેવાયું, દૈવસંબંધી વાણી છે. ॥૪૭૧॥

શ્લોક :-

धैर्यमापादिता किंचित् ततः कनकमञ्जरी ।
पतिभक्तकथालापै, रजनी चातिवाहिता ॥४७२॥

શ્લોકાર્થ :-

ત્યારપછી કનકમંજરી કંઈક ધૈર્યને પામી, અને પતિભક્તની કથાના આલાપો વડે રાત્રિ પસાર કરાઈ. ॥૪૭૨॥

શ્લોક :-

अस्याः स्मरकृतस्तापो, न चाद्याप्युपशाम्यति ।
कुमारदर्शनं शक्यो, विना शामयितुं च न ॥४७३॥

શ્લોકાર્થ :-

આણીનો=કનકમંજરીનો, સ્મરથી કરાયેલો તાપ હજી પણ ઉપશાંત પામતો નથી, કુમારના દર્શન વિના શમાવા માટે શક્ય નથી. ॥૪૭૩॥

શ્લોક :-

अतो विज्ञपयामि त्वां, कुमारस्यातिवल्लभम् ।
त्रायस्व तां कुमारस्य, दर्शनेन प्रसेदुषः ॥४७४॥

શ્લોકાર્થ :-

આથી કુમારના અતિવલ્લભ એવા તને હું વિજ્ઞાપન કરું છું, પ્રસાદ કરવાની ઈચ્છાવાળો એવો તું=તેતલી, કુમારના દર્શનથી તેણીનું= કનકમંજરીનું, રક્ષણ કર. ॥૪૭૪॥

શ્લોક :-

मयोक्तं ननु यद्येवं, तदा विज्ञपयाम्यहम् ।
स्थातव्यं भवतीभ्यां च, रतिमन्मथकानने ॥४७५॥

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું=તેતલી વડે કહેવાયું, જો આ પ્રમાણે છે=કનકમંજરીને કુમારનું દર્શન કરાવું આવશ્યક છે એ પ્રમાણે છે, તો હું વિજ્ઞાપન કરું છું, તમારા બંને વડે કનકમંજરી અને કપિંજલા વડે, રતિમન્મથ ઉદ્યાનમાં રહેવું જોઈએ. ॥૪૭૫॥

શ્લોક :-

ततः कपिञ्जला प्रीता, गता स्वौकस्यहं पुनः ।
समागतोऽत्र तदिदं, प्राप्तं त्वद्‌गदभेषजम् ॥४७६॥

શ્લોકાર્થ :-

ત્યારપછી કપિંજલા પ્રસન્ન થઈ, પોતાના ગૃહમાં ગઈ, વળી હું અહીં આવ્યો, તે કારણથી આ તમારા રોગનું ઔષધ પ્રાપ્ત થયું. ॥૪૭૬॥

શ્લોક :-

वदतस्तेतलेरित्थं, हारो वक्षसि रोपितः ।
मया तद्‌भुजयोर्बद्धाः केयूराद्याश्च हर्षतः ॥४७७॥

શ્લોકાર્થ :-

આ પ્રમાણે કહેતા તેતલીને કંઠમાં મારા વડે હાર આરોપણ કરાયો, અને બાજુબંધ આદિ દ્વારા હર્ષથી ભુજાઓ બંધાઈ. ॥૪૭૭॥

શ્લોક :-

समेत्य भूपप्रहितो, विमलाख्यो महत्तमः ।
अत्रान्तरे जगौ देवो, वदत्येवं ममाग्रहात् ॥४७८॥
त्वयेष्टा मत्सुता ग्राह्या, पाणौ कनकमञ्जरी ।
तेतलिप्रेरितेनास्य, स्वीकृतं तद्वचो मया ॥४७९॥

શ્લોકાર્થ :-

એટલામાં રાજા વડે મોકલાયેલો વિમલ નામનો મહત્તમ આવીને

બોલ્યો, દેવ આ પ્રમાણે કહે છે=કનકચૂડ આ પ્રમાણે કહે છે, મારા આગ્રહથી=કનકચૂડના આગ્રહથી ઈષ્ટ એવી મારી પુત્રી કનકમંજરી તારા વડે પાણિગ્રહણ કરાવી જોઈએ, તેતલીથી પ્રેરિત એવા મારા વડે=નંદીવર્ધન વડે, આનું તે વચન સ્વીકાર કરાયું. ॥૪૭૮-૪૭૯॥

શ્લોક :-

गतेऽहं विमले प्राप्तस्तेतलिप्रेरितो वनम् ।
भ्रमताऽपि न दृष्टा च, नानास्थानेषु तत्र सा ॥४८०॥

શ્લોકાર્થ :-

વિમલ ગયે છતે તેતલીથી પ્રેરિત હું વનમાં ગયો. અને ત્યાં=વનમાં જુદા જુદા સ્થાને ભમતાં પણ તે=કનકમંજરી, જોવાઈ નહીં. ॥૪૮૦॥

શ્લોક :-

अत्रान्तरे लताकुञ्जे, श्रुतः सनूपुरध्वनिः ।
गहनं तेतलेः पार्श्वादपसृत्य तदीक्षितम् ॥४८१॥

શ્લોકાર્થ :-

એટલામાં લતાકુંજમાં નૂપુર સહિત અવાજ સંભળાયો, તેતલી પાસેથી નીકળીને ગહન એવું તે=લતાકુંજ, જોવાયું. ॥૪૮૧॥

શ્લોક :-

प्रतीतमेतद्युष्माकं, शृण्वन्तु वनदेवताः ।
अत्र तेतलिना तस्यानयनं प्रत्यपद्यत ॥४८२॥

શ્લોકાર્થ :-

તમોને=વનદેવતાઓને, આ પ્રતીત છે, વનદેવતાઓ સાંભળો, અહીં તેતલી વડે તેને લાવવાનું=નંદીવર્ધનનું લાવવાનું, સ્વીકારાયું છે. ॥૪૮૨॥

શ્લોક :-

प्रतार्य तेतलिर्यातो, न चासौ दृश्यते जनः ।
अन्वेषयामि तमिति, गता धूर्ता कपिञ्जला ॥४८३॥

શ્લોકાર્થ :-

તેતલી ઠગીને ગયો, અને આ જન=નંદીવર્ધન દેખાતો નથી, તેનું અન્વેષણ કરું છું એ પ્રમાણે કહીને ધૂર્ત એવી કપિંજલા ગઈ. ||૪૮૩||

શ્લોક :-

तदलं जीवितव्येन, प्रसादाद् वः स एव तु ।
भर्ता जन्मान्तरे भूयादित्युक्त्वा तत्र दुःखिता ।।४८४।।
तमालतरुशाखायां, बद्ध्वा पाशे शिरोधराम् ।
मोक्तुं शरीरमुद्युक्ता, दृष्टा कनकमञ्जरी ।।४८५।।

શ્લોકાર્થ :-

તે કારણથી જીવિત વડે સર્યું, તમારા પ્રસાદથી=વનદેવતાઓના પ્રસાદથી, જન્માંતરમાં તે જ ભર્તા થાઓ=નંદીવર્ધન ભર્તા થાઓ, એ પ્રમાણે કહીને ત્યાં=લતાકુંજમાં, તમાલવૃક્ષની શાખા વિષયક પાશમાં શિરોધરાને બાંધીને શરીરને મૂકવા માટે ઉધુક્ત દુઃખિત એવી કનકમંજરી જોવાઈ. ||૪૮૪-૪૮૫||

શ્લોક :-

तत्र मा साहसमिति, ब्रुवाणोऽहं जवाद् गतः ।
धृता सा पाशकं छित्त्वा, शीतैराश्वासिता जलैः ।।४८६।।

શ્લોકાર્થ :-

ત્યાં=લતાકુંજમાં સાહસ ન કર એ પ્રમાણે બોલતો હું શીઘ્ર ગયો. પાશકને છેદીને ધારણ કરાયેલી તે શીત જલ વડે આશ્વાસિત કરાઈ. ||૪૮૬||

શ્લોક :-

उक्तं च देवि ! किमिदमारब्धमसमञ्जसम् ।
विषादो युज्यते नेयान्, स्वाधिने मयि किंकरे ।।४८७।।

શ્લોકાર્થ :-

અને કહેવાયું, હે દેવી કનકમંજરી ! કેમ આ અસમંજસ આરંભ કરાયું ? હું સ્વાધીન નોકર હોતે છતે આટલો વિષાદ યુક્ત નથી. ॥૪૮૭॥

શ્લોક :-

मद्दर्शनेन जाताऽसावनेकरसनिर्भरा ।
विलिखन्ती भुवं तस्थौ, विलसद्दशनद्युतिः ॥४८८॥

શ્લોકાર્થ :-

મારા દર્શનથી=નંદીવર્ધનના દર્શનથી, આ=કનકમંજરી, અનેક રસનિર્ભર થઈ. ભૂમિને ખોદતી વિલાસ પામતા દાંતની ધુતિવાળી=તેજવાળી ઊભી રહી.

કામને વશ જીવો કઈ રીતે બુદ્ધિમાન પણ અતિ દુઃખી હોય છે જેથી અતિ વ્યાકુળ થઈને આ રીતે ક્ષણવિલંબનનો પણ અસ્વીકાર કરીને મૃત્યુ અર્થે યત્ન કરે છે જે કામકષાયની અત્યંત મૂઢતાનું સ્વરૂપ છે. તેથી વિવેકીને બોધ થાય કે સુખનો અર્થી જીવ પણ કષાયોને વશ કઈ રીતે દુઃખી થાય છે અને પરસ્પર આલાપો કરે છે. આથી જ નંદીવર્ધન કનકમંજરીને પોતે સ્વાધીન કિંકર છે તેવું દીનવચન પણ કહે છે. **॥૪૮૮॥**

શ્લોક :-

क्रीतः सद्‌भावमूल्येन, दासोऽहं तव वल्लभे ! ।
कठोरो नास्म्यहं वेधाः, कठोरस्तु विलम्बकृत् ॥४८९॥

શ્લોકાર્થ :-

હે વલ્લભા ! સદ્‌ભાવમૂલ્યથી ખરીદાયેલો તારો હું દાસ છું. હું કઠોર નથી. વેધા=ભાગ્ય વિલંબનને કરનાર કઠોર છે. ॥૪૮૯॥

શ્લોક :-

इदं मम वचः श्रुत्वा, सुधासिक्तेव साऽभवत् ।
इतश्च तेतलिं प्राप्ता, पर्यटन्ती कपिञ्जला ॥४९०॥

શ્લોકાર્થ :-

આ મારું વચન સાંભળીને અમૃતથી સિંચાયેલી તે થઈ અને આ બાજુ ફરતી કપિંજલા તેતલીને પ્રાપ્ત થઈ. ।।૪૯૦।।

શ્લોક :-

साऽब्रवीत् क्व कुमारोऽस्ति, तेनोक्तं गहने पुरः ।
आवयोर्मिथुनं ताभ्यामागताभ्यामथेक्षितम् ।।४९१।।

શ્લોકાર્થ :-

તે=કપિંજલા બોલી. કુમાર ક્યાં છે. તેના વડે=તેતલી વડે કહેવાયું. સન્મુખ ગહનમાં=લતાકુંજમાં હવે આવેલા તે બંને વડે=તેતલી અને કપિંજલા વડે અમારા બેનું મિથુન જોવાયું. ।।૪૯૧।।

શ્લોક :-

जातस्तयोर्महान् हर्षो, योग्ययोगनिरीक्षणात् ।
यौगन्धरस्तदायातः, कन्याऽन्तःपुरकञ्चुकी ।।४९२।।

શ્લોકાર્થ :-

તે બંનેને=કપિંજલા અને તેતલીને યોગ્યનો યોગ નિરીક્ષણ થવાથી મહાન હર્ષ થયો. ત્યારે કન્યાનો અંતઃપુરકંચુકી યૌગંધર આવ્યો. ।।૪૯૨।।

શ્લોક :-

तेनोक्तमाह्वयत्येनां, पिता कनकमञ्जरीम् ।
श्रुतेयं निश्यपट्वङ्गी, तदस्याः सुखमिच्छति ।।४९३।।

શ્લોકાર્થ :-

તેના વડે=યૌગંધર વડે કહેવાયું. આ કનકમંજરીને પિતા બોલાવે છે. આ=કનકમંજરી, રાત્રિમાં અપટ્વંગવાળી=અસ્વસ્થ શરીરવાળી સંભળાઈ=પિતા વડે સંભળાઈ. તે કારણથી આણીના=કનકમંજરીના સુખને ઇચ્છે છે=પિતા કનકમંજરીના સુખને ઇચ્છે છે. ।।૪૯૩।।

શ્લોક :-

प्रस्थिता साऽथ कनकमञ्जरी सकपिञ्जला ।
पुनः पुनः स्मरन्नेतामहं स्वभवनं गतः ।।४९४।।

શ્લોકાર્થ :-

હવે તે કનકમંજરી કપિંજલા સહિત ગઈ. ફરી ફરી આને=કનકમંજરીને સ્મરણ કરતો હું=નંદીવર્ધન સ્વભવનમાં ગયો. ।।૪૯૪।।

શ્લોક :-

अपराह्णे समागत्य, जगौ कदलिकाऽनघम् ।
विवाहदिनमद्यैव गोधूल्यां तव शुद्ध्यति ।।४९५।।

શ્લોકાર્થ :-

દિવસના પશ્ચાત્ ભાગમાં આવીને કદલિકાએ કહ્યું. તારો=નંદીવર્ધનનો નિર્દોષ વિવાહદિવસ આજે જ ગોધૂલિમાં=સંધ્યાકાળમાં શુદ્ધ થાય છે. ।।૪૯૫।।

શ્લોક :-

देवः समादिशत्येवं, श्रुत्वेति मुदितं मया ।
विवाहयज्ञो महता, विमर्देन ततः कृतः ।।४९६।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે=આજે જ વિવાહદિવસ છે એ પ્રમાણે દેવ=કનકચૂડ આદેશ આપે છે એ પ્રમાણે સાંભળીને મારા વડે આનંદિત થવાયું. ત્યારપછી મોટા વૈભવથી વિવાહયજ્ઞ કરાયો. ।।૪૯૬।।

શ્લોક :-

युतः कनकमञ्जर्या, हर्म्ये सुरगृहोपमे ।
विलासैर्मान्मथैर्दिव्यैः, सुखमन्वभवं ततः ।।४९७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી દેવગૃહની ઉપમાવાળા મહેલમાં કનકમંજરીથી યુક્ત દિવ્ય કામના વિલાસોથી મેં સુખને અનુભવ્યું=અનુસુંદર ચક્રવર્તી કહે છે નંદીવર્ધનના ભવમાં મેં અનુભવ્યું. ।।૪૯૭।।

શ્લોક :-

कृतो व्रणप्ररोहेण, प्रगुणोऽथ विभाकरः ।
जातस्तेन सह स्नेहो, मम विश्रम्भनिर्भरः ।।४९८।।

શ્લોકાર્થ :-

હવે, વ્રણના પ્રરોહથી વિભાકર પ્રગુણવાળો=સ્વસ્થ શરીરવાળો કરાયો. તેની સાથે મારો વિશ્વાસ નિર્ભર સ્નેહ થયો. ।।૪૯૮।।

શ્લોક :-

स्वस्थाने प्रहितः सोऽथ, बहुमानपुरस्सरम् ।
राज्ञा कनकचूडेन, स्वपरिच्छदसंयुतः ।।४९९।।

શ્લોકાર્થ :-

હવે, તે=વિભાકર, કનકચૂડ રાજા વડે સ્વપરિવારથી યુક્ત બહુમાનપૂર્વક સ્વસ્થાનમાં મોકલાયો. ।।૪૯૯।।

શ્લોક :-

येऽप्यम्बरीषनामानश्चौरास्तन्नायके हते ।
दासत्वं प्रतिपन्ना मे, मया तेऽपि विसर्जिताः ।।५००।।

શ્લોકાર્થ :-

જે વળી તેનો નાયક હણાયે છતે મારા દાસપણાને સ્વીકારેલા અંબરીષ નામના ચોરો હતા તેઓ પણ મારા વડે વિસર્જિત કરાયા. ।।૫૦૦।।

શ્લોક :-

युतः कनकमञ्जर्या, रत्नवत्या च भोगभाक् ।
प्राप्तोऽहं सुषमां गङ्गागौरीभ्यामिव शङ्करः ।।५०१।।

શ્લોકાર્થ :-

કનકમંજરીથી અને રત્નવતીથી યુક્ત એવો હું=નંદીવર્ધન, ભોગ ભોગવતો ગંગાથી અને ગૌરીથી યુક્ત શંકરની જેમ સુષમાને=ઉત્તમ શોભાને, પામ્યો. ।।૫૦૧।।

શ્લોક :-

हिंसावैश्वानरौ मत्वा, प्राणेभ्योऽप्यधिकं परम् ।
पापर्धिव्यसनाज्जातो, जन्तुसन्तानघातकः ।।५०२।।

શ્લોકાર્થ :-

પરંતુ પ્રાણથી પણ અધિક હિંસા અને વૈશ્વાનરને માનીને પાપની ઋદ્ધિના વ્યસનથી નંદીવર્ધન જીવોના સમૂહનો ઘાતક થયો. ।।૫૦૨।।

શ્લોક :-

तदा मां तादृशं प्रेक्ष्य, दध्यौ कनकशेखरः ।
अहो किमिदमेतस्य, चरित्रमसमञ्जसम् ।।५०३।।

શ્લોકાર્થ :-

ત્યારે તેવા પ્રકારના મને જોઈને કનકશેખરે વિચાર્યું, અહો આનું= નંદીવર્ધનનું, શું આ અસમંજસ ચરિત્ર છે. ।।૫૦૩।।

શ્લોક :-

महारथः कुलीनोऽपि, विद्यावान् रूपवानपि ।
हिंसावैश्वानराश्लिष्टो, न श्लाघ्यो नन्दिवर्धनः ।।५०४।।

શ્લોકાર્થ :-

મહારથ કુલીન પણ, વિદ્યાવાળો રૂપવાન પણ, હિંસા અને વૈશ્વાનરથી યુક્ત એવો નંદીવર્ધન શ્લાઘ્ય નથી. ।।૫૦૪।।

શ્લોક :-

उपेक्षितुं च युक्तोऽयं, नैव मे हितकारिणः ।
वर्तेत यदि मद्वाक्ये, स्यादस्य हितमुत्तमम् ।।५०५।।

શ્લોકાર્થ :-

આ=નંદીવર્ધન, હિતકારી એવા મને ઉપેક્ષા કરવા માટે યુક્ત નથી જ, જો મારા વાક્યમાં વર્તે=નંદીવર્ધન વર્તે તો, આનું ઉત્તમ હિત થાય. ।।૫૦૫।।

શ્લોક :-

त्यजेदेकस्य दाक्षिण्यं, न तातसहितस्य मे ।
इति तातान्तिके स्थित्वा, शिक्षयाम्येनमञ्जसा ।।५०६।।

શ્લોકાર્થ :-

એક એવા મારું દાક્ષિણ્ય ત્યાગ કરે=મારું વચન અસ્વીકાર કરે, પિતા સહિત મારું વચન ત્યાગ કરે નહીં, એથી પિતાની નજીકમાં રહીને શીઘ્ર આને=નંદીવર્ધનને, શિખામણ આપું. ।।૫૦૬।।

શ્લોક :-

अथ भूपं गृहीतार्थं, चक्रे कनकशेखरः ।
अन्यदा मां समीपस्थं, प्रशशंस महीपतिः ।।५०७।।

શ્લોકાર્થ :-

હવે કનકશેખરે રાજાને ગૃહીતાર્થવાળા કર્યા=કનકશેખરે નંદીવર્ધનના હિંસાનું અને વૈશ્વાનરનું સ્વરૂપ કનકચૂડ રાજાને કહ્યું. અન્યદા રાજાએ=કનકચૂડે સમીપ રહેલા મારી પ્રશંસા કરી. ।।૫૦૭।।

શ્લોક :-

तदा प्रोवाच कनकशेखरस्तात ! वर्ण्यते ।

यादृशस्तादृगेवास्ति, स्वभावान्नन्दिवर्धनः ।।५०८।।

શ્લોકાર્થ :-

ત્યારે કનકશેખર બોલ્યો, હે તાત ! જેવો વર્ણન કરાય છે, તેવો જ સ્વભાવથી નંદીવર્ધન છે. ।।૫૦૮।।

શ્લોક :-

परमस्य कुसंसर्गाद् गुणौघो याति दुष्टताम् ।

परमान्नं सुधास्वादं, गरलस्येव संक्रमात् ।।५०९।।

શ્લોકાર્થ :-

પરંતુ કુસંસર્ગથી આના ગુણનો સમૂહ દુષ્ટતાને પામે છે. જેમ ઝેરના સંક્રમણથી સુધાના આસ્વાદનવાળું પરમાન્ન દુષ્ટતાને પામે છે. ।।૫૦૯।।

શ્લોક :-

हेतुः स्वान्योपतापानां, निखिलानर्थजन्मभूः ।

सुहृद्वैश्वानरो ह्यस्य, प्राणेभ्योऽप्यस्ति वल्लभः ।।५१०।।

શ્લોકાર્થ :-

સ્વ અને અન્યના ઉપતાપનો હેતુ, નિખિલ અનર્થના જન્મની ભૂમિ એવો વૈશ્વાનર મિત્ર આને=નંદીવર્ધનને, પણ પ્રાણથી વલ્લભ છે. ।।૫૧૦।।

શ્લોક :-

श्रूयमाणाऽपि नाम्नैव, जगतस्त्रासकारिणी ।

हिंसा नाम्नी च भार्याऽस्य, विद्यतेऽवद्यमन्दिरम् ।।५११।।

શ્લોકાર્થ :-

નામથી જ સંભળાતી પણ જગતના જીવોને ત્રાસ કરનારી અવધનું મંદિર હિંસા નામની આની પત્ની વિધમાન છે. ।।૫૧૧।।

શ્લોક :-

इत्यस्य दुष्टसंसर्गाद्, गुणवत्ताऽपि निष्फला ।
पुष्पवत्तेव नो याति, श्लाघ्यतामवकेशिनः ।।५१२।।

શ્લોકાર્થ :-

એથી દુષ્ટના સંસર્ગથી આની=નંદીવર્ધનની, નિષ્ફળ એવી ગુણવત્તા પણ અવકેશી વૃક્ષની પુષ્પવત્તાની જેમ શ્લાઘ્યતાને પામતી નથી.

અવકેશી વૃક્ષ પુષ્પોથી ભરેલું બને છે તોપણ તેમાં ફળ આવતું નથી તેથી નિષ્ફળ છે તેમ નંદીવર્ધનના ગુણો પણ દુષ્ટના સંસર્ગથી સુંદર ફળવાળા નહીં હોવાથી નિષ્ફળ છે. **॥૫૧૨॥**

શ્લોક :-

नृपतिः प्राह यद्येवं, श्रेयांस्त्यागस्ततस्तयोः ।
स्वीयोऽपि मलवत्त्याज्यः, स्वमालिन्यकरो हि यः ।।५१३।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે, જો આ પ્રમાણે છે, તો સ્વમાલિન્યને કરનાર જે સ્વીય પણ મલ જેમ ત્યાજ્ય છે તેમ તે બેનો ત્યાગ શ્રેય છે.

નંદીવર્ધનના હિંસા અને વૈશ્વાનર સ્વીય હોવા છતાં જેમ પોતાનો મલ સ્વીય છે તોપણ ત્યાજ્ય છે; કેમ કે મલિન કરનાર છે તેમ મલિન કરનારા એવા હિંસા અને વૈશ્વાનર ત્યાજ્ય છે. **॥૫૧૩॥**

શ્લોક :-

अनेन वचसा बाढं, हुताशेनेव सर्पिषा ।
मया प्रज्ज्वलितेनाग्रे, तयोर्धगधगायितम् ।।५१४।।

શ્લોકાર્થ :-

જેમ ઘીથી અગ્નિ તેમ આ વચનથી અત્યંત પ્રજ્વલિત એવા મારા વડે તે બંને આગળ=કનકચૂડ અને કનકશેખરની આગળ, લાલચોળ થવાયું. ।।૫૧૪।।

શ્લોક :-

उक्तं च रे दुरात्मानौ ! युवां मत्तोऽपि पण्डितौ ।
येनैवं मातृमुखवन्मां शिक्षयितुमुद्यतौ ।।५१५।।

શ્લોકાર્થ :-

અને કહેવાયું, હે દુરાત્મા ! તને બંને મારાથી પણ પંડિત છો, જેના કારણે આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, માતાના મુખની જેમ મને ઉપદેશ આપવા માટે ઉદ્યત થયા છો. ।।૫૧૫।।

શ્લોક :-

मया ययोः प्रभावेन, युष्मद्राज्यं सुरक्षितम् ।
हिंसावैश्वानरौ किं तौ, युवयोर्ह्रीर्न निन्दतोः ।।५१६।।

શ્લોકાર્થ :-

જે બેના=હિંસા અને વૈશ્વાનરના, પ્રભાવથી મારા વડે તમારું રાજ્ય સુરક્ષિત કરાયું, તે હિંસાની અને વૈશ્વાનરની નિંદા કરતા તમને બંનેને લજ્જા નથી. ।।૫૧૬।।

શ્લોક :-

तौ स्मितास्यावुभौ जातौ, वाचमाकर्ण्य तां मम ।
ज्ञात्वाऽनादरकर्तारावाकृष्टा क्षुरिका मया ।।५१७।।

શ્લોકાર્થ :-

મારી તે વાણીને સાંભળીને તે બંને=કનકશેખર અને કનકચૂડ તે બંને, સ્મિત મુખવાળા થયા, અનાદર કરનારા તે બંનેને જાણીને તલવાર ખેંચાઈ. ।।૫૧૭।।

શ્લોક :-

उक्तं च भवतं गेहेनर्दिनौ द्रागुदायुधौ ।
दर्शयाम्येष भवतोर्वीर्यं वैश्वानरस्य वै ।।५१८।।

શ્લોકાર્થ :-

અને કહ્યું, ઘરમાં નાચનારા તમે બંને શીઘ્ર શસ્ત્રવાળા થાઓ તમને બંનેને આ હું વૈશ્વાનરનું વીર્ય બતાવું. ।।૫૧૮।।

શ્લોક :-

उत्क्षिप्तक्षुरिकं दृष्ट्वा, मां नष्टमथ राजकम् ।
चलितौ न परं धीरौ, भूभृत्कनकशेखरौ ।।५१९।।

શ્લોકાર્થ :-

હવે ઉત્ક્ષિપ્ત તલવારવાળા મને જોઈને રક્ષક રાજપુરુષો નાસી ગયા, પરંતુ ધીર એવા રાજા અને કનકશેખર ચલિત થયા નહીં. ।।૫૧૯।।

શ્લોક :-

पुण्योदयस्य सान्निध्यात्, तयोस्तीव्रप्रतापयोः ।
अदत्त्वैव प्रहारं द्रागास्थानादहमुत्थितः ।।५२०।।

શ્લોકાર્થ :-

તીવ્ર પ્રતાપવાળા એવા તે બંનેનું પુણ્યોદયનું સાન્નિધ્યપણું હોવાથી, પ્રહાર આપ્યા વગર જ શીઘ્ર સભામાંથી ઊઠ્યો. ।।૫૨૦।।

શ્લોક :-

गतः स्ववेश्मावमतस्ताभ्यामपि ततः परम् ।
परस्परं च विच्छिन्नो, व्यवहारोऽपि लौकिकः ।।५२१।।

શ્લોકાર્થ :-

અહીંથી=સભામાંથી, સ્વઘરમાં ગયો, ત્યારપછી તે બંને વડે પણ પરસ્પર લૌકિક વ્યવહાર પણ વિચ્છિન્ન કરાયો. ।।૫૨૧।।

શ્લોક :-

दारुणाख्योऽन्यदा दूतः, समायातो जयस्थलात् ।
स मया प्रत्यभिज्ञातो, निजगादेति चारुगीः ।।५२२।।

શ્લોકાર્થ :-

અન્યદા જયસ્થલથી દારુણ નામનો દૂત આવ્યો. મારા વડે તે જણાયો, સુંદર વાણીવાળા તેણે=દૂતે કહ્યું. ।।૫૨૨।।

શ્લોક :-

कुमार ! जगदाधार, प्रहितोऽस्मि महत्तमैः ।
मयोक्तं कुशली तातस्तातेन प्रहितो न किम् ।।५२३।।

શ્લોકાર્થ :-

હે કુમાર ! હે જગતના આધાર ! મહત્તમો વડે હું મોકલાવાયો છું. મારા વડે કહેવાયું. પિતા કુશળ છે. પિતા વડે કેમ મોકલાવાયો નથી ? ।।૫૨૩।।

શ્લોક :-

तेनोक्तं कुशली देवो, वङ्गराड् यवनः परम् ।
स्थितोऽस्ति नगरं रुद्ध्वा, तेनाभूदाकुलो नृपः ।।५२४।।

શ્લોકાર્થ :-

તેના વડે=દૂત વડે કહેવાયું. દેવ કુશળ છે. પરંતુ બંગદેશનો રાજા યવન નગરને રોધીને રહેલો છે. તે કારણથી રાજા આકુલ થયો છે. ।।૫૨૪।।

શ્લોક :-

आकार्यतामिदानीं द्राक्, कुमारो नन्दिवर्धनः ।
यथा स्यान्नगरत्राणमित्यमात्यैर्विचारितम् ।।५२५।।

શ્લોકાર્થ :-

હમણાં શીઘ્ર કુમાર નંદીવર્ધનને બોલાવો. જે રીતે નગર ત્રાણ થાય. એ પ્રમાણે અમાત્યો વડે વિચારાયું. ।।૫૨૫।।

શ્લોક :-

तदा मतिधनेनोक्तं, देवाय ज्ञाप्यतामिदम् ।
धीविशालो जगौ ज्ञाप्यं, न देवायातिरागिणे ।।५२६।।

શ્લોકાર્થ :-

ત્યારે મતિધને કહ્યું. દેવને=પદ્મરાજાને આ જણાવો. બુદ્ધિશાળી નામનો એવો મંત્રી બોલ્યો. અતિ રાગી એવા દેવને જણાવવું જોઈએ નહીં=નંદીવર્ધન પ્રત્યે અતિ રાગી એવા પદ્મરાજાને જણાવવું જોઈએ નહીં. ।।૫૨૬।।

શ્લોક :-

चारुमन्त्रितमित्याह, मन्त्री प्रज्ञाकरस्तदा ।
प्रच्छन्नस्तेन तैर्दूतः, संभूय प्रहितोऽस्म्यहम् ।।५२७।।

શ્લોકાર્થ :-

સુંદર મંત્રણા કરાઈ=દેવને નહીં જણાવવાની સુંદર મંત્રણા કરાઈ એ પ્રમાણે ત્યારે પ્રજ્ઞાકર મંત્રીએ કહ્યું. તે કારણથી તેઓ વડે એકઠા થઈને પ્રચ્છન્ન દૂત એવો હું મોકલાયો છું. ।।૫૨૭।।

શ્લોક :-

प्रस्थितोऽहमिति श्रुत्वा, हिंसावैश्वानरेरितः ।
सहैव मणिमञ्जर्याऽऽयाता कनकमञ्जरी ।।५२८।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે સાંભળીને હિંસાથી અને વૈશ્વાનરથી પ્રેરિત હું પ્રસ્થિત થયો. મણિમંજરીની સાથે જ કનકમંજરી આવી. ।।૫૨૮।।

શ્લોક :-

गतो जयस्थलाभ्यर्णमथाच्छिन्नप्रयाणकैः ।
क्रूरचित्तप्रभावेन, साक्षाद्वैश्वानराकृतिः ।।५२९।।

શ્લોકાર્થ :-

હવે સતત પ્રયાણકોથી ક્રૂર ચિત્તના પ્રભાવથી સાક્ષાત્ વૈશ્વાનરની આકૃતિવાળો એવો હું જયસ્થલનગરની નજીકમાં ગયો. ।।૫૨૯।।

શ્લોક :-

मद्रूप एव जातोऽसि, तदा वैश्वानरो जगौ ।
तव सात्म्यं गतैवैषा, हिंसापीति न संशयः ।।५३०।।

શ્લોકાર્થ :-

ત્યારે વૈશ્વાનર બોલ્યો. મારા રૂપ જ થયો છે=વૈશ્વાનરરૂપ જ તું થયો છે. તને આ હિંસા પણ સાત્મ્યને થઈ જ છે. એથી સંશય નથી.

નંદીવર્ધન ક્રોધ અને હિંસા સાથે એકત્વભાવને પામેલ છે એમાં સંશય નથી એમ વૈશ્વાનર કહે છે. **॥૫૩૦॥**

શ્લોક :-

ददृशे तावदेवोच्चैः, प्रौढं परबलं मया ।
आगतं मद्बलं दृष्ट्वा, सन्नह्याभिमुखं च तत् ।।५३१।।

શ્લોકાર્થ :-

તેટલામાં જ મારા વડે પ્રૌઢ પરબલ=યવન રાજાનું સૈન્ય જોવાયું. અને મારા બલને જોઈને તે=પરબલ, સજ્જ થઈને અભિમુખ આવ્યું. ॥૫૩૧॥

શ્લોક :-

गर्जद्गजबलं वल्गदश्ववारकदम्बकम् ।
तदैवायोधनं लग्नमुद्वेलाम्बुधिसन्निभम् ।।५३२।।

શ્લોકાર્થ :-

ગાજતા ગજબલવાળું, કૂદતા અસવારોના સમૂહવાળું, ઉદ્‌વેલાના સમુદ્ર જેવું=તોફાની સમુદ્ર જેવું ત્યારે જ યુદ્ધ શરૂ થયું. ॥૫૩૨॥

શ્લોક :-

प्रनष्टा मद्भटाः सर्वे, यवनस्य बलात् ततः ।
अहं त्वभिमुखं योद्धुं, गतः सत्वरमेककः ।।५३३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી યવનના સૈન્યથી સર્વ મારા ભટો નાસ્યા. વળી હું એકલો તરત અભિમુખ યુદ્ધ કરવા ગયો. ॥૫૩૩॥

શ્લોક :-

स्वयं यवनराजोऽथ, सह योद्धुं मयाऽऽगतः ।
रथौ चातीव मिलितौ, रभसादुभयोस्ततः ॥५३४॥

શ્લોકાર્થ :-

હવે સ્વયં યવન રાજા મારી સાથે યુદ્ધ કરવા આવ્યો. ત્યારપછી રભસથી બંનેના રથો અત્યંત મિલિત થયા. ॥૫૩૪॥

શ્લોક :-

पतितोऽहं रथे तस्य, द्रुतमुत्पत्य सिंहवत् ।
शीर्षं तस्य स्वहस्तेन, त्रोटितं पुष्पवृन्तवत् ॥५३५॥

શ્લોકાર્થ :-

હું શીઘ્ર સિંહની જેમ કૂદકો મારીને તેના રથમાં પડ્યો. સ્વહસ્તથી તેનું મસ્તક પુષ્પવૃન્તની જેમ=પુષ્પની ડીંટીની જેમ, તોડાયું. ॥૫૩૫॥

શ્લોક :-

बलं मम परावृत्य, तदायातं मदन्तिकम् ।
पपात पुष्पवृष्टिश्च, सुरैर्मुक्ता ममोपरि ॥५३६॥

શ્લોકાર્થ :-

પરાવર્તન પામીને મારું બલ ત્યારે મારી પાસે આવ્યું. દેવતાઓ વડે મુકાયેલી પુષ્પવૃષ્ટિ મારા ઉપર પડી. ॥૫૩૬॥

શ્લોક :-

आयातोऽथ पुरात् तातो, नतं मूर्ध्नि चुचुम्ब माम् ।
शमयन्ती वियोगाग्निमम्बा च प्रमदाश्रुभिः ॥५३७॥

શ્લોકાર્થ :-

હવે નગરથી પિતા આવ્યા. નમાયું=મારા વડે પિતાને નમાયું અને પ્રમોદનાં અશ્રુઓથી વિયોગના અગ્નિને શમાવતી માતાએ મારા મસ્તકમાં ચુંબન કર્યું. ।।૫૩૭।।

શ્લોક :-

बन्दिभिर्गीयमानोऽथ, मात्रा तातेन चान्वितः ।
प्रविष्टोऽहं पुरं स्वीयं, मुदितैर्नागरैः स्तुतः ।।५३८।।

શ્લોકાર્થ :-

હવે બંદીઓ વડે ગવાતો, માતા અને પિતાથી યુક્ત હર્ષિત નગરજનો વડે સ્તુતિ કરાતો હું પોતાના નગરમાં પ્રવેશ્યો. ।।૫૩૮।।

શ્લોક :-

गतोऽथ स्वीयमावासं, स्थित्वा राजकुले क्षणम् ।
कृत्वा दैवसिकं कृत्यं, निशि सुप्तः सुखालसः ।।५३९।।

શ્લોકાર્થ :-

રાજકુલમાં ક્ષણ રહીને હવે પોતાના આવાસમાં ગયો. દિવસ સંબંધી કૃત્ય કરીને રાત્રે સુખલાલસાવાળો સુતો. ।।૫૩૯।।

શ્લોક :-

अथैवं चिन्तयामि स्म, तत्त्वज्ञानपराङ्मुखः ।
अहो वैश्वानरस्यायं, प्रभावो भुवनाद्भुतः ।।५४०।।

શ્લોકાર્થ :-

હવે તત્ત્વજ્ઞાન પરાઙ્મુખ એવા મેં આ રીતે ચિંતવન કર્યું. અહો, વૈશ્વાનરનો ભુવનઅદ્ભુત આ પ્રભાવ છે.

નંદીવર્ધન પુણ્ય-પાપના પરમાર્થને વિચારવાને પરાઙ્મુખ માત્ર પોતાના ગુસ્સાનો આ પ્રભાવ છે એમ વિચારે છે. **।।૫૪૦।।**

શ્લોક :-

यत्प्रभावान्मया लोके, लब्धा जयपताकिका ।
अहो प्रभावो हिंसाया, या दुर्द्धर्षं चकार माम् ।।५४१।।

શ્લોકાર્થ :-

જેના પ્રભાવથી=વૈશ્વાનરના પ્રભાવથી, લોકમાં જયપતાકા પ્રાપ્ત થઈ. અહો, હિંસાનો પ્રભાવ છે. જેણીએ=હિંસાએ, મને બલવાન કર્યો. ।।૫૪૧।।

શ્લોક :-

एते मे परमे बन्धू, एते परमदेवते ।
ध्रुवं मे निन्दकः शत्रुः, सुहृत् श्लाघाकृदेतयोः ।।५४२।।

શ્લોકાર્થ :-

આ બંને મારા પરમબંધુ છે=હિંસા અને વૈશ્વાનર પરમબંધુ છે. આ બંને પરમદેવતા છે. નિંદક મારો ધ્રુવ શત્રુ છે=હિંસા અને વૈશ્વાનરના નિંદક કનકશેખર વગેરે મારા ધ્રુવ શત્રુ છે. આ બેની શ્લાઘા કરનાર=હિંસા અને વૈશ્વાનરની શ્લાઘા કરનાર, મિત્ર છે. ।।૫૪૨।।

શ્લોક :-

ताताम्बादीनपृष्ट्वैव रात्रिशेषे ततो गतः ।
अटव्यां मारयामि स्म, सत्त्वान् पापर्धिबद्धधीः ।।५४३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી પિતા-માતાને પૂછ્યા વગર જ રાત્રિશેષમાં હું અટવીમાં ગયો. પાપર્દ્ધિબુદ્ધિવાળા મેં જીવોને માર્યા. ।।૫૪૩।।

શ્લોક :-

कृत्वा खेटकमायातः, सन्ध्यायां भवने निजे ।
नायातः किं कुमारोऽद्य, पिताऽथ विदुरं जगौ ।।५४४।।

શ્લોકાર્થ :-

શિકારને કરીને સંધ્યામાં નિજ ભવનમાં આવ્યો. હવે કુમાર આજે કેમ નથી આવ્યો એ પ્રમાણે વિદુરને પિતાએ કહ્યું. ।।૫૪૪।।

શ્લોક :-

स जगौ जग्मुषा तस्य, गेहं परिजनाच्छ्रुतम् ।
मया निश्येव पापर्द्ध्यै, कुमारः कानने गतः ।।५४५।।

શ્લોકાર્થ :-

તે=વિદુર, બોલ્યો. તેના ઘરે જવાની ઈચ્છાવાળા મારા વડે=વિદુર વડે, પરિજનથી=નંદીવર્ધનના પરિજનથી, સંભળાયું. પાપની ઋદ્ધિ માટે=શિકાર માટે, રાત્રિમાં જ કુમાર જંગલમાં ગયો છે. ।।૫૪૫।।

શ્લોક :-

पुनः पृष्टं कुमारः किमद्यैव मृगयाधिया ।
गतोऽटव्यां किमथवा, यात्येष प्रतिवासरम् ।।५४६।।

શ્લોકાર્થ :-

ફરી પુછાયું=વિદુર વડે પરિજનને ફરી પુછાયું. શું આજે જ શિકારની બુદ્ધિથી કુમાર અટવીમાં ગયો છે અથવા શું પ્રતિદિવસ આ=કુમાર, જાય છે ? ।।૫૪૬।।

શ્લોક :-

तदा परिजनेनोक्तं, हिंसापाणिग्रहोत्तरम् ।
पापर्द्धिमन्तरा क्वापि, दिने न धृतिमेत्ययम् ।।५४७।।

શ્લોકાર્થ :-

ત્યારે પરિજન વડે કહેવાયું. હિંસાના પાણિગ્રહણ પછી=હિંસા આત્મસાત્ થયા પછી, પાપની ઋદ્ધિ=શિકાર વિના, કોઈપણ દિવસ આ=કુમાર, ધૃતિને પામતો નથી. ।।૫૪૭।।

શ્લોક :-

तातोऽथ प्राह विदुर ! कुमारस्य न युज्यते ।
मृगयाव्यसनं पापमस्मद्वंश्यैरनादृतम् ।।५४८।।

શ્લોકાર્થ :-

હવે તાત કહે છે. હે વિદુર ! અમારા વંશજો વડે નહીં સ્વીકારાયેલા પાપરૂપ શિકારનું વ્યસન કુમારને ઘટતું નથી. ।।૫૪૮।।

શ્લોક :-

भार्याऽपसार्या हिंसेयं, तत् कुमारस्य पापभूः ।
विदुरः प्राह सा वैश्वानरवन्निरुपक्रमा ।।५४९।।

શ્લોકાર્થ :-

તે કારણથી=અમારા વંશજોએ હિંસા કરી નથી તે કારણથી, કુમારની પાપની ભૂમિ આ હિંસા ભાર્યા દૂર કરવા યોગ્ય છે. વિદુર કહે છે. વૈશ્વાનરની જેમ તે=હિંસા નિરુપક્રમવાળી છે.

કુમારને જેમ વૈશ્વાનર પ્રત્યે અત્યંત પ્રતિબંધ છે તેમ હિંસા પ્રત્યે પણ અત્યંત પ્રતિબંધ છે તેથી પ્રયત્નથી તેનું વારણ શક્ય નથી એ પ્રમાણે વિદુર કહે છે. **।।૫૪૯।।**

શ્લોક :-

अथवा श्रूयते जैनः, पुरेऽत्र पुनरागतः ।
नैमित्तिकः स एवात्र, प्रष्टव्योऽर्थे रहस्यवित् ।।५५०।।

શ્લોકાર્થ :-

અથવા આ નગરમાં ફરી આવેલ જૈન નૈમિત્તિક સંભળાય છે. આ અર્થમાં રહસ્યને જાણનાર તે જ પ્રષ્ટવ્ય છે=જૈન નૈમિત્તિક પ્રષ્ટવ્ય છે. ।।૫૫૦।।

શ્લોક :-

ततो राज्ञा स आहूतः, प्रतिपत्तिः कृतोचिता ।
पृष्टं कथं कुमारोऽयं, हिंसां त्यक्ष्यति मे वद ।।५५१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી રાજા વડે તે=જૈન નૈમિત્તિક, બોલાવાયો. ઉચિત પ્રતિપત્તિ કરાઈ. પુછાયો. આ કુમાર કેવી રીતે હિંસાને છોડશે મને કહો. ।।૫૫૧।।

શ્લોક :-

जगाद नैमित्तिकपुङ्गवोऽथ गां,
पुरा गुणा यस्य मयोपवर्णिताः ।
शुभाशयस्यास्य महीपतेः प्रिया,
पुरा यथाऽभूत् स्थिरतोपवर्णिता ।।५५२।।
तथा प्रिया तस्य पराऽपराजिता,
जगद्वधूरूपगुणेन वर्तते ।
महातमोग्रन्थिविदारणोद्यता,
प्रशान्तता नाम महोदयावहा ।।५५३।।

શ્લોકાર્થ :-

હવે નૈમિત્તિક વાણીને બોલ્યો. જેના=જે શુભાશયના ગુણો પૂર્વમાં મારા વડે વર્ણન કરાયા, એ શુભાશયરૂપી મહીપતિની પૂર્વમાં જે પ્રમાણે સ્થિરતા વર્ણન કરાયેલી હતી તે પ્રમાણે તેને=શુભાશયને, જગતની સ્ત્રીઓના રૂપના ગુણથી અપરાજિત, મહાતમોગ્રંથિના વિદારણમાં ઉદ્યત, મહાન ઉદયને લાવનારી પ્રશાંતતા નામની બીજી સ્ત્રી વર્તે છે.

નૈમિત્તિકે પૂર્વમાં વૈશ્વાનરના નિવારણના ઉપાયરૂપે શુભાશય રાજાનું વર્ણન કરેલ અને તેની એક સ્થિરતારૂપ સ્ત્રી છે તેનું વર્ણન કરેલ. તેમ શુભાશયની બીજી સ્ત્રી પ્રશાંતતા છે. જે જીવના કષાયોને ઉપશમને અનુકૂળ પરિણતિ

સ્વરૂપ છે. તેથી જગતની સ્ત્રીઓ રૂપગુણથી પ્રશાંતતાનો પરાજય કરવા અસમર્થ છે; કેમ કે જગતની સ્ત્રીઓનું રૂપ બાહ્ય પુદ્ગલોનું છે જ્યારે આ પ્રશાંતતા શુભાશયવાળા જીવની ચિત્તની પરિણતિ સ્વરૂપ છે. તેથી જેનો આત્મા અત્યંત કષાયના શમનની પરિણતિવાળો હોય છે અને જે જીવોને વીતરાગતા જ સારરૂપ જણાય છે તેવા જીવમાં પ્રશાંતતા વર્તે છે. વળી, તે પ્રશાંતતા જીવમાં વર્તતા ગાઢ અંધકારરૂપ કષાયની ગ્રંથિને વિદારણ કરવામાં સમર્થ છે. આથી જ પ્રશાંત પરિણતિવાળા જીવો આત્માના નિરાકુળ સ્વભાવને જોવામાં બાધક તમોગ્રંથિનું વિદારણ કરીને સૂક્ષ્મ સૂક્ષ્મતર આત્માના નિરાકુળ સ્વરૂપને પ્રાપ્ત કરવામાં સદા યત્નશીલ હોય છે અને તેવા જીવો જ્યાં સુધી મોક્ષમાં ન જાય ત્યાં સુધી સદા સુદેવ, સુમાનુષત્વને પ્રાપ્ત કરે છે તેથી તેવા જીવોના મહાઉદયને લાવનારી પ્રશાંતતા છે. **॥૫૫૨-૫૫૩॥**

શ્લોક :-

इयं जनानां हितकारिणी परा,
परार्थसंपादनबद्धशुद्धधीः ।
प्रसादमस्या न विना क्रिया सतां,
फलान्विता स्याद् ध्रुवमिक्षुपुष्पवत् ।।५५४।।

શ્લોકાર્થ :-

આ=પ્રશાંતતા, લોકોને અત્યંત હિતકારી, પરાર્થ સંપાદનમાં બદ્ધશુદ્ધ બુદ્ધિવાળી છે. આના=પ્રશાંતતાના, પ્રસાદ વગર સંતપુરુષોની ક્રિયા ઈક્ષુપુષ્પની જેમ ધ્રુવ ફલાન્વિત ન થાય.

જીવમાં વર્તતી કષાયના ઉપશમની પરિણતિરૂપ પ્રશાંતતા જીવને શાંતરસના સુખને આપનાર હોવાથી, શ્રેષ્ઠ પુણ્યબંધનું કારણ હોવાથી પરાહિતકારી છે. વળી તે પ્રશાંતતા બધા જીવોનું હિત કરવામાં શુદ્ધબદ્ધ બુદ્ધિવાળી છે; કેમ કે પ્રશાંત પરિણતિવાળા જીવો બધા જીવો પ્રત્યે સમભાવની પરિણતિવાળા હોય છે. તેથી પોતાના આત્માના હિતમાં ઉપાદાન ભાવથી યત્ન કરે છે અને પરના હિતમાં નિમિત્તભાવથી યત્ન કરે છે. આથી જ વીરભગવાને તાપસોના અહિતના

પરિહાર અર્થે ચાતુર્માસમાં વિહાર કર્યો. વળી જે જીવોનું ચિત્ત પ્રશમ ભાવવાળું નથી તેઓની ક્રિયા કલ્યાણના કારણરૂપ ફળવાળી થતી નથી. આથી જ સત્ ક્રિયાઓને ફલવાન કરવા માટે પ્રશાંતતા આવશ્યક છે અને સત્ ક્રિયાઓથી તે જ પ્રશાંતતા અતિશય થઈને વિશેષ ફલ આપે છે. **।।૫૫૪।।**

શ્લોક :-

इयं हि लक्ष्मीः पुरुषोत्तमोचिता,
श्रुताम्बुराशेर्मथनात् किलोत्थिता ।
न सङ्गमस्यास्तदुपैत्यभाग्यभृत्,
क्व हारहूराररतिभाक् क्रमेलकः ।।५५५।।

શ્લોકાર્થ :-

શ્રુતરૂપી સમુદ્રના મંથનથી ખરેખર ઊઠેલી આ=પ્રશાંતતા, પુરુષોત્તમને ઉચિત લક્ષ્મી છે. તે કારણથી અભાગ્યવાળો પુરુષ આના=પ્રશાંતતાના, સંગને પામતો નથી, ઊંટ દ્રાક્ષની રતિને ભજનારો ક્યાંથી થાય ?

મહાત્માઓ ભગવાને બતાવેલા શ્રુતરૂપી સમુદ્રનું મંથન કરીને પ્રશાંતતાને પ્રાપ્ત કરે છે. માત્ર શ્રુતઅધ્યયનથી પ્રશાંતતાને પ્રાપ્ત કરી શકતા નથી અને જે પુરુષો ક્લિષ્ટ કર્મના ઉપશમવાળા છે તેવા પુરુષોત્તમને કષાયોના ઉપશમરૂપ પ્રશાંતતા પ્રાપ્ત થાય છે તેથી ભાગ્યહીન જીવો ક્વચિત્ શ્રુતઅધ્યયન કરે, સંયમ ગ્રહણ કરે, બાહ્ય ધર્મ અનુષ્ઠાન સેવે તોપણ પ્રશાંતતાના સંગને પ્રાપ્ત કરી શકતા નથી. જેમ ઊંટને દ્રાક્ષમાં રતિ ક્યારેય થતી નથી તેમ વિશેષ પ્રકારના ગુણસંપત્તિ વગરના જીવોને પ્રશાંતતા ક્યારેય પ્રાપ્ત થતી નથી. **।।૫૫૫।।**

શ્લોક :-

इमां विना संसृतिपारदायिनो,
न लोकलोकोत्तरशास्त्रविभ्रमाः ।
कलां विना किं करनर्तनश्रमाः,
सुशिक्षितां नृत्यरहस्यपारदाः ।।५५६।।

શ્લોકાર્થ :-

આના વગર=પ્રશાંતતા વગર, લોક લોકોત્તર શાસ્ત્રના વિભ્રમો=લોક-શાસ્ત્રનાં અધ્યયનો અને લોકોત્તર શાસ્ત્રનાં અધ્યયનો સંસૃતિના પારને દેનારા નથી=સંસારના પરિભ્રમણના પારને આપનારા નથી. કલા વગર શું સુશિક્ષિતોના કરનર્તના શ્રમો નૃત્યના રહસ્યના પારને દેનારા થાય ?

કોઈ મહાત્મા યોગને બતાવનારાં લોકશાસ્ત્રોને ભણે કે લોકોત્તર શાસ્ત્રોને ભણે તેનાથી તે મહાત્માના ચિત્તમાં શ્રુતના વિકલ્પો વર્તતા હોય તોપણ પ્રશાંતતા વગર સંસારના પરિભ્રમણના પારને દેનારા તે શ્રુતના વિકલ્પો થતા નથી. જેમ નૃત્યના રહસ્યના પારને પામવા માટે નૃત્યની કળા ભણવી આવશ્યક છે તેમ સંસારસાગરથી તરવા માટે પ્રશાંતતારૂપ કળાને સ્થિર કરવા યત્ન કરવો જોઈએ. **॥૫૫૬॥**

શ્લોક :-

तमोभयद्रोहशठत्वमत्सरै-
र्विषादपैशुन्यविपर्ययानृतैः ।
प्रभेव भानो रजनीतमोभरैः,
कदापि नैषाऽत्र सहावतिष्ठते ।।५५७।।

શ્લોકાર્થ :-

અહીં=ચિત્ત સૌંદર્ય નગરમાં, અંધકાર, ભય, દ્રોહ, શઠપણું, મત્સર, વિશાદ, પૈશુન્ય, વિપર્ય અને મૃષાવાદથી સહિત આ=પ્રશાંતતા, ક્યારેય પણ રહેતી નથી. જેમ રાત્રીના અંધકારના સમૂહ સાથે સૂર્યની પ્રભા ક્યારેય રહેતી નથી.

જેના ચિત્તમાં કષાયોની પ્રશાંતતા છે તે જીવોને સતત નિરાકુલ વીતરાગતુલ્ય પોતાનો આત્મા દેખાય છે તેથી તેઓના ચિત્તમાં અંધકાર વર્તતો નથી. આથી જ પરમગુરુનાં દર્શન કરીને તેવા મહાત્માઓ સદા યોગનિરોધ અવસ્થાનું જ સાક્ષાત્ દર્શન કરે છે. વળી, પ્રશાંતતાવાળા મહાત્માઓને ભય વર્તતો નથી; કેમ કે આત્માની અંતરંગ સંપત્તિ સ્વાધીન છે તેનો નાશ શક્ય નથી. જેને

અંતરંગ સંપત્તિ દેખાતી નથી તેને જ બાહ્ય સંપત્તિ પોતાની દેખાય છે અને તેના નાશનો ભય વર્તે છે. પરંતુ પ્રશાંતવાહિતાવાળા મહાત્માને પોતાની સિદ્ધ તુલ્ય નિરાકુળ ચેતના દેખાય છે તેની પ્રાપ્તિ માટે જ સતત યત્ન કરે છે તેથી તેવા મહાત્માઓને ભય પ્રાપ્ત થતો નથી. વળી, તેવા મહાત્માઓમાં આત્માને ઠગવારૂપ શઠત્વ વર્તતું નથી જ તેથી આત્માને જિનવચનથી સમ્યગ્ નિયંત્રિત કરવા માટે અમાયાપૂર્વક પ્રયત્ન કરે છે. વળી, તેવા મહાત્માઓને ગુણોનો અત્યંત રાગ વર્તે છે તેથી કોઈના ગુણોને જોઈને મત્સરભાવ થતો નથી, બાહ્ય સમૃદ્ધિને સમૃદ્ધિરૂપે જોનારા નથી, અંતરંગ સમૃદ્ધિને સમૃદ્ધિરૂપે જોનારા છે તેથી બાહ્ય સમૃદ્ધિના નાશમાં તેઓને વિશાદ થતો નથી. વળી, તેવા મહાત્માઓને પરપંચાત કરવા સ્વરૂપ પૈશુન્યની પરિણતિ વર્તતી નથી. આત્માના પારમાર્થિક સ્વરૂપનો વિપર્યાસ વર્તતો નથી, કષાયોને વશ વચનપ્રયોગ કરવારૂપ અનૃત વર્તતું નથી. **॥૫૫૭॥**

શ્લોક :-

दयाऽभिधाऽस्या दुहिता हितावहा,
महाव्रतादिस्वकबन्धुसन्ततेः ।
जयत्यविद्यावनवह्निसन्निभाऽ-
नवद्यविद्याम्बुनिधौ विधुप्रभा ।।५५८।।

શ્લોકાર્થ :-

આની=પ્રશાંતતાની, મહાવ્રતાદિ પોતાના બંધુ સંતતિના હિતને કરનારી અવિદ્યારૂપી વન માટે અગ્નિ જેવી અનવદ્ય વિદ્યારૂપી સમુદ્રમાં ચંદ્રની પ્રભારૂપ દયા નામની પુત્રી જય પામે છે.

જીવમાં શુભાશય પ્રગટે છે ત્યારપછી શ્રુતઅધ્યયનના બળથી પ્રશાંતતા પ્રગટે છે, તેના બળથી જીવમાં પોતાના આત્માની અને સર્વ જીવોની દયા વર્તે છે તેથી પોતાને કે અન્યને પીડા ન કરે, કષાયોના ઉદ્રેકની વિડંબના ન કરે તેવી નિર્મળ પરિણતિ વર્તે છે જે દયાના મહાવ્રતાદિરૂપ બંધુઓ છે. તે દયા જીવના હિતને કરનારી છે; કેમ કે દયાના પ્રભાવથી મહાવ્રતાદિ પારમાર્થિક સ્વરૂપને સ્પર્શે છે. વળી, તે દયા આત્મામાં પોતાના અજ્ઞાનરૂપ જે અવિદ્યા છે તેને નાશ કરવા માટે અગ્નિતુલ્ય છે. વળી, નિષ્પાપ એવો જે આત્મામાં વિદ્યારૂપી સમુદ્ર

છે તેમાં ચંદ્રની પ્રભા સ્વરૂપ તે દયા છે તેથી નિષ્પાપની વિદ્યા સતત દયાના બળથી વૃદ્ધિ પામે છે, જેમ ચંદ્રની પ્રભાથી દરિયામાં પાણીનો પ્રવાહ વૃદ્ધિ પામે છે. **॥૫૫૮॥**

શ્લોક :-

अदः कटाक्षादपि रूपमाप्यते,
जनैः शचीलोचनभृङ्गलोभकृत् ।
सहस्रजिह्वोऽपि कथं नु वर्णयेत्,
तदेतदङ्गाद्भुतरूपसंपदम् ।।५५९।।

શ્લોકાર્થ :-

જનો વડે ઈન્દ્રાણીના લોચનરૂપ ભમરાને લોભ કરનાર આ રૂપ=દયાનું રૂપ, કટાક્ષથી પણ પ્રાપ્ત કરાય છે, તે આ અંગની અદ્ભુતરૂપ સંપદાને હજાર જીભવાળો પણ કહેવા માટે સમર્થ નથી.

જે જીવોને કંઈક દયાનું રૂપ પ્રાપ્ત થાય છે તે પણ ઇન્દ્રાણીતુલ્ય આત્માની નિર્મળ પરિણતિને લોભાવનારી છે, તેથી સ્પષ્ટ તે દયાના સ્વરૂપનું વર્ણન હજાર જિહ્વાવાળો પણ કરવા સમર્થ નથી.

વચન, અગોચર સ્વસંવેદનથી અનુભવ થનારું દયાનું શ્રેષ્ઠ સ્વરૂપ છે. **॥૫૫૯॥**

શ્લોક :-

विशालमस्या विजितेन्दुमण्डलं,
विभाति सत्त्वाभयदानमाननम् ।
नितान्तदीर्घं च सरोजसुन्दरं,
विवेकबोधाभिधमीक्षणद्वयम् ।।५६०।।

શ્લોકાર્થ :-

જીવોના અભયના દાનરૂપ આણીનું=દયાનું, જીત્યું છે ચંદ્રનું મંડલ એવું વિશાલ, મુખ શોભે છે, અને અત્યંત લાંબાં, કમળ જેવાં સુંદર, વિવેક અને બોધ નામનાં ચક્ષુદ્વય શોભે છે.

તે દયા છ જીવનિકાયના જીવોને અભયદાન દેનારી દયા છે તેથી તેવું ઉત્તમ મુખ તેનું શોભાયમાન છે. વળી, વિવેક અને બોધ રૂપ તેનાં ચક્ષુ-યુગલ છે, તેથી બાહ્ય પદાર્થોથી ભિન્ન નિરાકુળ આત્મા છે તેવો સૂક્ષ્મબોધ સતત તે દયાળુ જીવોને વર્તે છે, આથી જ સર્વત્ર અસંશ્લેષની પરિણતિમાં દૃઢ યત્ન કરીને તેવા મહાત્મા પોતાના આત્મામાં ભાવપ્રાણોનું રક્ષણ કરે છે અને નિમિત્તભાવથી સર્વ જીવોનું રક્ષણ કરે છે. **॥૫૬૦॥**

શ્લોક :-

सुदानदुःखप्रणिघातसंज्ञितौ,
स्तनावमुष्या द्रढिमानमाश्रितौ ।
शमाभिधानं जघनस्थलं दम-
स्थितिश्च नाभिस्तनुते जगन्मुदम् ।।५६१।।

શ્લોકાર્થ :-

સુદાન અને દુઃખપ્રણિઘાત સંજ્ઞાવાળા બે સ્તનો આણીના=દયાના દૃઢ એવા દેહને આશ્રિત છે. શમ નામનું જઘનસ્થલ અને દમની સ્થિતિરૂપ નાભિ જગતના આનંદને વિસ્તારે છે.

જે જીવોમાં વિવેકયુક્ત દયાની પરિણતિ પ્રગટી છે તે જીવો જગતને સન્માર્ગનું સુદાન કરે છે અને જગતના જીવોનાં દુઃખોના નાશને કરે છે તે રૂપ દયાની પરિણતિના બે સ્તનો છે અને તેવા દયાળુ જીવો કષાયોના શમન માટે સદા યત્ન કરનારા છે તે દયાનું જઘનસ્થલ છે અને તેવા દયાળુ સ્વભાવવાળા મહાત્માઓ ઇન્દ્રિયોનું સદા દમન કરે છે તે દયાના નાભિસ્થાનરૂપ છે અને તેઓનું ઇન્દ્રિયોનું દમન જગતના જીવોને ઉપદ્રવને નહિ કરનાર હોવાથી આનંદને કરે છે; કેમ કે જેઓ ઇન્દ્રિયોનું દમન કરતા નથી તેઓ જગત માટે ઉપદ્રવ રૂપ છે. **॥૫૬૧॥**

શ્લોક :-

अधर्मधर्मार्थपरीक्षणाभिधं,
मनोज्ञमस्यास्ततमूरुयामलम् ।

अगण्यलावण्यसुधाऽस्य वर्ण्यतां,
कियत्यभेदानुभवं विना बुधैः ।।५६२।।

શ્લોકાર્થ :-

અધર્મ અને ધર્મના અર્થના પરીક્ષણ નામના મનોજ્ઞ આણીના=દયાના, વિસ્તૃત ઊરુયુગલ છે. અભેદ અનુભવ વગર=દયાની પરિણતિ સાથે પોતાના અભેદ અનુભવ વગર, બુધ પુરુષો વડે આના=દયાના, અગણ્ય-લાવણ્યરૂપી અમૃતનું કેટલું વર્ણન થઈ શકે ?=અભેદ અનુભવ વગર થઈ શકે નહીં.

જે જીવોમાં શુભાશય અને પ્રશાંતતાથી ષટ્કાયના પાલનના અધ્યવસાયરૂપ દયાની પરિણતિ પ્રગટેલી છે તે જીવો સતત પારમાર્થિક ધર્મ શું છે અને પારમાર્થિક અધર્મ શું છે તેની નિપુણપ્રજ્ઞાથી પરીક્ષા કરતા હોય છે; કેમ કે અધર્મથી આત્માનું રક્ષણ કરીને ધર્મમાં યત્ન કરવામાં આવે તો સ્વ-પરની પારમાર્થિક દયા પ્રગટી શકે. વળી, જે બુધ પુરુષોને તેવી દયાની પરિણતિનો સ્વાનુભવ નથી તેઓ તે દયાના અગણ્યલાવણ્યના અમૃતનું વર્ણન કરવા સમર્થ થતા નથી. પરંતુ જેઓને તે દયાની પરિણતિ સ્વસંવેદન સિદ્ધ છે તેઓ જ તે દયા કેવી સુંદર પરિણતિવાળી છે તેના સ્વરૂપને જાણવા સમર્થ છે. **॥૫૬૨॥**

શ્લોક :-

सदाऽङ्गदोषैः परिवर्जिताऽप्यसा-
वनङ्गदुष्टा न कदापि वीक्ष्यते ।
अचिन्त्यशक्तिर्जगदद्भुतावहा,
गतातिचाराऽपि शिवाध्वधाविनी ।।५६३।।

શ્લોકાર્થ :-

સદા અંગના દોષોથી પરિવર્જિત પણ આ=દયા, અનંગદુષ્ટ=કામના વિકારોથી દુષ્ટ, ક્યારેય પણ જોવાતી નથી. અચિંત્યશક્તિવાળી જગતમાં અદ્ભુતને લાવનારી ગત અતિચારવાળી પણ મોક્ષમાર્ગમાં અસ્ખલિત જનારી છે.

જે જીવોમાં ષટ્કાયના પાલનના અધ્યવસાયની પરિણતિરૂપ સમભાવની પરિણતિ સ્ફુરાયમાન થાય છે તે જીવોમાં વર્તતી સમભાવની પરિણતિમાં કોઈ અંગોના દોષો નથી પરંતુ સર્વ પ્રકારે દોષોથી રહિત છે. છતાં તેવી દયાવાળા જીવોને કામના દુષ્ટ વિકારો ક્યારેય પણ સ્પર્શતા નથી પરંતુ સતત નિર્વિકારી ચિત્તવૃત્તિ વર્તે છે. વળી, આ દયાની પરિણતિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વ પ્રકારની ક્ષયોપશમભાવની લબ્ધિઓ પ્રાપ્ત કરાવે છે તેથી અચિંત્ય શક્તિવાળી છે. જગતમાં અદ્ભુત એવી અણિમા, ગરિમાદિ લબ્ધિઓને લાવનારી છે. વળી, અતિચારથી રહિત હોવા છતાં સતત વીતરાગતાને અભિમુખ જનારી હોવાથી મોક્ષમાર્ગમાં સુપ્રસ્થિત છે. **॥૫૬૩॥**

શ્લોક :-

यदैष धीरः परिणेष्यति प्रिया-
मिमां कुमारः कमनीयविग्रहः ।
विधाय वक्त्रं मलिनं किलान्तिकात्,
तदाऽस्य हिंसा स्वयमेव यास्यति ।।५६४।।

શ્લોકાર્થ :-

જ્યારે આ ધીર, કમનીય શરીરવાળો કુમાર=નંદીવર્ધન, આ પ્રિયાને=દયાને, પરણશે, ત્યારે મુખ મલિન કરીને આના પાસેથી=નંદીવર્ધન પાસેથી, હિંસા સ્વયં જ ચાલી જશે.

જ્યારે નંદીવર્ધન પ્રશાંતતાની પુત્રી દયાને પરણશે ત્યારે સતત આત્માના નિરાકુળ સ્વભાવ માટે દૃઢ યત્ન કરશે ત્યારે તેના ચિત્તમાંથી સંપૂર્ણ હિંસા જશે અને સ્વ-પરના દ્રવ્યપ્રાણના અને ભાવપ્રાણના રક્ષણને અનુકૂળ અહિંસાની પરિણતિ સ્ફુરાયમાન થશે. જો કે નંદીવર્ધન જે રીતે શિકારાદિ કરે છે તેવી હિંસા નહીં કરનારા જીવોમાં નંદીવર્ધન જેવી હિંસા નથી તોપણ પોતપોતાની ભૂમિકાનુસાર કષાયો કરે છે, આરંભ-સમારંભ કરે છે તેથી તેઓમાં હિંસાની પરિણતિ વર્તે છે. ફક્ત સમ્યગ્દૃષ્ટિ જીવો હિંસાને અધર્મરૂપે જાણે છે અને અહિંસાને ધર્મરૂપે જાણે છે તેથી સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાના ભાવપ્રાણના રક્ષણના

અર્થી હોવાથી મુનિભાવનું પારમાર્થિક સ્વરૂપ સદા ભાવન કરે છે અને તેને પ્રગટ કરવા અર્થે શક્તિ અનુસાર પ્રયત્ન કરે છે તેથી તેઓમાં વર્તતી હિંસાની પરિણતિ અનુબંધ વગરની છે અને જેઓમાં તેવો વિવેક પ્રગટ્યો નથી. તેઓ જે કંઈ અલ્પ પણ કષાયની પરિણતિ કરે છે અને આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરે છે તે સાનુબંધ હોવાથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને નંદીવર્ધન જેવી હિંસામાં પર્યવસન પામે તેવી છે. આથી જ કનકશેખર સમ્યક્ત્વ સહિત દેશવિરતિને પામેલ હોવાથી યુદ્ધો આદિ કરે છે ત્યારે બાહ્ય હિંસા કરે છે, ભોગાદિ કરે છે ત્યારે કષાયના સંશ્લેષરૂપ અંતરંગ હિંસા કરે છે, તોપણ સમ્યક્ત્વની નિર્મળ દૃષ્ટિ હોવાથી સાધુધર્મના પરિભાવનના બળથી સંપૂર્ણ અહિંસાને અભિમુખ ચિત્તના નિર્માણને અનુકૂળ સદા યત્ન કરે છે તેથી તેમની હિંસા હિંસાના અનુબંધ વગરની હતી. અહિંસામાં પર્યવસન પામે તેવી હતી. જ્યારે અવિવેકી જીવોની હિંસા કે અહિંસા હિંસામાં જ પર્યવસન પામે છે. આથી જ સુમતિએ સંયમ ગ્રહણ કરીને છઠ્ઠના પારણે છઠ્ઠ કરીને પણ પરમાધામીપણું પ્રાપ્ત કર્યું. તેથી તેની સંયમજીવનની અહિંસા પણ હિંસામાં જ પર્યવસન પામી. **॥૫૬૪॥**

શ્લોક :-

इयं हि पापा धृतदाहसाहसा,
स्वभावतः सा हिमशीतलाऽमला ।
विरोधनिष्ठा तदिहानयोर्ध्रुवा,
सदातनी तोयहुताशयोरिव ।।५६५।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, આ=હિંસા સ્વભાવથી ધૃતદાહના સાહસવાળી પાપી છે. તે=દયા, હિમ જેવી શીતલ અને અમલા છે. તે કારણથી અહીં=એક જીવમાં, આ બેની અગ્નિ અને પાણીની જેમ સદાતન ધ્રુવ વિરોધની નિષ્ઠા છે.

હિંસા સ્વભાવથી જ જીવને દાહ કરનારા સ્વભાવવાળી છે આથી જ જે જીવોમાં જેટલી કષાયની પરિણતિ વર્તે છે તે અંશથી તેનો આત્મા સ્વયં

કષાયથી બળે છે અને બીજાને દેહાદિની પીડા કરીને કે કષાય આદિ ઉત્પન્ન કરીને બાળે છે. વળી, દયાની પરિણતિ નિર્મળ જીવની પરિણતિ છે અને હિમ જેવી શીતળ પરિણતિ છે; કેમ કે દયાળુ સ્વભાવવાળા જીવોને આત્માની વીતરાગ અવસ્થામાં જ તત્ત્વ દેખાય છે તેથી પોતાના આત્માનું કષાયોથી રક્ષણ કરીને પોતાની દયા કરે છે અને બીજા જીવોનું પણ અહિત ન થાય તે પ્રકારની દયાની પરિણતિ ધારણ કરે છે, તેથી હિમ જેવા શીતલ હોય છે. ફક્ત તેવી દયા નિર્લેપ મુનિઓ જ ધારણ કરી શકે છે તોપણ સમ્યગ્દૃષ્ટિ જીવોને તેના પ્રત્યે તેવો બદ્ધરાગ હોય છે અને હિંસાની પરિણતિ પ્રત્યે દ્વેષભાવ હોય છે તેથી પોતાનામાં વર્તતા કષાયોના ક્લેશને ક્ષીણ કરવા સતત યત્ન કરે છે અને મુનિભાવને અનુકૂળ બળસંચય કરે છે તેથી હિંસા અને દયા વચ્ચે સદા વિરોધ છે. જેમ અગ્નિ અને પાણી=જેમ અગ્નિ અને પાણી સાથે પ્રાપ્ત થાય તો પાણી અગ્નિને બુઝાવે છે અને અગ્નિ પાણીને બાળે છે તેથી જે બળવાન હોય તે નિર્બળનો નાશ કરે છે તેમ જીવમાં અંશ અંશથી દયા પ્રગટે છે અને તે સાનુબંધવાળી હોય તો હિંસાનો નાશ કરે છે અને જીવમાં હિંસા પ્રગટે અને તે સાનુબંધવાળી હોય તો પ્રગટ થયેલી દયાનો પણ નાશ કરે છે. **॥૫૬૫॥**

શ્લોક :-

विरोधमैकाधिकरण्यमुद्रणा-
मपि व्यतिक्रम्य बिभर्ति साऽनया ।
न वैरितां सिद्धदयावतां मिथो,
व्रजन्ति पार्श्वेऽपि हि हिंस्रजन्तवः ।।५६६।।

શ્લોકાર્થ :-

એક અધિકરણની મર્યાદાને પણ ઓળંગીને તે=દયા, આણીની સાથે=હિંસાની સાથે વિરોધને ધારણ કરે છે. સિદ્ધ દયાવાળા જીવોની પાસે પણ હિંસાવાળા જીવો પરસ્પર વૈરિતાનો પામતા નથી.

સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોમાં દયા અને હિંસા એક અધિકરણની મર્યાદાથી રહેલ છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાના આત્માની દયા કરે છે અને બીજા

જીવો પ્રત્યે પણ દયા કરે છે આથી સમ્યક્ત્વનું અનુકંપા લિંગ છે. વળી, સમ્યગ્દૃષ્ટિ જીવોમાં અવિરતિ આપાદક કષાયો છે જેથી કષાયોને વશ આરંભ-સમારંભ કરે છે, પોતાના ભાવપ્રાણોનો પણ ક્યારેક નાશ કરે છે તોપણ એક અધિકરણની મર્યાદાને ઓળંગીને સમ્યગ્દૃષ્ટિ જીવમાં રહેલી દયા હિંસા સાથે વિરોધને ધારણ કરે છે; કેમ કે મિત્રની જેમ દયા અને હિંસા સમ્યગ્દૃષ્ટિના ચિત્તમાં સાથે રહેતી નથી પરંતુ હિંસાને સતત ક્ષીણ કરે છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવો સદા સાધુધર્મનું સ્મરણ કરીને પરમ દયાળુ થવા ઇચ્છે છે. વળી, જે જીવોને દયા પ્રકૃતિરૂપ સિદ્ધ થયેલી છે તેવા જીવો પાસે હિંસક જીવો પણ વૈરિતાનો ત્યાગ કરે છે. **॥૫૬૬॥**

શ્લોક :-

तदाह तातः परिणेष्यति प्रियां,
कदा दयां तां वद नन्दिवर्धनः ।
निमित्तवित् प्राह यदा शुभाशयः,
प्रदास्यति प्राप्स्यति तामयं तदा ।।५६७।।

શ્લોકાર્થ :-

ત્યારે=શ્લોક-૫૫૨થી અત્યાર સુધી નૈમિત્તિકે કહ્યું ત્યારે, પિતાએ કહ્યું. નંદીવર્ધન દયારૂપ તે પ્રિયાને ક્યારે પરણશે ? તું કહે. નિમિત્તને જાણનાર કહે છે, જ્યારે શુભાશય આપશે ત્યારે આ=નંદીવર્ધન પ્રાપ્ત કરશે.

જ્યારે નંદીવર્ધનમાં પોતાના આત્માની અને જગતના જીવોની દયાને અનુકૂળ પરિણતિરૂપ શુભાશય પ્રગટશે તે જ શુભાશય તેને ક્રમસર દયારૂપી કન્યાને આપશે; કેમ કે જે જીવોને પોતાના આત્માને કષાયોથી રક્ષણ કરવાનો પરિણામ થાય છે એવા શુભાશયવાળા જીવો ભાવસાધુના ઉત્તમ ચિત્તનું નિત્ય સ્મરણ કરીને સદા સમિતિગુપ્તિની નિર્મળ પરિણતિવાળા થાય છે. ત્યારે ષટ્કાયના પાલનની પરિણતિરૂપ દયા તેઓમાં પ્રગટ થાય છે. **॥૫૬૭॥**

શ્લોક :-

कदा स दातेति नृपेण भाषिते,
जगावयं दापयिता यदा स्वयम् ।
विचारयन् कालपरिणतिप्रिया-
धियाऽथ पृष्ट्वा भगिनीं जनस्थितिम् ।।५६८।।
स्वभावसंज्ञाय महत्तमाय च,
प्रकाश्य चास्यैव सदाऽनुयायिनीम् ।
प्रसाद्य गूढां भवितव्यतां प्रियां,
स्ववर्गमुच्चैरनुगम्य कर्मराट् ।।५६९।।

શ્લોકાર્થ :-

તે=શુભાશય, ક્યારે આપશે, એ પ્રમાણે રાજા વડે કહેવાય છતે, આ=નૈમિત્તક, બોલ્યો, જ્યારે કાલપરિણતિરૂપ પ્રિયાની બુદ્ધિ સાથે સ્વયં વિચાર કરતો, લોકસ્થિતિરૂપ બહેનને પૂછીને, સ્વભાવ સંજ્ઞાવાળા મહત્તમને પ્રકાશિત કરીને આની જ=નંદીવર્ધનની જ, સદા અનુસરનારી ગૂઢ એવી ભવિતવ્યતારૂપ પ્રિયાને પ્રસાદ કરીને, સ્વવર્ગનું અત્યંત અનુસરણ કરીને=કર્મોના અવાંતર ભેદોનું અત્યંત અનુસરણ કરીને કર્મરાજા આપનાર છે.

નૈમિત્તિક કહે છે જ્યારે નંદીવર્ધનનાં કર્મો તે પ્રકારનાં અલ્પ થશે ત્યારે દયાની પ્રાપ્તિને અનુકૂળ પરિણતિવાળાં તે કર્મો નંદીવર્ધનને દયા નામની કન્યા આપશે અને તે વખતે નંદીવર્ધનની કાલપરિણતિ પણ દયાની પ્રાપ્તિને અનુકૂલ હશે અને લોકસ્થિતિ પણ પોતાની મર્યાદાથી સદા પ્રવર્તે છે તે પણ નંદીવર્ધનના જીવને આશ્રયીને દયાની પરિણતિને અનુકૂળ હશે. વળી, નંદીવર્ધનનો પોતાનો સ્વભાવ પણ ત્યારે દયાની પરિણતિની પ્રાપ્તિને અનુકૂળ હશે. વળી, નંદીવર્ધનની ભવિતવ્યતા સદા નંદીવર્ધનને અનુસરનારી છે અને તે અત્યંત ગૂઢ છે તેથી ક્યારેક નંદીવર્ધનનું અહિત પણ કરે છે અને ક્યારેક હિત પણ કરે છે, તેવી ગૂઢ પણ ભવિતવ્યતા નંદીવર્ધનને દયાની પ્રાપ્તિને અનુકૂળ હશે અને નંદીવર્ધનનાં

અન્ય સર્વ કર્મો પણ દયાની પ્રાપ્તિને અનુકૂળ હશે તેથી ઉત્તમ કુળ આદિને આપીને તે પ્રકારનાં નંદીવર્ધનના જીવનાં કર્મો જ દયાની પરિણતિ આપશે. **॥૫૬૮-૫૬૯॥**

શ્લોક :-

ततः किमेतर्हि विगर्हिताशये,
विधेयमित्याहितवाचि पार्थिवे ।
निमित्तवित् प्राह किलाधुना हिता,
भवत्युपेक्षा भवतां च मौनिता ।।५७०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=નિમિત્તકે કહ્યું કે કર્મપરિણામ રાજા દયા નામની કન્યા આપશે ત્યારપછી, આ સમયમાં=જ્યારે નંદીવર્ધન કોઈનું સાંભળતો નથી તેવા સમયમાં, વિગર્હિત આશય હોતે છતે=નંદીવર્ધનમાં જીવોની હિંસા કરવાને અનુકૂળ દુષ્ટ આશય હોતે છતે, શું કરવું જોઈએ ? એ પ્રમાણે બોલાયેલા વચનવાળા રાજા હોતે છતે નૈમિત્તક કહે છે. ખરેખર હમણાં તમારી ઉપેક્ષા હિત છે અને તમારી મૌનિતા હિત છે.

વર્તમાનમાં નંદીવર્ધન અતિ ક્રૂર આશયવાળો છે, સુધરે એવો નથી તેથી નૈમિત્તક કહે છે તેની તે પ્રવૃત્તિ પ્રત્યે ઉપેક્ષા ઉચિત છે અને મૌન લેવું ઉચિત છે. **॥૫૭૦॥**

શ્લોક :-

श्रुत्वेति पित्रा संपूज्य, प्रहितोऽथ निमित्तवित् ।
गतेषु केषुचिज्जाता, दिनेषु च पितुर्मतिः ।।५७१।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે સાંભળીને=નૈમિત્તિકે કહ્યું એ પ્રમાણે સાંભળી, પૂજીને પિતા વડે હવે નૈમિત્તિક મોકલાવાયો, કેટલાક દિવસો ગયે છતે પિતાને મતિ થઈ. ।।૫૭૧।।

શ્લોક :-

युवराजं करोम्येनमानन्दी नन्दिवर्धनम् ।
महत्तमानामथ तद्, ज्ञापितं स्वीकृतं च तैः ।।५७२।।

શ્લોકાર્થ :-

આનંદી એવો હું આ નંદીવર્ધનને યુવરાજ કરું. હવે મહત્તમોને આ જ્ઞાપન કરાયું, તેઓ વડે સ્વીકાર કરાયું. ।।૫૭૨।।

શ્લોક :-

कृताभिषेकसामग्री, समाहूतोऽहमञ्जसा,
अत्रान्तरे प्रतीहारी, प्रणिपत्य व्यजिज्ञपत् ।।५७३।।

શ્લોકાર્થ :-

કરેલ છે અભિષેકની સામગ્રી જેની એવો હું શીઘ્ર બોલાવાયો, એટલામાં પ્રતિહારી નમસ્કાર કરીને બોલી. ।।૫૭૩।।

શ્લોક :-

देवारिदमनस्यास्ति, स्फुटवाक्यो महत्तमः ।
द्वारि तत्र निदेशः कस्तातेनोक्तं प्रवेशय ।।५७४।।

શ્લોકાર્થ :-

હે દેવ ! અરિદમનનો સ્ફુટવાક્ય નામનો મહત્તમ દ્વારમાં છે. ત્યાં નિદેશ શું છે ?=આજ્ઞા શું છે ? તાત વડે કહેવાયું, પ્રવેશ કરાવાય. ।।૫૭૪।।

શ્લોક :-

ततः प्रवेशितः प्राह, स तातं विदितो गुणैः ।
अस्ति राजाऽरिदमनः, शार्दूलपुरनायकः ।।५७५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી પ્રવેશ કરાવેલ તે=સ્ફુટવાક્ય, તાતને કહે છે, ગુણોથી વિદિત શાર્દૂલપુરનો નાયક અરિદમન નામનો રાજા છે. ।।૫૭૫।।

શ્લોક :-

रतिचूला महादेवी, तस्यास्ति रतिजित्वरी ।
तस्या मदनमञ्जूषा, दुहिताऽस्ति गुणोदधिः ।।५७६।।

શ્લોકાર્થ :-

તેની રતિને જીતનારી રતિચૂલા મહાદેવી છે, તેણીને મદનમંજૂષા ગુણનો સમુદ્ર એવી પુત્રી છે. ।।૫૭૬।।

શ્લોક :-

तया लोकप्रवादेनाकर्णितो नन्दिवर्धनः ।
गुणाढ्य इति रागोस्या, ववृधेऽस्मिन्नकृत्रिमः ।।५७७।।

શ્લોકાર્થ :-

તેણી વડે લોકપ્રવાદથી નંદીવર્ધન ગુણાઢ્ય સંભળાયો, એથી કરીને આણીનો=મદનમંજૂષાનો, અકૃત્રિમ રાગ આમાં=નંદીવર્ધનમાં વધ્યો. ।।૫૭૭।।

શ્લોક :-

स्वाशयो रतिचूलायै, तया मात्रे निवेदितः ।
नृपायोक्तस्तया तेन, दित्सुना प्रहितोऽस्मि ताम् ।।५७८।।

શ્લોકાર્થ :-

તેણી વડે=મદનમંજૂષા વડે, રતિચૂલા માતાને પોતાનો આશય નિવેદન કર્યો, તેણી વડે=રતિચૂલા વડે, રાજાને કહેવાયો, તેણીને=મદનમંજૂષાને, આપવાની ઈચ્છાવાળા રાજા વડે હું=સ્ફુટવાક્ય, મોકલાવાયો છું. ।।૫૭૮।।

શ્લોક :-

तातेन प्रतिपन्नं तद्, वचनं मन्त्रिणो गिरा ।
मयाथोक्तमितः स्थानात्, कियद्दूरे पुरं तव ।।५७९।।

શ્લોકાર્થ :-

પિતા વડે મંત્રીની વાણીથી તે વચન સ્વીકારાયું, મારા વડે હવે કહેવાયું – આ સ્થાનથી તારું નગર કેટલું દૂર છે ? ।।૫૭૯।।

શ્લોક :-

स्फुटवाक् प्राह सार्धे तद्, योजनानां शते स्थितम् ।
मयोक्तमेवं मा वादीर्गव्यूतोने वदाथ तत् ।।५८०।।

શ્લોકાર્થ :-

સ્ફુટવાક્ કહે છે – અર્ધ સહિત ૧૦૦ યોજન તે રહેલું છે. મારા વડે કહેવાયું=નંદીવર્ધન વડે કહેવાયું, આ પ્રમાણે ન કહે, ગવ્યૂત ઊન હોતે છતે તે તું કહે. ।।૫૮૦।।

શ્લોક :-

जगौ सोऽथ कुमार ! त्वं, न तथ्यं ज्ञातवानसि ।
त्वया बाल्ये श्रुतं भावि, मया भूयो विनिश्चितम् ।।५८१।।

શ્લોકાર્થ :-

તે બોલ્યો હે કુમાર ! તું તથ્ય જાણતો નથી, તારા વડે બાલ્યમાં સંભળાયેલું હશે, મારા વડે અત્યંત નિશ્ચિત કરાયું છે. ।।૫૮૧।।

શ્લોક :-

मामलीकं करोत्येष, इति चिन्तयतोऽथ मे ।
वैश्वानरेणोल्लसितं, हसितं हिंसया तदा ।।५८२।।

શ્લોકાર્થ :-

આ=સ્ફુટવાક્, મને જુઠ્ઠો કહે છે, એ પ્રમાણે વિચારતા મને વૈશ્વાનર વડે ઉલ્લસિત કરાયો, ત્યારે હિંસા વડે હસિત કરાયો=મારા ચિત્તમાં ક્રોધ અતિશય ઉલ્લસિત થયો અને હિંસાનો પરિણામ પ્રગટ થયો. ।।૫૮૨।।

શ્લોક :-

प्रयुज्य ते योगशक्तिं, तनौ विविशतुर्मम ।
प्रलयाग्निरहं जातः, समाकृष्टोऽसिरुच्चकैः ।।५८३।।

શ્લોકાર્થ :-

તે બંને=વૈશ્વાનર અને હિંસા, યોગશક્તિનો પ્રયોગ કરીને, મારા શરીરમાં બેઠાં, હું પ્રલય અગ્નિવાળો થયો, ઊંચેથી તલવાર ખેંચી. ।।૫૮૩।।

શ્લોક :-

पुण्योदयस्तदा दध्यौ, मम पूर्णोऽधुनाऽवधिः ।
अतः परं न मत्संगयोग्योऽयं नन्दिवर्धनः ।।५८४।।

શ્લોકાર્થ :-

ત્યારે પુણ્યોદયે વિચાર્યું, હવે મારી અવધિ પૂર્ણ થઈ, હવે પછી મારા સંગમને યોગ્ય આ નંદીવર્ધન નથી.

બાહ્ય ખ્યાતિ, સફળતા આદિ ભાવો થાય તેવો અનુકૂળ નંદીવર્ધનનો પુણ્યોદય અત્યારસુધી વિપાકમાં હતો, તે હવે પૂર્ણ થાય છે. તેથી હવે તેવાં કાર્યો નંદીવર્ધનને પ્રાપ્ત કરવાનું કારણ એવો પુણ્યોદય જાય છે. **।।૫૮૪।।**

શ્લોક :-

इतोऽपक्रमणं श्रेय इति ध्यात्वा स निर्गतः ।
मया हाहारवं कुर्वन्, स दूतो द्विदलः कृतः ।।५८५।।

શ્લોકાર્થ :-

આથી=નંદીવર્ધન યોગ્ય નથી આથી, અપક્રમણ શ્રેય છે એ પ્રમાણે વિચારીને તે=પુણ્યોદય, ગયો=નંદીવર્ધનના અંતરંગ સમૃદ્ધિમાંથી ગયો. મારા વડે=નંદીવર્ધન વડે, હાહારવ કરતો તે દૂત બે ટુકડા કરાયો. ।।૫૮૫।।

શ્લોક :-

ततो हा पुत्र ! किमिदमकर्तव्यमनुष्ठितम् ।
वदन्निति पितोत्थाय, मम संमुखमागतः ।।५८६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી અરે પુત્ર ! આ શું અકર્તવ્ય કરાયું, એ પ્રમાણે બોલતા પિતા ઊઠીને મારી સન્મુખ આવ્યા. ।।૫૮૬।।

શ્લોક :-

ध्यातं मयाऽयमप्येतद्रूप एव दुराशयः ।
मामकार्यकृतं ब्रूते, हन्तव्योऽयमपि द्रुतम् ।।५८७।।

શ્લોકાર્થ :-

મારા વડે વિચારાયું, આ પણ=પિતા પણ, આવા રૂપવાળા જ દુરાશય છે=સ્ફુટવાક્ જેવા જ દુરાશય છે, અકાર્યને કરનાર મને કહે છે, આ પણ=પિતા પણ, શીઘ્ર હણવા જોઈએ. ।।૫૮૭।।

શ્લોક :-

इति विस्मृत्य तातत्वमज्ञात्वा स्नेहपूर्णताम् ।
उपकारित्वमध्यात्वाऽनालोच्य दुरितागमम् ।।५८८।।
कर्मचण्डालतां धृत्वा, तातोऽपि दलितोऽसिना ।
आक्रन्दन्ती ततो माता, ग्रहीतुमसिमागता ।।५८९।।
छिन्ना साऽपि च खड्गेन, वैरिणीति धिया मया ।
अथ त्रीण्यपि लग्नानि, युगपद्भुजयोर्मम ।।५९०।।
अन्याय्यं किंकृतमिति, पूत्कुर्वन् शीलवर्धनः ।
निवारणोद्यता रत्नवती च मणिमञ्जरी ।।५९१।।
एकैकेन प्रहारेण, हतानि त्रीण्यपि क्षणात् ।
अधावच्चेदमाकर्ण्य, द्रुतं कनकमञ्जरी ।।५९२।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે વિચારીને સ્નેહપૂર્ણતારૂપ પિતાપણાને નહીં જાણીને, ઉપકારીપણાને નહીં વિચારીને, દુરિતના આગમનું અનાલોચન કરીને=અનર્થોની

પરંપરાના આગમનું અનાલોચન કરીને, કર્મચંડાલતાને ધારણ કરીને તલવારથી પિતા પણ મારી નંખાયા, તેથી આક્રંદ કરતી માતા તલવારને ગ્રહણ કરવા માટે આવી. તે પણ વૈરિણી છે એ પ્રકારની બુદ્ધિથી મારા વડે ખડ્ગથી છેદાઈ, હવે અન્યાય કેમ કરાયો એ પ્રમાણે પોકાર કરતો શીલવર્ધન, નિવારણમાં ઉદ્યત એવી રત્નવતી અને મણિમંજરી ત્રણેય પણ એક સાથે મારી ભુજામાં લાગ્યાં. એક એક પ્રહારથી ત્રણેય પણ ક્ષણથી હણાયાં, આ સાંભળીને જ શીઘ્ર કનકમંજરી દોડી. ।।૫૮૮થી ૫૯૨।।

શ્લોક :-

मयाऽनुध्यातमेषापि, पापा मद्वैरिरागिणी ।
विस्मृत्याकृत्रिमस्नेहं, साऽपि छिन्नाऽसिना ततः ।।५९३।।

શ્લોકાર્થ :-

મારા વડે વિચારાયું, આ પણ પાપી મારી વૈરિરાગિણી છે. તેથી અકૃત્રિમ સ્નેહનું વિસ્મરણ કરીને તે પણ તલવાર વડે છેદાઈ. ।।૫૯૩।।

શ્લોક :-

अत्रान्तरे च संरम्भाद्, गलितं मत्कटीतटात् ।
परिधानं निपतितमुत्तरीयं महीतले ।।५९४।।

શ્લોકાર્થ :-

એટલામાં સંરંભથી=તે પ્રકારની કૂદાકૂદની પ્રવૃત્તિથી મારા કટીતટથી વસ્ત્ર પડી ગયું, ઉપરનું ઉત્તરીય વસ્ત્ર મહિતલમાં પડ્યું. ।।૫૯૪।।

શ્લોક :-

कीर्णकेशस्ततो नग्नो, जातोऽहं प्रेतसन्निभः ।
तादृशं मां समुद्वीक्ष्य, जहसुर्डिम्भपङ्क्तयः ।।५९५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વીખરાયેલા કેશવાળો નગ્ન પ્રેત જેવો હું થયો. તેવા પ્રકારના મને જોઈને બાળકોની પંક્તિઓ હસવા લાગી. ।।૫૯૫।।

શ્લોક :-

निषेद्धुं स्वजना लग्नास्तद्घातायोद्यतं च माम् ।

तान् सर्वानपि निघ्नंश्च, गतः स्तोकामहं भुवम् ।।५९६।।

શ્લોકાર્થ :-

તેના ઘાત માટે=બાળકોના ઘાત માટે, ઉદ્યત એવા મને સ્વજનો નિષેધ કરવા લાગ્યા. તે સર્વને પણ ઘાત કરતો એવો હું થોડી ભૂમિમાં ગયો. ।।૫૯૬।।

શ્લોક :-

गृहीतो भूरिभिर्लोकैः, पातयित्वा श्रमे ततः ।

प्रोद्दामो वन्यहस्तीवोद्दालितश्च करादसिः ।।५९७।।

શ્લોકાર્થ :-

ઘણા લોકો વડે ગ્રહણ કરાયો. ત્યારપછી પ્રકૃષ્ટ ઉદ્દામ એવા વનહસ્તીની જેમ શ્રમમાં પાડીને હાથથી તલવાર દૂર કરાઈ. ।।૫૯૭।।

શ્લોક :-

बद्ध्वा क्षिप्तोऽपवरके कपाटपुटसंकटे ।

मस्तकं स्फोटयंस्तत्र, स्थितः क्षामो बुभुक्षया ।।५९८।।

શ્લોકાર્થ :-

બાંધીને કપાટના પુટસંકટવાળા ઓરડામાં નંખાયો. મસ્તકને ફોડતો ત્યાં=ઓરડામાં, બુભુક્ષાથી ક્ષીણ શરીરવાળો રહ્યો. ।।૫૯૮।।

શ્લોક :-

दंदह्यमानस्तापेन, निद्रामप्राप्नुवन्निशि ।

मासमात्रं स्थितः कालं, नारकोपमवेदनः ।।५९९।।

શ્લોકાર્થ :-

તાપથી બળતો, રાત્રિમાં નિદ્રાને નહીં પામતો માસમાત્ર કાલ નારકની ઉપમાની વેદનાવાળો રહ્યો. ।।૫૯૯।।

શ્લોક :-

निद्रा समागता काचिदर्धरात्रे ममान्यदा ।
मूषकैर्बन्धनं छिन्नं, जातोऽहं मुत्कलस्ततः ।।६००।।

શ્લોકાર્થ :-

અર્ધ રાત્રિમાં મને અન્યદા કાંઈક નિદ્રા આવી. ત્યારપછી ઉંદરડાઓ વડે બંધન છેદાયું. હું મુત્કલ થયો. ।।૬૦૦।।

શ્લોક :-

सुप्तं राजकुलं दृष्टं, निर्गतेन बहिर्मया ।
वैरीदं सर्वमेवेति, हिंसावैश्वानरेरितः ।।६०१।।

શ્લોકાર્થ :-

બહાર નીકળેલા મારા વડે સૂતેલું રાજકુલ જોવાયું. આ સર્વ વૈરી છે એથી હિંસાથી અને વૈશ્વાનરથી પ્રેરાયો. ।।૬૦૧।।

શ્લોક :-

अग्निकुण्डाद् गृहित्वाऽग्निं, ततः प्रक्षिप्य सर्वतः ।
कथंचिद्दह्यमानोऽपि, भीकम्प्रोऽहं पलायितः ।।६०२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી અગ્નિકુંડથી અગ્નિને ગ્રહણ કરીને ચારે બાજુથી=અગ્નિને નાંખીને, કોઈક રીતે બળતો પણ=દાઝતો પણ, ભયથી કાંપતો=લોકો મને મારશે એ પ્રમાણે ભયથી કાંપતો, હું પલાયન થયો. ।।૬૦૨।।

શ્લોક :-

चलितोऽथ महारण्ये, विद्धः कीलककण्टकैः ।
पतितोऽधोमुखो निम्नप्रदेशे चूर्णिताङ्गकः ।।६०३।।

શ્લોકાર્થ :-

હવે મહા અરણ્યમાં ગયો. ખીલીઓ અને કાંટાઓથી વીંધાયો. નિમ્નપ્રદેશમાં=કોઈક નીચાણવાળા પ્રદેશમાં, ચૂર્ણિત અંગવાળો અધોમુખ પડ્યો. ।।૬૦૩।।

શ્લોક :-

चौरैस्तत्रागतैर्दृष्टस्तैरुक्तं गृह्यतामयम् ।
महाकायादतो लाभः, परकूले भविष्यति ।।६०४।।

શ્લોકાર્થ :-

ત્યાં આવેલા ચોરો વડે જોવાયો. તેઓ વડે કહેવાયું. આ=નંદીવર્ધન, ગ્રહણ કરાવ. મહાકાયવાળા આનાથી=નંદીવર્ધનના શરીરથી, પરકુલમાં= બીજા રાજ્યમાં, લાભ થશે. ।।૬૦૪।।

શ્લોક :-

हृल्लीनोऽथ तदाकर्ण्योद्भूतो वैश्वानरो मम ।
विरूपं मां ततो ज्ञात्वा, बबन्धुस्तस्करा द्रुतम् ।।६०५।।

શ્લોકાર્થ :-

હવે, મારા હૃદયમાં લીન થયેલો વૈશ્વાનર તે સાંભળીને ઉદ્ભવ પામ્યો. ત્યારપછી વિરૂપ એવા મને જાણીને ચોરોએ શીઘ્ર બાંધ્યો. ।।૬૦૫।।

શ્લોક :-

पल्लीमथोपकनकपुरं भीमनिकेतनाम् ।
तैर्नीतो रणधीराय, तत्पतेश्च प्रदर्शितः ।।६०६।।

શ્લોકાર્થ :-

હવે કનકપુર નગરની પાસે ભીમનિકેતન નામની પલ્લીમાં તેઓ વડે=ચોરો વડે, લઈ જવાયો. રણધીર એવા તેના સ્વામીને બતાવાયો. ।।૬૦૬।।

શ્લોક :-

बभाषे सोऽथ विक्रेतुमेनं पोषयताधुना ।
चौरेणाहं ततो नीतः, स्वधामैकेन पापभुक् ।।६०७।।

શ્લોકાર્થ :-

તે=રણધીર પલ્લીપતિ, બોલ્યો. આને વેચવા માટે હમણાં પોષણ કરો. ત્યારપછી એક ચોર વડે પાપને ભોગવનાર એવો હું સ્વધામ લઈ જવાયો. ।।૬૦૭।।

શ્લોક :-

गालीस्तेन ददानोऽथ, हतो दण्डादिभिर्भृशम् ।
दापितं तुच्छमशनं, व्यतीयुः केऽपि वासराः ।।६०८।।

શ્લોકાર્થ :-

હવે ગાળો આપતો એવો હું તેના વડે=ચોર વડે, દંડાદિથી અત્યંત હણાયો. તુચ્છ આહાર અપાયો. કેટલાક દિવસો પસાર થયા. ।।૬૦૮।।

શ્લોક :-

पृष्टोऽथ रणधीरेण, स कीदृक् स पुमानभूत् ।
स जगौ न श्रयत्योजस्तत्रैव निहितस्ततः ।।६०९।।

શ્લોકાર્થ :-

હવે રણધીર વડે તે=ચોર, પુછાયો. કેવા પ્રકારનો તે=નંદીવર્ધન, પુરુષ થયો=દેહથી પુષ્ટ થયો. તે=ચોર, બોલ્યો. તેજને ધારણ કરતો નથી. તેથી=નંદીવર્ધન દેહથી પુષ્ટ થયો નથી તેથી, ત્યાં જ=તે ચોરના ઘરે રખાયો. ।।૬૦૯।।

શ્લોક :-

कनकाख्यपुराद्दण्डश्चौरेषूपस्थितोऽन्यदा ।
नष्टाश्चौरा हता पल्ली, बन्द्यो नीताः सहस्रशः ।।६१०।।

શ્લોકાર્થ :-

અન્યદા કનક નામના પુરથી ચોરો ઉપર દંડ=હલ્લો, ઉપસ્થિત થયો. ચોરો નાસ્યા. પલ્લી હણાઈ. હજારો બંદીઓ લઈ જવાયા. ॥૬૧૦॥

શ્લોક :-

गतोऽहमपि तन्मध्ये, बन्द्यो राज्ञेऽथ दर्शिताः ।
विभाकराय मां प्रेक्ष्य, स तत्र हृदि विस्मितः ।।६११।।

શ્લોકાર્થ :-

હું પણ તેના મધ્યમાં=તે બંદીઓના મધ્યમાં, ગયો. હવે બંદીઓ=બંધનમાં પડેલા બંદીઓ, વિભાકર રાજાને બતાવાયા. તેમાં=તે બંદીઓમાં, મને જોઈને તે=વિભાકર, હૃદયમાં વિસ્મય પામ્યો. ॥૬૧૧॥

શ્લોક :-

दग्धस्थाणुसमोऽप्येष, दृश्यते नन्दिवर्धनः ।
आकृत्याऽत्र कुतो वाऽसौ, विचित्रा वा विधेर्गतिः ।।६१२।।

શ્લોકાર્થ :-

બળેલા વૃક્ષ જેવો પણ આ આકૃતિથી નંદીવર્ધન દેખાય છે. અહીં=આ બંદીઓમાં, આ=નંદીવર્ધન ક્યાંથી હોય ? અથવા વિધિની ગતિ વિચિત્ર છે. ॥૬૧૨॥

શ્લોક :-

इत्थं चिरं विमृश्यासौ, प्रत्यभिज्ञाय मां स्फुटम् ।
आलिलिङ्ग समुत्थाय, नृपः सिंहासनान्मुदा ।।६१३।।

શ્લોકાર્થ :-

આ રીતે લાંબો સમય વિચાર કરીને આ=વિભાકર, મને સ્પષ્ટ ઓળખીને સિંહાસનથી ઊઠીને પ્રેમથી રાજાએ મને આલિંગન આપ્યું. ॥૬૧૩॥

શ્લોક :-

तदा किमेतदित्युच्चैर्विस्मितं राजमण्डलम् ।
पप्रच्छोदन्तमखिलं निवेश्यार्धासने स माम् ।।६१४।।

શ્લોકાર્થ :-

ત્યારે=વિભાકરે આલિંગન આપ્યું ત્યારે, આ શું છે ? એ પ્રમાણે રાજમંડલ અત્યંત વિસ્મિત થયું. તેણે મને અર્ધાસનમાં બેસાડીને સંપૂર્ણ વૃત્તાંત પૂછ્યું. ।।૬૧૪।।

શ્લોક :-

मयाऽपि चरिते स्वीये, प्रोक्ते प्राह विभाकरः ।
त्वया नानुष्ठितं सुष्ठु, हा कष्टं कर्म निर्घृणम् ।।६१५।।

શ્લોકાર્થ :-

મારા વડે પણ પોતાનું ચરિત્ર કહેવાયે છતે વિભાકર બોલ્યો. તારા વડે સુંદર કરાયું નથી. નિર્ઘૃણ કર્મ કષ્ટ છે=નિર્દયથી કરાયેલું કૃત્ય કષ્ટ છે.

નંદીવર્ધને આ પ્રકારે નિર્દયથી બધાનો નાશ કર્યો એ કૃત્ય નંદીવર્ધન માટે કષ્ટરૂપ થયું છે એમ વિભાકર બોલ્યો. **।।૬૧૫।।**

શ્લોક :-

पश्य पुष्पममुष्यैव, क्लेशमत्रैव जन्मनि ।
अमुत्र लप्स्यसे चास्य, फलं नरकवेदनाम् ।।६१६।।

શ્લોકાર્થ :-

આનો જ=નિર્દય કર્મનો જ, પુષ્પરૂપ ક્લેશ આ જન્મમાં તું જો અને આનું ફળ પરલોકમાં નરકવેદનાને તું પ્રાપ્ત કરીશ એ પ્રમાણે વિભાકરે નંદીવર્ધનને કહ્યું. ।।૬૧૬।।

શ્લોક :-

हिंसावैश्वनरालर्कविकारादित्यसौ वदन् ।
मया प्रत्यर्थिवद् बुद्धो, निबद्धाऽस्य वधाय धीः ।।६१७।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે=શ્લોક-૬૧૫-૬૧૬માં વિભાકરે કહ્યું એ પ્રમાણે, બોલતો આ=વિભાકર, હિંસા અને વૈશ્વાનરના ઉગ્ર વિકારથી મારા વડે પ્રત્યર્થીની જેમ=શત્રુની જેમ, જણાયો. આના વધ માટે બુદ્ધિ નિબદ્ધ કરાઈ. ।।૬૧૭।।

શ્લોક :-

परं न शकितो हन्तुं, कृतं नु श्याममाननम् ।
तेन मद्भाववह्निं च, धूमेनानुमियाय सः ।।६१८।।

શ્લોકાર્થ :-

પરંતુ હણવા માટે સમર્થ થયો નહીં. શ્યામ મુખ કરાયું. મારા ભાવરૂપી વહ્નિને તે ધૂમ વડે=મારું મુખ શ્યામ થયું તે રૂપ ધૂમ વડે, તેણે=વિભાકરે, અનુમાન કર્યું. ।।૬૧૮।।

શ્લોક :-

ततोऽहं रक्षितस्तेन, छन्नो माध्यस्थ्यभस्मना ।
अन्तः प्रज्वलितुं लग्नो, हन्म्येनमिति सर्वदा ।।६१९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી હું તેના વડે રક્ષણ કરાયો. માધ્યસ્થ્યરૂપી ભસ્મથી છન્ન કરાયો. આને=વિભાકરને, હું હણું એ પ્રમાણે સર્વદા અંદરમાં પ્રજ્વલિત થવા માટે લગ્ન થયો.

વિભાકરે મારા મુખના શ્યામપણાથી મારા અંદરમાં વર્તતા વૈશ્વાનરને જોઈ શક્યો. તોપણ તેણે મારી રક્ષા કરી. અને માધ્યસ્થ્યભાવ દ્વારા પોતે નંદીવર્ધનના ભાવો જાણે છે તે વાત વિભાકરે છુપાવી. વળી, નંદીવર્ધનના ચિત્તમાં હંમેશાં તેને મારવાનો વિકલ્પ થાય તેવો અગ્નિ બળવા લાગ્યો. **।।૬૧૯।।**

શ્લોક :-

मम नोपशमायासन्, स्नानमानादिसत्क्रियाः ।
तत्कृता वारिधेरापो, वडवाग्नेरिवाखिलाः ।।६२०।।

શ્લોકાર્થ :-

સમુદ્રનું પાણી વડવાગ્નિના ઉપશમ માટે નથી તેમ તેના વડે કરાવેલ= વિભાકર વડે કરાવેલ અખિલ સ્નાન, માન, આદિ સત્ક્રિયા મારા ઉપશમ માટે થઈ નહીં. ।।૬૨૦।।

શ્લોક :-

स्थितेष्वास्थानशालायामस्मासु मतिशेखरः ।
एकदा प्राह स ययौ, दिवं देवः प्रभाकरः ।।६२१।।

શ્લોકાર્થ :-

સભાની શાલામાં અમે બેઠેલ હોતે છતે એક વખત મતિશેખર મંત્રી બોલ્યો. તે દેવ પ્રભાકર=વિભાકરના પિતા દેવ પ્રભાકર, દેવલોકમાં ગયા=મૃત્યુ પામ્યા. ।।૬૨૧।।

શ્લોક :-

परं दुःखं ततश्चक्रे, साश्रुनेत्रो विभाकरः ।
मां प्रति प्राह सौहार्दाद्, भुङ्क्ष्व राज्यमिदं पितुः ।।६२२।।

શ્લોકાર્થ :-

તેથી અશ્રુ સહિત નેત્રવાળો વિભાકર પરં દુઃખને પામ્યો. મારા પ્રત્યે સૌહાર્દથી પિતાનું આ રાજ્ય તું ભોગવ, એ પ્રમાણે વિભાકરે નંદીવર્ધનને કહ્યું. ।।૬૨૨।।

શ્લોક :-

वैश्वानरविकारेण, स्थितोऽहं मौनवांस्तदा ।
स्नेहादेकत्र शय्यायां, निशि सुप्तो मयाऽथ सः ।।६२३।।

શ્લોકાર્થ :-

ત્યારે=આ પ્રમાણે વિભાકરે કહ્યું ત્યારે, વૈશ્વાનરના વિકારથી હું મૌન રહ્યો. હવે સ્નેહથી રાત્રિમાં એક શય્યામાં મારી સાથે તે સૂતો= વિભાકર સૂતો. ॥૬૨૩॥

શ્લોક :-

विश्रब्धोऽप्यतिदुष्टेन, समुत्थाय निपातितः ।
पलायितोऽहं त्वरया, परिधानद्वितीयकः ॥६२४॥

શ્લોકાર્થ :-

વિશ્રબ્ધ પણ=મારા પ્રત્યે વિશ્વાસવાળો પણ વિભાકર, અતિદુષ્ટ એવા મારા વડે ઊઠીને મારી નંખાયો. પરિધાન દ્વિતીયક એવો હું=પહેરેલા વસ્ત્રવાળો એવો હું, શીઘ્ર પલાયન થયો. ॥૬૨૪॥

શ્લોક :-

क्लेशात् प्राप्तः कुशावर्त्तोद्यानं द्रष्टुं, जनाननात् ।
तत्रागतः सजनकः, श्रुत्वा कनकशेखरः ॥६२५॥

શ્લોકાર્થ :-

ક્લેશથી=ઘણા શ્રમથી, કુશાવર્તના ઉદ્યાનમાં હું પ્રાપ્ત થયો. લોકોના મુખથી સાંભળીને=કુશાવર્ત ઉદ્યાનમાં નંદીવર્ધન છે એ પ્રમાણે લોકોના મુખથી સાંભળીને, પિતા સહિત કનકશેખર ત્યાં=ઉદ્યાનમાં, જોવા માટે આવ્યા. ॥૬૨૫॥

શ્લોક :-

पृष्टेनैकाकिताहेतुर्नोक्तोऽरुचिभयान्मया ।
ममापि किं गोप्यमिति, जगौ कनकशेखरः ॥६२६॥

શ્લોકાર્થ :-

એકાકિતાનો હેતુ=તું એકાકી કેમ છો એ પ્રમાણે એકાકિતાનો હેતુ,

પુછાયેલા એવા મારા વડે અરુચિના ભયથી=વાસ્તવિક હકીકત કહીશ તો મારા પ્રત્યે અરુચિ થશે એ પ્રકારના ભયથી, કહેવાયું નહીં. મને પણ શું ગોપ્ય છે એ પ્રમાણે કનકશેખર બોલ્યો. ।।૬૨૬।।

શ્લોક :-

मयोक्तं गोप्यमेवास्ति, निर्बन्धं स ततोऽकरोत् ।
अवश्यं वाच्यमेवेति, ततोऽहं ज्वलितो हृदि ।।६२७।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું. ગોપ્ય જ છે. તેથી તે=કનકશેખરે, અવશ્ય જ કહેવું જોઈએ એ પ્રમાણે આગ્રહ કર્યો. તેથી હું હૃદયમાં પ્રજ્વલિત થયો. ।।૬૨૭।।

શ્લોક :-

गिरं नाद्रियते मेऽसाविति तस्य कटीतटात् ।
असिपुत्रीं समाकृष्य, निहन्तुं तं समुत्थितः ।।६२८।।

શ્લોકાર્થ :-

મારી વાણીને આ=કનકશેખર, સ્વીકારતો નથી. એથી તેના કટીતટથી તલવારને ખેંચીને તેને હણવા માટે ઊઠ્યો. ।।૬૨૮।।

શ્લોક :-

जातः कोलाहलः स्तब्धो, वनदेवतया परम् ।
उत्क्षिप्तो व्योममार्गेण, जनानामथ पश्यताम् ।।६२९।।
सन्धिदेशेऽम्बरीषाणां, नीतोऽहमथ तस्करैः ।
उद्गीर्णक्षुरिकस्तत्र, दृष्टो नाग इवोत्फणः ।।६३०।।

શ્લોકાર્થ :-

કોલાહલ થયો. પરંતુ વનદેવતા વડે સ્તબ્ધ કરાયો. હવે લોકોના જોતાં આકાશમાર્ગથી અંબરીષ આદિ ચોરોના સંધિદેશમાં ફેંકાયો. હવે

હું ચોરો વડે લઈ જવાયો. ત્યાં=ચોરોની પલ્લીમાં ખેંચેલી તલવારવાળો નાગની ફણા જેવો જોવાયો. ।।૬૨૯-૬૩૦।।

શ્લોક :-

चरटाः प्रत्यभिज्ञाय, पादयोर्मम तेऽपतन् ।
पृष्टस्तैरथ वृत्तान्तो, वक्तुं न शकितं मया ।।६३१।।

શ્લોકાર્થ :-

તે ચોટ્ટાઓ ઓળખીને મારા પગમાં પડ્યા. હવે તેઓ વડે વૃત્તાંત પુછાયો. મારા વડે કહેવા માટે સમર્થ થવાયું નહીં. ।।૬૩૧।।

શ્લોક :-

शकितं नोपवेष्टुं च, तदानीतासने ततः ।
देवतोत्तम्भयामास, दैन्यं प्राप्तेषु तेषु माम् ।।६३२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેઓ વડે લવાયેલા આસનમાં=ચોટ્ટાઓ વડે લવાયેલા આસનમાં, હું બેસવા માટે સમર્થ થયો નહીં. તે ચોટ્ટાઓ દૈન્યને પામ્યે છતે દેવતાએ મને ઉત્સ્તભંન કર્યું=પૂર્વે સ્તંભન કરેલું તેનાથી મુક્ત કર્યો. ।।૬૩૨।।

શ્લોક :-

पृष्टे पुनर्व्यतिकरे, तैरहं ज्वलितो भृशम् ।
अलीकवत्सलैर्लोकैरासितुं न लभे क्वचित् ।।६३३।।

શ્લોકાર્થ :-

ફરી તેઓ વડે વ્યતિકર પુછાયે છતે=તે ચોટ્ટાઓ વડે પોતે આ પરિસ્થિતિમાં કેમ પ્રાપ્ત થયો એ પ્રકારનો પ્રસંગ પુછાયે છતે, હું અત્યંત પ્રજ્વલિત થયો. જુઠ્ઠા વત્સલ લોકો સાથે ક્યારેય હું રહેવા માટે સમર્થ થયો નહીં. ।।૬૩૩।।

શ્લોક :-

तान्मुहुः पृच्छतः क्रोधादलब्धवचनानहम् ।
हन्तुं प्रवृत्तो बद्धस्तैर्गतोऽस्तमथ भास्करः ।।६३४।।

શ્લોકાર્થ :-

ફરી પૂછતા અલબ્ધ વચનવાળા તેઓને ક્રોધથી હણવા માટે હું પ્રવૃત્ત થયો. તેઓ વડે બંધાયો. હવે સૂર્યનો અસ્ત થયો. ।।૬૩૪।।

શ્લોક :-

दध्युस्ते शत्रुरेवायं, येन स्वामी हतो हि नः ।
जघानैतांश्च यो घात्यः, स्वीकृतत्वात् तथापि न ।।६३५।।

શ્લોકાર્થ :-

તેઓએ વિચાર્યું=ચોરોએ વિચાર્યું. આ=નંદીવર્ધન શત્રુ જ છે. જેના વડે આપણો સ્વામી હણાયો=પ્રથમ યુદ્ધમાં આપણો પ્રવરસેન સ્વામી હણાયો અને આમને માર્યા=વર્તમાનમાં તલવાર લઈને કેટલાક ચોટ્ટાઓને માર્યા. તોપણ સ્વીકૃતપણું હોવાથી=સ્વામીરૂપે સ્વીકૃતપણું હોવાથી, જે ઘાત્ય નથી=નંદીવર્ધન ઘાત્ય નથી. ।।૬૩૫।।

શ્લોક :-

न च धारयितुं शक्यो, वस्त्रबद्ध इवानलः ।
त्याग एवास्य तच्छ्रेयानिति गन्त्र्यां निवेशितः ।।६३६।।

શ્લોકાર્થ :-

અને વસ્ત્રથી બદ્ધ અગ્નિની જેમ ધારણ કરવા શક્ય નથી. તે કારણથી આનો જ=નંદીવર્ધનનો જ, ત્યાગ શ્રેયકારી છે. એથી ગાડામાં નિવેશ કરાયો. ।।૬૩૬।।

શ્લોક :-

विभावर्यैव तैर्वेगान्नीतो द्वादशयोजनीम् ।
त्यक्तः शार्दूलनगरोद्याने मललयाभिधे ।।६३७।।

શ્લોકાર્થ :-

રાત્રિમાં જ તેઓ વડે=ચોરો વડે, વેગથી બાર યોજન લઈ જવાયો. શાર્દૂલ નગરના મલલય નામના ઉદ્યાનમાં ત્યાગ કરાયો. ||૬૩૭||

શ્લોક :-

अकस्मात् तत्र सुरभिर्विजजृम्भेऽथ मारुतः ।
अपि नैसर्गिकं वैरं, त्यक्तं हिंस्त्रैश्च जन्तुभिः ।।६३८।।

શ્લોકાર્થ :-

હવે, ત્યાં=તે ઉદ્યાનમાં, અકસ્માત્ પવનથી સુગંધ વિસ્તૃત થઈ. વળી, હિંસક જંતુઓ વડે નૈસર્ગિક વૈર ત્યાગ કરાયું. ||૬૩૮||

શ્લોક :-

अवतीर्णाश्च वाचालभृङ्गालीगीतवैभवाः ।
सममेवर्तवः सर्वे, शान्तमिषन्मनोऽपि मे ।।६३९।।

શ્લોકાર્થ :-

અને ગુંજારવ કરતા ભમરાઓના ગીતના વૈભવો પ્રગટ થયા. સાથે જ સર્વ ઋતુઓ પ્રગટ થઈ. થોડુંક મારું મન પણ શાંત થયું. ||૬૩૯||

શ્લોક :-

आगता देवनिकराश्चलत्कुण्डलकान्तयः ।
मणिकुट्टिममातेने, भूतले तैः परिष्कृते ।।६४०।।

શ્લોકાર્થ :-

ચાલતા કુંડલની કાંતિવાળા દેવના સમૂહો આવ્યા. તેઓ વડે=દેવો વડે, ભૂતલ પરિષ્કૃત કરાયે છતે મણિની કુટ્ટિમ વિસ્તાર કરાઈ. ||૬૪૦||

શ્લોક :-

कृतं तस्योपरि स्वर्णकमलं विमलाशयैः ।
तत्रागत्योपविष्टोऽथ, विवेकाचार्यकेवली ।।६४१।।

શ્લોકાર્થ :-

તેના ઉપર=મણિના તળિયા ઉપર, વિમલ આશયવાળા દેવો વડે સુવર્ણનું કમલ કરાયું. હવે ત્યાં આવીને વિવેક આચાર્ય કેવલી બેઠા. ॥૬૪૧॥

શ્લોક :-

निषण्णा परिषत् प्रह्वा, गुरुणाऽऽरम्भि देशना ।
हिंसावैश्वानरौ भीतौ, दूरदेशे स्थितौ मम ।।६४२।।

શ્લોકાર્થ :-

નમેલી પર્ષદા બેઠી. ગુરુ વડે દેશનાનો આરંભ કરાયો. ભય પામેલા મારા હિંસા-વૈશ્વાનર દૂર દેશમાં રહ્યા. ॥૬૪૨॥

શ્લોક :-

ज्ञात्वाऽरिदमनो राजा, गुर्वागमनमागतः ।
तथा मदनमञ्जूषा, सहैव रतिचूलया ।।६४३।।

શ્લોકાર્થ :-

ગુરુના આગમનને જાણીને અરિદમન રાજા આવ્યો અને રતિચૂલા સહિત જ મદનમંજૂષા આવી. ॥૬૪૩॥

શ્લોક :-

नत्वा राजा स्थितः सूरेः, पुरः शुश्राव देशनाम् ।
देशनान्ते च पप्रच्छ, संशयं स्वमनोगतम् ।।६४४।।

શ્લોકાર્થ :-

રાજા નમીને સૂરિ આગળ બેઠો. દેશનાને સાંભળી. દેશનાના અંતમાં સ્વમનોગત સંશયને પૂછ્યું. ॥૬૪૪॥

શ્લોક :-

पद्मराज्ञे मया नन्दिवर्धनाय गुणालय ।
दातुं मदनमञ्जूषां, प्रहितोऽभून्महत्तमः ।।६४५।।

किियानपि गतः, कालस्तद्वार्ता काऽपि न श्रुता ।
उक्तं च पुरुषैरन्यैर्भस्मीभूतं जयस्थलम् ।।६४६।।युग्मम् ।।

શ્લોકાર્થ :-

પદ્મરાજાના ગુણના આલય એવા નંદીવર્ધનને મારા વડે મદનમંજૂષા આપવા માટે મહત્તમ મોકલાયો હતો. કેટલોક પણ કાળ ગયો. કોઈપણ તેની વાર્તા સંભળાઈ નહીં અને અન્ય પુરુષો વડે કહેવાયું, જયસ્થલ ભસ્મીભૂત થયું છે. ।।૬૪૫-૬૪૬।।

શ્લોક :-

ध्यातं मया किमुत्पातादुत शापान्महामुनेः ।
दग्धं तच्चोरधाट्या वा, जाता शङ्केति मे हृदि ।।६४७।।

શ્લોકાર્થ :-

મારા વડે વિચારાયું=અરિદમન વડે વિચારાયું. શું ઉત્પાતથી=કોઈક મોટા દેવોના ઉત્પાતથી, અથવા મહામુનિના શાપથી અથવા ચોરોની ધાડોથી દગ્ધ થયું છે એ પ્રકારની મારા હૃદયમાં શંકા થઈ છે. ।।૬૪૭।।

શ્લોક :-

अस्य शङ्कान्धकारस्य, कर्तुं प्रलयमर्हति ।
भवानेव जगन्नेत्रपद्मोल्लासी दिवाकरः ।।६४८।।

શ્લોકાર્થ :-

જગતના નેત્રરૂપી પદ્મના ઉલ્લાસી એવા સૂર્ય જેવા આપ જ આ શંકારૂપી અંધકારના પ્રલયને કરવા માટે યોગ્ય છો. ।।૬૪૮।।

શ્લોક :-

सूरिराह महाराज ! पश्यस्येनं सभान्तिके ।
बद्धवक्त्रं तिरश्चीनबाहुबन्धनियन्त्रितम् ।।६४९।।

શ્લોકાર્થ :-

સૂરિ કહે છે હે – મહારાજ ! સભાના અંતમાં બદ્ધમુખવાળા, તિર્છી બાહુબંધથી નિયંત્રિત થયેલા આને તું જુએ છે. ।।૬૪૯।।

શ્લોક :-

राजाऽऽह सुष्ठु पश्यामि, सूरिराहायमेव हि ।
जयस्थलप्लोषकरः, कोऽयमित्याह भूधनः ।।६५०।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે સ્પષ્ટ જોઉં છું. સૂરિ કહે છે. આ જ જયસ્થલના નાશને કરનાર છે. કોણ આ છે એ પ્રમાણે રાજા કહે છે. ।।૬૫૦।।

શ્લોક :-

गुरुराह तवैवासौ, जामाता नन्दिवर्धनः ।
सर्वोदन्तमथ प्राह, सूरिस्तं जातसंभ्रमम् ।।६५१।।

શ્લોકાર્થ :-

ગુરુ કહે છે. તારો જ જમાઈ આ નંદીવર્ધન છે. હવે સૂરિ ઉત્પન્ન થયેલા સંભ્રમવાળા તેના સર્વ વૃત્તાંતને કહે છે. ।।૬૫૧।।

શ્લોક :-

अथैनं मुत्कलीकर्तुं, भूपतिः पूर्वपक्षयन् ।
हृदि सिद्धान्तयामास, कृपार्हो नैष पापधीः ।।६५२।।

શ્લોકાર્થ :-

હવે આને છૂટો કરવા માટે પૂર્વમાં વિચારણા કરતાં રાજાએ હૃદયમાં સિદ્ધાંત સ્થાપન કર્યો. પાપબુદ્ધિવાળો આ કૃપાને યોગ્ય નથી. ।।૬૫૨।।

શ્લોક :-

ततः पप्रच्छ भूपालः, केवलज्ञानिनं गुरुम् ।
श्रुतो बहुगुणो ह्येष, कृतवान् कथमीदृशम् ।।६५३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી કેવલજ્ઞાની ગુરુને રાજાએ પૂછ્યું. બહુગુણવાળા સંભળાયેલા એવા આણે=નંદીવર્ધને, કેમ આવા પ્રકારનું કર્યું ? ॥૬૫૩॥

શ્લોક :-

बभाषे सूरिरुर्वीश ! नास्य दोषस्तपस्विनः ।
वर्तते गुणवानेष, स्वरूपान्नन्दिवर्धनः ।।६५४।।

શ્લોકાર્થ :-

સૂરિ બોલ્યા. હે રાજા ! આ તપસ્વીનો દોષ વર્તતો નથી. સ્વરૂપથી આ નંદીવર્ધન ગુણવાન છે. ॥૬૫૪॥

શ્લોક :-

यदेतद् दृश्यते दूरे, मलिनं मानुषद्वयम् ।
दोषोऽस्यैव समस्तोऽयं, राज्ञा सुष्ठु तदीक्षितम् ।।६५५।।

શ્લોકાર્થ :-

આ દૂરમાં મલિન માનુષદ્વય દેખાય છે એનો જ આ સમસ્ત દોષ છે. રાજા વડે તે=માનુષદ્વય, સારી રીતે જોવાયા. ॥૬૫૫॥

શ્લોક :-

दृष्टश्चैको नरस्तत्र, नारी चान्या मषीप्रभा ।
पृष्टवांस्तत्स्वरूपं च, जगदे गुरुणा नृपः ।।६५६।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે માનુષદ્વયમાં, એક નર જોવાયો. અને અન્ય કાળી પ્રભાવાળી નારી જોવાઈ. તેમના સ્વરૂપને રાજાએ પૂછ્યું. ગુરુ વડે કહેવાયું. ॥૬૫૬॥

શ્લોક :-

सूनुर्द्वेषगजेन्द्रस्य, महामोहस्य पौत्रकः ।
एषोऽविवेकिताजातः, पुमान् वैश्वानराभिधः ।।६५७।।

શ્લોકાર્થ :-

દ્વેષગજેન્દ્રનો પુત્ર, મહામોહનો પૌત્ર, અવિવેકિતાથી થયેલો વૈશ્વાનર નામનો આ પુરુષ છે. ॥૬૫૭॥

શ્લોક :-

अस्य प्राक् क्रोध इत्याख्या, जनकाभ्यां प्रतिष्ठिता ।
गुणैर्वैश्वानर इति, प्रियनाम जनैः कृतम् ।।६५८।।

શ્લોકાર્થ :-

આની=વૈશ્વાનરની, પૂર્વ ભૂમિકામાં ક્રોધ એ પ્રકારની આખ્યા માતા-પિતા દ્વારા=દ્વેષગજેન્દ્ર અને અવિવેકિતા દ્વારા, પ્રતિષ્ઠા કરાઈ. ગુણોથી અગ્નિ છે એ પ્રમાણે પ્રિયનામ લોકો વડે કરાયું.

જીવમાં વર્તતા દ્વેષના પરિણામથી અવિવેકિતાને કારણે ક્રોધ પૂર્વભૂમિકામાં ઉત્પન્ન થાય છે. અને તે ક્રોધ જ જ્યારે પ્રકર્ષવાળો થાય છે ત્યારે અગ્નિ જેવો છે તેથી લોકોએ તેને વૈશ્વાનર=અગ્નિ, એ પ્રકારે નામ આપ્યું છે. **॥૬૫૮॥**

શ્લોક :-

हिंसेयं निष्करुणता, दुराशयसुताङ्गना ।
अन्तरङ्गात् परिचयात् सबन्धोऽस्यानयोः पुनः ।।६५९।।

શ્લોકાર્થ :-

નિષ્કરુણતા અને દુરાશયની પુત્રી આ હિંસા નામની સ્ત્રી છે. આને=નંદીવર્ધનને, વળી આ બેનો=વૈશ્વાનર અને હિંસાનો, અંતરંગ પરિચયથી સંબંધ છે. ॥૬૫૯॥

શ્લોક :-

ज्ञानदर्शनचारित्रवीर्यात्मगुणभूरपि ।
अनयोरेव संबन्धाद्, विपर्यस्यत्यसौ भृशम् ।।६६०।।

શ્લોકાર્થ :-

જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય સ્વરૂપ ગુણની ભૂમિવાળો પણ આ= નંદીવર્ધન, આ બેના સંબંધથી જ=હિંસા અને વૈશ્વાનરના સંબંધથી જ, અત્યંત વિપર્યાસવાળો છે. ॥૬૬૦॥

શ્લોક :-

एतद्दोषादनर्थालीमवाप्नोत्येष निश्चितम् ।
नृपो जगौ मित्रभार्ये, नास्तां प्रागस्य किं न्विमे ॥६६१॥

શ્લોકાર્થ :-

આના દોષથી=હિંસા અને વૈશ્વાનરના સંબંધના દોષથી, આ= નંદીવર્ધન, અનર્થની શ્રેણીને નિશ્ચિત પ્રાપ્ત કરે છે. રાજાએ કહ્યું. પૂર્વમાં આની=નંદીવર્ધનની, શું આ મિત્ર અને ભાર્યા=વૈશ્વાનરરૂપ મિત્ર અને હિંસારૂપ ભાર્યા, ન હતી. ॥૬૬૧॥

શ્લોક :-

आनन्दितं यदाऽनेन, पद्मभूमीपतेः कुलम् ।
वर्धितौ कोशदण्डौ भूः, प्रतापेन वशीकृता ॥६६२॥

શ્લોકાર્થ :-

જ્યારે આના વડે=નંદીવર્ધન વડે, પદ્મરાજાનું કુળ આનંદિત કરાયું. કોશદંડો વધારાયા. ભૂમિ પ્રતાપથી વશ કરાઈ. ॥૬૬૨॥

શ્લોક :-

निर्जिताः शत्रवः सर्वे, प्राप्ता जयपताकिकाः ।
सिंहायितं च सर्वत्र, गाहितः सुखसागरः ॥६६३॥

શ્લોકાર્થ :-

સર્વ શત્રુઓ જીત્યા. જયપતાકિકા પ્રાપ્ત કરાઈ. સર્વત્ર સિંહની જેમ આચરણા કરાઈ. સુખસાગર ગ્રહણ કરાયો. ॥૬૬૩॥

શ્લોક :-

गुरुराह महाराज, तदाऽप्यास्तामिमे स्फुटम् ।
पुण्योदयेन सख्यात् तु, कृतास्तास्ताः समृद्धयः ।।६६४।।

શ્લોકાર્થ :-

ગુરુ કહે છે. હે મહારાજ ! ત્યારે પણ આ બંને સ્પષ્ટ હતા. પરંતુ પુણ્યોદયરૂપી મિત્રથી તે તે સમૃદ્ધિઓ કરાઈ.

નંદીવર્ધનનો બાહ્ય વૈભવ ખ્યાતિ વગેરે આપાદક પુણ્યોદય પ્રગટ હતો તેથી સર્વ પ્રકારનાં બાહ્ય સુખોને પામેલો. **॥૬૬૪॥**

શ્લોક :-

महामोहवशात् तेन, गुणस्तस्य न लक्षितः ।
हिंसावैश्वानरकृतं, बुद्धमैश्वर्यजृम्भितम् ।।६६५।।

શ્લોકાર્થ :-

તેના વડે=નંદીવર્ધન વડે, તેનો=પુણ્યોદયનો, ગુણ મહામોહના વશથી જણાયો નહીં. હિંસા-વૈશ્વાનરકૃત પ્રગટ થયેલું ઐશ્વર્ય જણાયું. ॥૬૬૫॥

શ્લોક :-

ततोऽयमविशेषज्ञ इति मत्वा स निर्गतः ।
प्रस्तावे स्फुटवाक्यस्य, ततो जातोऽयमीदृशः ।।६६६।।

શ્લોકાર્થ :-

તેથી આ=નંદીવર્ધન, અવિશેષજ્ઞ છે એ પ્રમાણે માનીને સ્ફુટ વાક્યના પ્રસ્તાવમાં તે=પુણ્યોદય, ગયો. તેથી આ=નંદીવર્ધન, આવો થયો.

પોતાને જે સફળતા મળી તે પુણ્યોદયકૃત છે. હિંસા અને વૈશ્વાનરકૃત નથી એ પ્રકારના વિશેષને જાણનારો નંદીવર્ધન ન હતો. તેથી હિંસા અને વૈશ્વાનર પ્રત્યે પક્ષપાતવાળો થયો અને તે મલિન અધ્યવસાયથી પુણ્યોદય સતત ક્ષીણ ક્ષીણતર થયો તેથી સ્ફુટવાક્યના પ્રસ્તાવ વખતે તે પુણ્યોદય પૂર્ણ થાય છે તેના

કારણે નંદીવર્ધને હિંસાને અને વૈશ્વાનરને વશ થઈને આ સર્વ અનુચિત કાર્ય કર્યું. **॥૬૬૬॥**

શ્લોક :-

भवजन्तुरयं राजन् ! पद्मराजसुतो मृषा ।
वास्तव्योऽव्यवहारस्य, नगरस्य च निश्चितम् ।।६६७।।

શ્લોકાર્થ :-

હે રાજન્ ! આ=નંદીવર્ધન, ભવજંતુ છે. પદ્મરાજાનો પુત્ર મૃષા છે. અવ્યવહારનગરનો નિશ્ચિત વાસ્તવ્ય છે. ॥૬૬૭॥

શ્લોક :-

लोकस्थितेस्तथा कर्मपरिणामस्य चाज्ञया ।
भवितव्यतया स्वीयभार्यया प्रेरितस्ततः ।।६६८।।
स्वेच्छावशादथान्यान्यस्थानेषु परिधार्यते ।
अन्येषामपि तुल्येयं, गतिः प्रायेण देहिनाम् ।।६६९।।

શ્લોકાર્થ :-

લોકસ્થિતિની અને કર્મપરિણામની આજ્ઞાથી ત્યારપછી સ્વઈચ્છાના વશથી પ્રેરાયેલો આ જીવ પોતાની ભવિતવ્યતા નામની ભાર્યા વડે અન્ય અન્ય સ્થાનોમાં પરિધારણ કરાય છે=તે તે ભવોમાં આ જીવ સ્થાપન કરાય છે. પ્રાયઃ અન્ય પણ જીવોની તુલ્ય આ ગતિ છે.

કેવલી અરિદમન રાજાને કહે છે. આ નંદીવર્ધન ભવજંતુ છે. પદ્મરાજાનો પુત્ર નથી. લોકમાં પદ્મરાજાનો પુત્ર કહેવાય છે તે પરમાર્થથી મૃષાવચન છે. અને આ નંદીવર્ધન અનાદિથી અવ્યવહારનગરનો નિશ્ચિત વાસ્તવ્ય છે; કેમ કે અનાદિથી આ જીવ અવ્યવહારરાશિમાં જ હતો. અને લોકસ્થિતિ અને કર્મ-પરિણામની આજ્ઞાથી પ્રેરાયેલો તે નગરમાંથી નીકળીને અન્ય અન્ય ભવોમાં આવે છે; કેમ કે લોકમાં વર્તતા સર્વ જીવોની તેવા જ પ્રકારની પરિણતિ છે તે પ્રમાણે નંદીવર્ધનની પણ તેવા પ્રકારની પરિણતિ છે. એ પ્રકારની પરિણતિને

અનુરૂપ લોકસ્થિતિથી પ્રેરાઈને અને નંદીવર્ધનનાં બંધાયેલાં કર્મોની આજ્ઞાથી પ્રેરાઈને નંદીવર્ધન તે તે ભવોમાં જાય છે અને ત્યારપછી નંદીવર્ધનની પોતાની ભવિતવ્યતારૂપ જે પરિણતિ છે તેની ઇચ્છાના વશથી તે તે સ્થાનોમાં નંદીવર્ધન ધારણ કરાય છે. તેથી એ ફલિત થાય કે લોકસ્થિતિમાં વર્તતાં સર્વ દ્રવ્યોનો જે પ્રકારનો સ્વભાવ છે અને તે તે જીવોનો તે તે પ્રકારનો કર્મનો પરિણામ છે અને તે જીવની તે તે પ્રકારની ભવિતવ્યતા છે એને અનુરૂપ તે તે જીવ તે તે ભવોમાં ધારણ કરાય છે. અને જેમ નંદીવર્ધન આ ત્રણ કારણોથી તે તે ભવોમાં આવે છે તેમ પ્રાયઃ કરીને દરેક જીવો તેની લોકસ્થિતિ, તેના કર્મપરિણામ, અને તેની ભવિતવ્યતાને વશ તે તે ભવોમાં જન્મે છે. માટે પદ્મરાજાનો પુત્ર નંદીવર્ધન છે એ વચન મૃષા છે. **॥૬૬૮-૬૬૯॥**

શ્લોક :-

अरघट्टघटीयन्त्रन्यायेनैकेन्द्रियादिषु ।
भ्रमद्भिर्भवकान्तारं, मानुष्यं दुर्लभं जनैः ।।६७०।।

શ્લોકાર્થ :-

અરઘટ્ટઘટીયંત્ર ન્યાયથી ભવરૂપી જંગલમાં ભમતા લોકો વડે એકેન્દ્રિય આદિમાં ભવોમાં મનુષ્યપણું દુર્લભ છે. ॥૬૭૦॥

શ્લોક :-

निधिलाभसमे तत्राप्युत्तिष्ठन्त्यनभीष्टदाः ।
हिंसाक्रोधादयः क्रूरा, वेतालास्तैः कुतः सुखम् ।।६७१।।

શ્લોકાર્થ :-

નિધિલાભ સમાન એવા તેમાં પણ=મનુષ્યભવમાં પણ, અનભીષ્ટને દેનારા=અનર્થને દેનારા, હિંસાક્રોધાદિ ક્રૂર વૈતાલો ઊઠે છે. તેઓથી સુખ ક્યાંથી હોય ?=સુખ હોય નહીં.

સંસારમાં જીવો અરઘટ્ટઘટીયંત્રના ન્યાયથી અનંતકાળથી ચાર ગતિઓમાં ફરે છે જેમાં એકેન્દ્રિય આદિ ભવો અસાર છે. તેમાં દુર્લભ એવો મનુષ્યભવ

ક્યારેક પ્રાપ્ત થાય છે જે દરિદ્ર જીવને નિધાન લાભતુલ્ય છે; કેમ કે દરિદ્ર જીવને નિધાન મળે તો સુખ-શાંતિથી જીવી શકે તેમ મનુષ્યભવને પામીને જીવ રત્નસંચય કરી શકે તેવો આ મનુષ્યભવ છે તોપણ જે નિધાન ગ્રહણ કરવામાં વૈતાલો ઊઠે તો તે જીવ નિધાન ગ્રહણ કરી શકે નહીં. તેમ અત્યંત અનિષ્ટ એવા ક્રૂર હિંસાદિ ભાવોરૂપ વૈતાલો જીવમાં ઊઠે છે તેથી મનુષ્યભવને પામીને પણ જીવ સ્વસ્થતાપૂર્વક સુખનું વેદન કરી શકતો નથી. **॥૬૭૧॥**

શ્લોક :-

मूढास्तिष्ठन्त्विमे नन्दिवर्धनाद्यास्तपस्विनः ।
कदर्थ्यन्ते कषायाद्यैरप्यर्हन्मतवेदिनः ।।६७२।।

શ્લોકાર્થ :-

આ નંદીવર્ધન આદિ મૂઢો દૂર રહો. અરિહંતના મતને જાણનારા તપસ્વીઓ કષાય આદિથી કદર્થના કરાય છે.

જેઓને મનુષ્યભવ પામ્યા પછી ભગવાનના શાસનની લેશ પણ પ્રાપ્તિ નથી તેઓ તો કષાયને વશ સર્વ કદર્થના પામે જ છે. પરંતુ ભગવાનના મતને જાણનારા તપ-સંયમને કરનારા મહાત્માઓ નિમિત્તને પામીને કષાયોથી કદર્થના પામે છે અને સાવધાન ન થાય તો દુરંત સંસારમાં જઈને પડે છે. **॥૬૭૨॥**

શ્લોક :-

विषयामिषगृद्धानां, सन्मार्गाद् दूरवर्तिनाम् ।
नन्दिवर्धनवत् तेषामनन्ता दुःखसन्ततिः ।।६७३।।

શ્લોકાર્થ :-

વિષયરૂપી ભોગોમાં ગૃદ્ધ સન્માર્ગથી દૂરવર્તી તેઓને નંદીવર્ધનની જેમ અનંત દુઃખની સંતતિ છે. ॥૬૭૩॥

શ્લોક :-

लब्ध्वाऽपि शासनं जैनं, यः क्रोधादिषु रज्यते ।
स हारयति काचेन, मूढश्चिन्तामणिं हहा ।।६७४।।

શ્લોકાર્થ :-

જૈનશાસનને પામીને પણ જે ક્રોધાદિમાં રંજિત થાય છે, મૂઢ એવો તે, ખેદ છે કે કાચથી ચિંતામણિને હારે છે.

કોઈક રીતે ધર્મને અભિમુખ થયેલા જીવો પણ કષાયોની પ્રકૃતિમાં યત્નશીલ હોય તેઓ તપ, ત્યાગ કરીને પણ માન-ખ્યાતિ આદિ ભાવોમાં રંજિત રહે છે. તેવા મૂઢ જીવો સર્વ કર્મના નાશના પ્રબલ કારણભૂત ચિંતામણિરૂપ જૈનશાસનને તુચ્છ માન-સન્માનાદિ રૂપ કાચથી નિષ્ફળ કરે છે. **॥૬૭૪॥**

શ્લોક :-

हिंसाक्रोधादिसंसक्ताद् धर्मो दूरेण नश्यति ।
न मोक्षमार्गलेशेन, युज्यते तद्विवर्जितः ।।६७५।।

શ્લોકાર્થ :-

હિંસા, ક્રોધાદિ સંસક્ત જીવોથી ધર્મ દૂરથી નાસે છે. તેનાથી વિવર્જિત= ધર્મથી વિવર્જિત, મોક્ષમાર્ગના લેશથી યોજાતો નથી.

જેઓ હિંસાદિ આરંભો કરે છે, ક્રોધાદિ કષાયો કરે છે તેઓ ક્વચિત્ બાહ્યથી ધર્મની આચરણા કરતા હોય તોપણ પરમાર્થથી આત્મામાં ધર્મ પ્રગટ થતો નથી. તેવા જીવો મોક્ષમાર્ગના લેશને પણ સ્પર્શતા નથી. **॥૬૭૫॥**

શ્લોક :-

जानन्नपि ततस्तत्त्वं, महामोहवशीकृतः ।
निमज्जति भवाम्भोधौ, यथाऽयं नन्दिवर्धनः ।।६७६।।

શ્લોકાર્થ :-

તેથી=ધર્મ રહિત જીવો મોક્ષમાર્ગ સાથે યોજન પામતા નથી તેથી, તત્ત્વને જાણતો પણ મહામોહને વશ કરાયેલો જીવ ભવરૂપી સમુદ્રમાં ડૂબે છે. જે પ્રમાણે આ નંદીવર્ધન.

જેમ નંદીવર્ધન ભવસમુદ્રમાં પડે છે તેમ કોઈક રીતે ભગવાનના શાસનના તત્ત્વને જાણનારા થયા હોય છતાં મૂઢતાને વશ કષાયોના પરિહાર માટે યત્ન કરતા નથી તેઓ ભવસમુદ્રમાં ડૂબે છે. **॥૬૭૬॥**

શ્લોક :-

नृपतिः प्राह भगवन्, स्वानुभूतेन नैव किम् ।
इयताऽपि प्रबन्धेन, बुद्ध्यते नन्दिवर्धनः ।।६७७।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે હે ભગવાન ! સ્વાનુભૂત આટલા પણ પ્રબંધથી શું નંદીવર્ધન બોધ નહીં પામે ? ॥૬૭૭॥

શ્લોક :-

गुरुराह महाराज ! न परं नावबुध्यते ।
प्रत्युतास्य महोद्वेगश्चित्ते भवति मद्गिरा ।।६७८।।

શ્લોકાર્થ :-

ગુરુ કહે છે. હે મહારાજ ! કેવલ અવબોધ પામતો નથી એમ નહીં, ઊલટું આને=નંદીવર્ધનને, મારી વાણીથી ચિત્તમાં મહાઉદ્વેગ થાય છે.

કેવલી કોઈના ચિત્તના ઉદ્વેગનું કારણ હોય તેવું કહે નહીં; કેમ કે તેનાથી તે જીવના સંસારની વૃદ્ધિ થાય છે તોપણ રાજા આદિ અન્ય જીવોને મહાલાભનો હેતુ હોવાથી કેવલી નંદીવર્ધનનો સર્વ પ્રસંગ તેના સાંભળતાં જ લોકોની આગળ કહે છે. **॥૬૭૮॥**

શ્લોક :-

प्राह भूपोऽस्त्यभव्यः किं, भव्य एव गुरुर्जगौ ।
हन्त्यनन्तानुबन्धोऽस्य, क्रोधो धर्मरुचिं परम् ।।६७९।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે. શું અભવ્ય છે ? ગુરુ કહે છે ભવ્ય જ છે, પરંતુ આનો અનંતાનુબંધવાળો ક્રોધ ધર્મની રુચિને હણે છે. ॥૬૭૯॥

શ્લોક :-

अस्य वैश्वानरोऽद्यापि, दुःखं दास्यत्यनन्तशः ।
तदस्य परमः शत्रुरयमेव न संशयः ।।६८०।।

परमेष सुहृत्त्वेन, भासतेऽस्य महाभ्रमात्,
सति भावज्वरेऽस्मिंस्तद्धर्मपथ्यरुचिः कुतः ।।६८१।।
नृपः प्राह किमस्यैव, परेषां वाऽप्यसौ सुहृत् ।
गुरुराह महाराज ! शृणु तत्त्वमिह स्फुटम् ।।६८२।।

શ્લોકાર્થ :-

આનો વૈશ્વાનર હજી પણ અનંત વખત દુઃખ આપશે, તે કારણથી આનો=નંદીવર્ધનનો, પરમશત્રુ આ જ છે, સંશય નથી. પરંતુ આને=નંદીવર્ધનને મહાભ્રમથી મિત્રપણારૂપે ભાસે છે. તે કારણથી આ ભાવજ્વર હોતે છતે=વૈશ્વાનરરૂપ ભાવજ્વર હોતે છતે, ધર્મમાં પથ્યરુચિ ક્યાંથી હોય. રાજા કહે છે. આનો જ=નંદીવર્ધનનો જ, અથવા બીજા જીવોનો પણ આ=વૈશ્વાનર, શું મિત્ર છે ? ગુરુ કહે છે – હે મહારાજ ! અહીં=તારા પ્રશ્નમાં, સ્પષ્ટ તત્ત્વને સાંભળ. ।।૬૮૦થી ૬૮૨।।

શ્લોક :-

त्रीणि त्रीणि कुटुम्बानि, सर्वेषां सन्ति देहिनाम् ।
तत्राद्यं क्षान्तिसंतोषज्ञानसत्यशमादिकम् ।।६८३।।
द्वितीयं क्रोधशोकार्तिमानमायाभयादिकम् ।
तृतीयमङ्गं तद्धेतुस्त्रीनरौ तत्कुलं तथा ।।६८४।।

શ્લોકાર્થ :-

બધા જીવોને ત્રણ ત્રણ કુટુંબ છે. ત્યાં આદ્ય કુટુંબ ક્ષાંતિ, સંતોષ, જ્ઞાન, સત્ય, શમાદિક છે. બીજું ક્રોધ, શોક, આર્તિ, માન, ભયાદિક છે. ત્રીજું તેનો હેતુ=બીજા કુટુંબનો હેતુ, સ્ત્રી, પુરુષ અને તેનું કુલ છે. ।।૬૮૩-૬૮૪।।

શ્લોક :-

आद्यं स्वाभाविकं तत्र, कुटुम्बमविनश्वरम् ।
आविर्भावतिरोभावधर्मकं मोक्षदायकम् ।।६८५।।

શ્લોકાર્થ :-

ત્યાં=ત્રણ કુટુંબમાં, આદ્ય કુટુંબ સ્વાભાવિક, અવિનશ્વર, આવિર્ભાવ તિરોભાવરૂપ ધર્મવાળું, મોક્ષને દેનારું છે. ॥૬૮૫॥

શ્લોક :-

औपाधिकं द्वितीयं च, स्वाभाविकधिया धृतम् ।
अनाद्यन्तमभव्येषु, भव्येष्वस्तादि चान्तवत् ।।६८६।।

શ્લોકાર્થ :-

અને બીજું ઔપાધિક સ્વાભાવિક બુદ્ધિથી ધારણ કરાયેલું અનાદિ અનંત અભવ્યમાં, ભવ્યોમાં અસ્તાદિ અને અંતવાળું છે.

ભવ્ય જીવોમાં બીજું કુટુંબ ઉપશમશ્રેણીમાં અસ્ત પામે છે, ઉપશમશ્રેણીથી પાત પામે ત્યારે આદિ થાય છે અને ક્ષપકશ્રેણીથી કષાયોનો નાશ કરે ત્યારે અંતવાળું થાય છે અને સંસારી જીવોએ તે બીજું કુટુંબ કર્મની ઉપાધિથી જન્ય હોવા છતાં આ મારો સ્વભાવ છે એ પ્રકારની બુદ્ધિથી જ ધારણ કર્યું છે. **॥૬૮૬॥**

શ્લોક :-

आविर्भावतिरोभावधर्मकं भवकारणम् ।
एकान्ताहितशीलं च, प्रकृत्याऽधोगतिप्रदम् ।।६८७।।

શ્લોકાર્થ :-

આવિર્ભાવ તિરોભાવ ધર્મવાળું ભવનું કારણ, એકાંત અહિત સ્વભાવવાળું અને પ્રકૃતિથી અધોગતિને દેનારું બીજું કુટુંબ છે.

ક્રોધાદિની પરિણતિ જીવમાં દ્રવ્ય, ક્ષેત્ર આદિને પામીને આવિર્ભાવ પામે છે અને તેવાં દ્રવ્ય-ક્ષેત્રાદિને પામીને તિરોભાવ પામે છે. વળી, તે કષાયોથી ભવ-પ્રાપ્તિને અનુકૂળ કર્મોનો બંધ થાય છે તેથી ભવનું કારણ છે. વળી, કષાયકાળમાં જીવને દુઃખ થાય છે અને તેનાથી દુઃખની પરંપરા પ્રાપ્ત થાય છે તેથી એકાંત અહિત સ્વભાવવાળું છે અને પ્રકૃતિથી અધોગતિને દેનારું છે; કેમ કે કષાયને વશ જીવ નરક નિગોદમાં જાય છે. **॥૬૮૭॥**

શ્લોક :-

तृतीयं सादि सान्तं च, यादृच्छिकमुपाधिजम् ।
अन्तःकुटुम्बपोषेण, भवनिर्वाणकारणम् ।।६८८।।

શ્લોકાર્થ :-

ત્રીજું કુટુંબ સાદિ, સાંત, યાદચ્છિક, ઉપાધિથી થનારું, અંતર્-કુટુંબના પોષણથી ભવ અને નિર્વાણનું કારણ છે.

ત્રીજા કુટુંબની દરેક ભવમાં આદિ થાય છે અને ભવના અંતે પ્રાયઃ તેનો નાશ થાય છે. વળી, તે યદચ્છાથી થયેલું છે=તે તે પ્રકારના જીવના સંબંધની બુદ્ધિથી થયેલું છે. આથી જ કોઈક ભવમાં એક નગરાદિમાં જન્મેલા હોય અને સમાન સ્વભાવને કારણે મૈત્રી આદિ થાય તેના કારણે જન્માંતરમાં તે તે પ્રકારના સંબંધ થાય છે, જે ઉપાધિથી થયેલ છે. વળી, બાહ્ય એવું સ્ત્રી આદિ કુટુંબ પ્રથમ કુટુંબને પોષે તો મોક્ષનું કારણ છે અને બીજા કુટુંબને પોષે તો ભવનું કારણ છે. **॥૬૮૮॥**

શ્લોક :-

सर्वसंसारिणां तस्माद् द्वितीयेऽत्र कुटुम्बके ।
सुहृद्वैश्वानरोऽवश्यं, हिंसा भार्या च निश्चिता ।।६८९।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પૂર્વમાં ત્રણ કુટુંબોનું સ્વરૂપ બતાવ્યું તેવું તેઓનું સ્વરૂપ છે તે કારણથી, અહીં સર્વ સંસારી જીવોના બીજા કુટુંબમાં મિત્ર વૈશ્વાનર અને હિંસા ભાર્યા અવશ્ય નિશ્ચિત છે. ॥૬૮૯॥

શ્લોક :-

आद्यं स्वाभाविकं मुक्त्वा, द्वितीये कथमादरः ।
जीवानामथ जिज्ञासुर्जगदे सूरिणा नृपः ।।६९०।।

શ્લોકાર્થ :-

આદ્ય એવા સ્વાભાવિક કુટુંબને છોડીને, બીજા કુટુંબમાં જીવોને કેમ આદર છે ? એ પ્રકારની જિજ્ઞાસાવાળા રાજાને સૂરિ વડે કહેવાયું. ॥૬૯૦॥

શ્લોક :-

अभिभूतं द्वितीयेन, नित्यमाद्यकुटुम्बकम् ।
तेन तद्दर्शनाभावात् तद्‌गुणानादरो नृणाम् ।।६९१।।

શ્લોકાર્થ :-

બીજા વડે=બીજા કુટુંબ વડે, હંમેશાં આદ્ય કુટુંબ અભિભૂત છે; તે કારણથી=પ્રથમ કુટુંબ અભિભૂત છે તે કારણથી, તેના દર્શનના અભાવને કારણે મનુષ્યોને તેના ગુણોમાં અનાદર છે.

અનાદિ કાળથી જીવમાં બીજું કષાયોનું કુટુંબ તે પ્રકારનું બલવાન વિદ્યમાન છે જેથી ક્ષમાદિ રૂપ આદ્ય કુટુંબ હણાયેલું છે તેથી જીવને આદ્ય કુટુંબનું દર્શન થતું નથી, માટે પ્રથમ કુટુંબ ગુણવાળું હોવા છતાં તેમાં જીવને આદર થતો નથી અને કદર્થના કરનાર પણ બીજા કુટુંબમાં જીવને સ્નેહ વર્તે છે. **॥૬૯૧॥**

શ્લોક :-

आविर्भूतं सदैवास्ति, द्वितीयं च कुटुम्बकम् ।
पुरः स्फुरति तत्रोच्चैर्नृणां तत्प्रेम वर्धते ।।६९२।।

શ્લોકાર્થ :-

અને બીજું કુટુંબ સદા જ આવિર્ભૂત છે, તે કારણથી આગળ સ્ફુરાયમાન થતા તેમાં=બીજા કુટુંબમાં, મનુષ્યોને અત્યંત પ્રેમ વધે છે.

સંસારી જીવોમાં સદા બીજું કુટુંબ અનાદિ કાળથી આવિર્ભૂત છે અને તે તે નિમિત્તોથી તે તે કષાયો જીવની સન્મુખ પ્રગટ થાય છે તેથી તેઓના પરિચયને કારણે જીવોને તેમાં પ્રેમ વધે છે જેમ નંદીવર્ધનને વૈશ્વાનરમાં પ્રેમ વૃદ્ધિ પામ્યો. **॥૬૯૨॥**

શ્લોક :-

विश्रब्धास्तत्र पश्यन्ति, न दोषान् जानते गुणान् ।
शत्रुबुद्‌ध्या च पश्यन्ति, तद्दोषस्य प्रकाशकम् ।।६९३।।

શ્લોકાર્થ :-

ત્યાં=બીજા કુટુંબમાં, વિશ્વાસ પામેલા જીવો દોષોને જાણતા નથી=બીજા કુટુંબના દોષોને જાણતા નથી, ગુણોને જાણે છે=બીજા કુટુંબના ગુણો નથી તોપણ ગુણોને જુએ છે, અને શત્રુબુદ્ધિથી તેના દોષના પ્રકાશકને=બીજા કુટુંબના દોષના પ્રકાશકને, જુએ છે.

બીજા કુટુંબના પરિચયને કારણે આ બીજું કુટુંબ જ હિતકારી છે તેમ પ્રાયઃ સંસારી જીવોને વિશ્વાસ હોય છે, તેથી જ કષાયોના ક્લેશને જોતા નથી પરંતુ કષાયોથી જ સર્વ ઇષ્ટની પ્રાપ્તિ થાય છે તેમ જાણે છે. તેથી કષાયો અનર્થકારી છે તેમ કહેનારને પણ તેઓ શત્રુબુદ્ધિથી જુએ છે. **॥૬૯૩॥**

શ્લોક :-

भूपः प्राहानयोः श्रेष्ठा, तत् किं तत्त्वविशेषधीः ।
गुरुर्जगौ तदर्थं नो, यत्नोऽयं देशनाविधेः ।।६९४।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે. તે કારણથી=પ્રથમ કુટુંબ હિતકારી છે અને બીજું કુટુંબ અનર્થકારી છે તે કારણથી, આ બેમાં=પ્રથમ અને બીજા કુટુંબમાં, તત્ત્વના ભેદની બુદ્ધિ શું શ્રેષ્ઠ છે ? ગુરુએ કહ્યું, તેના માટે=બે કુટુંબના ભેદનો બોધ કરાવવા માટે, દેશનાની પ્રવૃત્તિનો અમારો આ યત્ન છે.

ગુરુએ રાજાને બે કુટુંબનું સ્વરૂપ બતાવ્યું તેથી રાજા ગુરુને પૂછે છે. આ બે કુટુંબોના સ્વરૂપના ભેદની બુદ્ધિ શ્રેષ્ઠ છે અર્થાત્ પ્રથમ કુટુંબ હિતકારી છે, બીજું કુટુંબ અનર્થકારી છે એ પ્રકારની ભેદની બુદ્ધિ શ્રેષ્ઠ છે ? તેને ગુરુ કહે છે – પ્રથમ અને બીજા કુટુંબના વાસ્તવિક સ્વરૂપને બતાવવા અર્થે અમારી દેશનાની પ્રવૃત્તિ છે. **॥૬૯૪॥**

શ્લોક :-

विना स्वयोग्यतां शक्यं, तत्त्वं ज्ञापयितुं तु न ।
उदास्महे त्वयोग्येषु, तद्योग्येषु यतामहे ।।६९५।।

શ્લોકાર્થ :-

સ્વયોગ્યતા વગર=શ્રોતાની પોતાની યોગ્યતા વગર, તત્ત્વને જણાવવા માટે=પ્રથમ કુટુંબ સુંદર છે, બીજું કુટુંબ અહિતકારી છે તેના પારમાર્થિક તત્ત્વને બતાવવા માટે, શક્ય નથી, તે કારણથી અયોગ્ય જીવમાં અમે ઉદાસીન રહીએ છીએ, યોગ્ય જીવોમાં યત્ન કરીએ છીએ. ।।૬૯૫।।

શ્લોક :-

नृपो जगावयोग्यानां, भगवंश्चिन्तया कृतम् ।

मया बुद्धो विशेषोऽयं, सिद्धं मम समीहितम् ।।६९६।।

શ્લોકાર્થ :-

રાજાએ કહ્યું, હે ભગવન્ ! અયોગ્યની ચિંતાથી સર્યું, આ વિશેષ= અયોગ્યની ચિંતા ન કરવી જોઈએ અને યોગ્યમાં યત્ન કરવો જોઈએ એ વિશેષ, મારા વડે જણાયો. મારું સમીહિત સિદ્ધ થયું. ।।૬૯૬।।

શ્લોક :-

यतः—

परोपकारः कर्तव्यः, सत्यां शक्तौ मनीषिणा ।

परोपकारासामर्थ्ये, कुर्यात् स्वार्थे महादरम् ।।६९७।।

શ્લોકાર્થ :-

જે કારણથી શક્તિ હોતે છતે મનીષી વડે પરોપકાર કરવો જોઈએ, પરોપકારનું અસામાર્થ્ય હોતે છતે સ્વાર્થમાં મહાદર કરવો જોઈએ.

પૂર્વશ્લોકમાં રાજાએ કહ્યું મારું સમીહિત સિદ્ધ થયું, અને તે સમીહિત પોતાને બોધવિશેષ થયો તેથી તે બોધને સ્પષ્ટ કરતાં કહે છે. બુદ્ધિમાન પુરુષે શક્તિ હોય તો પરોપકાર કરવો જોઈએ અને પોતાનું સામર્થ્ય ન હોય તો પ્રથમ કુટુંબના પોષણરૂપ સ્વાર્થમાં મહાન આદર કરવો જોઈએ. **।।૬૯૭।।**

શ્લોક :-

भगवानाह पृथ्वीश ! न त्राणं ज्ञानमात्रतः ।
श्रद्धाक्रियान्वयादेव, तदभीष्टार्थसाधकम् ।।६९८।।

શ્લોકાર્થ :-

ભગવાન કહે છે – હે રાજા ! જ્ઞાનમાત્રથી રક્ષણ નથી=પરોપકારનું સામર્થ્ય ન હોય તો આત્મહિત કરવું જોઈએ એટલા જ્ઞાનમાત્રથી રક્ષણ નથી, શ્રદ્ધા ક્રિયાના અન્વયથી જ તે=જ્ઞાન, અભીષ્ટ અર્થનું સાધક છે.

રાજાને ઉચિત કૃત્ય વિષયક સમ્યગ્જ્ઞાન થયું તેથી પોતાનું સમીહિત સિદ્ધ થયું એમ જે રાજા વિચારે છે તેને આચાર્ય કહે છે. શ્રદ્ધા ક્રિયાથી યુક્ત જ્ઞાન અભીષ્ટ અર્થનું સાધક છે, માત્ર જ્ઞાન નહીં. **||૬૯૮||**

શ્લોક :-

तत्र श्रद्धानमस्त्येव, विस्तारि तव सर्वतः ।
क्रियां तु यदि शक्नोषि, कर्तुं तत्सिध्यति हितम् ।।६९९।।

શ્લોકાર્થ :-

ત્યાં=રત્નત્રયીમાં, તારું સર્વત્ર વિસ્તારવાળું શ્રદ્ધાન છે જ, વળી જો ક્રિયાને કરવા માટે તું સમર્થ થાય તો, હિત સિદ્ધ થાય છે. ||૬૯૯||

શ્લોક :-

परं तन्निर्घृणं कर्म, नृपतिः प्राह कीदृशम् ।
गुरुर्जगाद कुर्वन्ति, मुनयो यदनारतम् ।।७००।।

શ્લોકાર્થ :-

પરંતુ તે=નિર્ઘૃણ કર્મ છે=નિર્દય કર્મ છે=કષાયો પ્રત્યે નિર્દય આચરણા છે, રાજા પૂછે છે. કેવા પ્રકારનું છે ?=તે નિર્ઘૃણ કર્મ કેવા પ્રકારનું છે ? ગુરુ કહે છે જે=નિર્ઘૃણ કર્મ, સતત મુનિઓ કરે છે.

કષાયો પ્રત્યે ક્રૂર આચરણા છે તે નિર્ઘૃણ કર્મ છે જે મુનિઓ સતત સેવે છે, ગુરુ પૂછે છે કેવા પ્રકારની ક્રૂર આચરણા છે ? એથી કહે છે – જે પ્રકારની

કષાયો પ્રત્યેની ક્રૂર આચરણાઓ મુનિઓ કરે છે તેવી આચરણા ઇષ્ટ અર્થની સાધક છે. **॥૭૦૦॥**

શ્લોક :-

अनादिप्रेमसंबद्धं, द्वितीयं यत् कुटुम्बकम् ।
आद्येन योधयन्त्युच्चैर्घोराघोरबलेन तत् ।।७०१।।

શ્લોકાર્થ :-

અનાદિ પ્રેમ સંબંધવાળું જે બીજું કુટુંબ છે, તેને ઘોર અઘોર બલવાળા એવા આદ્યકુટુંબની સાથે યુદ્ધ કરાવે છે.

આદ્યકુટુંબને અતિ બલિષ્ઠ કરીને મુનિઓ ક્રોધાદિ કષાયરૂપ જે બીજું કુટુંબ છે તેને પ્રશસ્ત રાગદ્વેષ આદિ કરીને પ્રથમ કુટુંબ સાથે યુદ્ધ કરાવે છે. **॥૭૦૧॥**

શ્લોક :-

द्वितीयस्य कुटुम्बस्य, मूलोत्पत्तिनिबन्धनम् ।
घातयन्ति विवेकेन, महामोहपितामहम् ।।७०२।।

શ્લોકાર્થ :-

બીજા કુટુંબના ઉત્પત્તિના મૂલ કારણ એવા મહામોહ પિતામહને વિવેકથી નાશ કરે છે.

મહામોહ અજ્ઞાન સ્વરૂપ છે અને મુનિઓ આત્માથી સર્વ પદાર્થો ભિન્ન છે તે પ્રકારે ભાવન કરીને અને શાસ્ત્રોથી સૂક્ષ્મ સૂક્ષ્મતર વિવેક પ્રગટ કરીને અજ્ઞાનનો નાશ કરે છે. જે પૂર્ણ વિવેક કેવલજ્ઞાન વખતે પ્રગટે છે જેનાથી સંપૂર્ણ અજ્ઞાનનો નાશ થાય છે અને અરૂપી ચેતના સ્પષ્ટ, સ્પષ્ટતર દેખાય છે. **॥૭૦૨॥**

શ્લોક :-

चूर्णयन्तो न खिद्यन्ते, रागं वैराग्ययन्त्रतः ।
एतत्कुटुम्बाधिकृतं, महाबलमहारथम् ।।७०३।।

શ્લોકાર્થ :-

આ કુટુંબથી અધિકૃત=બીજા કુટુંબથી સ્વીકૃત, મહાબલરૂપ મહારથ

એવા રાગને વૈરાગ્યના યંત્રથી ચૂર્ણ કરતાં ખેદ પામતા નથી.

બીજા કુટુંબે રાગને પોતાના મહારક્ષક તરીકે સ્વીકારેલ છે તેથી રાગ બીજા કુટુંબનું પાલન કરવા માટે મહારથી છે, તે રાગને મુનિઓ વૈરાગ્યથી ચૂર્ણ કરતાં ખેદ પામતા નથી, પરંતુ સતત વિષયોનો વિરક્તભાવ વૃદ્ધિ કરીને પૂર્ણ સંતોષને પ્રાપ્ત કરીને રાગનો નાશ કરે છે. **॥૭૦૩॥**

શ્લોક :-

घ्नन्ति मैत्रीशरेणोच्चै रागस्यैव सहोदरम् ।
द्वेषं न हृदये जातु, पश्चात्तापं च कुर्वते ।।७०४।।

શ્લોકાર્થ :-

મૈત્રીરૂપી બાણથી રાગના જ સહોદર એવા દ્વેષને અત્યંત નાશ કરે છે અને હૃદયમાં પશ્ચાત્તાપને કરતા નથી.

સુસાધુઓ જગતના જીવો પ્રત્યે મૈત્રીભાવનાથી અત્યંત ભાવિત થાય છે જેથી શત્રુ-મિત્ર સર્વ પ્રત્યે ચિત્ત સમાન બને છે જેના પ્રકર્ષથી દ્વેષનો નાશ કરે છે, અને દ્વેષનો નાશ કર્યા પછી કોઈ જાતના પાપોનો પશ્ચાત્તાપ કરતા નથી, ફક્ત આદ્યભૂમિકામાં જ બીજા કુટુંબને પ્રથમ કુટુંબની સાથે લડાવતી વખતે પાપનો પશ્ચાત્તાપ કરે છે, ત્યારે પ્રશસ્ત દ્વેષથી પ્રથમ કુટુંબને બલિષ્ઠ કરે છે. **॥૭૦૪॥**

શ્લોક :-

पाटयन्तः क्रोधबन्धुं, क्षमया क्रकचेन च ।
उल्लसन्ति तथा मानं, निघ्नन्तो मार्दवासिना ।।७०५।।

શ્લોકાર્થ :-

ક્ષમારૂપી કકચથી ક્રોધબંધુને નાશ કરતાં અને માર્દવરૂપી તલવારથી માનને હણતાં ઉલ્લસિત થાય છે.

ક્ષમાનું દૃઢ અવલંબન લઈને ક્રોધનો નાશ કરવા ઉલ્લસિત થાય છે અને માર્દવ પરિણામનું અવલંબન લઈને અર્થાત્ ગુણો પ્રત્યે નમેલું ચિત્ત રહે એવા અધ્યવસાયનું અવલંબન લઈને માનને નાશ કરતાં મુનિઓ સદા પ્રવર્તે છે. **॥૭૦૫॥**

શ્લોક :-

मायामार्जवदण्डेन, निघ्नन्ति जरतीमपि ।
संतोषाग्नौ क्षिपन्त्युच्चैर्लोभं बालमपि क्षणात् ।।७०६।।

શ્લોકાર્થ :-

આર્જવદંડથી જીર્ણ થતી પણ માયાને હણે છે, બાલ પણ એવા લોભને ક્ષણથી સંતોષરૂપી અગ્નિમાં અત્યંત નાંખે છે.

મુનિઓ આર્જવ પરિણામથી માયાને સતત જીર્ણ કરે છે અને જીર્ણ પણ થતી એવી માયાને શક્તિનો સંચય થાય ત્યારે ક્ષપકશ્રેણીમાં નાશ કરે છે, વળી, લોભને સતત ક્ષીણ કરે છે, તેથી ક્ષીણ થયેલા એવા બાલ જેવા પણ લોભને ક્ષપકશ્રેણીમાં સંતોષરૂપી અગ્નિમાં નાંખીને નાશ કરે છે. **॥૭૦૬॥**

શ્લોક :-

कामं च ब्रह्महस्तेन, मर्दयन्तीव मत्कुणम् ।
घ्नन्ति शोकं धिया शक्त्या, चित्तधैर्येषुणा भयम् ।।७०७।।

શ્લોકાર્થ :-

બ્રહ્મરૂપી હાથથી માંકડની જેમ કામનું મર્દન કરે છે, બુદ્ધિરૂપ શસ્ત્રથી શોકને હણે છે. ચિત્તના ધૈર્યરૂપ બાણથી ભયને હણે છે.

મુનિઓ ચિત્તમાં અનાદિથી સ્થિર થયેલા વેદના ઉદયને સતત ક્ષીણ કરવા યત્ન કરે છે અને ક્ષપકશ્રેણીમાં તેનો સર્વથા વિનાશ કરે છે. વળી, જીવ નિમિત્ત પામીને શોકના ઉપયોગવાળો બને છે, પરંતુ મુનિઓ આત્માનો દેહાદિથી અત્યંત ભેદ છે તેનું ભાવન કરીને આત્માને તે રીતે સંપન્ન કરે છે કે જેથી બાહ્ય કોઈ નિમિત્તજન્ય શોક પ્રગટ થાય નહીં, વળી, સંસારી જીવોને ભય પણ દેહ સાથે અભેદ બુદ્ધિ હોય ત્યારે જ થાય છે; કેમ કે દેહનો નાશ થાય તેવા સંયોગ આવે ત્યારે ભય પ્રગટ થાય છે, પરંતુ મુનિઓ ધૈર્યપૂર્વક ચિત્તને આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિર કરે છે, જેથી મરણાંત ઉપસર્ગમાં પણ ભય ઉત્પન્ન થતો નથી. **॥૭૦૭॥**

શ્લોક :-

हास्यं रतिं जुगुप्सां चारतिं चानादिवत्सलाम् ।
पञ्चाक्षभ्रातृभाण्डानि, दलयन्ति दमेषुणा ।।७०८।।

શ્લોકાર્થ :-

હાસ્યને અને અનાદિ વત્સલ એવી રતિ, જુગુપ્સા અને અરતિને પાંચ ઈન્દ્રિયોના વિષયોને દમરૂપી બાણથી દળે છે.

મુનિઓ દમનના પરિણામ દ્વારા હાસ્ય, રતિ, અરતિના ભાવોને અને પાંચ ઇન્દ્રિયોના વિષયોને દળે છે, જેથી ઇન્દ્રિયાર્થ ઉન્મનીભાવને અભિમુખ સતત જવા યત્ન કરે છે. **II૭૦૮II**

શ્લોક :-

इत्थं कृत्वा द्वितीयस्य, कुटुम्बस्य क्षयं क्षणात् ।
प्रथमस्य कुटुम्बस्य, वर्धयन्ति बलं सदा ।।७०९।।

શ્લોકાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, બીજા કુટુંબનો ક્ષણમાં ક્ષય કરીને, પ્રથમ કુટુંબનું બલ મુનિઓ સદા વધારે છે. II૭૦૯II

શ્લોક :-

बले चाद्यकुटुम्बस्य, प्रवृद्धे भग्नपौरुषम् ।
अमीषां बाधकं न स्यात्, तद् द्वितीयं कुटुम्बकम् ।।७१०।।

શ્લોકાર્થ :-

અને આદ્યકુટુંબનું બલ પ્રવૃદ્ધ થયે છતે ભગ્ન પૌરુષવાળું તે બીજું કુટુંબ આમનું=આદ્યકુટુંબનું બાધક થાય નહીં.

મુનિઓ બીજા કુટુંબને સતત ક્ષીણ કરે છે અને પ્રથમ કુટુંબની સતત વૃદ્ધિ કરે છે તેથી મુનિના ચિત્તમાં કષાયો, નોકષાયો ક્ષીણપ્રાયઃ વર્તે છે તેથી ભગ્ન પૌરુષવાળું બીજું કુટુંબ વર્તે છે, તેથી પ્રથમ કુટુંબનો સામનો કરવા સમર્થ બીજું

કુટુંબ બનતું નથી જેના કારણે મુનિના ચિત્તમાં સતત ક્ષમાદિ ભાવો પ્રવર્ધમાન બને છે. **॥૭૧૦॥**

શ્લોક :-

तृतीयं पोषकं ज्ञात्वा, द्वितीयस्य त्यजन्ति ते ।
जेतुं द्वितीयमत्यक्ते, तृतीये नैव शक्यते ।।७११।।

શ્લોકાર્થ :-

બીજા કુટુંબનું પોષક જાણીને ત્રીજા કુટુંબનો તેઓ ત્યાગ કરે છે, ત્રીજું કુટુંબ નહીં ત્યાગ કરાયે છતે બીજું કુટુંબ જીતવા માટે શક્ય નથી જ.

પૂર્વમાં કહેલ કે ત્રીજું કુટુંબ ધર્મનું પણ પોષક છે અને અધર્મનું પણ પોષક છે તેથી પ્રથમ કુટુંબનું પણ પોષક છે અને બીજા કુટુંબનું પણ પોષક છે. તોપણ બહુલતાએ બીજા કુટુંબનું પોષક ત્રીજું કુટુંબ છે. તેથી સંયમ ગ્રહણ કરીને સાધુઓ ત્રીજા કુટુંબનો ત્યાગ કરે છે અને ત્રીજા કુટુંબનો ત્યાગ ન કરે તો સ્વજનાદિ પ્રત્યે સંબંધની બુદ્ધિને કારણે બીજા કુટુંબનો જય શક્ય બને નહીં; કેમ કે નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રવર્ધમાન ચિત્ત જ બીજા કુટુંબનો જય કરવા સમર્થ બને છે અને નિર્ગ્રંથભાવ પ્રત્યે ચિત્તને પ્રવર્તાવવામાં ત્રીજું કુટુંબ બાધક છે. **॥૭૧૧॥**

શ્લોક :-

अतो यद्यस्ति ते चित्तं, निर्वाणसुखलालसम् ।
राजंस्तन्निर्घृणं कर्म, मयोक्तमिदमाचर ।।७१२।।

શ્લોકાર્થ :-

આથી=શ્રદ્ધા અને ક્રિયાથી યુક્ત જ્ઞાન ઇષ્ટ અર્થનું સાધક છે આથી, જો તારું=અરિદમન રાજાનું, ચિત્ત નિર્વાણસુખની લાલસાવાળું છે, તો હે રાજા ! મારા વડે કહેવાયેલું તે નિર્ઘૃણ કર્મ એને તું આચર.

આચાર્ય રાજાને કહે છે, નિર્વાણસુખની ઇચ્છાવાળા જીવે બીજા કુટુંબને નાશ કરવા અર્થે સર્વ ઉદ્યમથી યત્ન કરવો જોઈએ. **॥૭૧૨॥**

શ્લોક :-

परं स्वशक्तिरालोच्या, मध्यस्थेनान्तरात्मना ।
शक्यं कर्तुं कृताभ्यासैर्योगिभिः कर्म निर्घृणम् ।।७१३।।

શ્લોકાર્થ :-

પરંતુ=નિર્ઘૃણ કર્મ કરવાની ઈચ્છા હોય પરંતુ, મધ્યસ્થ એવા અંતરાત્મા વડે સ્વશક્તિનું આલોચન કરવું જોઈએ, કરાયેલા અભ્યાસવાળા યોગીઓ વડે નિર્ઘૃણ કર્મ કરવાનું શક્ય છે.

કોઈ મહાત્માને મોક્ષની ઇચ્છા હોય એટલા માત્રથી નિર્ઘૃણ કર્મ કરવા સમર્થ બનતા નથી આથી જ મોક્ષની અત્યંત ઇચ્છાવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરત શ્રાવકો નિર્ઘૃણ કર્મ કરવા સમર્થ થતા નથી, તેથી મારે સંયમ લેવું છે તેટલો જ માત્ર પક્ષપાત કરીને સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ મારે સંયમ ગ્રહણ કરવું છે અને સંયમને અનુકૂળ કેવું વીર્ય મારામાં સંચય થયું છે અને સંયમ ગ્રહણ કરીને હું નિર્ઘૃણ કર્મ કરી શકીશ કે નહીં કરી શકું તેનું મધ્યસ્થભાવથી સમાલોચન કરવું જોઈએ, અને સ્વશક્તિ જણાય તો જ સંયમ ગ્રહણ કરવું જોઈએ; કેમ કે કરાયેલા અભ્યાસવાળા યોગીઓ વડે જ નિર્ઘૃણ કર્મ કરવું શક્ય છે, આથી જ મોક્ષની ઇચ્છાવાળા શ્રાવકો નિર્ઘૃણ કર્મ કરવાને અનુકૂળ શક્તિનો સંચય કરતા હોય છે. **॥૭૧૩॥**

શ્લોક :-

न द्रष्टुमपि शक्यं तु, कर्मबन्धुदयालुना ।
क्लीबा दृष्ट्वाऽपि कम्पन्ते, करणं दूरतः स्थितम् ।।७१४।।

શ્લોકાર્થ :-

વળી, કર્મબંધુ પ્રત્યે દયાળુ જીવો વડે=કર્મબંધના કારણીભૂત બીજા કુટુંબ પ્રત્યે દયાળુ જીવો વડે, જોવું પણ શક્ય નથી=કોઈ અંતરંગ શત્રુ પ્રત્યે નિર્ઘૃણ કર્મ કરતા હોય તે જોવું પણ શક્ય નથી, નપુંસકો જોઈને પણ કાંપે છે. કરવું દૂરથી રહેલું છે.

જે જીવોને બાહ્ય અનુકૂલતામાં બદ્ધરાગ છે, તેઓ બીજા કુટુંબ પ્રત્યે દયાળુ છે તેવા જીવોને બીજા કુટુંબનો નાશ કરવો તો દૂર રહો પરંતુ જે મહાત્માઓ બીજા કુટુંબનો નાશ કરે છે તેને જોવા માટે પણ તેઓ સમર્થ નથી. તેથી નપુંસક એવા તેઓ બીજા કુટુંબનો નાશ જોઈને પણ કાંપે છે, તેથી ક્વચિત્ સંયમ ગ્રહણ કર્યું હોય તોપણ સંયમની શુદ્ધ આચરણા કરનારા મુનિઓની પ્રવૃત્તિ જોઈને તેની નિંદા કરે છે. અને કહે છે કે માત્ર ભણવામાં મગ્ન થઈને લોકની ચિંતા કરતા નથી, અમારી ઉચિત સારસંભાળ કરતા નથી. આ પ્રકારે કહીને પોતાનો બીજા કુટુંબ પ્રત્યેનો રાગ જ દૃઢ કરે છે. **||૭૧૪||**

શ્લોક :-

परमेतदनुष्ठाय, याता यास्यन्ति यान्ति च ।
शिवस्थानमनाबाधं, सिद्धानन्तचतुष्टयम् ।।७१५।।

શ્લોકાર્થ :-

પરંતુ આને=નિર્ઘૃણ કર્મને, સેવીને સિદ્ધ એવા અનંત ચતુષ્ટરૂપ અનાબાધ શિવસ્થાનને પામ્યા=ઘણા મુનિઓ ગયા છે, જશે અને જાય છે. ||૭૧૫||

શ્લોક :-

राजाऽऽह यो न शक्तः स्याद्, द्वितीयस्य निबर्हणे ।
तृतीयस्य परित्यागात्, किमवाप्नोत्यसौ फलम् ।।७१६।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે, ત્રીજા કુટુંબના પરિત્યાગથી બીજા કુટુંબના નાશમાં જે સમર્થ ન થાય, એ=એ પુરુષ કેવા પ્રકારના ફલને પ્રાપ્ત કરે છે ? ||૭૧૬||

શ્લોક :-

गुरुराह नृशार्दूल ! यो न हन्ति द्वितीयकम् ।
तृतीयस्य परित्यागस्तस्य नूनं विडम्बना ।।७१७।।

શ્લોકાર્થ :-

ગુરુ કહે છે. હે રાજા ! જે બીજા કુટુંબને હણતો નથી, તેને ત્રીજા કુટુંબનો પરિત્યાગ ખરેખર વિડંબનાવાળો છે. II૭૧૭II

શ્લોક :-

चित्तेऽन्तर्ग्रन्थगहने, बहिर्निर्ग्रन्थता वृथा ।
त्यागात्कञ्चुकमात्रस्य, भुजगो न हि निर्विषः ।।७१८।।

શ્લોકાર્થ :-

અંતર્ગ્રંથ ગહન એવું ચિત્ત હોતે છતે બહિર્ નિર્ગ્રંથતા વૃથા છે, કન્ચુક માત્રના ત્યાગથી સર્પ નિર્વિષવાળો નથી.

જે જીવો સંયમ ગ્રહણ કરે છે તે જીવો ત્રીજા કુટુંબનો ત્યાગ કરે છે, આમ છતાં સંયમ ગ્રહણ કર્યા પછી કષાયો, નોકષાયોને ક્ષીણ કરવાને અનુકૂળ ઉચિત યત્ન લેશ પણ કરતા નથી, માત્ર બાહ્ય પ્રવૃત્તિઓ કરીને બાહ્ય પ્રવૃત્તિઓમાં જ ધર્મબુદ્ધિને સેવે છે તેઓનો ત્રીજા કુટુંબનો પરિત્યાગ વિડંબના માત્ર જ છે; કેમ કે અંતરંગ સંશ્લેષથી ગહન ચિત્ત વિદ્યમાન હોય તો બાહ્ય ત્યાગ કરીને પણ તેઓ સંશ્લેષનું સ્થાન બાહ્ય ભક્તવર્ગ કે શિષ્યાદિને જ કરે છે. તેથી તેઓની બહિર્ નિર્ગ્રંથતારૂપ ત્રીજા કુટુંબનો ત્યાગ વૃથા છે; કેમ કે સાપ ઉપરની કાંચળી છોડે તેટલા માત્રથી નિર્વિષ થતો નથી તેમ બાહ્ય સ્વજનાદિના ત્યાગ માત્રથી જીવો બાહ્ય પદાર્થોમાં સંશ્લેષ વગરના થતા નથી, અને સંશ્લેષ જ ભવનું કારણ છે. **II૭૧૮II**

શ્લોક :-

राजाऽऽह ननु यद्येवं, तदा युष्मदनुग्रहात् ।
द्वितीयं च तृतीयं च, त्यजाम्यद्य कुटुम्बकम् ।।७१९।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે, ખરેખર જો આ પ્રમાણે છે, તો તમારા અનુગ્રહથી આજે બીજું અને ત્રીજું કુટુંબ ત્યાગ કરું છું. II૭૧૯II

શ્લોક :-

जगौ गुरुरिदं भूप ! सुष्ठूक्तं क्षत्रियोचितम् ।
तदा भूपेन विमलमतेर्वदनमीक्षितम् ।।७२०।।

શ્લોકાર્થ :-

ગુરુએ કહ્યું – હે રાજા ! ક્ષત્રિયોચિત આ સુંદર કહેવાયું, ત્યારે=ગુરુએ ક્ષત્રિય ઉચિત આ છે એમ કહ્યું ત્યારે, રાજા વડે વિમલમતિનું મુખ જોવાયું. ।।૭૨૦।।

શ્લોક :-

त्याज्यं राज्यं मयेत्युक्ते, स जगौ मन्त्रिपुङ्गवः ।
न तवैवोचितं ह्येतदुचितं पर्षदोऽप्यदः ।।७२१।।

શ્લોકાર્થ :-

રાજ્ય ત્યાજ્ય છે એ મારા વડે કહેવાયે છતે=રાજા વડે કહેવાયે છતે, તે મંત્રીપુંગવ બોલ્યા, આ=ત્રીજા કુટુંબના ત્યાગપૂર્વક બીજા કુટુંબના નાશ માટે ઉધમ, તમને જ ઉચિત નથી, પર્ષદાને પણ આ ઉચિત છે. ।।૭૨૧।।

શ્લોક :-

केचिद् भीतास्तदाकर्ण्य, बलात्प्रव्राजनाभिया ।
प्रद्विष्टा गुरुकर्माणो, नीचाश्चाशु पलायिताः ।।७२२।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને=મંત્રીના તે વચનને સાંભળીને, બળાત્કારે પ્રવ્રજ્યાના ભયથી કેટલાક ભય પામ્યા, ગુરુકર્મવાળા પ્રદ્વેષ પામ્યા, નીચ જીવો શીઘ્ર પલાયન થયા. ।।૭૨૨।।

શ્લોક :-

मुदिता लघुकर्माणः, प्रपन्नं तद्वचश्च तैः ।
प्रमोदवर्धने चैत्ये, ययुः सर्वेऽन्तिकस्थिते ।।७२३।।

શ્લોકાર્થ :-

લઘુકર્મોવાળા આનંદિત થયા, તેનું વચન=મંત્રીનું વચન, તેઓ વડે=લઘુકર્મવાળા જીવો વડે, સ્વીકારાયું, સર્વ લોકો નજીકમાં રહેલા પ્રમોદવર્ધન નામના ચૈત્યમાં ગયા. ॥૭૨૩॥

શ્લોક :-

कृता भगवतां पूजा, तत्रोदारा यथाविधि ।
प्रवर्तितानि दानानि, कारितं बन्धमोचनम् ॥७२४॥

શ્લોકાર્થ :-

ત્યાં=પ્રમોદવર્ધન ચૈત્યમાં, ભગવાનની યથાવિધિ પૂજા કરાઈ. દાનો પ્રવર્તાવાયાં, બંધનોનું મોચન કરાયું. ॥૭૨૪॥

શ્લોક :-

आकार्य तनयं स्वं च, नगरात् श्रीधराभिधम् ।
राज्यं दत्त्वा नृपस्तस्मै, ललौ दीक्षां सहाखिलैः ॥७२५॥

શ્લોકાર્થ :-

શ્રીધર નામના પોતાના પુત્રને નગરથી બોલાવીને, તેને રાજ્ય આપીને, રાજાએ બધા લોકો સાથે દીક્ષા ગ્રહણ કરી. ॥૭૨૫॥

શ્લોક :-

दत्ता निर्वेदजननी, गुरुणा देशना तदा ।
गता देवादयः स्थानमानन्दभृतमानसाः ॥७२६॥

શ્લોકાર્થ :-

ત્યારે ગુરુ વડે નિર્વેદને ઉત્પન્ન કરનારી દેશના અપાઈ. આનંદથી ભરાયેલા માનસવાળા દેવતાદિ સ્થાને ગયા. ॥૭૨૬॥

શ્લોક :-

सुधाभमपि तत्सूरेर्वचः परिणतं न मे ।
प्रत्युतान्तिकमायातौ, हिंसावैश्वानरौ तदा ॥७२७॥

શ્લોકાર્થ :-

સુધા જેવું પણ તે સૂરિનું વચન મને=નંદીવર્ધનને, પરિણમન પામ્યું નહીં. ઊલટું હિંસા, વૈશ્વાનર ત્યારે નજીક આવ્યાં=નંદીવર્ધનનું ચિત્ત હિંસા-વૈશ્વાનરને અભિમુખ થયું. ॥૭૨૭॥

શ્લોક :-

प्रविष्टौ मम गात्रे तौ, मोचितश्चास्मि बन्धनात् ।
नियुक्तै राजपुरुषैः, सर्वबन्धविमुक्तये ।।७२८।।

શ્લોકાર્થ :-

મારા શરીરમાં તે=હિંસા-વૈશ્વાનર પ્રવેશ પામ્યાં. અને સર્વ કેદીઓના બંધનની વિમુક્તિ માટે નિયુક્ત રાજપુરુષો વડે હું બંધનથી મુકાયો છું.

રાજાએ દીક્ષા ગ્રહણ કરતી વખતે સર્વ કેદીઓના બંધનની મુક્તિ માટે રાજપુરુષો નિયુક્ત કરેલા. તે પ્રમાણે નંદીવર્ધનને પણ બંધનથી મુક્ત કરાયો. **॥૭૨૮॥**

શ્લોક :-

चिन्तितमहमेतेन, सभामध्ये विगोपितः ।
तदत्र किं स्थितस्यास्य, श्रमणस्यान्तिके मम ।।७२९।।

શ્લોકાર્થ :-

વિચારાયું=નંદીવર્ધન વડે વિચારાયું. હું આના દ્વારા=કેવલી દ્વારા, સભામાં વિડંબિત કરાયો. તે કારણથી આ શ્રમણની નજીકમાં રહેલા મને અહીં શું ?=આ સ્થાનમાં શું ?

હિંસા અને વૈશ્વાનરથી તપ્ત થયેલ નંદીવર્ધન તે સ્થાનનો ત્યાગ કરે છે. **॥૭૨૯॥**

શ્લોક :-

ततो गतोऽहं विजयपुराभिमुखमध्वनि ।
दृष्टश्च प्रातिपथिकोऽन्तरा नाम्ना धराधरः ।।७३०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=શ્લોક-૭૨૯માં નંદીવર્ધન વડે ચિંતન કરાયું ત્યારપછી, હું વિજયપુર અભિમુખ માર્ગમાં ગયો અને વચમાં ધરાધર નામનો પ્રાતિપથિક=વટેમાર્ગુ જોવાયો. ॥૭૩૦॥

શ્લોક :-

मत्कल्पः सोऽपि विजयपुरान्निष्काशितः सुतः ।
राज्ञा शिखरिणा हिंसावैश्वानरकलङ्किकतः ॥७३१॥

શ્લોકાર્થ :-

તે પણ મારા જેવો હિંસા અને વૈશ્વાનરથી કલંકિત થયેલો, રાજા શિખરી દ્વારા વિજયપુરથી કાઢી મુકાયેલો પુત્ર હતો. ॥૭૩૧॥

શ્લોક :-

पृष्टो मयाऽथ विजयपुराध्वानं न सोऽवदत् ।
व्याकुलत्वान्न शुश्राव, मद्वचोऽनादरात् ततः ॥७३२॥

શ્લોકાર્થ :-

હવે મારા વડે વિજયપુરનો માર્ગ પુછાયો. વ્યાકુલપણાને કારણે અનાદરથી મારું વચન તેણે સાંભળ્યું નહીં. તેથી તે બોલ્યો નહીં=ધરાધર બોલ્યો નહીં. ॥૭૩૨॥

શ્લોક :-

हिंसावैश्वानरोग्रेण, समाकृष्टा कटीतटात् ।
असिपुत्री मया सद्यः, खड्गस्तेनाऽपि तादृशा ॥७३३॥

શ્લોકાર્થ :-

હિંસા-વૈશ્વાનરથી ઉગ્ર એવા મારા વડે કટીતટથી=તે રાજપુત્રના કટીતટથી, શીઘ્ર તલવાર ખેંચાઈ. તેવા પ્રકારના તેના વડે પણ=હિંસા-વૈશ્વાનરથી ઉગ્ર એવા ધરાધર વડે પણ, ખડ્ગ ખેંચાયું. ॥૭૩૩॥

શ્લોક :-

प्रहारौ समकं दत्तौ, द्वाभ्यां गात्रविदारिणौ ।
जीर्णैकभववेद्या च, समकं गुटिका द्वयोः ।।७३४।।

શ્લોકાર્થ :-

સાથે જ બંને દ્વારા ગાત્રનો નાશ કરે એવા પ્રહારો અપાયા અને એકભવવેધ ગુટિકા બંનેની સાથે જ જીર્ણ થઈ. ।।૭૩૪।।

શ્લોક :-

ततोऽपरे वितीर्णे ते, भवितव्यतया द्वयोः ।
पुर्यां पापनिवासायां, नीतौ सप्तमपाटके ।।७३५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=બંનેની એકભવવેધ ગુટિકા જીર્ણ થઈ ત્યારપછી, તે બંનેને ભવિતવ્યતા વડે તે બીજી=એકભવવેધ ગુટિકા, અપાઈ. પાપનિવાસરૂપી નગરીમાં સાતમા પાડામાં=સાતમી નરકમાં, અમે બંને લઈ જવાયા. ।।૭૩૫।।

શ્લોક :-

त्रयस्त्रिंशत्सागरायुर्भुक्त्वा तत्र मिथोहती ।
गुटिकान्तरमाहात्म्यान्मत्स्यौ जातौ मिथो द्विषौ ।।७३६।।

શ્લોકાર્થ :-

ત્યાં=સાતમી નરકમાં, 33 સાગરોપમના આયુષ્યને ભોગવીને પરસ્પર હતીવાળા=એકબીજાને હણવાની ક્રિયા કરવાવાળા, ગુટિકાઅંતરના માહાત્મ્યથી પરસ્પર દ્વેષવાળા અમે બંને મત્સ્ય થયા. ।।૭૩૬।।

શ્લોક :-

ततोऽपि पाटके षष्ठे, द्वाविंशत्यर्णवायुषौ ।
परस्पराभिघातेन, धृतावत्यन्तदुःखितौ ।।७३७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી પણ બાવીસ સાગરોપમના આયુષ્યવાળા પરસ્પરના ઘાતથી અત્યંત દુઃખિત છઠ્ઠા પાડામાં=છઠ્ઠી નરકમાં, ધારણ કરાયા. ||૭૩૭||

શ્લોક :-

पञ्चाक्षपशुसंस्थाने, भवितव्यतया ततः ।
कृतौ गर्भजसर्पौ द्वौ, वैरावेधकृताहती ।।७३८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ભવિતવ્યતા વડે પંચાક્ષ પશુસંસ્થાનમાં વૈરના આવેધથી કરાયેલા આહતીવાળા ગર્ભજસર્પ બંને કરાયા. ||૭૩૮||

શ્લોક :-

ततः पापनिवासायां, धृतौ पञ्चमपाटके ।
गतं मिथो घ्नतोरायुर्द्वयोः सप्तदशार्णवाः ।।७३९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી પાપનિવાસનગરમાં પાંચમા પાડામાં=પાંચમી નરકમાં અમે બંને ધારણ કરાયા. પરસ્પર એકબીજાને હણતા અમારા બંનેનું સત્તર સાગરોપમ આયુષ્ય પૂર્ણ થયું. ||૭૩૯||

શ્લોક :-

ततः सिंहावुभौ जातौ, तीव्रवैरानुबन्धिनौ ।
दशार्णवायुषौ पापे, चतुर्थे पाटके ततः ।।७४०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તીવ્ર વૈરાનુબંધવાળા બંને સિંહ થયા. ત્યારપછી પાપરૂપ ચોથા પાડામાં દસ સાગરોપમના આયુષ્યવાળા થયા. ||૭૪૦||

શ્લોક :-

सोढस्तत्र मिथो घातः, श्येनौ जातावुभौ ततः ।
ततोऽप्यधः स्फुरद्वैरौ, तृतीये पाटके गतौ ।।७४१।।

શ્લોકાર્થ :-

ત્યાં=ચોથા પાટકમાં, પરસ્પર ઘાત સહન કરાયો. ત્યારપછી બંને પણ બાજપક્ષી થયા. ત્યારપછી પણ=શ્યેન થયા પછી પણ, નીચે=નરકમાં, સ્પષ્ટ વૈરવાળા અમે બંને ત્રીજા પાટકમાં ગયા. ।।૭૪૧।।

શ્લોક :-

त्रिविधा वेदना तत्र, सोढा सप्तार्णवायुषा ।
ततश्च नकुलौ जातौ, मिथोगात्रप्रहारिणौ ।।७४२।।

શ્લોકાર્થ :-

ત્યાં=ત્રીજા પાડામાં, સાત સાગરોપમ ત્રણ પ્રકારની વેદના સહન કરાઈ. ત્યારપછી પરસ્પર ગાત્રના પ્રહારવાળા અમે બંને નકુલ થયા. ।।૭૪૨।।

શ્લોક :-

त्रिदुःखौ त्र्यर्णवायुष्कौ, द्वितीये पाटके ततः ।
भ्रान्तोऽहमेवमन्यान्यान्तरस्थानेष्वनन्तशः ।।७४३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી બીજા પાડામાં=બીજી નરકમાં, ત્રણ સાગરોપમના આયુષ્ય-વાળા ત્રણ દુઃખોવાળા અમે બંને થયા. આ રીતે=અત્યારસુધી વર્ણન કર્યું એ રીતે, હું=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, અનંતી વખત અન્યો-અન્ય સ્થાનમાં ભમ્યો. ।।૭૪૩।।

શ્લોક :-

संसारिजन्ताविति भाषमाणे,
प्रज्ञाविशाला विदधे विचारम् ।
अहो दुरन्तौ विषमौ च हिंसा-
वैश्वानरौ यत्फलमेतदस्य ।।७४४।।

શ્લોકાર્થ :-

સંસારી જંતુ આ પ્રમાણે કહ્યે છતે=નંદીવર્ધનના ભવથી માંડીને અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રમાણે કહ્યે છતે, પ્રજ્ઞાવિશાલાએ વિચાર કર્યો. અહો, ખરાબ અંતવાળા વિષમ હિંસા અને વૈશ્વાનર છે જે કારણથી આને=આ જીવને, આ ફલ છે=હિંસા અને વૈશ્વાનરનું આ અનર્થકારી ફલ છે. ।।૭૪૪।।

શ્લોક :-

अहह कुमतिरादावेव वैश्वानरोग्र-
स्तदनु विहितहिंसोद्वाहसंजातदर्पः ।
नर इह नरिनर्ति व्यक्तकापेयलीलः,
कपिरिव कपिकच्छूवल्लिसंश्लिष्टगात्रः ।।७४५।।

શ્લોકાર્થ :-

અરે રે ! આદિમાં જ વૈશ્વાનરથી ઉગ્ર, ત્યારપછી કરાયેલા હિંસાના વિવાહથી થયેલા દર્પવાળો કુમતિવાળો મનુષ્ય અહીં=સંસારમાં, વ્યક્ત વાંદરાની લીલાવાળો નાચે છે, જેમ ખણજ કરનારી વલ્લિના સંશ્લિષ્ટ ગાત્રવાળો વાંદરો નાચે છે. ।।૭૪૫।।

શ્લોક :-

उग्रौ मूर्च्छाज्वरौ वा सममुत मिलितौ शाकिनीभूतदोषौ,
हालाहालाहले(लौ) वा ग्रहविषमदशादुर्निमित्तागमौ वा ।
कण्ठोष्ठाशोषितृष्णातपतपनकरव्यापतापोद्भवौ वा,
हिंसावैश्वानरौ द्वौ जगति तनुभृतां द्विघ्नदोषावहौ स्तः ।।७४६।।

શ્લોકાર્થ :-

અથવા ઉગ્ર મૂર્છા જ્વર છે=વૈશ્વાનર મૂર્છા છે અને હિંસા સાથે લગ્ન જ્વર છે. અથવા શાકિની અને ભૂતદોષ સાથે મિલિત છે=શાકિની જેવો વૈશ્વાનર છે અને ભૂતદોષ જેવી હિંસા છે. અથવા હાલા=મધ અને

હાલાહલા=ઝેર છે. હાલા જેવો વૈશ્વાનર છે અને હાલાહલા જેવી હિંસા છે. અથવા ગ્રહની વિષમ દશા અને દુર્નિમિત્તનું આગમન છે. ગ્રહની વિષમ દશા જેવો વૈશ્વાનર છે અને દુર્નિમિત્તના આગમન જેવી હિંસા છે.

વળી, જગતમાં કંઠ અને હોઠને શોષણ કરનાર તૃષ્ણાના આતાપથી ઉદ્ભવ અને સૂર્યનાં કિરણોના વ્યાપના તાપથી ઉદ્ભવ એવાં હિંસા-વૈશ્વાનર બે જગતમાં સંસારી જીવોને બે પ્રકારના દોષને લાવનારાં થાય છે.

જે જીવોને વૈશ્વાનર અને હિંસા દોષની પ્રાપ્તિ થાય છે તે જીવો તે બે દોષોથી કઈ કઈ વિડંબનાને પ્રાપ્ત કરે છે તે મૂર્ચ્છાજ્વર આદિના દૃષ્ટાંતથી બતાવેલ છે જેથી બોધ થાય કે આ બંને દોષો ઉદ્ભવ કાલમાં જ માત્ર ક્લેશને કરાવે છે અને અંતે દુર્ગતિની પરંપરાને કરાવનારા છે માટે તેનું યથાર્થ ભાવન કરીને તેના નિવારણ માટે યત્ન કરવો જોઈએ. **॥૭૪૬॥**

શ્લોક :-

हिंसावैश्वानराभ्यां निबिडजडधियः कुर्वते संस्तवं ये,
पीनप्रौढप्रभावौ हृदयगतदयाशान्तभावौ विहाय ।
हास्यास्ते कस्य न स्युर्जगति सुरगवीकामकुम्भौ त्यजन्त-
स्तन्मूल्येनानयन्तः सपदि निजगृहे रासभीभश्मपात्रे ।।७४७।।

શ્લોકાર્થ :-

પીન અને પૌઢ પ્રભાવવાળા હૃદયમાં રહેલા દયા અને શાંતભાવને છોડીને હિંસા-વૈશ્વાનર દ્વારા નિબિડ જડ બુદ્ધિવાળાનું સંસ્તવન જેઓ કરે છે, કામધેનુ અને કામકુંભને ત્યાગ કરતાં તેના મૂલ્યથી=કામધેનુ અને કામકુંભના મૂલ્યથી, પોતાના ઘરે શીઘ્ર ગધેડી અને ભશ્મપાત્રને લાવતા એવા તેઓ જગતમાં કોને હાસ્યાસ્પદ ન થાય ?=બુદ્ધિમાનને અવશ્ય હાસ્યાસ્પદ થાય.

ગુણોની પ્રશંસાથી ગુણ પ્રત્યેના રાગને કારણે પુણ્યબંધ, સકામનિર્જરા થાય છે તેથી કોઈ જીવના હૃદયમાં અત્યંત દયા હોય અને પ્રૌઢ પ્રભાવવાળો શાંતભાવ

હોય તે જ પ્રશંસાપાત્ર છે. તેને છોડીને જેઓ હિંસા-વૈશ્વાનર દ્વારા નંદીવર્ધનની જેમ નિબિડ જડ બુદ્ધિવાળા છે તોપણ પુણ્યના સહકારથી તેઓ સફળ થતા હોય ત્યારે તેઓનું સંસ્તવન કરે છે તેઓ લોકમાં અત્યંત હાસ્યાસ્પદ છે; કેમ કે કામધેનુ જેવી દયા અને કામકુંભ જેવો શાંતભાવ છોડીને તે ભાવોના નાશનું કારણ બને તેવા કઠોર અને હિંસકભાવ જેવા ખરાબભાવને પોતાના હૈયામાં લાવીને તે જીવો વિવેકી પુરુષો માટે હાસ્યાસ્પદ બને છે. **॥૭૪૭॥**

શ્લોક :-

स वह्निरन्यो गलितप्रतापः,
स्थले प्रविध्यायति पिच्छले यः ।
अयं तु वैश्वानरनामधेयः,
स्निग्धेऽपि रूक्षेऽपि समप्रवृत्तिः ।।७४८।।

શ્લોકાર્થ :-

પિચ્છલ સ્થલમાં જે અગ્નિ બુઝાઈ જાય છે ગલિત પ્રતાપવાળો તે અગ્નિ અન્ય છે, વળી, વૈશ્વાનર નામવાળો આ અગ્નિ, સ્નિગ્ધમાં પણ અને રૂક્ષમાં પણ સમપ્રવૃત્તિવાળો છે.

સંસારમાં જે અગ્નિ સળગે છે તે અગ્નિ ચીકણા સ્થળમાં બુઝાઈ જાય છે તેથી અગ્નિનું તેજ તેવાં સ્થાનોને પ્રાપ્ત કરીને ગલિત થાય છે તેથી બાહ્ય અગ્નિ અંતરંગ અગ્નિ કરતાં અન્ય પ્રકારનો છે. વળી, વૈશ્વાનર નામનો અંતરંગ અગ્નિ તો પોતાના શત્રુ જેવા રુક્ષ પ્રત્યે અને પોતાના સ્નિગ્ધ એવા સ્નેહીઓ પ્રત્યે સમાનવૃત્તિવાળા છે આથી નંદીવર્ધનનો અગ્નિ યુદ્ધમાં શત્રુ પ્રત્યે પણ પ્રજ્વલિત થતો હતો અને તેના પ્રત્યે સ્નિગ્ધ એવાં માતા-પિતા આદિ પ્રત્યે પણ પ્રજ્વલિત થતો હતો. **॥૭૪૮॥**

શ્લોક :-

हहा न वैश्वानरहिंसयोर्गतिं,
विदन्त्यपि स्वानुभवाश्रितां जनाः ।

इमेऽपि यास्यन्ति दशां तमोमयीं,

जडो यथाऽयं ननु नन्दिवर्धनः ।।७४९।।

શ્લોકાર્થ :-

હા હા ખેદ છે કે લોકો સ્વઅનુભવને આશ્રિત એવી વૈશ્વાનર અને હિંસાની ગતિને=સ્થિતિને, જાણતા પણ નથી. એ પણ=જેઓ હિંસા અને વૈશ્વાનરની ગતિને જાણતા નથી એ પણ, તમોમય દશાને પામશે. જે પ્રમાણે ખરેખર જડ એવો આ નંદીવર્ધન.

દરેક જીવોને તીવ્ર ગુસ્સાકાળમાં અંતરંગ ક્લેશનો અનુભવ છે અને બીજાને હિંસાકાળમાં તે તે પ્રકારના કૃત્યજન્ય ક્લેશનો અનુભવ છે, તોપણ મૂઢ એવા તેઓ તેને જાણતા નથી. તેઓ દુરંત સંસારના પરિભ્રમણરૂપ અંધકાર દશાને પામશે, જેમ નંદીવર્ધન પામ્યો. **||૭૪૯||**

શ્લોક :-

संसारिजीवोऽथ प्राह, नीतः श्वेतपुरे ततः ।

कृतश्चाभीररूपोऽहं, भवितव्यतया तया ।।७५०।।

શ્લોકાર્થ :-

હવે સંસારી જીવ કહે છે. ત્યારપછી=અનંતી વખત નંદીવર્ધનના જીવે સંસારમાં પરિભ્રમણ કર્યું ત્યારપછી, શ્વેતપુરમાં લઈ જવાયો. અને હું=સંસારી જીવ, તે ભવિતવ્યતા વડે આભીરરૂપ કરાયો.

સંસારી જીવની તેવી ભવિતવ્યતાને કારણે કોઈક ભવમાં કંઈક કર્મો અલ્પ થવાથી ભરવાડનો મનુષ્યભવ પ્રાપ્ત થયો. **||૭૫૦||**

શ્લોક :-

तद्रूपस्य सतो गतो मम शमं वैश्वानरः किञ्चन,

छन्ना निर्घृणतामतिः प्रववृते दाने च यादृच्छिकी ।

नाभ्यस्तं तु विशिष्टशीलमधिको धर्मश्च नासेवितो,

जातो मध्यगुणस्तदा भवसरित्सङ्घट्टघर्षादहम् ।।७५१।।

શ્લોકાર્થ :-

તે રૂપવાળા છતાં મારો કંઈક વૈશ્વાનર શાંત થયો. નિર્ઘૃણતા મતિ= હિંસાની મતિ, કંઈક પ્રચ્છન્ન થઈ. અને યાદચ્છિક દાનમાં મતિ પ્રવૃત્ત થઈ. વિશિષ્ટ શીલ અભ્યસ્ત કરાયું નહીં. અને અધિક ધર્મ સેવાયો નથી. ત્યારે ભવસમુદ્રના સંઘટ્ટના ઘર્ષણથી હું=સંસારી જીવ, મધ્યમ ગુણવાળો થયો.

સંસારી જીવ નંદીવર્ધન પછી અનંતકાળ ભટકીને આભીરણના ભવમાં જાય છે, ત્યાં નદીગોલપાષાણ ન્યાયથી કંઈક કષાયો અલ્પ થાય છે તેથી નંદીવર્ધનના ભવમાં જે ક્રોધ હતો તે કંઈક શાંત થાય છે અને હિંસક મતિ હતી તે પણ કંઈક પ્રચ્છન્ન થાય છે અને ઇચ્છાનુસાર કોઈનું ભલું કરવા આદિ કૃત્યમાં દાન કરે છે. કંઈક શુભ આચારો પાળે છે તોપણ સંસારનો ઉચ્છેદ કરે તેવું વિશિષ્ટ શીલ અભ્યસ્ત કર્યું નહીં. કંઈક ધર્મ સેવે છે તોપણ ભવનો ઉચ્છેદ કરે તેવો અધિક ધર્મ સેવ્યો નહીં, મધ્યમ ગુણવાળો થયો, તેથી સામાન્યથી બીજાનું સારું કરવું, તપ-ત્યાગાદિ બાહ્ય આચારો કરવા તેવી મનોવૃત્તિ થઈ. તોપણ સંસારનું વાસ્તવિક સ્વરૂપ શું છે ? તેનો યથાર્થ નિર્ણય કરીને સંસારનો ઉચ્છેદ થાય તેવી માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટ થઈ નહીં. **॥૭૫૧॥**

શ્લોક :-

मामालोक्य तथाविधं गुणकलाभोगप्रदानोन्मुखी,
संजाता भवितव्यता शुचिफलासन्नप्रसन्नाशया ।
ऊचे साम्प्रतमार्यपुत्र ! सुयशःश्रीसिद्धिशर्माशया,
त्वं सिद्धार्थपुरे व्रज प्रकटितः पुण्योदयस्ते सखा ।।७५२।।

શ્લોકાર્થ :-

ગુણકલાના આભોગના પ્રદાનને સન્મુખ એવી, શુચિફલને આસન્ન એવી પ્રસન્ન આશયવાળી ભવિતવ્યતા તેવા પ્રકારના મને જોઈને થઈ= શ્લોક-૭૫૧માં કહ્યું તેવા પ્રકારના સંસારી જીવને જોઈને થઈ, સુયશની શ્રીની સિદ્ધિના સુખના આશયવાળી એવી ભવિતવ્યતા બોલી. હે

આર્યપુત્ર ! હમણાં તું સિદ્ધાર્થપુરમાં જા. તારો મિત્ર પુણ્યોદય પ્રગટ કરાયો છે.

શ્લોક-૭૫૧માં કહ્યું તેવા મધ્યમ ગુણવાળો સંસારી જીવ થયો તેથી તેના ગુણના સમૂહને જોઈને તેનું હિત કરવાને સન્મુખ પરિણામવાળી ભવિતવ્યતા થઈ અને સુંદર ફલને આપે એવી પ્રસન્ન આશયવાળી થઈ=તે વખતે મધ્યમગુણ પરિણતિને કારણે તે જીવને સુંદર ફળ મળે તેવી તે જીવની ભવિતવ્યતારૂપ પરિણતિ થઈ. તેથી તે જીવને ઉત્તરના ભવમાં સુંદર યશ અને લક્ષ્મી મળે, સુખ મળે તેવા આશયવાળી તેની ભવિતવ્યતાએ તેને તે પ્રકારનો આયુષ્યબંધ કરાવ્યો જેથી પુણ્યોદય સહિત સિદ્ધાર્થપુરમાં રાજપુત્ર તરીકે જન્મે છે. **॥૭૫૨॥**

શ્લોક :-

इति परिणतिं हिंसावैश्वानरप्रसरोद्‌भवां,
पटुतरमतिः श्रुत्वा दुष्टत्वगिन्द्रियजामपि ।
विहितविषयप्रत्याहारः स्थिरोपशमक्षमो,
भवति भुवि यः प्राप्स्यत्युच्चैः स एव यशःश्रियम् ।।७५३।।

इति श्रीवैराग्यकल्पलतायां चतुर्थः स्तबकः समाप्तः ।।

શ્લોકાર્થ :-

હિંસા-વૈશ્વાનરના પ્રસરથી ઉદ્‌ભવ થનારી, દુષ્ટ સ્પર્શનેન્દ્રિયથી થનારી પણ આવા પ્રકારની પરિણતિને=પ્રસ્તુત સ્તબકમાં બતાવી એવા પ્રકારની પરિણતિને, સાંભળીને=પ્રસ્તુત સ્તબકના શ્રવણથી સાંભળીને, પટુતર મતિવાળો=પ્રસ્તુત સ્તબકના હાર્દને સ્પર્શે તેવી નિર્મળ મતિવાળો, કર્યો છે વિષયનો પ્રત્યાહાર જેણે એવો સ્થિર ઉપશમમાં સમર્થ, જે જગતમાં થાય છે તે જ અત્યંત યશરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરશે= સદ્‌ગતિઓની પરંપરારૂપ યશરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરશે. ॥૭૫૩॥

ચતુર્થ સ્તબક સમાપ્ત

અનુસંધાન : વૈરાગ્યકલ્પલતા ભાગ-૪

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

આશ્રવ અને અનુબંધ	૧૩ *
ચારિત્રાચાર	૩૬
પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા	૨૫

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

Is Jaina Order Independent Religion or Denomination ?	૫૮
Status of religion in modern Nation State theory	૬૪
અનેકાંતવાદ	૯
કર્મવાદ કર્ણિકા	૫
કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)	૧૫૭
કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય	૪૯
ગૃહજિનાલય મહામંગલકારી	૮૫
ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ	૧૨
ચિત્તવૃત્તિ	૧૧
ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)	૨૮
જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?	૫૬
જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)	૫૭
દર્શનાચાર	૭
ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧	૫૫
પ્રશ્નોત્તરી	૧૦
પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)	૪૨
ભાગવતી પ્રવ્રજ્યા પરિચય	૧૫
ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)	૨૧

* જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) ૨૪
મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) ૧૭૯
મનોવિજય અને આત્મશુદ્ધિ ૧૪
યોગદૃષ્ટિસમુચ્ચય ૪
લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' ૩૩
શાસન સ્થાપના ૮
શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) ૨૭
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો ૩
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) ૩૫
શ્રી ઉપધાન માર્ગોપદેશિકા ૯૩
સદ્‌ગતિ તમારા હાથમાં ! ૬
સદ્‌ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) ૧૬૩

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

पाक्षिक अतिचार ४१

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

'Rakshadharma' Abhiyaan	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૩
Right to Freedom of Religion !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૧
'રક્ષાધર્મ' અભિયાન	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૨
શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૮
શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૭
સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૪
સેવો પાસ સંખેસરો (હિં.આ.)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૫
સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૫૯
સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.)	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૦

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન	૧૬૯
અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૨
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૨૦
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૨૨
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૬
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૮
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૯
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૧૪
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૫
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૧૬
અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન	૧૨૨
આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન	૧૨૪
આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન	૧૮
ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૪
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૬
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૭
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૮
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૬
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૭
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૨૮
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૩
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪	***૧૮૦***

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ — ૧૮૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ — ૧૮૨
કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન — ૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ — ૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ — ૧૦૩
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન — ૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ — ૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ — ૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ — ૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ — ૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન — ૧૪૭
દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન — ૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન — ૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ — ૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ — ૧૫૯
ધર્મપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ — ૧૨૯
ધર્મપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ — ૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ — ૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ — ૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ — ૧૩૪
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ — ૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ — ૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ — ૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ — ૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ — ૧૫૬
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન — ૧૮૩
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન — ૧૧૭
પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન — ૧૨૫
પગામસિજ્જા શબ્દશઃ વિવેચન — ૧૪૪
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ — ૪૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ — ૮૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ — ૧૦૦

પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૦૧
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૯
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૨૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭	૧૨૩
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)	૩૪
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)	૩૭
પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧	***૧૮૪***
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૦
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૧
પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૧૨
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૯
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩	૪૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪	૯૯
બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૪૩
બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૮
બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૭
બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૦
બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૯
બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૨
બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૪૬
બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૩૯
બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૧૩
બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૨
બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૬૭
બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૪
બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૩
બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૪
બત્રીશી-૧૫ : સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૧
બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૫
બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૧
બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૦

બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૧
બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૦
બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૪૪
બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૨
બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૩
બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૪
બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૬
બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૧
બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૩
બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૪
બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૭
બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૬૬
બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૦૬
બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૨
બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત)	૧૫૨
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૩
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૪
યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન	૮૦
યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન	૬૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૭૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૬
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૭
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૫
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૬
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૭
યોગવિંશિકા શબ્દશઃ વિવેચન	૧
યોગશતક શબ્દશઃ વિવેચન	૪૫
યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૦૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૬૬
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૮
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ	૧૯

વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ	૧૬
વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન	૧૫૮
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૦
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨	***૧૮૫***
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩	***૧૮૬***
શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના)	૧૫૧
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૮
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૯
શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન	૯૮
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૧
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૧
સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન	૧૪૩
સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન	૨૩
સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૪૫
સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન	૬૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૮
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૦
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૩૮
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૯
સૂત્રના પરિણામદર્શક યત્નલેશ	૩૨

ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત
સંશોધનાત્મક પ્રકાશનો

આગમ પ્રકાશનસૂચી (હિન્દી) **સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી** **૧૭૫**

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧ **૨. ધર્મતીર્થ ભાગ-૨**

પ્રાપ્તિસ્થાન

✤ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✤ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

✤ મુંબઈ :

શ્રી લલિતભાઈ ધરમશી

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✤ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

✤ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✤ BANGALORE :

SHRI VIMALCHANDJI

C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

✤ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

प्रशस्तरागोऽपि परार्थभङ्ग-
प्रसङ्गतोऽनर्थविधायकः स्यात् ।
सच्छायवृक्षोऽपि कृशानुदग्धः,
करोति किं नेह वनस्य दाहम् ।।

✻

પ્રશસ્ત રાગ પણ પરાર્થના=મનીષીના પ્રયોજનના,
ભંગના પ્રસંગથી અનર્થને કરનાર થાય,
અગ્નિથી બળેલું ઘટાદાર વૃક્ષ પણ શું અહીં=સંસારમાં,
વનના દાહને કરતું નથી ?

: પ્રકાશક :

गीतार्थ गंगा

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com